Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

সাথি

উমাশঙ্কর জোশী

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... २०/१२

पञ्जिका संख्या..... २६०२४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

26025

26025

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોષ્ઠિ

સંસ્કારલક્ષી આર્ષિક નિબંધો

ઉમાશંકર જોષી



ભારતી સાહિત્ય સંઘ લિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમવાર : ૧૦૧૦
૧૯૫૧
કિંમત ૩-૦-૦

પ્રકાશક : હરિલાલ મોહનલાલ દવે : ભારતી સાહિત્ય સંઘ લિ. અમદાવાદ.
મુદ્રક : ગોવિંદલાલ મોહનલાલ ભાવી : કોટા પ્રિન્ટરી : રતનપોળ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિબંધુ

કરસનદાસ માણેકને

જેની સંગતમાં મસ્ત ઊછળે અર્પણના રસ

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

છેલ્લાં અઢારેક વરસમાં લખાયેલા થોડાક લઘુ લેખો અહીં રજૂ કર્યા છે. અંગ્રેજી આદિ ભાષાઓમાં નિબંધ એક કલાપ્રકાર તરીકે ખેડાય છે તે વિષેનો સ્વાધ્યાય શરૂઆતમાં મૂક્યો છે.

લલિત નિબંધના આદર્શને પહોંચે એવું લખાણ આમાં કેટલા અંશે હશે એ તો સહૃદયો જાણે. પસંદગીમાં મેં જુદી જુદી જાતના નમૂના રજૂ કરવા પ્રયત્ન કર્યો છે: કોઈ અંગત નિબંધ છે તો કોઈક જેને હળવા કહે છે તેવા છે, કોઈ ચરિત્રાત્મક છે અને કોઈ માત્ર અહેવાલ રૂપ છે, એકાદ વ્યાખ્યાન પણ છે તો પ્રસ્તાવનારૂપે મુકાયેલાં લખાણો પણ છે. મનનાત્મક લઘુલેખ પણ દૂર રાખ્યા થી...એકંદરે નિબંધમાં સંભાષણ-વાતચીતના તત્ત્વ ઉપર ભાર મૂકવા જેવું લાગતાં 'ગોષ્ઠિ' નામ પસંદ કર્યું છે.

'વાર્તાલાપ'ની વાત કરું ? વડોદરા રેડિયો શરૂ થયો તેવામાં ત્યાંથી મારી પાસે એકાદ વાર્તાલાપ માટે માગણી આવી. મેં વિષય પૂછાવ્યો, જવાબ આવ્યો કે વિષય મારે જ પસંદ કરવો. હું ક્યાં વિષય શોધવા જાઉં ? મેં 'વાર્તાલાપ' ઉપર જ વાર્તાલાપ આપ્યો. રેડિયોવાળાઓ વિષય આપે તો પણ સરળતા વધે છે એવું નથી. 'અમદાવાદ-છેલ્લા દસકામાં' એ પરદેશમાં વસતા હિંદીઓ માટે દિલ્હી રેડિયોએ માગેલું. અમદાવાદના કોઈ એક ઉરકરાયેલા આત્માએ, એ વાંચીને, મને લખેલો નનામો પત્ર એ તો લેખક થવા બદલ મળેલી એક મોંઘી સંપ્રાપ્તિ છે.....આ બે ઉપરાંત 'અનંત શબ્દ' અને 'પડોશીઓ' માટે ઑલ ઇન્ડિયા રેડિયોનો હું ઋણી છું.

'ચંદ અલ્ફાઝ' એ મારો પ્રથમ પ્રગટ થયેલો લેખ. એમાંના વિચારો એ વખતે એકાદ નવીન તરુણને કેવું લાગતું હતું તેના નમૂનારૂપે એ જ રૂપમાં રહેવા દીધા છે; કોઈને અન્યાય કરવાના આશય વિના જ.

ગદ્ય લખવું એ ઘણી અઘરી વાત છે એની મને ઉત્તરોત્તર પ્રતીતિ થતી ગઈ છે. ગુજરાતી ગદ્ય ખેડાયું છે પણ બહુ. લલિત નિબંધો લખવા એ ગદ્યની કસોટીરૂપ છે. શાળા-મહારાળાઓમાં વિચારપ્રદર્શનના નિબંધો અને લલિત નિબંધોનો ભેદ બરોબર સમજાવાય-અને વંચાવાય બંને પ્રકારના પણ લખાવાય મુખ્યત્વે પહેલા પ્રકારના-એ જરૂરી છે એમ મને લાગ્યું છે. શરૂઆતના નિબંધ ઉપરના લેખમાં એની સ્પષ્ટતા કરવા મેં પ્રયત્ન કર્યો છે.

અમદાવાદ, [illegible] ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિબંધ—કલાપ્રકાર

'નિબંધ લખવા, જેવી તેવી વાત નથી.'

—નર્મદ

મને અંગ્રેજ પ્રજા એની ત્રણ વસ્તુઓ માટે ગમે છે: એક તો સાત સદીઓની સતત જાગ્રતિથી એણે નિપજાવેલું લોકશાહી ખમીર, બીજી એની કવિતા અને ત્રીજી ગમતી વસ્તુ એણે નિબંધનો જે કલાપ્રકાર ખીલવ્યો છે તે. અંગ્રેજી નિબંધ દ્વારા અંગ્રેજ પ્રજાનું આખું વ્યક્તિત્વ, એ વ્યક્તિત્વનો તારે તાર પ્રગટ થાય છે. થોડાં વરસ પહેલાં, લંડનના 'ટાઈમ્સ' પત્રમાં ત્રીજા અગ્રલેખ રૂપે અપાયેલા કેટલાક નિબંધો પુરતકાકારે પ્રગટ થયા હતા. ૧૧૬ કૃતિઓ હતી. કોઈને છેડે લેખકનું નામ ન હતું. જેમ મોજમાં આવે તેમ વાંચ્યે જઈએ, છતાં એકદંર છાપ એ પડે કે બધી રચનાઓ જાણે એક જ કલમમાંથી પ્રસ્રવી છે. કલમ જાણે કોઈ એક લેખકના હાથમાં નહિ, પણ અંગ્રેજ પ્રજાના હાથમાં ન હોય! અંગ્રેજ સ્વભાવનું એવું સુરેખ પ્રતિબિંબ નિબંધના કલાપ્રકારમાં પડે છે કે એ અંગ્રેજ પ્રજાની આગવી ખાસિયત રૂપે સ્વીકારાયો છે. નિબંધને એક કલા-પ્રકાર તરીકે ખેડનાર લેખકને જર્મન કે ફ્રેન્ચ ભાષા અંગ્રેજી શબ્દ ઉછીનો લઈને 'એસેઇસ્ટ' (Essayist–નિબંધકાર) કહે છે. આ અંગ્રેજી નિબંધનો જનક ભલે કોઈ અંગ્રેજ ન હોય. સુવિદિત છે કે ફ્રેંચ લેખક મોન્ટેઈને નિબંધને જન્મ આપ્યો હતો. પણ મોન્ટેઈન-ના નિબંધો તરત જ ફ્રાન્સમાં અત્યંત લોકપ્રિય થયા અને એના શિષ્યોએ એની ફિલસૂફીનું અનુકરણ આદર્યું, તેમ છતાં તેઓ અથવા તો કોઈ બીજા ફ્રેન્ચ લેખકો મોન્ટેઇનના નિબંધનું અનુકરણ કરવા પ્રેરાયા નહિ. મોન્ટેઈને અંગ્રેજોને પોતાના 'પિતરાઈ' કહેતો. એ પિતરાઈઓએ એનો આ વારસો અપનાવ્યો અને વિકસાવ્યો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા સુધી કે મોન્ટેઈનિ પછી ત્રણસોક વરસે કોઈ ફ્રેન્ચ લેખક એના જેવા નિબંધો લખવા ગયો ત્યારે એક વિવેચકબંધુએ એને ફ્રાન્સનો અંગ્રેજી નિબંધપ્રકાર ખેડનાર (un essayiste francaise) કહીને બિરદાવ્યો !

મોન્ટેઈનની પહેલાં ક્યાંક ક્યાંક નિબંધરૂપ લખાણ જોવા મળે છે. પ્લુટાર્કની 'નીતિકા' અને સેનેકાના 'નીતિપત્રો' કે પ્લેટોના કેટલાક અંશોને નિબંધ તરીકે જોઈ શકાય. એકને તેથી કહ્યું પણ ખરું કે શબ્દ નવો છે પણ વસ્તુ જૂની છે. પણ થોડોક વધુ વિચાર કરવામાં આવે તો જણાશે કે મોન્ટેઈનની પહેલાં જે નિબંધાત્મક લખાણો મળે છે તે બધાં તો આજે આપણી પાસે શાળામહાશાળામાં લખાવવામાં આવે છે એવી બોધપ્રધાન કે માહિતીપ્રધાન રચનાઓના પ્રકારનાં છે; જ્યારે મોન્ટેઈનના નિબંધોનો પ્રધાન આશય આનંદલક્ષિતા છે. બીજા શબ્દોમાં, મોન્ટેઈનિ પછી જ નિબંધ પહેલી વાર એક કલાપ્રવૃત્તિનું રૂપ ધારણ કરે છે.

આ કલાપ્રકાર તરીકે ખેડાતા આનંદલક્ષી લઘુલેખ માટે નિબંધ શબ્દ વપરાય છે અને એવા આશય વગર, શુદ્ધ જ્ઞાનલાભના આશયથી, લખાતા લઘુ કે બૃહત્ લેખો માટે પણ નિબંધ શબ્દ પ્રયોજાય છે એથી હમેશાં થોડોક ગોટાળો રહ્યાં કર્યો છે. આ બીજા પ્રકારને નિબંધ ન કહેતાં વિષય (Theme), લેખ (Article) કે પ્રબંધ કહેવામાં આવે ને કલાપ્રકારને માટે જ નિબંધ શબ્દ યોજાય એમ અનેક વાર સૂચવાયું છે ને એકેવાર અનુસરાયું નથી. આપણા ગઈ પેઢીના સાક્ષરો 'વિષય' શબ્દ વાપરતા. નરસિંહરાવની રોજનીશીમાં વારંવાર, અમુક પત્રમાં અમુક લેખકનો અમુક વિષય આવ્યો છે, એવો પ્રયોગ મળશે. પણ 'નિબંધ' શબ્દ જ પ્રચારમાં રહ્યો એટલે કલાપ્રકારને માટે 'નિબંધ'ને બદલે 'નિબંધિકા' (Essayette, Essaykin–યેંકરે, Essaylet–હેલ્સ) શબ્દ રમતો મુકાયો. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ભાગ્યે જ સંતોષકારક હોય. ગુજરાતીમાં 'નિબંધિકા', જાણે આકારાન્ત એટલે કે સ્ત્રીલિંગી શબ્દોમાં જ મધુરતા હોય એવી માન્યતાને તરત ઉઠાવ આપે છે. 'નિબંધિકા' બોલતાં જ જાણે કોઈક લચકાઈ ગયેલી વસ્તુનો ભાસ થાય છે. એના કરતાં 'લઘુનિબંધ' કે 'લલિત નિબંધ' શબ્દ હજાર દરજ્જે સારો. પણ 'નિબંધ' શબ્દે જ શો ગુનો કર્યો છે? ભલેને બંને પ્રવૃત્તિ માટે એક જ શબ્દ વપરાય. માત્ર આપણા મનમાં એ બંને પ્રવૃત્તિ ભિન્નભિન્ન છે એ સ્પષ્ટ રહે એટલે બસ.

રસલક્ષી લખાણ પદ્ય તેમ જ ગદ્યમાં હોઈ શકે એ આપણે જાણતા હોઈએ તો પણ ગદ્યમાં નાટક, ટૂંકી વાર્તા, નવલકથાને જ માત્ર રસલક્ષી લખાણ તરીકે જુદું તારવતાં આપણે ટેવાયા છીએ. તે સિવાયના ગદ્યને જ્ઞાનવ્યવહારનો બોજો જ મુખ્યત્વે ઉઠાવવાનો હોઈ એમાં વળી રસલક્ષી ગદ્યપ્રકાર હોય એવી અપેક્ષા ઓછી જ રહે છે. ખાસ કરીને આપણી ભાષાઓમાં એ પ્રકાર સવિશેષ ખેડાયો ન હોય એ સંજોગોમાં. જીવનની નિરવધિ વીગતો વિષે જ્ઞાન પ્રચારવાના હેતુથી નાના મોટા અસંખ્ય લેખો ગદ્યમાં લખાતા હોય છે. એમાંથી જે લખાણોમાં કાંઈ સ્થાયી તત્ત્વ હોય છે, વારસા રૂપે બીજી પેઢીના હાથ સુધી જે પહોંચી શકે એવાં હોય છે, તે બધાં નિબંધો તરીકે ઓળખાય છે. આ નિબંધો આપણે જ્ઞાનલાભ માટે વાંચીએ છીએ. પણ તે સિવાય મોન્ટેઈને જેમ રસલક્ષી પ્રકાર તરીકે ગદ્યલેખો લખ્યા તેમ કોઈ લખે તો તે આપણે કેવળ આનંદ માટે આસ્વાદીએ છીએ. તેને નિબંધ નામથી ભલે ઓળખીએ. એ નાટક, ટૂંકી વાર્તા કે નવલકથા જેવો ગદ્યનો એક કલાપ્રકાર છે એ વિવેક આપણા મનમાં રહે એટલે બસ. પેલી વિદ્વત્પ્રવૃત્તિ–કહો કે શિક્ષકપ્રવૃત્તિ છે, આ સર્જકપ્રવૃત્તિ છે. પેલામાં યાથાતથ્યને શોધવાનો પ્રયત્ન છે, આમાં સૌન્દર્યને પામવાનો મનસૂબો હોય છે. પેલો આપણે જગતને જાણવાના આશયથી વાંચીએ છીએ, આ માણવાના આશયથી. બંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારો ચૈતન્યપ્રવૃત્તિનાં પરિણામ હોઈ, એકમાં સૌન્દર્યની ઝલક ક્વચિત્ ક્વચિત્ વરતાઈ આવે એ સંભવિત છે, બીજાનો યાથાતથ્યના–જ્ઞાનવ્યવહારના દૃષ્ટિબિંદુથી ઉપયોગ થઈ શકે એમ પણ બને. ઉપરાંત કેટલીકવાર બંને પ્રકારો એકમેકમાં ભળી જતા, સીમારેખા ઉપર તરતા, જોવા મળે. ખાસ કરીને અધકચરા પ્રયત્નોની બાબતમાં તો ઘણીવાર એવું બનવાનું. એવા અપવાદરૂપ દાખલાઓમાં બંને પ્રકારો ગદ્યાકાર જ હોઈ, વિદ્વત્પ્રવૃત્તિ અને સર્જકપ્રવૃત્તિ વચ્ચે ભેદ કરવો મુશ્કેલ લાગે. પણ એકંદરે નિબંધના બે સામાન્ય બહોળા વર્ગ જોવા મુશ્કેલ નથી જ. કલાપ્રકારને સર્જક નિબંધ, લલિત નિબંધ, રસલક્ષી નિબંધ કે એવા વર્ણનથી ચર્ચાપ્રસંગે જુદો નિર્દેશી શકાય.

એક જ નિબંધકારને હાથે બંને પ્રકારો ખેડાય એથી પણ ભૂલાવામાં પડવું જોઈએ નહિ. મોન્ટેઈન કે હેઝલિટના નિબંધોમાંથી રસલક્ષી હોય તેટલાને જ કલાપ્રકાર તરીકે લેખી બાકીનાને લલિતેતર પ્રવૃત્તિ તરીકે ઓળખાવવાના રહે. આપણે ત્યાં કાકા કાલેલકરના 'જીવનસંસ્કૃતિ' અને 'જીવનવિકાસ'ના મોટાભાગના નિબંધોથી 'જીવનનો આનંદ'ના લલિત નિબંધો જુદા પ્રકારના જ લેખવાના રહે.

વિદ્વત્–કે શિક્ષક–પ્રવૃત્તિના ફળરૂપ નિબંધો કરતાં સર્જકનિબંધો વધુ સારા એવું સૂચવવાનો આશય નથી. એ તો લેખકની આત્મસ્ફૂર્તિ તે તે લખાણમાં કેવી ઊતરી છે એ ઉપરથી નક્કી થશે. પણ અંગ્રેજીમાં સાહિત્યકારોના આગલા પ્રકારના નિબંધોમાંથી થોડો ભાગ જ જીવતો રહ્યો જોવા મળે છે. એમાં સૌથી શ્રેષ્ઠ છે બેકનના નિબંધો. બેકનના પ્રથમ દસ નિબંધો મોન્ટેઈનના મૃત્યુ પછી પાંચ વરસે ૧૫૯૭માં પ્રગટ થયા, અને મોન્ટેઈનનું ફ્લોરીઓનું ભાષાંતર ૧૬૦૩માં પ્રગટ થયું તેમ છતાં બેકનને મોન્ટેઈનનો પરિચય હોય એવું માનવામાં આવે છે. બેકનના એ નિબંધો વ્યાખ્યાનોની કાચી સંક્ષિપ્ત નોંધો જેવા હતા. પછીની આવૃત્તિઓ(૧૬૧૨માં ૩૮ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૨૫ માં ૫૮ નિબંધની)માં એના નિબંધોએ સ્પષ્ટ આકાર ધારણ કર્યો. બેકન એ અર્વાચીન પાશ્ચાત્ય ફિલસૂફીનો અગ્રદૂત હોઈ એના નિબંધો અનુભવસઘન છે. મેકિયાવિલીનો એ પક્ષપાતી હોઈ દુનિયા-ડાહ્યા દક્ષપુરુષનાં શિખામણવચનો પણ એમાં મળે છે. એની ઘણી ઉક્તિઓ ભાષામાં કહેવતરૂપ બની ચૂકી છે. તેમ છતાં એની રચનાઓ મોન્ટેઈનથી તદ્દન ભિન્ન પ્રકારની છે. એક જ વિષય પરના બંનેના નિબંધો સાથે જોવાથી એ સમજાશે. મોન્ટેઈનની મિત્રની વાણી છે, બેકનની મુરબ્બીની. અંગ્રેજી સર્જકનિબંધના પિતા તરીકે બેકનને નહિ પણ ૧૬૬૮માં નિબંધો પ્રગટ કરનાર કાઉલીને એડમંડ ગોસે વિશ્વકોશમાં વધાવ્યો છે. ૧૭મી સદીમાં પત્રકારત્વે નિબંધને ઘણો વેગ આપ્યો. સ્ટીલ, એડિસન, ગોલ્ડસ્મીથ, ડૉ. જહોન્સન જેવા નિબંધકારોને લીધે નિબંધની પ્રતિષ્ઠા વધી. જેને બુદ્ધિબળ બતાવવું હોય એ નિબંધને અજમાવે એવી સ્થિતિ થઈ. પણ એ ૧૮મી સદીના સુધારકવૃત્તિથી લખાયેલા નિબંધોનાં પચાસ જેટલાં પોથાં-માંથી થોડાંક જ પાનાં આજે વાંચી શકાય એવાં છે. રસલક્ષી નિબંધ ૧૯મી સદીના આરંભમાં લૅમ્બ, હેઝલિટ, લે હન્ટ, ડિ ક્વીન્સી આદિના હાથે પલ્લવિત થયો અને લૅમ્બમાં તો પરાકાષ્ઠાએ પહોંચ્યો. તે પછીના મૅકોલે, કાર્લાઈલ, રસ્કીન, મૅથ્યુ આર્નોલ્ડ, આદિના તેજસ્વી નિબંધો મુખ્યત્વે વિદ્વત્-કે શિક્ષક-કે સુધારક-પ્રવૃતિના પરિણામરૂપ છે, સર્જકનિબંધ નથી. સદીના અંતમાં સર્જક નિબંધકાર રૉબર્ટ લુઈ સ્ટીવન્સન મળે છે. ૨૦ સદીમાં રૉબર્ટ લીન્ડ, ચેસ્ટર્ટન, લ્યુકાસ, હિલેર-બેલોક આદિ અનેકને હાથે સર્જકનિબંધ પુનર્જીવિત થાય છે. મૅક્સ બીરબૉહ્મમાં એ પ્રફુલ્લ કળાએ ખીલે છે. અને આ જ સમયમાં પત્રકારત્વના રણમાં વિલુપ્ત થવાની એની નેમ હોય એમ એ રસલક્ષિતાના ધ્યેયથી ચ્યુત થતો વારંવાર જોવા મળે છે.

રસલક્ષી નિબંધને શી રીતે ઓળખવો? વર્જીનિયા વૂલ્ફ કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે નિબંધ આપણી અને દુનિયાની વચ્ચે પડદો રચી દે. પણ આ તો કલા માત્રનો ધર્મ છે. તમામ કલા આપણને विगलितवेद्यान्तर કરે છે. નિબંધની વ્યાખ્યાઓ બાંધવા જતાં અતિવ્યાપ્તિમાં સરી પડાય છે, એથી તો એક જણાએ નિબંધ એટલે વિશિષ્ટ નિબંધકારની વિશિષ્ટ રચના એમ કહીને હાથ ખંખેરી નાખ્યા છે! આપણે પૂછીશું: તો નિબંધકાર એટલે? કેમ નિબંધકાર એટલે નિબંધ લખનાર!-એવો જવાબ આપવા પણ એ ઊભો શા માટે રહે? આપણને ચકરાવામાં પડેલા જોઈ આપણા વ્યાખ્યાલોભી માનસને હસતો હસતો એ તો ખસી ગયો છે!

કલારૂપોની વ્યાખ્યા કરવી મુશ્કેલી હોય એનો અર્થ એવો તો નથી જ કે તે તે કલાપ્રકારને પોતાનાં આગવાં-ભલેને અસ્પષ્ટ પણ-લક્ષણો નથી.

આજ સુધી નિબંધનો કલાપ્રકાર ખેડાયો છે તે ઉપરથી એક સર્વસામાન્ય લક્ષણ એ સ્વીકારાયું છે કે નિબંધ એ અચૂકપણે લેખકના વ્યકિતત્વની-વૈયક્તિક જીવનની મુદ્રાથી અંકિત થયો હોય છે. નિબંધકાર વિષયને નહિ પણ પોતાને આલેખે છે. મોન્ટેઈને કહ્યું: હું મારી જાતને આલેખું છું. (It is myselfe I pourtray.) નિબંધ વાંચી રહીએ ત્યારે એમાંના વિષય અંગેનું આપણું જ્ઞાન વધ્યું છે એવું ભાન થવા કરતાં વિશેષ તો એક અનોખા વ્યક્તિત્વનો આસ્વાદ આપણને મળ્યો છે એવી તૃપ્તિ અનુભવાય છે. નિબંધ કોઈ વિષય ઉપર પ્રકાશ પાડવાને બદલે લેખકના વ્યક્તિત્વના પ્રકાશમાં આપણે નાહી રહ્યા હોઈએ એવો અનુભવ કરાવે છે. પરમ આશ્ચર્યની વાત તો એ છે કે અંગ્રેજ પ્રજા જેવી મૂંગી, મીંઢી પ્રજા આ ભીતરની રજેરજ વાત પ્રગટ કરતા કલાપ્રકાર-નિબંધ-માં સૌને ટપી ગઈ છે! પ્રથમ મહાયુદ્ધના સમયનો એક અનુભવ ઇંગ્લેંડની અમેરિકન કચેરીના એક અધિકારીએ નોંધ્યો છે. માહિતી ખાતા પાસે લડાઈમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલા પોતાના પતિની કે ખોટના એકના એક દીકરાની ખબર પૂછવા આવેલી સ્ત્રીઓ સૈનિકના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી પણ, રૂંવાંડું પણ ફરકયું ન હોય એમ, બીજો પ્રશ્ન પૂછવા રોકાયા વગર, ચુપચાપ ચાલી જતી તે પોતાને કામે વળગતી. આ પ્રજા નિબંધમાં પોતાનું દિલ ખોલીને બેસે છે, હૃદયનું દલેદલ ખોલી બતાવે છે. નિબંધ એ વિશ્રંભકથા છે. કદાચ મૂંગાં, મીંઢાં લાગતાં, પણ અત્યંત પટુકરણ અને ખમીરવાળાં, માણસોને જ વિશ્રંભકથા માંડવાની અનિવાર્ય જરૂર રહેતી હશે. એવાંઓની વિશ્રંભકથા સાંભળવામાં સાર એમાં તો સંશય જ નહિ.

આમ નિબંધનું રસબિંદુ વિષય નહિ પણ લેખક પોતે હોય છે. નિબંધરચનામાં ઉદ્દીપન ગમે તે હોય, આલંબન હમેશાં લેખક પોતે હોય છે. નિબંધકાર પોતાની વિવિધ ભાવપરિસ્થિતિઓને ગમે તે ઉદ્દીપનને નિમિત્ત બનાવી આલેખતો હોય છે. ઊર્મિકાવ્યમાં પણ આવું જ થતું હોય છે. જો કોઈ બે સાહિત્યપ્રકારો એકમેકની વધુ સમીપ હોય તો તે ઊર્મિકાવ્ય અને નિબંધ. તેથી, નિબંધ એટલે ગદ્ય ઊર્મિકાવ્ય, એમ પણ વારંવાર કહેવાયું છે. ઊર્મિકાવ્યમાં ભાવની અને વાણીની સઘનતા, પદલય અને શબ્દઘોષને લીધે સધાતું અભિવ્યકિતનું લાઘવ કળાકારના વ્યકિતત્વના વિસ્તૃત અને વિલંબી આલેખનને તક ન આપે, પણ નિબંધ જેવા રસળતા ગદ્યાલેખનમાં એવો પ્રસ્તાર શકય બને, સુસહ્ય નીવડે. ઊર્મિકાવ્યમાં જે અર્ક રૂપે મળે છે તે જ-લેખકનું વ્યકિતત્વ-નિબંધમાં પ્રસ્તાર રૂપે આસ્વાદાય છે. બંનેમાં લેખકની વિશિષ્ટ ભાવપરિસ્થિતિ એ અંતે રસાસ્વાદનું કારણ બનતી હોય છે. બંને આત્મલક્ષી સર્જનના પ્રકારો છે.

આ રીતે જોતાં, નિબંધ એ નાટકને તદ્દન સામે છેડે છે. નિબંધ એ લેખકના વ્યકિતત્વની મુદ્રાથી અંકિત હોય છે એમ આપણે કહીએ છીએ, ત્યારે સહેજે એ પ્રશ્ન મનમાં ઉદ્ભવે છે કે એવો કયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચનાપ્રકાર છે જે લેખકના વ્યક્તિત્વની મુદ્રાથી અંકિત થયો ન હોય. ઉત્તમ નાટકકારની કૃતિના એકાદ અંશનો પરિચય કરીએ છીએ ત્યારે તે પણ એના, રચયિતાના વ્યક્તિત્વને ઉઠાવ આપ્યા વગર રહેતો નથી. કળાકાર એની કળાના કોઈ પણ અંશ દ્વારા છતો થયા વગર રહેતો નથી. માત્ર, નાટકમાં કળાકાર અદૃશ્ય રહીને-પરોક્ષ રહીને પ્રગટ થાય છે, જ્યારે નિબંધમાં એ પ્રતિપદે આપણી નજર આગળ-પ્રત્યક્ષ-હોય છે. નાટકકાર પાત્રો દ્વારા બોલતો હોય છે, નિબંધકાર પોતે સીધો જ આપણી સાથે વાતોમાં ઊતરે છે. નાટકકાર રંગભૂમિ ઉપર આખું બ્રહ્માંડ ઠાલવે છે, નિબંધકાર પંડને પ્રગટ કરે છે. અલબત્ત, બંનેની કળા ઉત્તમતાને પહોંચી હોય તો પરિણામમાં તાત્ત્વિક દૃષ્ટિએ, પિંડે તે બ્રહ્માંડે અને બ્રહ્માંડે તે પિંડે એ ન્યાયે, બહુ ફેર પડતો નથી. નિબંધકાર પોતાની વાત કરતો ભાસે છે છતાં વિશ્વની નિરવધિ વિવિધતાને એની અભિસારપ્રવણ પ્રતિભા પદેપદે સ્પર્શી રહી હોય છે. નાટકકાર વિશ્વની બાહ્ય ઘટનાઓને જ નિરૂપતો લાગે તેમ છતાં એ ઘટનાઓની રમણાના કેન્દ્રમાં રહેલા વ્યક્તિત્વનો સતત નિર્દેશ થયાં કરતો હોય છે. નિબંધ કેન્દ્રમાંથી પરિધ તરફ અભિસરે છે. નાટકમાં પરિધ તરફથી કેન્દ્ર પ્રતિ ભીંસ હોય છે. નિબંધકારની આત્મશ્રી કુવારાની પેઠે એવી છલકાય છે કે જેને જેને એ સ્પર્શે છે તેને સૌન્દર્યથી રસી દે છે. નાટકકાર પદાર્થોને એવા સૌન્દર્યમંડિત રૂપે રજૂ કરે છે કે એ પ્રક્રિયાના મૂળમાં કેવી સભર આત્મશ્રી હશે એનું નિરંતર સાનંદાશ્ચર્ય થયાં કરે છે. બંને પ્રકારો ઉત્તમ રીતે ખેડાય તો તે તે લેખકની વિરલ આત્મશ્રીને-વ્યક્તિત્વના અપૂર્વરસિક અંશોને-પ્રગટ કરી રહે. નિબંધકાર લૅમ્બને વિષે વિવેચક કોલરિજ કહે છે: 'ચાર્લ્સ લૅમ્બમાં, મારા પરિચયના બીજા કોઈ માણસ કરતાં ચારિત્ર્યની અખિલાઈ અને વૈયક્તિકતા (totality and individuality of character) વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે.' શેક્સ્પિયરનાં નાટકોના પરિચય પછી પણ એના ચારિત્ર્યની અખિલાઈ અને વૈયક્તિકતાની અપૂર્વતાનો જ સઘન અનુભવ થાય છે. તેમ છતાં એક ફરક ઉઘાડો જ છે. શેક્સ્પિયરના અંગત બહિરંગ જીવન વિષે એનાં નાટકો દ્વારા આપણે લગભગ કશું જ જાણવા પામતા નથી, જ્યારે લેમ્બને વિષેની કેટલી બધી નાનીનાની વીગતો પણ આપણે જાણીએ છીએ! મારી સ્મૃતિ બરોબર હોય તો, દસકા ઉપર કોઈએ મોન્ટેઈનની આત્મકથા પ્રગટ કરી હતી. મૃત્યુ પછી સાડાત્રણસો વરસે તો મોન્ટેઈને એની આત્મકથા લખી ન જ હોય! પણ વાતમાં કશું જ આશ્ચર્ય ન હતું. મોન્ટેઈને પોતાને વિષે નિબંધોમાં અવારનવાર છૂટક છૂટક એટલું બધું કહેલું છે કે એ બધું ભેગું કરતાં મોન્ટેઈનના શબ્દોમાં જ ખાસી એક આત્મકથા વાચકના કરકમલમાં મૂકવા જેવી તૈયાર થાય. કોઈકને એ સત્કાર્ય કરવાનું સૂઝયું હતું.

નિબંધમાં લેખકનું વ્યક્તિત્વ ઓતપ્રોત થયેલું હોય છે-એમાં એનું બળ છે, તો એ જ એની મર્યાદા પણ થઈ શકે, કસોટી તો છે જ. માણસ પોતાને વિષે વાત માંડે અને સામાને તરત કંટાળો ન આપે એવું ઝાઝીવાર બનતું નથી. નિબંધકાર જો એનો ક્ષુદ્ર અહમ્ આપણી ઉપર ઝીંકયા કરે તો એમાં આપણને શો રસ? વર્જીનિયા વૂલ્ફનું આ પરિસ્થિતિ અંગે એક માર્મિક કથન છે: Never to be yourself, and yet always—that is the problem.—પ્રશ્ન એ છે કે પોતાની જાત આગળ ધર્યાં ન કરવી અને તેમ છતાં હંમેશાં પોતાની જાતને જ પ્રગટ કરવી. 'લખતાં આવડતું હોય તો જ તમે સાહિત્યમાં તમારી જાતનો ઉપયોગ કરી શકો,' એમ એ કહે છે. નરસિંહરાવને લખતાં નથી આવડતું એમ કહેવાની તો કોણ હિંમત કરશે? પણ એમના 'સ્મરણમુકુર'માં સમકાલીન વિભૂતિઓનાં પ્રતિબિંબ રસિક રીતે ઝિલાયાં હોવા છતાં, ક્યાંક ક્યાંક વચ્ચે વચ્ચે લેખકની અંગત વીગતોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિરેક આવ્યાં કરે છે તે રસવિક્ષેપનું કારણ બન્યા વગર રહેતો નથી. પોતાની અંગત વીગતોને અપ્રસ્તુત ન ભાસે એ રીતે નિરૂપવામાં નિબંધકારનું કૌશલ છે. જો કે ખરી વાત તો એ છે કે આ કસોટીમાંથી પાર ઊતરવા માટે નિબંધકારનું વ્યકિતત્વ સભર હોવું જોઈએ, વિવિધ પાસાંવાળું હોવું જોઈએ. લધરા જેવો લાગતો, ગભરુ, અતડો, તોતડાતો, ગાંડપણની છાયા નીચે દહાડા ભરતો, ઇન્ડિયા હાઉસનો કારકુન, જેના 'આત્મામાં કચેરીના ટેબલના લાકડાએ પ્રવેશ કર્યો હતો'—એ લેમ્બ: એને વિશે એલિઝાબેથ ડ્રયુ શું કહે છે? 'કોઈ પણ બીજા નિબંધો કરતાં ઈલિયાના નિબંધોમાં વધારે પૂર્ણતાવાળો પુરુષ આપણને મળે છે.' નિબંધકાર જેટલો પૂર્ણ પુરુષની નજીક તેટલું એની રચનાનું જાદુ વધારે.

કેટલીકવાર નિબંધકાર 'હું'ને અંદર લાવ્યા વિના જ ચલાવી લે, એવું પણ બને. કોઈ વાર 'હું' એ પોતે ન હોય, કલ્પિત પણ હોય. કોઈ વાર કોઈ વ્યકિત, પુસ્તક કે પ્રસંગ જેવા વિષય પર નિનંગત અને પરલક્ષી લાગે એ રીતે એ કલમ ચલાવે. ઊર્મિ-કાવ્યોમાં જેમ નાટ્યોર્મિ કાવ્ય(dramatic lyric)નો પ્રકાર છે, એનાં દૃષ્ટાન્તો નિબંધમાં પણ ક્યારેક મળે. મોન્ટેઇને પોતાની જાતનું આલેખન કરવાની પ્રતિજ્ઞા સાથે શરૂ કર્યું છે, તેમ છતાં પોતાની જાતમાં જ એ ઓછો સમાઈ રહ્યો છે? અલબત્ત, ગમે તે રીતે લેખકની કલમ ચાલે, લખાણ નિબંધ તરીકે કલ્પાયું હોય છે તો એમાં મુખ્ય આસ્વાદ્ય વસ્તુ તે એમાંથી ધ્વનિત થતું લેખકનું વ્યકિતત્વ જ હોય છે. ભલે નિબંધમાં લેખક પોતે સાક્ષાત હાજર ન હોય, પણ એ લખાણ દ્વારા એના વ્યકિતત્વની ભુરકી આપણા હૃદય પર પડ્યા વગર રહેતી નથી.

નિબંધમાં લેખકનું વ્યકિતત્વ પ્રધાન છે, એનું એક સહજ પરિણામ એ પણ આવે જ કે એમાં લેખક પોતાની અનેક અગંભીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પળો, પોતાની વિલક્ષણતાઓ, વિચિત્રતાઓ મોકળે મને આલેખે. ઉપરાંત, ઉપરના વર્ણન ઉપરથી એ પણ પ્રતીત થયું હશે કે નિબંધ એ વાર્તાલાપ છે, કોઈ અદીઠ વાચક સાથેનું સંભાષણ છે. (શ્રી ડ્રયુ 'નિબંધ એ આખો જ સ્વગતોક્તિરૂપ હોય છે' એમ કહે છે તે બરોબર નથી. સ્વગતોક્તિ માણસની પોતાની જાત સાથેનું જ સંભાષણ હોય છે, બીજું કોઈ પણ સાંભળે એ અભિપ્રેત હોતું નથી.) વાતચીતમાં માણસ રંગમાં આવે છે ને વિનોદે ચઢે છે એમ નિબંધકાર પણ વિનોદની તક ઝડપી લે છે. વિદ્વત્પ્રવૃત્તિ કે શિક્ષકપ્રવૃત્તિના ફળરૂપ લલિતેતર નિબંધમાં માણસને ઊંચે આસને બેસી બોધ આપતો હોય એમ ડાહ્યુંડાહ્યું બોલવું પડે છે, પણ સર્જક નિબંધમાં તો લેખક એક દોષથી ભરેલા માનવ તરીકે બીજા એવા જ માનવ આગળ આપકહાણી સંભળાવતો હોય છે એટલે એને હાસ્યવિનોદના પ્રસંગો ડગલે ને પગલે મળી રહે છે. તક મળતાં એ પોતાને ભોગે પણ હસી લે છે.

આ હાસ્ય એ નિબંધનું એવું સામાન્ય અંગ થઈ પડ્યું છે કે એથી નિબંધમાં ઘણી હળવાશ આવી છે. નિબંધનો ઘણીવાર 'હળવા નિબંધ' તરીકે પણ ઉલ્લેખ થાય છે. પણ એ પ્રયોગથી નિબંધમાંના હાસ્ય ઉપર ભાર મુકાવા કરતાં નિબંધમાં ગંભીરતાનો સદંતર અભાવ હોય એવું સૂચવાય છે, જે બરોબર નથી. કેટલીકવાર પ્રતિજ્ઞાપૂર્વક ચાવળાઈમાં ઊતરવા એ પ્રેરે છે. અને કોઈ જ્યારે હસાવવા પ્રયત્ન કરે ત્યારે તો સામાને રડવું જ આવે, હસવું આવે તો પેલાને અભિપ્રેત નહિ એ રીતે—એના બેહુદા પ્રયત્ન ઉપર. નર્મ, મર્મ, કટાક્ષ, વિનોદ, ઉપહાસ, અટ્ટહાસ—એમ હાસ્યની અનેકવિધ રેખાઓ અચ્છા નિબંધકારને હાથે નિબંધમાં અનાયાસે અવારનવાર ઊપસ્યાં કરે. ઘણુંખરું એ તો ડાવકો રહીને બોલ્યાં કરતો હોય. એનું મોં પણ ભાગ્યે મરકતું હોય. સ્વાભાવિકપણે એ તો બોલ્યે જાય. એના બોલવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો મર્મ સમજાય ત્યારે આપણે કાં તો મલકાઈ જઈએ, કાં તો બેવડા વળીવળીને હસ્યાં કરીએ. કોઈવાર એવું તો નિરર્થક અને બુદ્ધિહીન ભાસતું હાસ્ય એ વેરતો હોય છે! લેમ્બને કોઈએ કહ્યું: જમાનાને માટે જરી લખતા રહો. 'જાય રે જમાનો જહાન્નમમાં. હું પ્રાચીનો માટે લખીશ.' ઉત્તરથી લાગેલા આંચકાની કળ વળે ત્યારે જતાં આપણને એમાંના હાસ્યનો સ્પર્શ થવા પામે છે. 'દીર્ઘાયુષ્ય' પરના નિબંધમાં આરોગ્યપાલનના પોતાના બધા ભંગનો બચાવ કરી અંતે લેખક ખુમારીથી ઉમેરે છે: બરોબર મારી હેડીના હોય એવા મારા કોઈ પણ સમકાલીનોએ આજ સુધીમાં મારા કરતાં વધારે આયુષ્ય ભોગવ્યું હોય એમ હું માનતો નથી.

નિબંધમાં હાસ્યવિનોદ એ ટૂચકાઓ, નર્મવચનો, કટાક્ષો, ઉપહાસોની આતશબાજીરૂપ હોય એ કરતાં વધારે તો લેખકના આખાય સ્વભાવમાં હાસ્યવૃત્તિ લપકચાં કરતી હોય એ વધુ ઇષ્ટ છે, વધુ આસ્વાદ્ય નીવડે છે. નિબંધકાર ગંભીર થઈને બોલતો હોય પણ એની આંખમાં ટીખળ ઊછળ્યાં કરતું હોય. એ પણ એક નોંધપાત્ર આશ્ચર્ય છે કે મૂંજી સ્વભાવના લાગતા, વેપારી માનસના, વ્યવહારુ, અતડા, એવા અંગ્રેજો હાસ્ય માટે બીજી હસમુખી દેખાતી પ્રજાઓ કરતાં પણ વધુ પંકાય છે.

એક ખુમારી બાદ કરતાં (–પણ પછી રહ્યું શું?) ગુજરાતી પ્રજામાં અંગ્રેજ પ્રજા સાથે ઠીકઠીક મળતાપણું છે. પણ હાસ્ય એ ગુજરાતીઓની લાક્ષણિકતા નથી. સૌરાષ્ટ્રનાં માનવી મરમાળાં હોય છે, અને દક્ષિણ ગુજરાતનાં નિખાલસ હસનારાં. તે એ પ્રદેશમાંથી હાસ્યવિનોદના લેખકો ગુજરાતને મળ્યા છે. (હા, ક. દ. ડા. સૌરાષ્ટ્રના, અને સર રમણભાઈના હાસ્ય ઉપર સૂરત જરૂર કોઈક દાવો કરી શકે.) મસ્તફકીર ને ઓલિયા જોષી, મુનિકુમાર ને ગગનવિહારી, સ્વૈરવિહારી ને વિનોદકાન્ત એ સૌરાષ્ટ્રના નર્મનિબંધકારો. ધનસુખલાલ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોતીન્દ્ર દવે દ. ગુજરાતના. મુનિકુમાર, ગગનવિહારી, સ્વૈરવિહારી, વિનોદકાન્ત-બધાનો જ હાસ્ય શિષ્ટ, ઘણીવાર સાહિત્યલક્ષી હોય છે. 'વિનોદકાન્ત'નું વ્યકિતત્વ ક્યારેક તારસ્વરે પ્રગટ થાય છે, પણ આત્મદયાના પ્રસંગોએ પણ પોતાના ભોગે એ વિનોદ કરી જાણે છે. 'સ્વૈરવિહારી' સુધારક છે. વ્યકિતત્વ પ્રગટ કરવાનો એમનો પ્રધાન આશય નથી. મુખ્યત્વે પરદેશી શાસનની ટીકા કરવા નિમિત્તે એ સ્વૈરવિહારે ચઢે છે, પણ અંતે આપણી પોતાની કમજોરીઓ ખુલ્લી પાડીને અટકે છે. પ્રજાકીય વ્યકિતત્વને કટાક્ષ દ્વારા પ્રગટ કરવામાં એ સૌથી વધુ ખીલે છે. શુદ્ધ હાસ્ય ખીલવવાનું, કોઈ પણ જાતની વિવેચક કે સુધારકની ખાસ વૃત્તિ સિવાય હાસ્ય ખેડવાનું ધનસુખલાલ મહેતા અને જ્યોતીન્દ્ર દવેમાં જોવા મળે છે. જ્યોતીન્દ્રની વિચક્ષણ બુદ્ધિ ન હોય ત્યાંથી જીવનની કોઈને કોઈ વિલક્ષણતાને પકડી પાડે છે. જીવનની વિકૃતિ પર કટાક્ષ કરવા કરતાં એને હસી નાંખવાનું જ્યોતીન્દ્રને વધુ ગમે છે. એમની વિદ્વત્તા અને એમનું ચિંતન હાસ્ય પાછળ ઢંકાઈ જાય છે એ ભલે, પણ ઘણીવાર એમના વ્યકિતત્વને પણ એમનું હાસ્ય ઢાંકી દે છે. નિબંધને અંતે વિનોદ રહે છે, જ્યોતીન્દ્ર નહિ. જ્યોતીન્દ્રમાં સભર વ્યકિતત્વનાં દર્શન થતાં નથી, તેમ છતાં એમનું નિરાગસ હાસ્ય એ ગુજરાતી નિબંધની એક સિદ્ધિ છે.

હાસ્યવિનોદ એ નિબંધના અનિવાર્ય અંગ જેવો થઈ ગયો છે, પણ કેટલાક ઉત્તમ નિબંધો કે નિબંધકારોમાં એનો અભાવ નિર્વાહ્ય પણ બને. મોન્ટેઇનમાં વિનોદવૃત્તિ ઓછી જ છે. પણ હાસ્યવિનોદ દ્વારા જે સધાય છે તે એના વ્યકિતત્વના ઉષ્માભર્યા પ્રકાશ દ્વારા લગભગ મળી જતાં ખાસ ઊણપ વરતાતી નથી.

નિબંધમાં વ્યકિતગત વાતો ઉમેળાતી હોય, હા-હા હી-હી પણ ચાલતી હોય, એટલે એ કાંઈક નિઃસાર વસ્તુ છે એવું સમજવાનું નથી. ડૉ. જહોન્સને નિબંધને undigested અપરિપકવ-પચ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગરનો અને irregular અનિયમિત-અતંત્ર કહ્યો છે પણ એ વર્ણન ભાગ્યે જ યથાર્થ હોય. એડમંડ ગોસે કહ્યું છે તેમ મોન્ટેઈન, એડિસન કે લૅમ્બના નિબંધોને અપરિપક્વ શબ્દ તો ભાગ્યે જ લાગુ પડે. 'તાજમહાલ' ઉપર માહિતીપ્રધાન લેખ લખાયો હોય તો તેમાં ઐતિહાસિક હકીકત બધી રજૂ થઈ હોય. તેની સરખામણીમાં નાનાલાલ કવિનું 'તાજમહાલ' કાવ્ય કે કાકા કાલેલકરનો 'તાજમહાલ' નિબંધ ક્રમબદ્ધ હકીકતો ન આપવાને લીધે 'અપરિપક્વ' લાગે. પણ કાવ્યમાં સર્જકનો આશય હકીકતો જણાવવાનો નહિ પણ પોતાની વિશિષ્ટ ભાવપરિસ્થિતિને મૂર્ત કરવાનો હોય છે, એટલે એમાં વિચારો પરિપક્વ રૂપે રજૂ થયા છે કે નહિ એ પ્રશ્ન મુખ્ય નથી, ભાવનો પાક થયેલો છે કે નહિ એ પ્રશ્ન રહે. વિચારમયતાની દૃષ્ટિએ નહિ પણ ભાવમયતાની દૃષ્ટિએ નિબંધ આસ્વાદ્ય બન્યો છે કે નહિ એ જ સર્જકનિબંધની કસોટીનો ગજ હોઈ શકે. એનો અર્થ એ નથી કે વિચારો સર્જકનિબંધમાં હોય જ નહિ, બિનસર્જક નિબંધમાં જ હોય. શિક્ષકનિબંધકાર તર્કસરણી રજૂ કરે છે, જ્યારે સર્જકનિબંધકાર ઊર્મિસ્પંદનોના તાર ઝણઝણાવે છે. પેલો દલીલ કરે છે, જ્યારે આની દિલ જીતી લેવાની દાનત હોય છે. સર્જકનિબંધકાર, સૌ સર્જકોની પેઠે, જરૂર વિચારો આપે છે, પણ સીધા મસ્તકમાંથી નહિ. મસ્તકના વિચારો હૃદય દ્વારા એ આપણને પહોંચાડે છે. સર્જકનિબંધકારની, જેમ સૌ સર્જકોની, રચનાઓમાં પ્રજ્ઞા (Wisdom) અને અનુભવનો રસ સતત ઊછળતો હોય છે. સેંટ બત્રે મોન્ટેઈનને ફ્રાન્સવાસીઓમાં સૌથી વધુ ડાહ્યો (Wisest of all Frenchmen) કહ્યો હતો. હમણાં યુનેસ્કોની પ્રથમ સભા પૅરીસના જે સભામંડપમાં મળી હતી તેમાં બે મહાજનોની છબીઓ ટિંગાયેલી હતી: પાસ્કલની અને મોન્ટેઈનની. પણ સર્જકનિબંધકાર બિનસર્જક શિક્ષક નિબંધકારથી જુદી જ રીતે ડહાપણ પીરસે છે એ લક્ષમાં રહેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેકનના ઘણાખરા નિબંધોમાં કે બીજા શિક્ષક નિબંધકારોની રચનાઓમાં જ્ઞાનના ગાંગડા મળે છે જ્યારે સર્જકનિબંધમાં દૂધમાં પ્રસરી ગયેલી મધની મીઠાશ અને સુવાસ રૂપે જ્ઞાન આસ્વાદાય છે. જે સર્જનમાંથી-જે સર્જકનિબંધોમાંથી-આવો મધુર સૌરભભર્યો જ્ઞાનાસ્વાદ ન પમાય તે માનવજાતિનો મહામૂલો વારસો કેમ બની શકે? ઓલેર્ડ વિલિયમ્સે યોગ્ય રીતે કહ્યું છે કે સર્જકનિબંધકાર ઋષિની માટીમાંથી બનેલો (something of a sage) હોવો જોઈએ. સર્જકનિબંધે વિચારમયતા સાથે છૂટાછેડા લીધેલા હોવા જોઈએ એવો એક ભ્રમ, શિક્ષકપ્રવૃત્તિથી સર્જકપ્રવૃત્તિને છૂટી પાડવાના ખ્યાલને જડતાપૂર્વક પરાકોટિએ પહોંચાડવામાંથી, પેદા થયેલો છે. સર્જકનિબંધ એ જાણે એક રમણીય તુચ્છવસ્તુ (an elegant trifle) ન હોય! તુચ્છ હોવું-નિઃસાર હોવું એ રમણીય હોવા માટેની શરત છે એવી ખોટી કલા-સમજ આવા ખ્યાલ પાછળ દેખાતી હોય છે. કોઈ પણ કલાપ્રવૃત્તિને નિઃસાર થયે કેમ પાલવે? સૌ કલાપ્રકારોની પેઠે સર્જકનિબંધ રમણીય આકાર ધારણ કરે છે, પણ તે સાથેસાથે એ સારગર્ભ પણ હોય છે જ. એ સારગર્ભતાની પોતાની એક એવી દીપ્તિ હોય છે, રચનામાં પ્રજ્ઞા(wisdom)નો પ્રકાશ એવો રેલાઈ રહેતો હોય છે કે બેકન જેવા શિક્ષકનિબંધકારની રચનાઓ પણ અવારનવાર સર્જકતાથી ઊભરાતી લાગે છે.

સર્જકનિબંધને 'અનિયમિત'-અતંત્ર પણ નહીં કહી શકાય. ડૉ. જ્હૉન્સને સર્જકનિબંધને માટે 'અપરિપક્વ,' 'અનિયમિત,' 'ચિત્ત શિથિલનું અભિક્રમણ-પ્રસ્રવણ' (a loose sally of the mind) એવા શબ્દો વાપર્યા છે તે એનાં લક્ષણો બતાવે છે તે કરતાં વધુ તો શિક્ષકપ્રવૃત્તિના-લલિતેતર-નિબંધોથી એ શી રીતે જુદો પડે છે એનું સૂચન કરે છે, બલકે લલિતેતર નિબંધનાં લક્ષણો વિરોધથી સૂચવે છે. લલિતેતર નિબંધ જેને તે વિષયનું જ્ઞાન બરોબર પચેલું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા લેખકની કૃતિ હોય અને પરિપક્વતાની છાપ પાડે. એ ક્રમબદ્ધ લખાયો હોય, એમાં કલમ અનિયમિત રીતે ચાલતી ન લાગે અને એમાં ચિત્ત વિષય ઉપર વ્યૂહપૂર્વક છાપો મારતું અને જંગ ખેલતું દેખાય. એની સરખામણીમાં લલિત નિબંધ સામગ્રીની દૃષ્ટિએ અપરિપક્વ મનોદશાનું પરિણામ ભાસે, અને લખાવટની દૃષ્ટિએ અનિયમિત રચના લાગે, જેમાં વિચારની વ્યૂહબદ્ધ કૂચ જેવું કાંઈ જોવા ન મળે. ડો. જહોન્સનનું વર્ણન લલિતેતર નિબંધનો વિરોધથી ખ્યાલ આપવા માટે ઠીક છે, પણ લલિત નિબંધનો એ યથાર્થ પરિચય આપતું નથી તે સામગ્રી અંગેના લક્ષણ('અપરિપક્વ')ની હમણાં ચર્ચા કરી તે ઉપરથી સ્પષ્ટ થયું હશે. બિન-રસલક્ષી સાહિત્યપ્રકારનાં લક્ષણોના માપથી રસલક્ષી સાહિત્યપ્રકારને માપવામાં આ વિસંગતિ ઊભી થઈ છે. તાજમહાલ પરના નાનાલાલના કાવ્યને કે કાકા કાલેલકરના લલિત નિબંધને અપરિપક્વ કહેવાં એ જેમ અપ્રસ્તુત છે, તેમ એમને અનિયમિત-અતંત્ર કે વ્યૂહરહિત લખાણ કહેવાં એ પણ અપ્રસ્તુત છે. કલાપ્રકારને પોતાનું તંત્ર હોય છે, પોતાનો વ્યૂહ હોય છે. લલિતેતર નિબંધ એટલે ચાલવું, લલિત નિબંધ એટલે નૃત્ય. પેલામાં અમુક અંતર કાપવાનું હોય છે એટલે માણસ વ્યવસ્થિત રીતે એક બિંદુથી ઊપડી વચ્ચેનાં મથકો વટાવી અંતિમ બિંદુએ પહોંચે છે. બીજામાં માણસ પગથી ગતિ કરે છે, પણ હતો ત્યાંનો ત્યાં જ હોય છે. એક બિંદુથી બીજા બિંદુ પર ઠેકડા મારતો દેખાય છે, પણ કશુંય અંતર કાપતો લાગતો નથી. પણ આ 'અનિયમિત' ગતિથી એ ભલે કોઈ મુકામે ન પહોંચે, આપણા હૃદય સુધી જરૂર પહોંચે છે, જો એ ગતિ એના(નૃત્યના)નિયમોને વશ વર્તતી હોય તો. સર્જકનિબંધમાં બેદરકારીનો, અનિયમિતતાનો, આકારરહિતતાનો ભાસ થાય છે, કેમ કે એમાં વિષયને ઉછાળ્યા કરવામાં આવતો હોય છે, લેખક એક બિંદુથી બીજા બિંદુપર કૂદ્યાં કરતો હોય છે, કશું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખીતી રીતે ક્રમબદ્ધ-વ્યૂહબદ્ધ હોતું નથી, પણ એ 'ગાંડપણમાં પણ કોઈક પદ્ધતિ' જેવું હોય છે, ઉપરક અનિયમિતતા પાછળ આખી કૃતિને એકતા અર્પતી કોઈક નિયમબદ્ધતા હોય છે. લલિતેતર નિબંધ વિચારવ્યૂહથી બંધાયલો હોય છે, લલિત નિબંધ ભાવપરિસ્થિતિને મૂર્ત કરતા કલાનિયમથી. સર્જકનિબંધ અનિબદ્ધ રચના નથી, કલાનિબંધનને એ વશ વર્તે જ છે. આ કલાનિબંધન એવું અનાયાસે સિદ્ધ થયેલું હોય કે ઘણીવાર અગોચર રહે છે, પણ તેથી તે નથી જ એમ માનવું ભૂલભરેલું છે. એની ગેરહાજરીમાં કૃતિને એક સજીવ ઘટક તરીકે ટકી રહેવું જ અસંભવ બને. મૂઠી ભરીને મોતી વેર્યાં હોય અને એમાંથી સહજપણે કોઈ મનોરમ આકાર નિર્માઈ આવતો દેખાય એની સાથે એડિસને સર્જકનિબંધની, અને કાળજીપૂર્વક દોરીમાં પરોવીને બનાવેલી મોતીની માળા સાથે લલિતેતર નિબંધની સરખામણી કરી છે.

મોન્ટેઈન રાજદરબારમાં કિસ્મત અજમાવી માર્યો માર્યો ફરતો હતો, અને અચાનક પિતાનું મૃત્યુ થતાં પાંત્રીસ વરસની ઉંમરે જ નિવૃત્તિ સ્વીકારી પોતાની જાગીર ઉપર જઈ એણે ગઘલખાણોમાં પોતાનો અનુભવનિચોડ રેડવા માંડ્યો અને એના કિલ્લાના બીજા મજલા પર માર્ચ ૧૫૭૧માં નિબંધનો જન્મ થયો. વારંવાર મોન્ટેઈન આ લખાણના સ્વરૂપથી અસંતુષ્ટ થઈને એને વખોડતો તેમ છતાં એને ઊંડેઊંડે ખાતરી હતી કે પોતે એક નવીન સાહિત્યપ્રકાર ખેડી રહ્યો છે. એણે એને સાદું 'એસે' (Essay) એવું નામ આપ્યું અને એ રીતે સૂચવ્યું કે આ તો છે માત્ર પ્રયત્ન. (એસે—Essay એટલે પ્રયત્ન. જૂની લેટિનના exagium એટલે તોલન, ત્રાજવાં, અને exigere એટલે પરીક્ષવું ઉપરથી.) 'એસે' નો આ મૂળ અર્થ, એની દેખીતી આકારરહિતતા, એની રસળતી—વાટ છોડીને પહેલી તકે ઉબાટે ચઢી જતી શૈલી,-એ બધાને લીધે સર્જકનિબંધના સ્વરૂપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર વખતે હમેશાં વિદ્વાનોને અવઢવ રહી છે, એનું યથાર્થ વર્ણન કરવામાં પણ તેઓને ડૉ. જ્હૉન્સનની જેમ મુશ્કેલી પડી છે. વર્સફૉલ્ડ નિબંધને બિન-સર્જક લખાણોમાં સૌથી વધુ કલાત્મક કહે છે. (The essay is the most artistic of all forms of non-creative literature.) પણ નિબંધ કલામય થઈ શકે એવો હોય તો એની એ કલાક્ષમતા જ એને એક સર્જક સાહિત્ય-પ્રકાર તરીકે સ્થાપવા માટે પૂરતી ન ગણાય? આપણે જોયું છે કે ઊર્મિકાવ્યની પેઠે ભાવપરિસ્થિતિના નિરૂપણને નિબંધ લક્ષ્ય કરતો હોય ત્યારે એ સર્જક પ્રવૃત્તિ રૂપ હોય છે.

નવલકથાનો સાહિત્યપ્રકાર પહેલવહેલો શરૂ થયો ત્યારે કલાસિકલ (પ્રશિષ્ટ, રૂઢ) સાહિત્યરુચિને એમાં કાંઈ કલા જેવું ઝટ જણાયું ન હતું. નિબંધને અંગે વધારાની મુશ્કેલી એ છે કે તેમાં કલ્પિત કથાવસ્તુ કે એવું પણ ખાસ હોતું નથી. છાપાંળવા લેખોથી એને છૂટો પાડવો એ પણ મુશ્કેલ છે. ઉત્તમ સર્જક નિબંધો લખનાર ચેક લેખક કારેલ ચાપેક એક વધુમાં વધુ અંગ્રેજીપણું ધરાવતા યુરોપીય લેખક છે. એમના એક સંગ્રહનું નામ છે On the margin of literature–સાહિત્યના સિમાડા પર. સર્જક નિબંધોમાં પણ ઘણી બધી રચનાઓ સાહિત્યકલાના સીમાડા પરની રહેવાની, કોઈક જ સુરેખ કલાઆકાર પામવાની–એવો ધ્વનિ ચાપેકે નમ્રતાપૂર્વક નિર્દેશ્યો છે તે સૌ નિબંધકારોએ લક્ષમાં રાખવા જેવો છે.

નિબંધની લખાવટ દેખીતી અતંત્ર હોઈ અને લેખકે લેખકે વ્યકિતત્વના ભિન્નભિન્ન રંગો હોઈ એની રચનાની ખાસિયતો ચર્ચવી મુશ્કેલ છે. તેમ છતાં એ સામાન્ય રીતે લઘુક રચના હોઈ એનો ઉઘાડ સચોટ રીતે થાય તો એ મોટો લાભ ગણાય. તેવું જ અંતનું. અને આખી યાત્રા એ લેખકના આંતર પરિચયમાં પરિણમવી જોઈ એ. હિલેર બેલૉક ફરવા નીકળી પડે છે, જંગલને છેડે એક પરમ સંતોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ડુંગળીખાઉ"ને મળી જાય છે અને ફરી એને પોતે કદી મળવાનો નથી, પણ એ મુલાકાતમાંથી અલૌકિક તાજગી લઈને એ ઘેર આવે છે. પ્રિસ્ટલી સાંજને ટાણે ગામબહાર ફરવા ગયો છે, અંધારામાં રસ્તા પર કોઈક એની સાથે થઈ જાય છે, બંને વચ્ચે દેખીતો કશો વિનિમય થતો નથી, પણ એ માનવીનો આ યદૃચ્છાસાથ એને મનોમન બંધુભાવનું ઘણું બળ આપી રહે છે, પોતે જાણે આંતરયાત્રા (Journey to one's self–પોતાની જાતને પહોંચવાની સફર) કરીને ઘેર પાછો ફરે છે. બંને નિબંધોમાં લેખકના પોતાના આંતર-જીવનના ઘનિષ્ઠ સંપર્કમાં આપણે મુકાઈએ છીએ. સર્જક નિબંધ એટલે લેખકની આંતરયાત્રા. એ ગમે ત્યાંથી શરૂ થાય, વળીવળીને અંતે લેખકના વ્યક્તિત્વના આસ્વાદમાં એ પરિણમવો જોઈએ.

સર્જકનિબંધકાર કોઈ વાતડાહ્યા માણસની પેઠે બોલી રહ્યો હોય છે એટલે એની રચનામાં બોલચાલની વાક્છટાઓ આવે એ સ્વાભાવિક છે. વાતચીત જેમ એક વાતમાં અધવચ બીજી સાંભરી આવતાં નવી દિશામાં ફંટાય છે તેમ નિબંધમાં પણ થતું ઘણી વાર જોવા મળશે. લેમ્બ વિરામચિહ્નોમાં ઉદ્ગારચિહ્નો અને – (ડેશ) બહુ પ્રયોજે છે. અને વાર્તાલાપમાં જેમ કેટલીકવાર વાક્યો પૂરાં થયા વગર અધ્ધર લટકતાં રહી જાય છે તેવું પણ લેમ્બના નિબંધોમાં થતું જોવા મળે છે. સર્જકનિબંધકારને તર્કબદ્ધ રજૂઆત કરતાં ઊર્મિસ્પંદનો દ્વારા કામ લેવાનું હોઈ શબ્દોની સહચારીભાવો(associations)થી સિદ્ધ થયેલી સમૃદ્ધિનો એ ઠીકઠીક લાભ લે છે. એકાદ શબ્દ કે શબ્દ-ગુચ્છ દ્વારા એની કલમ ભૂતકાળના સાહિત્યરાશિને અનેક ઠેકાણે સ્પર્શે છે અને એની સૌન્દર્યઆભા ઝીલીને પોતે વધારે કમનીય બની ઊઠે છે. એ સાહિત્યપુંજમાંથી રત્નો વીણી લાવવાનું–અવતરણો આપવાનું–અને એ રીતે પોતાની રચનાને સમૃદ્ધતર બનાવવાનું એનું કૌશલ પણ, લેમ્બ જેવાના દાખલામાં, અદ્ભુત જોવા મળે છે. એ અવતરણો એટલાં બધાં લાંબાં તો ન હોય કે લેખક વેઠિયાની પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારા કરવા બેઠો છે એવું લાગે. વાતચીતમાં માણસ સહજભાવે સ્મૃતિમાંથી અવતરણો આપે છે એવું જ નિબંધમાં પણ બને. કોઈક-વાર આ બધી છટાઓ કસબીના હાથમાં અપૂર્વ સૌન્દર્યથી ખીલી ઊઠે છે. હિમાલયના પ્રવાસમાં પોતાના સહયાત્રી અનંત બુવા આગળ શરણાગતિ સ્વીકારતાં કાકાસાહેબ કાલેલકર શ્લેષની મદદથી બુવાના નામનો લાભ લઈ તુકારામની પંકિત ઉચ્ચારે છે: 'ઠેવિલેં અનંતેં તૈસેચી રહાવે ।–અનંત (પરમેશ્વર, અહીં બુવા) રાખે તેમ રહીએ.' મરાઠી ભાષાના જાણકારોને એક પિતાએ પુસ્તકના આરંભે પોતાના સદ્‌ગત પુત્ર અનંતની છબી નીચે તુકારામની એ જ પંકિત મૂકી છે તેનું સ્મરણ પણ થયા વગર ન રહે. હાસ્યના તારમાંથી, પ્રસંગોપાત્ત, સહચારીભાવો ઝણઝણાવીને લેખક કેવી કરુણાની શાન્તસમર મીંડ જગાવે છે એ આવા દાખલાઓમાં જોવા મળે છે.

સર્જક નિબંધકારો પોતાની આગળના લેખકોનું અનુકરણ કરવા ઘણીવાર પ્રેરાયા છે. લેમ્બને બીજા લેખકોની રીતે લખવાની સારી ફાવટ હતી. રૉબર્ટ લુઈ સ્ટીવન્સન તો એ માટે પંકાય છે. લ્યુકાસમાં લેમ્બની રીતે લખવાની વૃત્તિ જણાઈ આવે છે. આવા પ્રયોગો સામાન્ય રીતે સફળ હોતા નથી અને કૃતિની સ્વાભાવિક કલામયતાને વિઘાતક નીવડે છે. આમાં શૈલીવેડા–એકના એક પ્રયોગોનો વારંવાર ઉપયોગ (Mannerisms) મુખ્ય ભાગ ભજવે છે. કોઈ પણ લેખકની રચનામાં એવા પ્રયોગ સ્વયં સારા લાગતા નથી, ઉછીના લીધેલા તો વરવા લાગે જ એમાં નવાઈ શી? જ્યારે આપણો કોઈ નિબંધકાર પ્રો. ઠાકોરનું ખમીર પોતાના કથયિતવ્યમાં ન હોય છતાં કોઈ કંડિકાને અંતે પ્રો. ઠાકોરની જેમ 'ન અન્યથા' એમ એક વાર કે બે વાર જિકરથી લખે છે ત્યારે કેવોક દેખાવ થાય છે?

એકંદરે લખાવટની, કહો કે બહિરંગની, દૃષ્ટિએ નિબંધ આજે સારી સ્થિતિમાં છે, તેમ છતાં તેના ભાવિ વિષે લગભગ સૌ વિવેચકો સચિંત છે. નિબંધની અંતરંગ દૃષ્ટિએ દરિદ્રતા તે આ સચિંતતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ છે. એ દરિદ્રતામાં પત્રકારત્વનો ઘણો મોટો ફાળો છે. નિયમિત અમુક શબ્દો લખવાની પ્રતિજ્ઞાને લીધે નિબંધકારને જરીક અમથી સ્ફુરણાના જોર ઉપર ઘણું બધું લખવાની પાળી આવે છે. મલાવીમલાવીને હુલાવીફુલાવીને વાત કરવાની એને આદત પડી જાય છે. પત્રકારત્વનું સ્વરૂપ પણ એવું છે કે સાચા સર્જકનિબંધ માટે એમાં કેટલો અવકાશ એ પણ પ્રશ્ન છે. ચાર્લ્સ લેમ્બના નિબંધો ગઈ સદીના આરંભમાં વર્તમાનપત્રે પ્રજા આગળ પીરસ્યા, આજે લેમ્બની અવી કૃતિઓ કયું પત્ર પ્રગટ કરે? પત્રકારત્વને લીધે આજે નિબંધનું પોત પાતળું પડી ગયું છે, એ પાંખો અને ખાલીખમ જેવો બની બેઠો છે. ઘણીવાર એ એક ચમકીલી તુચ્છ વસ્તુથી વધુ નથી હોતો. વારંવાર એને રાજકીય-સામાજિક પ્રશ્નો અંગે સાકરિયા ઔષધગોળીનો ભાગ ભજવવો પડે છે. નિબંધ નિર્માયો તો હતો કવિતાના સમકક્ષ સાહિત્યપ્રકાર તરીકે વિકસવા. આજે કલ્પનાગૌરવ અને ભાવસૌષ્ઠવથી દૂર ખસીને સમયસમયના રંગોની આછી ઝલક ઝીલતી તર્કલહરીઓ રૂપે, નિશ્ચિત સમયમાં પ્રજારંજન અર્થે ઉડાવવા પડતા રંગીન તરંગપરપોટારૂપે નિબંધ ઘણુંખરું દેખાય છે, તે માટે પત્રકારત્વ જવાબદાર છે. પત્રકારત્વ સર્જકનિબંધને જન્મ આપનાર નહિ, તો પણ ઉછેરનાર જરૂર છે. એ જ પત્રકારત્વ સર્જક-નિબંધને દફનાવ્યે રહેશે એવી દહેશત જાગી છે. અતિલખાણના ઉકરડા નીચે સર્જકનિબંધ જાણે દટાઈ જવાનો ન હોય! પણ રંગભૂમિની મર્યાદાથી સાચી નાટ્યકળા હેબતાઈ જતી નથી-ઠીંગરાઈ જતી નથી. બલ્કે એ મર્યાદાઓને ટપી જઈ પોતાની સિદ્ધિ માટે એનો ઉપયોગ કરી લે છે એવું જ પત્રકારત્વ પરત્વે સર્જકનિબંધનું પણ બને એવી આશા રાખીએ. સાચો સર્જકનિબંધકાર પત્રકારત્વનો ઉપયોગ કરી એની મર્યાદાઓની પાર જરૂર પોતાની અભિજાત કળાનો પરિચય કરાવવાનો.

પત્રકારત્વમાં કે અન્યત્ર સર્જકનિબંધ પોતાનું સ્થાન જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકાવી રાખશે. તે ઉપરાંત નિબંધની સામગ્રીનો નવલકથા, જીવન-ચરિત, આત્મકથા અને ડાયરીમાં સમાવેશ થવો સુકર છે. કોઈવાર પત્રોમાં પણ એ યોજાઈ જાય. એમિયેલની નોંધવહી(જર્નલ)માં અનેક નિબંધકલ્પ ખંડો મળે છે. આપણે ત્યાં નરસિંહરાવની રોજ-નીશી પ્રગટ થઈ છે તેમાં લેખકના વ્યકિતત્વનો નિકટનો અને હૃદ્ય પરિચય કરાવે એવા કેટલાક, જો કે બહુ ઓછા, ખંડો મળશે. સર્જકનિબંધના પક્ષપાતી વિજયરાયની 'વાસરિકા' કમભાગ્યે એવો અનુભવ કરાવતી નથી. વાર્તાસાહિત્ય ખેડનારા આપણા બે લેખકો પાસે નિબંધકારની કલમ છે. રમણલાલ દેસાઈએ પોતાની નવલ-કથાઓમાં તક મળી છે ત્યાં નાનીનાની નિબંધકંડિકાઓ (આને નિબંધિકા કહીશું ?) વેરી છે. એમની પ્રાસાદિક રસળાતી શૈલી, નાગર દાક્ષિણ્ય, કટાક્ષપ્રિયતા-એ એમને એક અચ્છા નિબંધકાર બનાવવા પૂરતાં છે. ધૂમકેતુમાં 'તણખા-૧'ના સમયથી નિબંધકારનો આત્મા જોઈ શકાશે. ખાસ કરીને એકત-શૈલીનાં સૂત્રાત્મક વાકયોનો એમનો પક્ષપાત અછતો રહેતો નથી. વાર્તાકથનમાં એમની સર્જકતા વહી છે એવી જો નિબંધમાં પણ વહી હોત તો એક ઉત્તમ નિબંધકાર આપણ-ને મળત. આપણા આ એક સર્જક સાહિત્યકાર નિબંધનો બોધપરાયણ, શિક્ષકપ્રવૃત્તિના પરિણામ રૂપ, પ્રકાર વધુ સચ્ચાઈથી ખેડી શકે છે. સર્જક પ્રકાર અ-કવિ તરીકે 'પાનગોષ્ઠિ'માં એમણે નથી ખેડ્યો એમ નથી. પ્રતિજ્ઞાપૂર્વક 'હળવો' નિબંધ આપવાના ખ્યાલથી રચાયેલી એવી કૃતિ-ઓમાં-લેખકના વ્યકિતત્વનું સુભગ દર્શન થાય છે એમ ન કહી શકાય. ચાલુ પ્રસંગો પર કટાક્ષ વેરવા એ ધૂમકેતુને ભાવતી વસ્તુ ભલે હોય, ફાવતી વસ્તુ નથી. જીવનચરિત્રોમાં હમણાં પ્રસિદ્ધ થયેલા ગુજરાતી ભાષાના ભૂષણરૂપ 'જીવનનું પરોઢ'માં સર્જકનિબંધકારની પ્રસાદી જ્યાં ને ત્યાં પથરાયેલી જોવા મળશે.

આપણી ભાષાઓમાં સર્જકનિબંધ એક સ્વતંત્ર સાહિત્યપ્રકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે હજી પૂરો પાંગર્યો નથી. ઉત્તમ ગુજરાતી નિબંધકલા એક અ-ગુજરાતીને હાથે ખેડાઈ છે. સમૃદ્ધ વિવિધ પાસાંવાળું વ્યકિતત્વ અને એને શબ્દમાં પ્રતિબિંબિત કરવાનો વાગ્વૈભવ કાકાસાહેબ કાલેલકરને હાથે આપણને ઉત્તમ સર્જકનિબંધો અપાવે છે. એમનામાં સાંસ્કૃતિક પ્રવાહોનો સજીવ સંપર્ક, પ્રવાસશોખ, નિર્દોષ અને નિર્દંશ વિનોદવૃત્તિ, બાલસહજ રમતિયાળપણું અને તે સાથે સાથે ઊંડો સક્રિય માનવપ્રેમ છે તે બધામાંથી એમની કલ્પનાલીલાએ અનેક મનભર સુંદર નિબંધો નિપજાવ્યા છે. કાકાસાહેબમાં સર્જકનિબંધની શકયતા અને સિદ્ધિનાં દર્શન થાય છે તેવાં ભવિષ્યમાં કોઈ લેખકમાં થાય ત્યારે. આ સર્જક, લલિત, આનંદલક્ષી, રસલક્ષી નિબંધની-કવિતાની કોટિએ પહોંચતા નિબંધની-શકયતા અન્ય કોઈ લેખકમાં ઉત્તમરૂપે જણાતી હોય તો તે શ્રી વિનોદિની નીલકંઠમાં. એમનું લખાણ કદની દૃષ્ટિએ ઓછું છે, પણ રસ-ઘન સર્જકનિબંધની કલા એમને સહજસિદ્ધ છે. વિનોદિનીબહેનમાં જો કાંઈ ખૂટતું જણાતું હોય તો તે કદાચ વિનોદ.

સર્જકનિબંધ એક બાજુ ઊર્મિકાવ્યની તેમ બીજી બાજુ કયારેક ટૂંકી વાર્તાની પણ નિકટમાં નિકટ પહોંચી જાય છે. પ્રસંગવર્ણન, પાત્રવર્ણન, જાતિવર્ણન-એવાં જુદાંજુદાં રૂપ એ ધારણ કરે છે. જાતિ-(types)ના વર્ણનના આસ્વાદ્ય નિબંધો ઈશ્વર પેટલીકરે 'ગ્રામચિત્રો' માં આપ્યા છે. પાત્ર-અને પ્રસંગ-વર્ણનનાં સુરેખ ચિત્રો જયન્તિ દલાલકૃત 'પગદીવાની પછીતેથી', 'શહેરની શેરી' વગેરેમાં અને 'જિપ્સી'ની રસળતી લેખમાળા 'જિપ્સીની આંખે'માં મળે છે.

જેનું ગદ્ય આસ્વાદ્ય હોય, જેમાંથી લેખકના વ્યકિતત્વની ખુશ્બો ઊઠતી હોય, જે પૂરો કરતાં, મોન્ટેઈનના વાચન પછી માદામ દ સેવીનેની જેમ, આપણા હૃદયમાંથી ઉદ્ગાર નીકળી પડે: 'Ah charming man! What good company he is!-શો મોહક પુરુષ! કેવી મજાની એની સોબત છે!'-એવા સર્જકનિબંધો ઉત્તરોત્તર આપણે ત્યાં વધુ લખાશે એવી આશા રાખીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્જકનિબંધની વિદ્વત્-કે શિક્ષક-પ્રવૃત્તિના નિબંધથી ભિન્નતા યથાર્થ રીતે સમજવામાં આવે તો એકબે ચર્ચાસ્પદ ખ્યાલોનો નીવેડો આવવામાં ઝાઝી મુશ્કેલી ન રહે. વિવેચક એ સર્જક છે એવો એક ખ્યાલ કાંઈક ઊર્મિલતાપૂર્વક આપણે ત્યાં થોડા સમય પૂર્વે રજૂ થયો હતો. સર્જકનિબંધકાર જેમ કોઈ પ્રકૃતિદૃશ્ય ઉપર, કોઈ પ્રસંગ ઉપર, કોઈ વ્યકિત ઉપર, તેમ કોઈ પુસ્તક ઉપર-કાવ્યકૃતિ ઉપર પણ નિબંધ લખે, જેમ કોઈ કવિ કાવ્ય રચે. કોઈ કાવ્યને વિષય બનાવીને બીજા કવિએ રચેલું કાવ્ય (જેમ કીટ્સનું ચૅપમન્સ હોમર પરનું સૉનેટ કે મેઘદૂત પરનું ટાગોરનું કાવ્ય) એ વિવેચન બની જતું નથી, પણ કલાકૃતિ બને છે, તેમ એક કલાકૃતિને વિષય બનાવીને રચાયેલો લલિતનિબંધ એ પણ વિવેચન બની જતો નથી, કલાકૃતિ જ બને છે. કાવ્યકૃતિ ઉપર (ક) શિક્ષક-કે વિદ્વત્ પ્રવૃત્તિના પરિણામ રૂપ જે નિબંધ લખાય છે તેને **વિવેચન** કહીએ અને (ખ) કલાકૃતિ રૂપ નિબંધ લખાય તેને **સર્જન** કહીએ એ યોગ્ય છે. વિવેચક પણ ક્યારેક ખ પ્રકારના નિબંધો લખે તેથી એનાં વિવેચનો (ક પ્રકારનાં લખાણો) સર્જન થઈ જતાં નથી, એ તો બિનસર્જનાત્મક જ રહે છે. ખ પ્રકારના નિબંધો કોઈ કાવ્ય કે કલાકૃતિને વિષય બનાવે તો એ સ્વયં કલાકૃતિ જ બને છે. વિવેચનપ્રવૃત્તિનું એ પરિણામ ન હોઈ, આ સર્જનો વિવેચકની કૃતિઓ છે અને તેથી વિવેચક સર્જક છે એવું કહેવું એ આપોઆપ અપ્રસ્તુત બની રહે છે.

બીજી ચર્ચા શાળામહાશાળામાં લખાવવામાં આવતા નિબંધો અંગે છે. સર્જકનિબંધનો સ્વરૂપવિચાર કરનારા સાહિત્યપ્રેમીઓ શાળામાં નિબંધ લખાવવામાં આવે છે એને બેહુદી વાત ગણી એની હાંસી કરે છે. ઑર્લો વિલિયમ્સ કહે છે કે મેકસ બીરબોહ્મ જેવા પાસે પરીક્ષામાં નિબંધ લખાવ્યો હોય તો તે ભાગ્યેજ પાસ થાય. શાળામહાશાળામાં સત્ર દરમ્યાન કે પરીક્ષામાં નિબંધ લખાવાય છે એનો આ રીતે વિરોધ કરવામાં આવે છે, પણ એ વખતે સર્જકનિબંધ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લલિતેતર નિબંધનો ભેદ ખ્યાલમાં રખાયો ન હોય એમ લાગે છે. વિદ્યાર્થીઓ પાસે જે લખાવવામાં આવે છે તે સર્જકનિબંધ હરગીજ નહિ, માહિતીલક્ષી-જ્ઞાનલક્ષી નિબંધ હોય છે. નિયત સમયમાં નિબંધો લખાવી વિદ્યાર્થીની શક્તિનું માપ કાઢતી અત્યારની પરીક્ષાપદ્ધતિ દોષ-ભરેલી છે એ વળી એક જુદો પ્રશ્ન છે. પણ એ બિનસર્જક નિબંધ લખવાની વિદ્યાર્થીઓની ગુંજાશ તો કેળવાવી જ જોઈએ. કોઈપણ વિષય ઉપર પોતાના વિચારો વ્યવસ્થિત રીતે મૂકતાં આવડે એ શિક્ષણનો એક અગત્યનો ક્રમ ગણાય. આ કેવી રીતે સિદ્ધ કરવું એ વિષે મતભેદ હોઈ શકે. કદાચ પત્રો કે ડાયરી દ્વારા એવા લેખનની ટેવ વધારે સ્વાભાવિકતાથી કેળવી શકાય પણ એવી ટેવ પડવી જોઈએ નિઃસંશય. એમાં લલિતેતર નિબંધ સારો ભાગ ભજવી શકે. એમાં નિબંધની પવિત્રતા પર કોઈ આક્રમણ છે જ નહિ, બલકે સર્જકનિબંધ વિદ્યા-થીઓ-ગમે તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ-પાસે પણ કદી લખાવ-વામાં ન આવે એની સાવચેતી રખાવી જોઈએ. વિદ્યાર્થીઓને શાળા-ઓમાં-ખાસ કરીને મહાશાળાઓમાં-સર્જકનિબંધો પણ ભણવામાં હોય છે. ઉત્સાહી અધ્યાપકો વર્ગકાર્યના કે પરીક્ષાના નિબંધમાં સર્જક-નિબંધ જેવું વિદ્યાર્થીઓએ કાંઈક ચીતર્યું હોય છે એથી ખુશ થઈ જાય છે અને એવા વિદ્યાર્થીઓની પીઠ પણ થાબડે છે. આ ખરું જોતાં બરાબર નથી. સર્જકનિબંધની પવિત્રતા ખરું જોતાં આવા દાખલામાં હણાય છે. બે તાલીમ જ જુદી છે. એક સામાન્ય કેળવાયેલા માણસ-ને પોતાના વિચારો બીજાને સમજાય એ રીતે સુઘડ રીતે ક્રમબદ્ધ મૂકતાં આવડે એ એની પાયાની કેળવણીનો એક ભાગ ગણાય-એ પૂરતી શાળામહાશાળાના લલિતેતર નિબંધની તાલીમ હોય છે. સર્જક-નિબંધ તે કાંઈ આ રીતે લખી શકાય એમ કહી લલિતેતર નિબંધની તાલીમ વિદ્યાર્થીને મળે એનો વિરોધ કરવો અને બીજી બાજુ જે વિદ્યાર્થીઓ વર્ગમાં કે પરીક્ષામાં સર્જકનિબંધનો આભાસ ઉપજાવનારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાણ લખતા હોય તેમના એવા વલણને અનુમોદન આપવું—એમાં તો બાવાનાં બંનેય બગડે એના જેવું થાય. લખવામાં વિદ્યાર્થીઓને સામાન્ય લલિતેતર નિબંધની તાલીમ મળવી જોઈએ. પણ વાંચવામાં—અભ્યાસમાં તેમને લલિતેતર નિબંધો ઉપરાંત સર્જકનિબંધોનો ગાઢ પરિચય થવો જરૂરી છે. અંગ્રેજી ભાષાના ગાઢ પરિચય માટે એક વિવેચક વિદ્યાર્થીઓને યોગ્ય રીતે જ લેખકના સર્જકનિબંધોનું સેવન કરવાનું સૂચવે છે.

*

પરીક્ષાઓમાંથી હું છૂટ્યો હતો. ૧૯૩૩ની વાત છે. યુવાવસ્થાના આરંભનું મન લખું લખું કરતું હતું. એક કોરો કાગળ લઈને હું બેઠો. પરીક્ષાઓમાંથી છૂટકેલો જીવ, નવાઈની વાત છે કે, નિબંધ પર જઈને ઠર્યો. વિષય શોધવાની મથામણ ઊભી થઈ. અંતે કલમ ચાલી. મથાળે લખ્યું: "કોરો કાગળ." એ વિષય ઉપર કોરા કાગળને થોડોક ચીતર્યો પણ ખરો. કાંઈક સુંદર સુંદર હોવું જોઈએ. એ નિબંધ પૂરો થતાં પહેલાં જ મગજમાં એક સોનેરી વિચાર પસાર થઈ ગયો કે આવા નિબંધો થોડાક લખાય તો પુસ્તકનું નામ રાખીશું: કોરો કાગળ. પણ એ થોડાક ચીતરાયેલા કાગળને ખરે જ ખૂબ માઠું લાગ્યું હોવું જોઈએ. હાથતાળી આપીને ક્યાંક તરત છટકી ગયો તે આજની ઘડી ને કાલનો દિવસ! સર્જકનિબંધનો મારો અખતરો એની સાથે જ ઊડી ગયો!

સર્જકનિબંધ કે લલિતેતર નિબંધ—લખવાની જેને આદત પડી હોય તેનાથી કોરો કાગળ કેટલું બચી શકવાનો હતો? અને હવે નિબંધના વિષય તરીકે ભૂલથીય 'કોરો કાગળ' ફરી પસંદ કરવાનો હોય કે? નિબંધ ઉપર પણ નિબંધ ક્યાં લખી શકાતો નથી?

૨૧ એપ્રિલ, ૧૯૫૧ —ઉ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गोष्ठि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

નિબંધ-એક કલાપ્રકાર	૫
૧ ચંદ્ર અલ્ફાઝ	૩૩
૨ 'મને સાંભરે રે'	૪૬
૩ વાર્તાલાપ	૬૧
૪ અનંત શબ્દ	૭૨
૫ મિત્રતાની કલા	૮૨
૬ પરીક્ષા	૯૧
૭ મેઘાણીભાઈ	૧૦૫
૮ અમદાવાદ-છેલ્લા દસકામાં	૧૧૩
૯ પડોશીઓ	૧૨૦
૧૦ બટુકરાજ	૧૨૫
૧૧ ચેખોવ	૧૩૧
૧૨ દક્ષિણનાં તીર્થો	૧૩૬
૧૩ શ્રીનિકેતન	૧૪૦
૧૪ સ્વ-તંત્રતા	૧૪૩
૧૫ વિદ્યાર્થીઓને	૧૪૭
૧૬ દિવાસ્વપ્ન	૧૫૩
૧૭ સારથિધર્મી પત્રકાર	૧૫૬
૧૮ 'છીછરો રહેવો'	૧૬૦
૧૯ હાસલીલા	૧૬૪
૨૦ ધિ મંગલાષ્ટક લિમિટેડ	૧૬૯
૨૧ 'મંડળી મળવાથી થતા લાભ'	૧૭૭
૨૨ હું કેમ કાંતું છું	૧૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ અલ્ફાઝ

એટલે કે થોડાક શબ્દ. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે આગળ ધરતી હિંદી મહાસભાના ૪૮મા અધિવેશનમાંથી પાછા ફરતા પ્રત્યેક હિંદીને પોતાના પડોશીને કહેવા જોગ 'ચંદ અલ્ફાઝ' તો મળી જ રહે એવું વરલીનું વાતાવરણ હતું.

૧૮૮૫માં કૉંગ્રેસનું પ્રથમ અધિવેશન મુંબઈમાં મળ્યું અને આજે ૧૯૩૪માં મળ્યું એ વચ્ચે મહાસભાની કેટલીય વાર કાયાપલટ થઈ છે. સત્તાએ પોતાની સાચવણી માટે ઊભી થવા દીધેલી આ સંસ્થા વરસો જતાં સત્તાની આંખમાં કણાની માફક ખૂંચતી થઈ ગઈ છે. કોઈ પણ એક રાજદ્વારી સંસ્થાના વિકાસનો ઇતિહાસ આટલો રમૂજી ભાગ્યે જ હશે. પણ પીડા કરવી ને નાશ કરવો એ બેમાં જે ફરક છે તેની પણ નોંધ લેવી જોઈએ. મહાસભાનો વિકાસ 'આંખના કણા'-થી આગળ કેટલો શક્ય છે એની તારીજ કાઢવી આવશ્યક છે. મુંબઈ-માં મહાસભાનું ૪૮ મું અધિવેશન મળ્યું એમાંથી આ દૃષ્ટિએ ચાર માણસ પાસેથી 'થોડાક શબ્દ' વાતવાતમાં સાંભળી લીધા હોય તો સારી વાત છે....પણ આપણે તો એ અધિવેશનની જ વાત કરીશું.

ગાંધર્વનગર કહ્યું હોત તો પણ ચાલત એવા કૉંગ્રેસનગરને સ્વાગતસમિતિએ 'ગફાર-નગર' નામ આપ્યું હતું. યોગ્ય જ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધર્વનગર તો એટલા માટે કે જ્યાં છૂટી રવડતી ટેકરીઓ હતી ત્યાં મુંબઈના કુશળ કાર્યકરોએ થોડા દિવસમાં જે રચના કરી દીધી એ જોઈ મુંબઈવાસીઓને તો એ માયાવી નગર જેવું જ લાગતું હતું. અડંગ કાર્યપરાયણતા અને વેગીલી કલ્પના—જે બંને ચીજો મુંબઈના કાર્યકરોને વરી છે—વડે જોતજોતાંમાં વરલીને સમુદ્રતીરે સ્વપ્નસૃષ્ટિને જાણે સાકાર કરવામાં આવી હોય એમ, અધિવેશનની તૈયારી થઈ ગઈ હતી. વિષયવિચારિણી સમિતિનો કલામય મંડપ, દેશની વિભૂતિઓનાં અમર નામોનું રટણ રસિક બનાવતા ભવ્ય દરવાજાઓ (મોતીલાલ દરવાજા, વિઠ્ઠલભાઈ દરવાજા, લાજપતરાય દરવાજા, મઝરઉલ-હક દરવાજા વગેરે), ગગનચુંબી પ્રવેશદ્વાર, સુશોભિત આંગણ અને પડખે સમુદ્રમાંના સાન્ધ્ય રંગોમાં ઝબોળાઈને વિરાટ રંગરમણાએ ચઢેલો, આશાનિરાશાએ હિલોળાતો, જોનારનાં હૃદય ફરફરાવતો સૌમ્યમંગલ રાષ્ટ્રધ્વજ,—માથું ઊંચકતી પ્રજાનાં આ ઉત્સાહચિહ્નો કોઈ પરદેશીનુંય હૃદય હલાવ્યા વગર ન રહે.

વ્યાસપીઠના છત્રને કાંગરે કાંગરે દીવાઓ તેજસ્વી થતા હતા. પાછળ દરિયાઈ ક્ષિતિજે સૂરજ આ દૃશ્ય અને એની પાછળની ભાવનાની નોંધ લેવા માટે પશ્ચિમની પ્રજાઓને દીવો ધરવા મોજાં પછવાડે ઉતાવળો સરી જતો હતો, સાગરના કોલાહલને ડુબાડી દેતો માનવમહેરામણ વ્યાસપીઠને વીંટતો કુતૂહલગંભીર બેઠો હતો, નિરાશા નિચોવીને ક્યાંકથી અણધારી આશા ક્યારે ઊતરી પડે એવો મૂંગો ભાવ હૃદયહૃદયમાં સળવળતો હતો, ત્યાં વૃંદવાદ્યના અવાજ વચ્ચે, સ્વયંસેવકસેનાના સન્માન સાથે, પ્રેક્ષકસમુદાયના આનંદકોલાહલ વચ્ચે રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ અધિવેશનમંડપમાં પ્રવેશ કર્યો. એ પ્રસંગની લાગણીઓ તો અનુભવથી જ સમજી શકાય. એક વિરાટ પ્રજાની વેદના શી હોઈ શકે તેનો અનુભવ કોઈ આવે વિરલ પ્રસંગે જ થઈ શકે છે. ખંડિત આશામાંથી ભવિષ્યની ઇમારત રચવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાદ રાષ્ટ્ર પ્રવૃત્ત થાય તે વખતનું એનું ભવ્ય કુતૂહલ પણ આવે પ્રસંગે જ સમજી શકાય છે.

રાજેન્દ્રબાબુ પ્રમુખ થયા તે આ અધિવેશનનું એક સદ્ભાગ્ય હતું. અવિરત દેશસેવા અને ડોળ વગરની નમ્રતાને લીધે એમના વ્યક્તિત્વની સુવાસ સર્વત્ર પ્રસરેલી હતી. પણ એ આટલા દૃઢ મનોબળવાળા છે એનો પરચો તો આ વેળા જ પ્રગટ રીતે મળ્યો. મહાન પ્રસંગને છાજે એવું વ્યક્તિત્વ પ્રસંગ પડ્યે દાખવવું એ મહત્તાનું આવશ્યક લક્ષણ છે. આખા અધિવેશન દરમ્યાન રાજેન્દ્રબાબુએ પ્રસંગને અનુકૂળ અને અનુરૂપ એવા ભવ્ય વ્યક્તિત્વથી કામ ચલાવ્યું હતું. સૌને સંતોષવાની મીઠાશ છતાં સમયોચિત દૃઢતા, અને પ્રમુખોચિત ગંભીરતા છતાં પ્રાસંગિક હાસ્ય, એ રાજેન્દ્રબાબુનાં પોતીકાં લક્ષણો હતાં. વિષયવિચારણી સમિતિનું કામ ચાલતું હતું ને કોઈએ ડખલ કરી 'જનાબે અઝીઝ' ત્યાં તો 'ફરમાઈએ!' કહીને પ્રમુખે એને બેસાડી જ દીધા તો. એક બંધુ દરેક ઠરાવ પર સુધારો લાવે, જાણે એમના સુધારા વિના હિંદનું શું શું થઈ જવાનું હોય. કંઈક થવું જ જોઈએ એમ લાગતાં પ્રમુખે એક વાર ટકોર કરી દીધીઃ 'મિસ્ટર, ...કોઈ બીજા પ્રસ્તાવ પર સુધારો લાવજો ને! આટલો તો જતો કરો!' હસાહસમાં સુધારો સુધરી ગયો! અને પછીથી પણ પ્રમુખે એ ભાઈની પાસે ઠાવકા રહીને માગણી કરીઃ 'મિસ્ટર....., કેમ કંઈ આ વખતે સુધારો નથી લાવવો?' મોટી સભાઓમાં કેટલીક વાર હાસ્ય જ કુનેહની ગરજ સારે છે એના આ ઠીક નમૂના હતા. વિષયવિચારિણી સમિતિની ઝપાઝપી પછી પણ મુખ્ય પ્રસ્તાવે તો અધિવેશનના ત્રણ દિવસમાંથી લગભગ દોઢ દિવસ લીધો. ડૉ. અનસારીએ મોડી ઉર્દૂ જબાનમાં ધારાસભાપ્રવેશ વગેરેનો લાંબોલચક ઠરાવ રજૂ કર્યો. પ્રથમ રાતે જ આ ઠરાવ ઉપર પં. માલવીયનું સંશોધન (સુધારો) આવ્યું કે મહાસભા કોમી ચુકાદા સામે પણ જેહાદ પુકારે. આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિવેશન અંગેના વક્તૃત્વમાં આ રાતનું પંડિતજીનું ભાષણ તે મોખરે આવે. માલવીયજીએ તો કંઈ કંઈ દુનિયા જોઈ છે. પ્રથમ અધિવેશનથી માંડીને ઠેઠ આજ સુધી એમણે મહાસભાને અવનવે રંગે રંગાતી દેખી છે. ને પોતે એની પડખે સદાય ઊભા છે. આજે પોતાને અગત્યની લાગતી એવી એક વાત પર કૉંગ્રેસ મોવડીઓની નીતિથી ઉપરવટ થવા જતાં એમને જે વેદના થાય તે એમની સરળ, પ્રસન્ન, ભાવમય હિંદીદ્વારા રાતના દસ વાગ્યા પછીના શાંત ગંભીર વાતાવરણમાં ઝણઝણતી હતી. એમની દલીલ કે વકતવ્ય જોડે આપણને સહાનુભૂતિ હો કે ન હો, પણ એ રાતે એવો એક બચ્ચો નહિ હોય જેને એમની જાદુઈ બાનીએ જીતી ન લીધો હોય. પૂરો એક કલાક (જે પંડિતજી માટે આંખના મટકા જેટલો, આ ઉંમરે પણ, ગણી શકાય) એમણે દલીલોની ઈંટો, એક પછી એક, ભાવનાની સીમેન્ટથી ગોઠવી ગોઠવીને એક એવી અદ્‌ભુત ગેબી ઇમારત રચી હતી કે સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ ગયું હતું. સારું થયું તે મત બીજે દિવસે લેવામાં આવ્યા!

ના. પણ એમ મતની બાબતમાં ફિકર રાખવાની જરૂર નથી. મત તો આગળથી લગભગ ખડેપગ હોય છે. ભાષણોની ઇન્દ્રજાળો પ્રેક્ષક(શ્રોતૃ)-સમુદાય પર જ બિછાવવા માટે હોય છે. મત આપનાર પ્રતિનિધિઓ એવી જીભાજોડીની પકડમાં સપડાવાથી પર હોય છે. આ વખતનું કામકાજ ખલેલ વગર ચાલી શક્યું, એકંદર અધિવેશન ફત્તેહમંદ નીવડ્યું, એની પાછળ પીઢ મહાસભાવાદીઓને જ મુબારકબાદી ઘટે. હોહાપોહ થવા દીધા સિવાય કુનેહથી કામ કાઢવાની કુશળતા પીઢ આગેવાનોએ ખરેખરી દાખવી હતી. વિષયવિચારિણી સમિતિમાં મૌ. અબુલ કલામ આઝાદે ખાદીનો પ્રસ્તાવ રજૂ કર્યો. એની ઉપર શ્રી. પટવર્ધનનું સંશોધન આવ્યું. કોઈ પણ કહેશે કે પટવર્ધનનું વક્તૃત્વ વિરલ પ્રતિભાવાળું હતું. દલીલો પણ થઈ શકે તેટલી કરવામાં આવી હતી, અને ઠરાવના ભાવિ વિષે શંકાનું વાતાવરણ જામતું હતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં થોડી વારે ચર્ચા મુલતવી રાખવાનો ઠરાવ આવ્યો. તે પસાર થતાં, મૂળ ઠરાવ મૂકનારને પોતાને કંઈ કહેવાનું હોય તો તે કહેવા માટે નોતરવામાં આવ્યા. પણ મૌલાના અંગ્રેજીમાં બોલી ન શકે માટે અંગ્રેજીમાં ઉત્તર આપવા એમની વતી (વતી!) રાજાજી બોલવા ઊભા થયા. અને અલબત્ત, રાજાજીના વશીકરણના ભોગ થવું એ સહેલું જ છે. 'ખાદીને ને મહાસભાને તમે નોખાં શી રીતે કરી શકશો? પેલો પોલીસ કહે છેઃ તમે ખાદી પહેરો છો ને જૂઠું પણ બોલી શકો છો? પેલો તાડી વેચનારો કહે છેઃ તમે ખાદી પહેરો છો ને પાછા અમારી પર ખુન્નસ રાખો છો? કહો, તમે ખાદીને ને મહાસભાને શી રીતે છૂટાં પાડી શકશો? અને ખાદી માટે હકારનો ગડગડાટ મચાવીને એમણે પૂરું કર્યું....એ જ રીતે બીજા દાખલાઓનું પણ સમજી શકાય. સમાજવાદીઓને પ્રમુખસાહેબે વિષયવિચારિણી સમિતિમાં એમના ઠરાવો લાવવા માટે મંજૂરી આપી રાખી હતી, પણ ત્યાં તો છેલ્લે દિવસે કોઈ ઠરાવ લાવ્યું કે બધા નૉન-ઑફિશિયલ (કારોબારી સિવાયના સભ્યોના) ઠરાવો કારોબારી સમિતિની આગળ જ જાય, અત્યારે સમયનો અભાવ છે. અને પેલા ઠરાવો અધ્ધર જ રહી ગયા. ડૉ. અનસારીના ઠરાવ પરની ચર્ચા પણ સરદારના ભાષણ પછી મુલતવી રહી એય લાક્ષણિક લાગતું હતું.

બીજી રાતે પંડિત માલવીયના ભાષણનો રદિયો આપવા સરદાર વલ્લભભાઈ પ્રેક્ષકોના હર્ષનાદ વચ્ચે ઊભા થયા. સીધી 'રાષ્ટ્રીય' હિંદીમાં મુદ્દાસરનું એમનું બોલવું હતું. પંડિતજી માટે કારોબારી સમિતિને કેટલું માન છે, અને સમિતિને જેને માટે માન છે તે મહાત્માજીને પણ કેટલું માન છે એ એમણે લાગણીપૂર્વક કહ્યું અને તરત જ દૃઢતાથી એ પણ ઠસાવ્યું કે મહાસભાને એક અને અજોડ રાખવા માટે કારોબારી સમિતિ અને આખીયે મહાસભા નોખાંનોખાં તડાંને સહન કરી શકે નહિ. સરદાર એમની લાક્ષણિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોખંડી દૃઢતાથી બોલતા હતા. એ બોલે છે તેમ થશે જ એવો એમને સાંભળતાં સૌને ભય રહે જ. મહાસભાને નાનાંનાનાં તડાંને તોડી-ફોડીને એક અખંડ શક્તિ તરીકે ટકાવવાની છે, તેથી તો ગમે તેટલું માન હોવા છતાં માલવીયજીની પણ સામે સમિતિ ઊભી રહી. એ અસંદિગ્ધ, દૃઢતાપૂર્વકના ભાષણની વચ્ચે વચ્ચે અનેક વાર પંડિતજી માટે 'માલવીજી મહારાજ' એમ કરીને માનસૂચક ધ્રુવપદ આવતું હતું તે અજાણે પણ 'બ્રુટસ એ તો માનવંતા માણસ છે' એ એન્ટનીના ધ્રુવપદની યાદ આપતું હતું....અલબત્ત, સરદારના મહા-સભાની નીતિની યોગ્યતા પુરવાર કરતા સચોટ ભાષણ પછી, અન-સારીના પ્રસ્તાવનો વિજય થયો.

'આજનો માણસ' એ નામ સરદારના ભાષણ પરથી એમને માટે કોઈ વાપરે તો ખોટું ન કહેવાય. 'સમાજવાદીઓ ભવિષ્યની બડી બડી વાતો કરે છે. હા. ડહાપણનો તો એમણે ઇજારો રાખ્યો છે. પણ તમારે મહાસભામાં કેટલી ફાટો પાડવી છે? જેમ માલવીજી મહારાજને કહું છું કે જુદા જુદા પક્ષો સ્થાપવાની વાત જતી કરો. ભવિષ્યમાં તે બધું થશે. પણ આજે શું? હું તો આજની વાત કરું છું.' મહાસભા અને દેશની કટોકટીના પ્રસંગે, પરાજયના વાતાવરણમાં રહ્યાસહ્યા બળને એકત્રિત કરવાની કુનેહભરી કુશળતા આ 'આજના માણસ'ને ફાવે છે એ મહાસભાનું અહોભાગ્ય છે. કોણ જાણે બધા વાદો, બધાં 'ઈઝમ્સ' (isms), એક કોરે રહી જાય અને હિન્દનો ઉદ્ધાર હિન્દની માટીમાંથી ઊભા થયેલા કોઈ પ્રખર હિન્દીને જ હાથે નિર્માયો હોય. પ્રજાઓ કાંઈ નિશ્ચિત વાદો કે ફિલસૂફીઓનાં રાસા-યણિક મિશ્રણોની જેમ ચોક્કસ પરિણામરૂપે પ્રગટતી નથી. ઇતિહાસે તો હમણાં હમણાં જ કમાલનું તુર્કસ્તાન, મુસોલિનીનું ઇટલી, હિટ-લરનું જર્મની, સ્ટેલિનનું રાશિયા, એમ એક વિભૂતિ અને એની પ્રજા એમ ચિતાર રજૂ કર્યો છે. એ વિભૂતિ એટલે સારી જ એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. પણ ઇતિહાસને ખરાખોટાની ઘડભાંજ છે જ ક્યાં? હિંદુસ્તાન કોનું એ તો ભવિષ્યની મોટી મૂંઝવણ છે! કોઈ પૂછશે, હિંદુસ્તાન ગાંધીજીનું નહિ? ના કહેવી છાજે એમ નથી, પણ છતાં કહેવું જોઈએ હિંદુસ્તાન તેનું જે હિંદુસ્તાનના પ્રશ્નનો આખરી ઉકેલ આણે, આણે એટલું જ નહિ પણ તે મુજબ પ્રગતિ હાંસલ કરે. પણ, એ તો દૂરદૂરની વાતમાં ડૂબી જવા જેવું થયું.

ગાંધીજી મહાસભામાંથી નીકળી જાય છે એ વાતથી કોઈ 'રડ્યું' નહિ એ વિચિત્ર લાગે તોય બરોબર હતું. ખુદ ગાંધીજી પોતે જ ઠંડે સાદે એ વિષે બોલ્યા હતા. એવું લાગતું હતું કે એ નીકળી જાય છે એ જ બરાબર પગલું છે એમ સૌને સમજાઈ ગયું ન હોય! ત્રીજી રાતે મહાસભાના બંધારણમાં ફેરફાર કરવા વિષે એ બોલ્યા તે બધું ગણિતી ભાષણ હતું અને મુંબઈની રંગીલી પ્રજા કદાચ એ માટે તૈયાર થઈને નહિ આવી હોય. છતાં વચ્ચે વચ્ચે સૌનાં હૃદય કબજે કરી લેતાં અચૂક વેણ તો છૂટ્યે જ જતાં: 'હું ક્યાં જવાનો હતો? મારો ઉપયોગ તો તમે ગમે ત્યારે કરી શકો,' વગેરે. સૌને હવે તો પ્રતીતિ થઈ ચૂકી લાગે છે કે સત્ય એ જ અમોઘ કુનેહગીરી છે. દુનિયાના ચાર ડાહ્યા કુનેહબાજોને પૂછો કે આવા પ્રસંગોએ ગાંધીજીએ કયું પગલું લેવું. મહાસભામાંથી એમણે નીકળી જવું એ ઠીક છે એમ જવાબ ન મળે તો નવાઈ.

પણ ગાંધીજી નીકળી જાય છે એનો ઓળોગોળો ચુસ્ત ગાંધીવાદીઓ કે મહાસભાવાદીઓને માથે જાત એને બદલે સમાજવાદીઓ ઉપર ગયો, અથવા પેલાઓએ જ એમની પર કાઢ્યો એમ કહો. ન વાંક નીકળ્યો વહાલા ધારાસભાવાદીઓનો કે ન નીકળ્યો એક વખતના વગોવાઈ ગયેલા ઊણાઅધૂરા ગાંધીવાદીઓનો. જાય રે બધુંય આ સાવકા સમાજવાદીઓ પર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજવાદીઓ અત્યારે થાય છે તેટલી વગોવણીને પાત્ર છે કે નહિ એ તત્ત્વસંશોધનનો એક નવો વિષય છે. જેણે ટોળારૂપે જ હસ્તી જાળવવી જોઈતી હતી તેણે ઉતાવળે પક્ષ સ્થાપીને પોતાનું અસ્તિત્વ જોખમાવ્યું, એમ પણ સમાજવાદીઓ વિષે કોઈ કહે. કોઈ એમ પણ કહે કે મહાસભામાં જ સત્તા મેળવવા માટે આ એક નવો નૂસખો હતો. કોઈ કડક દિમાકનું માણસ એમ પણ કહી જાય કે આ લોકો ફૂદે તો છે ખૂંટાના જોર પર. ખુદા કરે ને જેલમાંથી બહાર આવીને જવાહરલાલ એમની આગેવાની સ્વીકારે. કોઈને એમ પણ કહેવું ફાવે, આ તો જેમને કામ કરવું નથી એવા જુવાનિયાઓના બખાળા છે. આ બખાળા પોતે પણ રદ્દિયો માગી લે એટલા મહત્ત્વના નથી, કેમકે આજે જે સમાજવાદીઓ છે તેઓ જ ગઈ કાલ સુધી મહાસભાને મોખરે રહી ઝૂઝતા હતા. ઊલટું, જે તાલીમ આજના પીઢ અગ્રણીઓને એમની જુવાનીમાં મળવી દોહ્યલી હતી તે આજના સમાજવાદીને સહેજે મળી છે. ઉપરાંત સરકાર માબાપને રોટલે અને ગાંધીવાદને ભોગે જેલોમાં એને દેશપરદેશની હિલચાલોનો અભ્યાસ પણ ઠીક થયો છે. એની ઊકળતી દેશદાઝ ને રાષ્ટ્રીયતા, એની ખદબદતી ઊર્મિલતા, એ બધું ઓસરી ગયું છે અને એને ઠેકાણે સ્પષ્ટ કર્તવ્યભાન જાગ્રત થયું છે. ૧૯૩૦ની 'ભારે કરી દીધી!' એવી પોતાની જ પીઠ થાબડવાની વૃત્તિને બદલે વસ્તુસ્થિતિનું નિર્લેપ નિર્ભેળ ભાન એના દિમાકમાં ઊતર્યું છે. હા, આજે જે પક્ષ છે તેમાં નથી કોઈ ચમકતી પ્રતિભા, નથી વકતૃત્વ, નથી શાસ્ત્રીય તર્કબાજી કે નથી અઠંગ વ્યવસ્થાશકિત. સમાજવાદીઓએ પોતાની પરિષદ ભરીને પોતાની જ અર્ધદગ્ધતાને ખુલ્લી કરી. હા, પણ એ જ તો સમાજવાદને ને અર્ધદગ્ધતાને બનતું નથી એનો પુરાવો છે. સમાજવાદ આત્મપર્યેષણાને વધાવી લે છે. ભલે આજનો પક્ષ, ઇતિહાસખોરો કહે છે તેમ, 'પોતાનું ઐતિહાસિક કાર્ય બજાવી પરવારશે,' પણ એમ તો કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશાળ સંસ્થા પોતાની જ રાખના ખાતરમાંથી પોષણ મેળવ્યા વિના ઊભી થઈ છે? ભવિષ્ય જુવાનો પર નિર્ભર છે એ વાક્ય જો આલંકારિક ન દેખાતું હોય તો ભવિષ્ય સમાજવાદીઓના હાથમાં છે એ વચન પણ હસી કાઢવું ન જોઈએ, કેમકે જુવાન અને સમાજવાદી એ બે શબ્દો આજના જીવનમાં લગભગ પર્યાય જેવા થઈ ગયા છે. મુશ્કેલી માત્ર કાર્યદિશા અને કાર્યપ્રણાલીના અભાવની છે. વ્યાવહારિક મુશ્કેલીઓમાંથી કેમ માર્ગ કાઢવો એની સૂઝ નથી. આ નહોય રશિયા, કે મોસ્કો અથવા પેટ્રોગ્રેડને ધુણાવ્યાં એટલે આખી શહેનશાહત જમીનદોસ્ત થઈ ગઈ! આજના જુવાનની મુશ્કેલી મોટી છે, એ એના શકિતવિકાસ માટે સદ્‌ભાગ્યનું ચિહ્ન તો નહિ હોય?

સમાજવાદીઓ પહોંચી જાય તે પહેલાં ગાંધીજી કિસાનોમાં પહોંચી જવા કરે છે. ગાંધીજી બંધિયારપણાના કટ્ટા વિરોધી છે. વહેતાં પાણી નિર્મળાં. બે-પાંચ માણસે બૂમ પાડી કે ગાંધીજી આમ પ્રજાના માણસ નથી, તો એ પણ જાણી લે. પોતાને, પોતાની ફિલસૂફીને ને સંજોગોને અનુકૂળ એવી ગ્રામઉદ્યોગસંઘની યોજના એમણે વિચારી કાઢી. ભાગ્યે જ કોઈને સંદેહ હોય કે ગાંધીજીને હૈયે કિસાનોનું હિત નથી. પણ ગાંધીજી હવે દેખાય એવું નક્કર કાર્ય પણ એ દિશામાં કરવા તૈયાર થયા છે. રચનાત્મક કાર્યમાં તો એમની ઠેઠથી શ્રદ્ધા છે. પણ હા, એમની કાર્ય-પદ્ધતિની મર્યાદાઓ એવી વિચિત્ર છે કે જેવું ભલું હરિજનસંઘોથી હરિજનવર્ગનું થયું એવું જ જો આ ગ્રામઉદ્યોગસંઘથી કિસાનોનું થવાનું હોય તો સમાજવાદીઓ માટે એ પૂરતો જવાબ નહિ નીવડી શકે. સૂરજથી પાણી અમુક હદથી વધારે ગરમ થઈ જ ન શકે એવી વિચિત્ર આ પરિસ્થિતિ છે.

ગાંધીજીએ પોતાના નીકળી જવા વિષે વિષયવિચારિણી સમિતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં પ્રથમ હિંદીમાં ભાષણ કર્યું અને પછી અંગ્રેજીમાં બોલવાની માગણી થતાં એમણે રાષ્ટ્રભાષા વિષેની બળતરા કાઢી હતી: "આ પણ મારા નીકળી જવાનું એક કારણ છે. પંદર પંદર વરસ ફૂટ ફૂટ કર્યા છતાં જે માણસ હિંદીની રાષ્ટ્રભાષા તરીકે યોગ્યતા ઠસાવી ન શકયો તે ખરેખર એક બેદરકાર મહેતાજી જ કહેવાય." પછી તો આ વખતે લોકો પણ જોરે ચઢીને 'હિંદી!' એમ હકપૂર્વક બૂમો પાડતા, અને એમાંથી રમૂજ પણ ઘણી થઈ હતી. એકાદ બંગાળી ભાષણકર્તા 'આમરા કહેના હમ બોલેગા' એમ હાંકે, તો કોઈ પીઢ ગુજરાતી નેતા 'મોડી રાત તક' ચલાવે. સૌથી મોટી મુશ્કેલી ચટપટ બોલતા પટ્ટાભી સીતારામૈયાને પડી. 'હિંદી!'ની બૂમ પડતાં એટલી જ ઝડપથી એમણે હિંદીને પાટે હંકાર્યું, પણ થોડી વારે ન ફાવવાથી પાછા અંગ્રેજી પર આવી ચઢયા. કોકે બૂમ મારી 'હિંદી!' ત્યારે એમણે સુંદર ઠેકડી કરી. 'કેટલાક માણસો એવા હોય છે કે એમને રમૂજ ક્યાં એ સમજાતું જ નથી!' પણ કહેવું જોઈએ કે આ ત્રણ દિવસમાં હિંદીનું શિક્ષણ ઘણુંખરું મળી રહે એવું વાતાવરણ હતું. જેલમાં હિંદી અનાયાસે થોડુંક શિખાય છે, એમ જ કૉંગ્રેસમાં પણ. કૉંગ્રેસ વખતનું હિંદી ઉર્દૂ શબ્દોને લીધે આકર્ષક હોય છે. જાણે સાંભળ્યા જ કરીએ. મૌલાના અબુલ કલામ આઝાદનું ભાષણ ભલે સમજાય નહિ, પણ એ સાંભળી રહેવું તો ગમે. સત્ય અને અહિંસા માટે એ જે બબ્બે ફૂટ લાંબા શબ્દો વાપરે તે આપણે વાપરવા જઈએ તો એની હિંસા જ કરી બેસીએ. છતાં ઘણાં ઉર્દૂ વાકયો સૌની જીભને ટેરવે ચઢી ગયાં હતાં: 'મેં તજવીજ પેશ કરતા હૂં', 'મેં તરમીમ પેશ કરને કે લિયે હાજિર હૂઆ હૂં,' 'મુકમ્મલ આઝાદી', 'મુતઅલ્લિક,' 'ઇંગ્લિસ્તાન,' 'કમઝકમ,' 'ઈસ્તેમાલ કરતા હૂં,' 'શુક્રિયા અદા કરતા હૂં,' વગેરે વગેરે, તે એટલા સુધી કે શ્રી લીલાવતી મુનશી પણ 'મેં તાઈદ કરતી હૂં'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ શુદ્ધ હિંદુસ્તાની બોલતાં હતાં. કમઝકમ ચંદ્ર અલ્ફાઝ તો સૌને આવડી ગયા હતા. રમૂજ માટે આ બધું ઠીક હતું. રાષ્ટ્રીય અસ્મિતા માટે પણ આ વૃત્તિ ઠીક છે. પણ રાષ્ટ્રના પ્રાણને ધારણ કરવાની પૂરેપૂરી અંતર્ગત તાકાદ હિંદીમાં છે કે નહિ એ શંકાનો વિષય છે.

શંકાના વિષયો તો ઘણા છે, શંકાઓ ઉઠાવવી જ હોય તો. આ ૪૮મા અધિવેશનને નામે લોકોના ગજવામાં લગભગ વીસેક લાખની હેરફેર થઈ હશે એમ અંદાજ કલ્પી શકાય. તે શાને માટે? હિંદુસ્તાન જ કદાચ, હિંદુસ્તાન જે મોતના પણ વરા કરી શકે છે તે હિંદુસ્તાન જ, આવા જાલિમ ખર્ચા નિભાવી શકે. એ આવશ્યક છે, એ અનિવાર્ય છે, એવું ઘણું ઘણું એની તરફેણમાં કહી શકાય. પણ એ જ એક આવશ્યક વસ્તુ છે? એથી વધારે અનિવાર્ય કશું નથી? **उत्सवप्रियाः खलु लोकाः** કહ્યું છે તે ખરું છે. મુંબઈની અનેકરંગી પ્રજાને તો આવા મેળાવડામાં ને એચ. ઓ. એચ. ફેઈટ કે કિંગ્સ કાર્નિવલમાં કશો તફાવત નથી. કહેવાનો આશય એ જ છે કે દેશની પ્રગતિના રસ્તામાં આવી ઘણી મુશ્કેલીઓ છે. 'ત્યારે કરવું શું?' એ મૂંઝવણ ડગલે ડગલે છે. આ વખતે પ્રદર્શન વગેરેની ઊપજ સારી હતી. ચર્ચગેટ આગળ જમીન મળી હોત તો હજી વિશેષ થવા સંભવ હતો. જો કે વરલી જેટલે અંતરે પણ પ્રદર્શનમાં તો 'હૈયે હૈયાં દળાય' એવી ગિર્દી રહેતી...એક એવો પણ ખ્યાલ સેવી શકાય કે લોકોને મન ગંભીરતાને બદલે ઉલ્લાસ(જેને માટે કાઠિયાવાડમાં 'હિલોળા' નામનો વધારે સારો શબ્દ છે)નો જ અભખરો હોય તો તે પણ સારી પેઠે સંતોષીને શિક્ષણાત્મક પ્રચાર-કાર્ય કેમ ન કરવું? લોકો હજારોની સંખ્યામાં મળ્યા એટલે મેળો થયો એ તો હકીકત થઈ ગઈ; તો પછી મેળામાં આવશ્યક અંગો (ચકડોળ કે એવી વસ્તુઓનો અહીં નિર્દેશ નથી) પણ આવવા દઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મારફત આમ પ્રજાની સાદી સમજમાં ઊતરે એવું સીધું કે આડકતરું પ્રચારકાર્ય કેમ ન કરવું ?

પણ આ બાહ્ય મુશ્કેલી ઉપરાંત આ વખતે તો અંતર્ગત મુશ્કેલી પણ એ હતી કે લાહોરકરાંચી જેવો ઉકળાટ-અમળાટ મુંબઈના અધિવેશનમાં અશક્ય હતો. જે જુવાનિયાઓએ પોતાનાં ઉત્તમ વરસો મહાસભાને અર્પ્યાં હતાં, જેઓ ઉત્સાહભેર ઉમળકાભેર મહાસભા માટે મરવા તૈયાર હતા એમને પૂછો કે તમારા શરીરનાં ચુંવાળીશ કરોડ કે જે કંઈ હોય તે રૂવાડાંમાંથી કેટલાં ફરક્યાં તો જવાબ આપતાં મૂંઝાઈ જાય. છેલ્લા થોડા મહિનાઓની પ્રવૃત્તિઓથી અમુક યુવાન વર્ગ તો જાણે સાવકી માને (કે સાવકા પિતાને) ઘેર જતો હોય એવા ભાવ પણ અનુભવતો લાગતો હતો. એમાં દોષ કોઈનો કાઢવો હોય તો રાષ્ટ્રની અશક્તિનો જ કાઢી શકાય; પણ તેમાંથી નિરાશા ઘટાવવી તો પરવડે જ નહિ. રાજેન્દ્રબાબુએ પોતાના ભાષણમાં આ અકળામણ વ્યક્ત કરી હતીઃ અહીં આજે આપણે મળીએ છીએ તે કાંઈ આપણને શોભે એવી વાત નથી, આપણે સરકારની મહેરબાનીથી જ મળવા પામ્યા છીએ, વગેરે વગેરે.

આશા અને ઉત્સાહના સૂરો પણ ક્યાંક રડ્યાખડ્યા સંભળાતા હતા. કુશળ સ્વાગતપ્રમુખ નરીમાને બધાનો આભાર માનતાં અને સ્વાગતની ઊણપો(જેની ખાસ હસ્તી ન હતી)ની માફી માગતાં એમની ટેવ મુજબ ઘોષણા કરી હતીઃ આ મુંબઈને કિનારે આજે આપણે મળ્યા એમાંથી એવું બળ ઊભું કરીએ કે આ કિનારે જ્યાં ઊતરીને અંગ્રેજોએ આપણા પર સામ્રાજ્ય ઠોકી બેસાડ્યું ત્યાંથી જ એમને વહાણે ચઢીને પાછા પોતાને વતન ચાલ્યા જવું પડે. રાજેન્દ્રબાબુના છેલ્લા બોલ તેજીલા હતાઃ તમારો આભાર હું અત્યારે તો શું માનું ? પણ આ કાંટાળો તાજ વરસે દહાડે મારા બીજા ભાઈ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધને માથે મૂકું તે વખતે મને દેશ માટે કામ કર્યાનો આત્મ-વિશ્વાસ રહે તો એ વખતે તમારો સૌનો જરૂર આભાર માનીશ.

મહાસભા એ દેશની આશા છે. દેશની મુસીબતો એક મહાસભા જ સમજી શકે છે. હિંદ જેવડી વિશાળ પ્રજાને છાજે એવડાં વિશાળ પગલાં મહાસભા ભરી શકે છે. પેઢી-દર-પેઢી દેશનું યૌવન આ સંસ્થાની રગોમાં કૌવત પૂરે છે. મુંબઈથી લખનૌ સુધીની યાત્રામાં પણ મહાસભાના પગમાં યુવાનોની જ તાકાદ હો, અને એને બુઝુર્ગ વર્ગ ઉતાવળ ન ગણો એવી આશા રાખીએ.

ઑકટોબર, ૧૯૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને સાંભરે રે'

મિત્રો,*

તમારી વચ્ચે તમે મને બોલાવીને તમારા આનંદ ઉલ્લાસ, આદર્શો ભાવનાઓ, વીતકો વિટંબણાઓ, અપૂર્ણતાઓ અધીરાઈઓ, –છાત્રજીવનની અનેક નાની મોટી વિગતો વિષે તમારી વતી બોલવાનો અધિકાર આપ્યો છે એ માન માટે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. છાત્રો એટલે મુખ્યત્વે તો ગામડાંમાંથી અભ્યાસ માટે કસબામાં કે શહેરમાં આવીને રહેતા વિદ્યાર્થીઓ. અત્યારે ગુજરાત–કાઠિયાવાડની શોભારૂપ ઠેરઠેર વેરાયેલાં સુંદર છાત્રાલયોમાં તો નહિ પણ સામાન્ય બોર્ડિંગોમાં નવ દસ વરસ હું રહ્યો છું એટલે અત્યારે તમારી વચ્ચે જવાબદારીના ડરનો ઢોળ કર્યા વગર આવીને ઊભો છું; પણ એક છાત્ર તરીકે જ, છત્ર તરીકે નહીં.

તમને જોઉં છું ને તરત મને વરસો પહેલાની એક સાંજ યાદ આવે છે, જ્યારે ઊંટ પર ચઢી બેસીને મારા ગામના ડુંગરા મેં છોડ્યા હતા. તમને જોઉં છું ને અનેક ગામડાંનાં અનેક પાદરો મારી નજર આગળ તરવરે છે. હોંસભરી બા 'ડાહ્યો થજે બેટા' કહી

* કડી, છાત્રસંમેલનમાં પ્રમુખ તરીકે છાત્રોને ઉદ્બોધન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકને હાથે બચી કરી વિદાય આપે છે. દૂર ઝાડીમાં રસ્તાના વળાંક પાછળ સૌ એકમેકને દેખાતાં બંધ થાય તે પછી પણ 'માસ્તરનું કહ્યું માનજે બેટા' એવો બાનો અવાજ આવે છે તો સામેથી છોકરો, તોફાની હોય તો પણ એ ઘડીએ તો ડાવકો બનીને, 'વારુ' એમ ટહુકો કરે છે. બધી ધમાલમાં વૃદ્ધ માતાજીએ એને એક બાજુ લઈ જઈ આંખમાં પાણી લાવીને શું કહેલું? 'બેટા, દેશાવર ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ માં. ઉગમણે બારણે આપણું ઘર છે.' આ બધાં હેત લાડ આંસુ આશાઓ, બધું સંભારતો સંભારતો વિદ્યાર્થી છાત્રાલય ભણી કેડલીયો ચાલ્યો જાય છે. આવા તો કેટલાય વિદ્યાર્થીઓ અનેક ગામોથી નીકળી અનેક છાત્રાલયો ભણી ચાલ્યા આવે છે. નથી જોતા શિયાળાની ઠંડી, નથી જોતા ચોમાસાની રેલ. ઉનાળો તપતો હોય, નવાનવા ખરીદેલા જોડા સવારના પહોરમાં જ ઉત્સાહથી પહેરતાં ડંખ્યા હોય એટલે રેતી તપે ત્યારે તો હાથમાં ઉપાડીને પગે થનગનતા ચાલે. નાનકડી કોઈ લીંબડી મળી જાય તો નીચે જઈ થોડો વિસામો લે. અર્ધાં અર્ધાં ગવાતા હોલાના ગીતને અણુસારે જળાશય કલ્પીને તે તરફ બપોરા ગાળવા માટે જાય. પણ નમતો પહોર થતાં કોયલોને સામો અવાજ કરી ચીડવતા ચીડવતા, સાંજ પડતાં તો શંભુ મહારાજની બનાવેલી ભાખરી ખાવા છાત્રાલયમાં આવીને હાજર થઈ જાય છે. હોળીગાળે કેસૂડાંની રંગલીલા માણતા ટેકરીઓ ચઢતાઊતરતા, વસંતની મસ્તીનો ફાગ લલકારતા ઘર તરફ આંટો મારી આવે છે, તો ચોમાસે વળી બાજરીનાં વિશાળ ખેતરો તરી ઊતરી નદીનાળાં પાર કરી શ્રાવણના મેળા માણી આવે છે. અને વેકેશન પૂરી થતાં? મુસાફરીમાં એકાદ ટટ્ટુ હોય તો ક્યા બે જણા સવાર થાય, કોણ આગળ બેસે કોણ પાછળ, કોણ લગામ પકડે ને કોણ સોટી ચમકાવે એના રમૂજી કજિયા ચલાવતા, રસ્તે આંબા પરની શાખો પાડતા, પરબવાળી પાસેથી એક પૈસામાં પાંચ જણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી પીતા, કરોળિયાનાં જાળાં પાંપણોમાં ભરાઈ જાય તેને હટાવતા, કલ્લોલ કરતા છાત્રાલય ભણી ચાલ્યા આવે છે. કુદરતમાંથી અને મનુષ્યોમાંથી દુનિયાને ખબર પણ ન પડે એમ અખૂટ આનંદ–ઉલ્લાસ પીને, પ્રજાજીવનનાં આ નવાણો કદી કૂદતાં, કદી પછડાતાં, ક્યાંક છલંગ મારતાં, ક્યાંક ઠોકરાતાં, કોઈ સૂકાતાં તો કોઈ બમણા વેગથી છલકાતાં અને આગળ ધપ્યે જતાં અત્યારે મારી નજર સામે તરવરી રહે છે. અત્યારે તમને જોઉં છું ત્યારે.

તમારામાંથી કોઈ ડાહ્યો હશે તે કહેશે કે આ તો અમારી વેદના ઉપર કવિતાના ફૂચડા ફેરવે છે. છાત્રાલય માટે આટલો બધો ઉમંગ અમને કે'દી' હતો? હા. હું પણ એમ જ કહું છું. છાત્રાલય માટે મનેય કદી ઉમંગ રહ્યો નથી. તક મળી છે કે છાત્રાલયને મેં છોડ્યું છે. છતાં છાત્રાલયમાં રહીએ તેટલા સમયમાં જે અનુભવો મળે છે તેનો આનંદ તો ખરેખર દસબાર જિંદગી સુધી વાગોળ્યાં કરીએ તોયે ન ખૂટે એટલો ઊંડો અને અનેકરંગી હોય છે. ભલે માબાપો દીકરાને 'વગે' કરવા અને પોતે સ્વતંત્ર રહી મોજ કરવા બાળકને છાત્રાલયમાં ધકેલતાં હોય, અને નવી વહુને સાસરે જવું પડે તેમ અચકાતો–મલકાતો એ છાત્રાલયમાં આવ્યો હોય. એને તો એમાં લાભ જ છે. ઘરનો ઉંબરો છોડ્યો એટલે કૂવાનો દેડકો મટી જઈને છાત્રાલયની એક બહોળી દુનિયામાં એને સહેલ કરવા મળે છે. અસહકારીઓ હાઈસ્કૂલોને કળવણીની દુકાનો કહેતા. એવી દુકાનોના સોદામ (વખાર) જેવું છાત્રાલય ભલેને હોય. વિદ્યાર્થી તો કોઈ ગૂઢ ગ્રહણશક્તિથી દુનિયાનો મોંઘો અનુભવ થોડાં વરસોમાં અહીં રહીને મેળવવા પામે છે. ભલેને છાત્રાલય માત્ર વીશી જેવું હોય, અથવા તેથીયે ભૂંડું હોય, અત્યારે એનો અભ્યાસ તો કથળતો નથી. મોટો થશે એટલે નિરાંતે બધા પર પેટ પકડીને હસી લેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેખર હું તો એમ માનું છું કે અત્યારે તમને જે અનુભવો મળે છે તેનો વધારે સાચો આનંદ તો હજી થોડાં વરસ પછી તમને સમજાશે. તમારી જ નહિ પણ તમારાથી મોટેરાઓનીય મૂર્ખાઈઓ, કમજોરીઓ વગેરે મોટા થશો ત્યારે જો તમને સાંભરશે તો તમે હસીહસીને વાંકા થઈ જશો. તમે બ્રાહ્મણ હો, ને પરણેલા હો, તો પહેરામણીમાં મળેલું પીતાંબર ફરકાવતા શેરીમાં થઈને જ્ઞાતિભોજન માટે કેવા વિજયકૂચ કરી રહ્યા હતા એ તમને યાદ આવવાનું. તમે જૈન હશો તો તમને સાંભરશે કે શિષ્યવૃત્તિ મળે તે માટે તમારે કેવી ધાર્મિક પરીક્ષાઓ આપવી પડતી હતી, અને છ વાગ્યા પહેલાં જમી લઈને બટાકાની કાતરી કે ડુંગળીનાં ભજિયાં માટે કોઈ મિત્રના ઘર તરફ (કે મિત્રનીયે મિત્ર હોટેલ તરફ) લટાર મારી આવવાની તમને આદત પડી ગઈ હતી. તમે કોઈ પણ હો. સવારની ગુલાબી નીંદરમાંથી ઝબકાવી-જગાડીને તમારી પાસે પ્રાર્થનાને નામે રાગડા તણાવવામાં આવતા ને તમે વચ્ચે વચ્ચે રીંગણાં તોલવા મંડી જતા એ બધું આગળ ઉપર સાંભરશે તો ખરું જ. ને ત્યારે તમે હસ્યા વગર શી રીતે રહી શકશો?

ખરેખર હસવા જેવી જ સ્થિતિ છે, કારણ કે રડવા જેટલું આપણી આંખોમાં પાણી નથી. છાત્રાલયો સમાજની સાવકી સંસ્થાઓ છે. ક્યાંક સારાં છાત્રાલયો હશે. પણ એકંદરે છાત્રાલયોની સ્થિતિ અત્યંત તિરસ્કાર ઉપજાવે એવી છે, સમાજ કેટલીક ધરમાદા સંસ્થાઓ ચલાવે છે, ધરમની પાઈ જુદી કાઢી દવાખાનાં, પરબો, પાંજરાપોળો, ચલાવે છે, તેમ છાત્રાલયો પણ ચલાવે છે. એટલે છાત્રાલય નથી તો આદર્શ વીશી થઈ શકતું, નથી આદર્શ સામાજિક સંસ્થા થઈ શકતું. છાત્ર નથી ઘરનો રહેતો, નથી સમાજનો ભાવિ નાગરિક રહેતો. મેં હમણાં છાત્રજીવનનાં બણગાં ફૂંક્યાં પણ તે જુદા અર્થમાં. છાત્રોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા સમયમાં અખૂટ અનુભવ મળે છે એ ખરું, પણ તે અત્યંત મોટી કિંમતે. છાત્રોની દશા અત્યારે તો ઘણી વગરના ઢોર જેવી છે. ઘેરથી તો જાણે છૂટ્યા જ. ને જ્યાં ગયા ત્યાં તો આફત સમા. કૂવામાંથી ઘડો કઢાવવો હોય ત્યારે બોર્ડિંગવાળા સાંભરે. સાપ નીકળ્યો હોય ને પકડવો હોય ત્યારે બોર્ડિંગવાળા સાંભરે. ઘરમાં પંદર વરસનો કેલૈયો મરી ગયો હોય ને નાતનું કોઈ પાણી સુધ્ધાં ખોટવા તૈયાર ન હોય ત્યારે બારમાતેરમા પર બોર્ડિંગવાળા સાંભરે. ઉત્તરાયણ ઉપર દાનપુણ્ય કરવું હોય ત્યારે બોર્ડિંગવાળા યાદ આવે. જામફળીની વાડી કોઈ બીજાત્રીજા જ વેડી ગયા હોય પણ ખેડુ પહેલાં એક વાર તો ઘૂસ પાડી ઊડવાનો 'હરામખોર બોર્ડિંગવાળા જ!' મામલતદારની મોટર ખોટકાઈ ગઈ હોય ને હડસેલાવવી હોય તો 'બોલાવો બોર્ડિંગવાળાને.' કોઈના માનમાં મોટો જલસો કરવાનો હોય ને નાટક-તમાશા કરવા હોય તો બોર્ડિંગવાળા ક્યાં નથી? સમાજનું પોતાની જાત પ્રત્યે આ અત્યંત ઘૃણાભરેલું વર્તન છે. વિદ્યાર્થીઓ, અને ખાસ કરીને ગામડાંમાંથી આવતા છાત્રો, સમાજની મૂડી છે. સમાજની શાખ અથવા નાદારીનો આધાર એમની ઉપર જ છે. આપણો સમાજ પોતાની અણમૂલ મૂડી સમા વિદ્યાર્થીઓ પ્રત્યે જે ઉપેક્ષા અને અણગમો સેવે છે, એમાં જ એની અવનતિનાં મૂળ હશે. એ દિવસ સોનાનો હશે, જ્યારે સમગ્ર સમાજ (એટલે કે સમાજની ઉત્તમોત્તમ સંસ્થા–રાજ્યસંસ્થા–સ્ટેટ) પોતાની આ અમૂલ્ય મિલ્કતની સંભાળ લેશે; બાળકોને, કિશોરોને, કુમારોને, યુવાનોને અપનાવી લઈ, એમના ઘડતરની જવાબદારી ઉઠાવી લઈ, એમને સમાજ પ્રત્યે પૂરા જવાબદાર બનાવશે. ત્યારે છાત્રોને, વિદ્યાર્થીઓને, આજે જીવવું પડે છે તેમ વાલીઓએ, ધનિકોએ, ધર્માદા કે કોમી સંસ્થાઓએ ફેંકેલા ટુકડા પર જીવવાનું નહિ રહે, ત્યારે એમના ઓશિયાળા જીવનનો અંત આવશે, એમનું હીર બળી જતું અટકશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનમની લાગણી તેઓ ખંખેરી નાખશે, અને પોતાને ઘડનાર સમાજને પૂર્ણપણે ઘડવા તેઓ કમર કસશે.

શિક્ષણ, ઉત્તમ પ્રકારનું શિક્ષણ, રાજ્યસંસ્થા (એટલે કે સમગ્ર સમાજ) જ આપી શકે એમ કહીને કદાચ આપણા મુરબ્બી કેળવણીકારોને હું હસવાનું કારણ આપતો હોઈશ. આપણે હમણાં હમણાં શિક્ષણના ક્ષેત્રમાં પાંચ હજાર વરસ પૂર્વેની પ્રણાલી લાવવા મથતા હતા. ઋષિમુનિઓના આશ્રમોની કલ્પના કરી ઘણા સેવાવીરોએ ઠેરઠેર આશ્રમો સ્થાપ્યા પણ છે. પરિણામે ભવાં ઊંચાં ચઢાવીને મોટીમોટી વાતો કરતા ફિલસૂફ જેવા છાત્રો આપણને જોવા મળ્યા હશે. ક્યાંય મોઢા પર ઝલક કે લોહીમાં ખુમારી જવલ્લે જ જોવા મળી. સમાજની દયા પર જિવાડીને આપણાં બાળકોને શી રીતે તેજસ્વી બનાવી શકીશું ?

પણ અત્યારે તો સમગ્ર સમાજ પોતે જ સ્વાધીન ન હોવાથી પોતાનાં બાળકોનાં વિદ્યાર્થીજીવનની જવાબદારી સ્વીકારી શકે એમ નથી. એ સંજોગોમાં આપણે ત્યાં જેવાં છાત્રાલયો ચાલે છે તેવાંમાં પણ છાત્રજીવનને પોષક ક્યાં ક્યાં તત્ત્વો દાખલ કરી શકાય, અને ક્યાં ક્યાં અનિષ્ટ તત્ત્વો દૂર કરી શકાય તેની, છાત્રોની દૃષ્ટિએ, વિચારણા કરીએ.

છાત્રાલયો કોમવાર ઊભાં કરવામાં સગવડ છે એ વાત સાચી. પણ કોમના મદદગાર ધનિકોએ બીજી કોમોના વિદ્યાર્થીઓને પણ છાત્રાલયમાં દાખલ કરવાની ઉદારતા દર્શાવવી જોઈએ. છાત્રાલયની સ્થાપના દૃઢપણે કરવામાં મદદ મળે એટલા પૂરતું કોમ પ્રત્યે લક્ષ આપી, એના ઉપયોગ વખતે તો બારણાં સૌ કોમ માટે ખુલ્લાં રાખવાં જોઈએ. નહિ તો સરવાળે સમાજને લાભ કરતાં નુકસાન વધારે થવાનો સંભવ છે. છાત્રોને હું વિનંતી કરું છું કે તમે એક વાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર છોડો છો તો પછી બહારની દુનિયાનો પૂરેપૂરો લાભ લો. કૂપ-મંડૂક કાં રહો? તમને આગ્રહ રાખવાનો હક્ક છે કે તમારી આસ-પાસ કોમની દીવાલો ચણવામાં ન આવે. કોણ જાણે કયો વિદ્યાર્થી તમારે માટે જીવનભરની અમૃતભરી મૈત્રી હૃદયમાં લઈને આવતો હશે? કોણ જાણે કોમકોમની વાડોને લીધે એનો ને તમારો ભેટો જ થવા ન પામે. તમારે તો ચાલ્યા આવતા પ્રત્યેક છાત્રને વધાવવા ઇંતેજાર રહેવું જોઈએ. સત્યકામ જાબાલ કરીને એક પતિત વિદ્યાર્થી ગુરુ કને આવ્યો ને 'મારા પિતાના ગોત્રની મારી બાને પણ જાણ નથી' એમ કહીને ઊભો રહ્યો ત્યારે કવિ કહે છે કે સૌ અભ્યાસી તો તિરસ્કારથી બેફામ હસી પડ્યા ને લોષ્ટ (ઢેફાં) ઉછાળવા લાગ્યા. એવું વર્તન તમે તમારા છાત્રબંધુ પ્રત્યે કરશો તો તમારે જ પસ્તાવું પડશે. ગુરુ ગૌતમ ઊભા થઈને 'તારું ગોત્ર ઉત્તમ છે. તું સત્યવક્તા છે, બેટા' કહી જાબાલને ભેટી પડ્યા ત્યારે પેલા હસનારા પસ્તાયા હતા તેમ. અને ધારો કે તમારા સંચાલક ગુરુ ગૌતમ જેટલા ઉદારદિલ ન હોય તોયે શું? તમે જ દોડીને તમારા છાત્રભાઈને ભેટી પડો.

જુદાજુદા ધાર્મિક. રાજકીય સંપ્રદાયોનાં છાત્રાલયો પોતપોતાને અનુકૂળ બીબાંમાં કુમળા વિદ્યાર્થીનું માનસ ઢાળે છે એ ચોખ્ખી કુસેવા જ છે. શિક્ષણને નામે બાળમાનસની સ્વતંત્રતા હરી લેવી એથી વધારે મોટો અત્યાચાર ભાગ્યે જ બીજો કોઈ હશે. નાનાંનાનાં છોકરાં પર ધર્મનાં મોટાંમોટાં પુસ્તકો લાદવાનું, સવારે વહેલા જગાડી એમની પાસે પ્રાર્થના ગગડાવવાનું વેળાસર બંધ કરી દેવાની જરૂર છે. જો એમનાં હૃદયમાં પ્રવેશવાની પરમેશ્વરને કોઈ પણ વખત સાચી તક આપવી હોય તો એમને ન સમજાય, ન રુચે, એવી ફરજિયાત ધાર્મિકતામાંથી એમને બચાવી લેવાં જોઈએ..... પણ તે સાથે છાત્રોને સંગીતથી વંચિત રહેવાની સજા ખમવી ન પડે એય જોવાનું છે. છાત્રોને સંગીતમાં તરબોળ રાખવા જોઈએ. કિશોરોના આત્માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુલાયમ રાખવા માટે ભાગ્યે જ સંગીત કરતાં અદકો ફીમિયો હશે. છાત્રોના જીવનને અનુકૂળ કૃચગીતો, ભાવનાગીતો, રાષ્ટ્રગીતો, કિશોરગીતોથી છાત્રાલય ગુંજી રહેવાં જોઈએ. સંગીતની ફોરમ છાત્રને ન મળી એનો અર્થ એ કે માનું ધાવણ જ એ ચૂક્યો.

બીજું, અત્યારના છાત્રોને યોગ્ય ગૃહપતિઓ મેળવી આપવાની જરૂર છે. કારણ કે છેવટે તો છાત્રજીવનનો કર્ણધાર ગૃહપતિ જ છે. ગૃહપતિ ધારે તો છાત્રોને આદર્શ યુવાનો બનાવી શકે, ધારે તો એમને ખંડેર હાલતમાં લાવી મૂકી શકે. પણ ઘણુંખરું, દર મહિને પૈસા ઉઘરાવે, સાંજસવાર હાજરીપત્રક ભરે, હિસાબના ચોપડા સાચવે એવા કોઈપણ રિટાયર્ડ કારકુનને ઉપાડી આણી ગૃહપતિ તરીકે બેસાડવામાં આવે છે, કોઈ કોઈ ઠેકાણે શાળાના શિક્ષકને એ 'વેઠ' સોંપવામાં આવે છે. તો કોઈવાર કાયદા(લૉ)ના અભ્યાસીને ટેકો દેવા આટલું 'કામ' આપવામાં આવે છે. આ ઘટના ખરેજ ચિંતાજનક છે. દસથી વીસ વરસ વચ્ચેનો વિદ્યાર્થીનો વિકાસ એ આથી કરીને ગમે તેવા અનિષ્ટ સંજોગોમાં થાય છે. કિશોરવય(એડોલેસન્સ)ના અનેક મૂંઝવતા પ્રશ્નોનું જેને સહેજ પણ ભાન હશે તે સહેલાઈથી સમજી શકશે કે પ્રત્યેક કિશોરદીઠ એકેક નિષ્ણાત ગૃહપતિ હોય તોયે માંડ પૂરા પડી શકાય. પણ હું આવી અવ્યવહારુ વાત રજૂ કરવા નથી માગતો. હું જાણું છું કે આપણાં આદર્શ છાત્રાલયોને પણ ગૃહપતિઓ માથે અનેકવિધ ફરજો નાખી ત્રણ બળદે બે હળ ચલાવવા જેવું કરવું પડે છે. છતાં કહેવાનો આશય એ છે કે જો આપણે છાત્રના જીવનના સંક્રાન્તિકાળના પ્રશ્નોને પૂરેપૂરો ન્યાય ન આપી શકીએ એમ હોય તો પછી બહેતર છે કે એવો ડોળ કરવો છોડી દઈએ. અને છાત્રાલયનો અખતરાખાના તરીકે ઉપયોગ કરવા પણ ન લલચાઈએ. ચારે વેદ કેટલી ઉંમરે ને કેટલા ગાળામાં મોઢે કરી શકાય, હાથઉદ્યોગનો પ્રયોગ સફળ કરી શકાય કે કેમ, પંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ સુધીના વિદ્યાર્થીઓમાંથી કેટલા ટકા સ્વજાતીય પ્રેમથી પીડાય છે વ૦ વ૦ પ્રયોગો છાત્રોને ભોગે ચલાવવાની કશી જરૂર નથી. છાત્રોની બિલકુલ સંભાળ ન લેવી એ એક ભૂલ, અતિસંભાળ લેવી તે એથીય ભૂંડી બીજી ભૂલ. છાત્રોના સ્વતંત્ર વિકાસ આડે ઓછામાં ઓછા આવવું એટલું ગૃહપતિઓ શીખી શકે (અને એમણે ખરેખર શીખવવા કરતાં શીખવાનું જ ઝાઝું છે,) તો મોટી સેવા કરી ગણાશે. એક આડવાતઃ આ ગૃહપતિઓ તે 'પતિ' શેના? છાત્રો પિયર (પિતૃઘર) છોડી અહીં સાસરે આવીને રહે છે એમ અર્થ ઘટાવવો? આપણે એમને ગૃહપાલ કે ગૃહાધ્યક્ષ કે એવું કંઈ નામ આપીએ તો વધારે સારું.....જો કે સૌથી વધારે સારું તો એ જ છે કે સ્વયંનિર્ણય અને સ્વાવલંબનના આ જમાનામાં છાત્રો પોતે જ પોતાનું ફેડી લે. પોતે જ પોતાના ગૃહસ્વામી બને. હિસાબકિતાબ વગેરે કામ એ માટે નીમેલું છાત્રમંડળ કરે. ન છૂટકે જ ગૃહપાલને રાખે. ગૃહપાલો પણ છાત્રમંડળને અરજી કરે ત્યારે પોતે પહેલાં જ્યાં જ્યાં કામ કર્યું હોય ત્યાંના છાત્રોની ભલામણચિઠ્ઠીઓ અને પ્રમાણપત્રો અરજી સાથે સામેલ રાખે એવો શિરસ્તો પાડી શકાય.

પણ આ તો ત્યારે બને જ્યારે છાત્રો પોતે પૂરી લાયકી કેળવે. મારે જો આ લાંબીલાંબી વાતને બે શબ્દમાં જ સમાવી દેવી હોય તો હું તો કહું કે છાત્રજીવન એટલે કડકમાં કડક 'શિસ્ત' અને છતાં સાથોસાથ અફાટ મસ્તી, છલોછલ 'લીલામયતા.' શિસ્ત અને મસ્તી વિરોધી તત્ત્વો છે એમ કોઈને લાગશે. પણ ખરું જોતાં શિસ્ત હોય ત્યાં જ મસ્તી આવકારલાયક થઈ પડે, ને મસ્તી હોય ત્યાં જ શિસ્તમાં રસ આવે. પહેલાંના સમયમાં ધાર્મિકતાને લીધે જીવનમાં શિસ્ત સચવાતી. અત્યારે શિસ્તને નામે ધબાય નમઃ છે. અને પરિણામે છાત્રો વિદ્યાર્થીજીવન પાર કરી ગયા પછી માયકાંગલા જેવા, જીવનમાં નિરાધાર થઈ ગયા હોય એવા, અપંગ થઈને બહાર આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસની ઓલાદ બગડતી ચાલે છે એમાં છાત્રજીવન પણ પોતાનો પૂરો ફાળો આપવાનું ચૂકતું નથી. તેથી આપણાં છાત્રાલયોમાં જો શારીરિક હાલત પૂરતી–ઊંઘ, આહાર, કસરત, આંખો, આરોગ્ય પૂરતી–શિસ્ત જાળવવામાં આવે તો પ્રજાની શરીરસંપત્તિ સચવાશે. છાત્રાલયમાંથી બહાર આવે ત્યારે વિદ્યાર્થી તંદુરસ્તીથી નીતરતો, એ ઘડી જોઈ રહેવા જેવો, યુવાન હોય એ સ્થિતિ ક્યારે આવશે ?

અને મનદુરસ્તીથી ચમકતો, બુદ્ધિના તેજથી ઝબકારા મારતો યુવાન જોવો હશે તો એને કિશોરવયમાં મનની સંપૂર્ણ મોકળાશ માણવા દેવી જોઈશે. મસ્તી, લીલામયતા (હિલેરિટી), દુનિયામાંથી આનંદ મેળવવાની શક્તિ એનામાં ખીલવા દેવી જોઈશે, તો એનો આત્મા દબાઈ નહિ જાય. નાનમની લાગણી એનામાં વસી શકશે નહિ. મનોવૃત્તિઓ કચડાઈ–કરમાઈ જશે નહિ. આજે એના ચિત્તમાં છે તેવી વ્યગ્રતા ચાલી જશે. પોતાના કામમાં આજે એ એકાગ્રતા દાખવી શકતો નથી તેને બદલે એ સોળ અઢાર કલાક કામ કરવા છતાં થાક શું તે જાણવા પામશે નહિ. 'પુસ્તકોમાં એ દુનિયા વાંચશે ને દુનિયામાં એ પુસ્તકો વાંચશે.' ખોટા, તકલાદી, પરપોટિયા, આદર્શો પાછળ લુભાવાને બદલે નક્કર હકીકત ઉપર મુસ્તાક રહેતાં શીખશે. ટૂંકામાં, સમાજને એક અણમૂલ નવાજેશ જેવો માણસ બની રહેશે.

આ બધું જ કન્યાછાત્રાલયો વિષે પણ સમજવાનું છે. કન્યાછાત્રાલયો વિષે વિગતવાર કંઈ કહેવાની મારી પાસે તમે આશા ન રાખી શકો. છતાં અત્યારે મને શ્રી રામભાઈ પાઠકની પ્રેરણાઝરતી નવલકથા 'પચાસ વર્ષ પછી' સાંભરે છે. બાળકો અને બાલિકાઓ, કિશોરો, કુમારો, યુવાનો, યુવતીઓ સૌનું 'ગૃહ' એક જ હોય, એક જ માળાનાં સૌ પંખી હોય, એ મનોરમ ચિત્ર અચાનક યાદ આવે છે. ભાઈશ્રી પાઠકને એ ચિત્ર દોર્યાને હજી તો માંડ પાંચ વરસ થયાં છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કૃષ્ણાકુમારીઓની રાહ એમના અંદાજ પ્રમાણે પણ ૪૫ વરસ જોવી રહી.

આવા અંદાજોને ધૂળ મેળવનાર, ક્યારે ક્યાંક પાપ થાય ને પોતાને એના સારાસારનાં શાસ્ત્ર રચવા મળે એમ ટાંપી રહેનાર ચોખલિયા વૃત્તિ આપણા ઘણા કેળવણીકારોના મગજમાં ઘર કરી બેઠી છે, મનુષ્યપ્રાણીને એ મુરબ્બીઓ ચીપિયા વડે અડતાં પણ ખંચાય છે. કોલેજિયનોના જીવનની અર્ધકલ્પિત કથાઓથી એ પોતાની ધગશને સચેત રાખે છે. કોલેજિયનના છાત્રજીવન વિષે (એના તમામ પ્રકારના જીવન વિષે) કંઈ અલકમલકના ખ્યાલો સૌ સેવતું લાગે છે. કોઈ એને પંપાળે છે, કોઈ એને ઓલિયો જ કલ્પે છે, કોઈ કાં તો એને ફટકારે છે, કાં તો લખાણના કાચા માલ તરીકે વાપરે છે. પણ કોઈ એને સમજવા ભાગ્યે જ પ્રયત્ન કરે છે. હું પોતે કોલેજમાં છું, એટલે હું કંઈ પણ કહેવા જઈશ તો બચાવનામા જેવું લાગશે. એટલું જ કે કોલેજિયનોને સમજવાનો સાચો પ્રયત્ન થતો નથી એમાં એને નુકસાન નથી, નુકસાન છે ન સમજવા માગતાઓને, કારણ કે ભવિષ્ય એને ચરણે છે. જેવી સમાજની લાયકાત એવાં એનાં છાત્રાલયો. છાત્રોમાં અપૂર્ણતા છે એમ કહી દઈને એમની સ્વતંત્રતા પર કોઈ કાપ ન મૂકે એની પૂરતી ચોકી રખાવી જોઈએ—અને પછી સાથે સાથે સ્વતંત્રતાને પોષક શિસ્ત દાખલ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

'અમે ચેલા બધા ઘેલા જગતની પાઠશાળાના' એ લીટી તમે સાંભળી હશે. મૂળમાં 'પ્રભુની પાઠશાળાના' છે પણ આપણે આપણને જગતની પાઠશાળાના કહીશું, કેમકે પ્રભુને આપણા પ્રેમની પરવા હશે તો તે ઘણોયે આપણી આજુબાજુના જગતમાં આવીને વસશે. પણ એ તો આપણે બીજે પાટે ચઢી ગયા. મારે એ કહેવું હતું કે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌ જગતની પાઠશાળાના ચેલા છીએ. આપણામાંથી કેટલાકને હમણાં આ વિશાળ પાઠશાળામાં અભ્યાસ કરતાં કરતાં વચ્ચે એ વિચિત્ર પ્રકારનાં છાત્રાલયોનો અનુભવ થયો છે. એ છાત્રાલયો તે છાવણીઓ અને જેલો. તમે અનુભવ્યું હશે અથવા સાંભળ્યું હશે કે આ બંને જાતનાં છાત્રાલયોમાં કપરી શિસ્ત જાળવવી પડતી અને છતાં ત્યાં આપણે જેવો કલ્લોલ કર્યો છે તેવો કદાચ આગલી સામટી સાત પેઢીઓએ પણ ભાગ્યે જ કર્યો હશે ટૂંકામાં, શારીરિક જીવન પૂરતી શિસ્ત અને માનસિક જીવનમાં લીલામયતા જેમ જેમ આપણે લાવીશું તેમ તેમ આપણું જીવન પ્રફુલ્લિત બનશે.

આને અંગે ગૃહપાલે શું કરવું તે અહીં વિસ્તારથી ન કહી શકાય. 'છાત્રાલય સંમેલન'માં એની વિચારણા થાય. છતાં છાત્રો પૂરતું એટલું કહું કે તમને તમારાં માબાપને પાછા સાજાતાજા સોંપી દેવાના દાગીનાની જેમ 'ગ્લાસ વિથ કેર' રાખવામાં આવે તો તમે એનો વિરોધ કરજો. છાત્રોને સહેજ ઝાડ પર ચઢતાં, તરતાં, પર્વત ચઢતાં, નાનું અમથું જોખમ ખેડતાં શા માટે અટકાવવામાં આવતા હશે એ હું કદી સમજી શક્યો નથી. કિશોરવયમાં જ સાહસવૃત્તિ ટૂંપાઈ જાય એટલે જીવનમાં રહ્યું શું, કૂચા?.....બીજું, છાત્રોને દેશપરદેશોની અનેક હિલચાલોની વીરકથાઓ ગમે તે પ્રકારે મળવી જ જોઈએ. મને યાદ છે કે મને રાષ્ટ્રપ્રેમના પદાર્થપાઠ અમારી બોર્ડિંગના રસોઈયા પાસેથી મળ્યા તે પહેલાં કોઈએ આપવાની દરકાર કરી ન હતી. અસહકારનો પ્રથમ જુવાળ આવતો હતો. વાતાવરણ બધે ગરમ દેખાતું, પણ માંડીને વાત કોણ કહે? એક વાર પીરસી આવી, રોટલીની મોટી થપ્પી પર, તબલા ઉપર લગાવતો હોય એમ, ઠોક લગાવીને મોટી મૂછાળો અમારો રસોયો છટાથી કોઈ એક 'માત્મા'નું આછું ઊડતું રેખાચિત્ર દોરી દેતો અને એણે બડા ગવંડરને કેવા કેવા ચમત્કાર કરી બતાવી મહાત કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો હતો એના દિલ ઉશ્કેરનારા કિસ્સા કહેતો. એ યાદ આવે છે ને મને પારાવાર ચિંતા થાય છે કે અત્યારેય તે આવું નહિ હોય ને? અત્યારનાં સમાજવાદ વગેરે નવાં બળો વિષે વિદ્યાર્થીઓને ઇદમ્ તૃતીયમ્ જ સાંભળવું પડતું હશે? એમની જિજ્ઞાસાને ગૃહપાઠો વરતી શકતા હશે? પોષી શકતા હશે?

પણ ભાઈઓ, તમે બીજાઓ પર આધાર જ શા માટે રાખો? અત્યારે સાધનોની ઊણપ નથી. દોરેલાં તો મેંઢાં આગળ જાય. તમે તમારો રસ્તો જાતમેળે કરી લો. તમારા ગૃહપાલોને પણ દોરો. આજે ગૃહપાલોને, વ્યવસ્થાપકોને, સંચાલકોને નવો પ્રકાશ બતાવવો, એમને કેળવવા એ છાત્રોની પવિત્ર ફરજ છે. અને શાળાઓમાં તમને જે ભણતર ન મળી શકે તે છાત્રાલય મારફત મેળવવું એ તમારા હાથની વાત છે. છાત્રાલયના નાનકડા સમાજમાં રહ્યા રહ્યા તમને સંસારસુધારો કરવાની પણ તક છે.

પણ તમારે શું કરવું, શું ન કરવું, તે બધું એક મોટા ભાઈની પેઠે કહેવા અહીં આવ્યો નથી. મને કોઈ એક વસ્તુનો તિરસ્કાર હોય તો એ આવી માની લીધેલી ગુરુગીરીનો જ. આજે તો છાત્ર-જીવનને લગતા વિશાળ પ્રશ્નોને તમારી આગળ મેં જાતઅનુભવ અને હૈયાઉકલત પ્રમાણે સહેજ માત્ર સ્પર્શ્યા છે. આટલું કહ્યું છે તે પણ તમારા અનુભવ સમજવામાં મારો અનુભવ જરૂર કંઈ કામ આવશે એમ માનીને. તમારો અનુભવ જુદો પણ હોય, પણ એની કલ્પના મેં મારા અનુભવ પરથી કરી છે કેમકે જોડાના પહેરનારને ખબર પડે કે ક્યાં એ ડંખે.

છતાં અત્યારે તમે મને તક આપી છે તો એક વાત તો સીધી કહીશ જ. તે એ કે તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો, ધારાસભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજાવો કે મોટી મોટી મેદનીઓ ડોલાવો, ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ; આટલું કદી ભૂલશો નહિ કે તમે અહીં અત્યારે ભણો છો એ એક અકસ્માત જ છે. આ કમભાગી દેશમાં સોમાંથી માંડ દસવીસ બાળકો પાટીપેન દેખવા પામતાં હશે. તમે અહીં ભણો છો ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચઢી પંખીડાં ઉડાડે છે, શહેરોનાં કારખાનાંમાં ખેવડ વળી જાય છે, વીશીઓનાં અંગીઠાં આગળ શેકાય છે અથવા તો મુંબઈની ચોપાટી પર પગચંપી કરે છે. કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે ઠેકાણે હોત. પણ તમને ભણવા મળે છે ને આગળ ઉપર તમે મોટા તિસ્માર્ખા બની જાઓ તો આટલું આ જરી ભૂલશો નહિ. અનેક લાલચો અને પ્રલોભનો હોય પણ પેલા વાંદરાએ મગરને કહ્યું હતું તેમ કહેજો કે મારું કાળજું તો, અરે, ત્યાં રહી ગયું! ત્યાં, જ્યાં કુમળાં બાળકો ટોયા બની પંખી ઉડાડે છે, કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે, પોતે ન સમજી શકે એવાં છાપાં વેચતા ફુટપાથ પર દોડે છે. આંખમાં આંસુ સાથે માએ કહેલું તે માતૃ-વતને પણ કહ્યું માનજો: 'ઉગમણે બારણે આપણું ઘર છે.' એટલું એક ભૂલશો મા.

લો, વળી હું મોટોભાઈ થઈ જઈશ. આગળ ઉપર તમારે શું કરવું તે અત્યારે તમને હું કહેનાર કોણ? પણ હા, અત્યારે તમારું જીવન અરસપરસ તો એટલું હેતાળ અને માણસાઈભર્યું રાખી શકો કે આગળ જતાં આજે સાથે રહેનારા કોઈ બે છાત્રમિત્રો મળો ત્યારે એકબીજાના દરજ્જાનો ખ્યાલ પણ આવવા ન પામે. આપણા પેલા બે ઉત્તમ છાત્રો—સુદામા અને કૃષ્ણ તો તમને યાદ હશે. કૃષ્ણ મોટે મોભે ચઢીને બેઠો હતો. ને સુદામાની તો બિચારાની તૂંબડી પણ કાણી હતી અને લાકડીય તે ખોખરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગઈ હતી. છતાં બે જણા કેવા પ્રેમભેર એકબીજાને ભેટી રહ્યા હતા ? તમે પણ તમારું અત્યારનું જીવન એટલું ભાવનાભર્યું રાખી શકો કે આગળ ઉપર બે છાત્રબંધુઓ મળો ત્યારે છાત્રનિવાસ વિષે ભરઉમળકાથી કૃષ્ણસુદામાની પેઠે તમે પણ ગાઈ રહો :

'તને સાંભરે રે ?'
'મને કેમ વીસરે રે ?'

ડિસે૦, ૧૯૩૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાલાપ

રેડિયોએ વાર્તાલાપની એક નવી જ રીત દાખલ કરી છે. જે બોલનાર છે એની ઓળખાણ તો આરંભમાં જ આપી દેવામાં આવે છે, પણ એ કોની સાથે વાર્તાલાપ કરી રહ્યો છે એ કોણ કહી શકે? સંભવ છે કે એ કોઈની સાથે વાર્તાલાપ કરી રહ્યો ન હોય. કોઈને આ ઘડીએ એને સાંભળવાનું મન–કે ફુરસદ–ન હોય. બનવાજોગ છે કે અત્યારે હું પોતાની સાથે વાત કરવામાં જ મશગૂલ હોઉં.

પણ રેડિયો મથકવાળાઓની તો કાંઈક એવી આશા ખરી કે કોઈ ને કોઈ સાંભળતું હશે. જેની સાથે વાત કરતા હોઈએ તેના મુખ ઉપર આપણા શબ્દોનો કેવો પડઘો પડે છે એ જાણી ન શકીએ તો બોલવાનું આગળ ચાલે શી રીતે? શામળભટની વાર્તાઓમાં આડું અંતરપટ રાખીને વાત કરતા એની આ કાંઈક યાદ આપે છે. માઈલોના અંતરપટની પાર કોઈના ને કોઈના કાન જાગતા હશે એ આશાએ માણસે બોલ્યે જવાનું. પણ એટલું સારું છે કે અંતરપટની પેલી બાજૂનો અવાજ અહીં સુધી સંભળાતો નથી. બોલનાર અને સાંભળનાર બંનેય એકમેકની દયા ઉપર છે. આ પરોક્ષતા દાખલ કરીને રેડિયોએ આપણને, શામળભટનાં પાત્રો કરતાં વિશેષ તો, દેવોની કોટિમાં મૂકયા છે એમ કહેવું જોઈએ. परोक्षप्रियाः खलु देवाः। દેવોને પરોક્ષ વ્યવહાર જ પ્રિય છે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે સૌ માનવીઓ દેવોની આ લાક્ષણિકતા ધરાવતા હોઈએ છીએ. દિવસભર આપણે પ્રત્યક્ષ બીજાઓની આગળ જે શબ્દો બોલીએ છીએ તેના કરતાં કેટલાયગણા શબ્દો મનમાં અને સ્વપ્નમાં આપણે પરોક્ષપણે બોલતા હોઈએ છીએ. ચુપચાપ બેઠા હો અને કોઈની નજર અમથી તમારી ઉપર પડે ત્યાં તો મધપૂડા ઉપર જાણે કાંકરો પડ્યો ન હોય એમ મધમાખોની પેઠે શબ્દોનું એક આખું ટોળું મનમાં ગણગણ કરતું ગુંજવા માંડે છે. સ્વપ્નમાં સારું છે. આપણે કશું જ કરવાનું નહિ. આપણો બિલકુલ પરોક્ષ વ્યવહાર અને છતાં બધાની સાથે, એક રીતે, પ્રત્યક્ષ વાતો કરવાનો લહાવો. ઝાડ, પંખી, પથ્થર, ગમે તેને બોલતાં સાંભળવા મળે એ વધારામાં. આપણે પુસ્તકો વાંચીએ છીએ ત્યારે બીજાઓનો અવાજ પરોક્ષપણે સાંભળીએ છીએ અને કાંઈક લખીએ છીએ ત્યારે આપણો અવાજ સંભળાવીએ છીએ. પણ આ બંને પરોક્ષ ક્રિયાઓમાં રહેલા દેવત્વ કરતાં તો પ્રત્યક્ષ વાત કરી માનવી થવું સારું.

મારી પસંદગીનો ક્રમ કાંઈક આવો છે: હું તો સ્વપ્ન કરતાં જાગૃતિને ઓછી પસંદ કરું છું. જાગૃતિમાં પણ શાંત બેસી રહેવા મળે ત્યાં સુધી વાતો કરતો નથી. વાતો કરવા મળે ત્યાં સુધી વાંચતો નથી અને વાંચવાનું બને ત્યાં સુધી લખતો નથી.

ઊંઘવું એ મનુષ્યજાતિની કદાચ સૌથી નિર્દોષ પ્રવૃત્તિ છે. અને પ્રવૃત્તિમાં પણ, માણસનો આદર્શ તો ભમરડો જ્યારે વેગથી ઘૂમતો હોય ત્યારે નિશ્ચેષ્ટ 'ઊંઘતો' હોય છે એવી સમાધિદશા મેળવવાનો જ હોય છે. પણ આ દુનિયા ઊંઘની દુશ્મન છે. અને માણસને જાગવું જ પડે છે. જાગીએ ભાઈ, પણ પછી તો નિરાંતે બેસવા દો. પણ ના, અમે તો અમસ્તા પણ તમને જીભનો ચાબખો લગાવતા જવાના. કોઈ તમને જંપવા દેવાનું નહિ. અને તેમાં આપણા દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વાતો એ જ મુખ્ય વ્યવસાય છે. હિંદુસ્તાન એટલું ગામડું. ગામડું એટલે ચોરો અને ચોરો એટલે તડાફીદાસોનો અડ્ડો. મારા એક મિત્ર ગામડાની આર્થિક અને ખેતીવિષયક તપાસ કરવા ગયા છે. તે કહે છે કે મને કોઈ નિરાંતે કામ કરવા દેતું નથી. કોઈ ને કોઈ આવીને બેઠું જ હોય અથવા હાથ પકડીને ચા પીવા લઈ જાય અને દિવસ વાતોમાં વેતરાઈ જાય. છાત્રાલયોમાં પણ આ વાતનો વાયરો સતત ફૂંકાતો હોય છે. જાહેર સંસ્થાઓમાં પણ એમ જ. બોલવામાં માણસને શકિતનો ઠીકઠીક વ્યય કરવો પડતો હોય છે, તેથી તો હા કે ના કહેવામાં નાનીઅમથી લૂલીબાઈનો ઉપયોગ કરવાને બદલે માણસ અધમણનું માથું આમ કે તેમ ડોલાવવું પસંદ કરે છે. અને તેમ છતાં આખો વખત તક મળતાં જ બોલબોલ કરતાં એ થાકતો નથી એ નવાઈની વાત છે.

તેમ છતાં માણસ માટે જો મને મોટું આકર્ષણ હોય તો તેની આ વાચાળતા (garrulity) માટે પણ છે. ઘણીવાર, ખાસ કરીને વીડા જેવા મોટા મેળામાં લાખ બે લાખ માણસની કલબલનાં મોજાંના શિખરે તોતિંગ ચકડોળમાં અર્ધી ક્ષણ ઝૂલતો હોઉં ત્યારે, અથવા સાંજે કોઈ ડુંગર ઉપરથી ગોધૂલિના અંચલ પછવાડેથી ઉભરાતો ગ્રામજનતાનો આછો કલરવ સંભળાતો હોય ત્યારે, મને વિચારો આવે છેઃ સૃષ્ટિનાં માનવ પ્રાણીઓના અવાજે પણ આપણી આજુ-બાજુનાં પશુઓને, પંખીઓને, ખિસકોલી કીડી જેવા જીવોને થોડો સરખો પણ આનંદ આપતા હશે? આપતા હોય તો કેવું સારું! ન આપતા હોય તો પણ માણસજાતને મૂગી તો કલ્પી શકાતી નથી. માણસ બોલે છે છતાં આટલો મીંઢો છે—રહસ્યમય છે, તો ન બોલતો હોય એનો તો વિચાર પણ નથી કરી શકાતો. ઋગ્વેદ કહે છેઃ વદન્ત્રહ્મા અવદતો વનીયાન્—બોલનો બ્રહ્મણ ન બોલતા કરતાં સારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં પ્રાણીઓની જેમ માણસના પણ ગળામાંથી અવાજ નીકળી શકે છે એનો લાભ લઈ, એ અવાજોને ચોક્કસ અર્થ આપી, માણસે ભાષા ઉપજાવી અને ભાષા દ્વારા એક માણસ પોતાનો ભાવ બીજા માણસને પહોંચાડી શકે એવું સાધન ઊભું થયું. માણસ વાત કરે છે ત્યારે જાણે કે એના હૃદયથી સામાના હૃદય સુધી શબ્દોનો એક પુલ રચાઈ જાય છે. પણ ખૂબી એ છે કે ઘણી વાર તો પુલને છેડે માત્ર પગરવ સંભળાયાં કરે છે એટલું જ. આ છેડે કોઈ આવી પહોંચતું નથી. વાતચીત મારફત માણસ પોતાની જાતને વ્યકત કરે છે એટલી જ છુપાવે પણ છે. શબ્દોના ઝાકઝમાળ અંચળામાં પોતાની જાતને ગોપાવીને બેઠેલા માણસો કયાં જોવા નથી મળતા? તેમ છતાં માણસ બોલે એ જ સારું છે. શેક્સ્પિયરના જીવન વિષે આપણે લગભગ કાંઈ જાણતા નથી. પોતે સીધું પણ જવલ્લે જ બોલ્યો છે. માત્ર સેંકડો પાત્રો પાસે એણે વાતો કરાવી છે. પણ એ પાત્રોની વાતો સાંભળીને આપણે એની વાતનો પણ કાંઈક તો અણસારો જરૂર પામી શકીએ છીએ. ભગવાન પણ ભલેને સીધું સંભાષણ કરતો નથી, નિરવધિ માનવસમુદાયની નિરંતર ચાલતી વાતો દ્વારા એ પોતાના હૃદયને વ્યકત કરી રહ્યો નથી શું?—જગતની વાતો સાંભળતાં સાંભળતાં એના અવાજના આરોહઅવરોહ પણ કયારેક પકડાઈ જતા નથી શું? માણસ મનની વાત થોડીક પણ ઉઘાડી પાડી ન શકે તો મૂંઝાઈ જાય. સહદેવ જોષીનું મન ભરેલું હતું અને બોલવાની મનાઈ હતી. કેવા મૂંઝાતા? ચેખોવે એક ગાડીવાનની વારતા લખી છે કે પોતાના દીકરાના તાજા જ મૃત્યુ વિષે આખો દિવસ ગાડીમાં બેસનારાઓ જોડે વાતે વળવા એણે પ્રયત્નો કર્યા, પણ કોઈએ દાદ ન દીધી. છેવટે પાછા વળતાં એણે પોતાના ઘોડા સાથે વાતો આદરી: ભાઈ, તને તો એ કેવો ચાહતો! તને નવડાવતો, ચંદી આપતો, પંપાળતો...છેવટે કોઈ ન જડે તો માણસ પોતાની જાત સાથે વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લે છે. મારા એક ભાઈબંધ પોતે સાંભળેલો એક કિસ્સો કહે છેઃ ડોસા ખેતરેથી પાછા વળતા હતા અને ઘેર આજે દીકરાની વહુને તેડેલી એટલે સાંકડા ઘરમાં બધાં સમાશું કેવી રીતે એની રસિક મૂંઝવણમાં પડ્યા હતા. હું ઓસરીમાં પડી રહીશ, ડોશીને પડોશમાં મોકલીશ. બહેન કાકીને ત્યાં જશે. હાં, બેહું ! બેહું ! એમ ડોસા આખે રસ્તે વાત મનમાં બેસાડતા આવતા હતા. ખેતરે ખેતરે વાડ ન હોત તો બેઠ્ઠો વાતો કોની સાથે કરત?

માણસ વાતો જ કર્યાં કરે એ આરોગ્યની નિશાની નથી. નરી વાતો એ આત્માનો કાટ છે. આપણે જાણીએ છીએ કે હેમ્લેટ એટલે words, words, words,–વાતો, વાતો ને વાતો. અંતે એનું જીવન પાયમાલ થયું. પણ પછી ઓથેલોના મુખ સામે જુઓ. એની મોંફાડ જાણે સિવાયેલી જ ન હોય એવો એ મૂંગો છે. મૂંગાપણાથી પણ એ સર્વનાશ નોંતરે છે. માણસ મગજને તાળું લગાવીને ફરે ત્યારે તો એનાથી ગભરાવા જ માંડવું. શ્વેતકેતુ ભણીગણીને ઘેર આવ્યો અને બહુ ઓછાબોલો ભારેખમ મોંએ ફરતો હતો. પિતાને ચિંતા થઈ. ધીરે રહીને પિતાએ પૂછ્યુંઃ ભાઈ, તું ભણી આવ્યો છે તો કહે તો ખરો કે એવું શું છે જે જાણ્યાથી આ બધું જ જાણી શકાય. ત્યાં તો ભાઈનું ભોટપણું પ્રગટ થયું. આવા શ્વેતકેતુઓનો ક્યારેય તોટો હોતો નથી. માણસ તોબરો ચઢાવીને ફરે છે એમ આપણે કહીએ છીએ એનો અર્થ પણ એ જ કે થોડાક શબ્દો બહાર કાઢવાના છે તે એણે મોઢામાં ભરી રાખ્યા છે.

પણ માણસ પરાણે વાતો કરે એ પણ ભૂંડું લાગે છે. યુરોપની એક સામાજિક ટેવ આપણા ઉચ્ચ ભદ્રવર્ગમાં કેળવાતી આવે છે. મહેમાનો સાથે વિનયભરી રીતભાતથી–મીઠાશથી વાત કરવાની જાણે કે તાલીમ જ એ વર્ગનાં બાળકોને આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરી ટાપટીપ સાથે સજ્જ કરેલું વ્યક્તિત્વ બીજાઓ આગળ ધર્યાં કરીને સારી છાપ પાડવાનો–એ દ્વારા કોઈ ને કોઈ હેતુ સાધવાનો–આશય હોય છે. જપાને જગતમાં પોતાનો પગપેસારો મજબૂત કરવામાં સ્ત્રીઓને આ કામમાં યોજી હતી. મુત્સદ્દીગીરીમાં આવી, વ્યક્તિત્વને નિરર્થક, પણ મધુર, વાતચીતનો ઓપ આપવાની રીત ખપમાં લેવાતી હોય છે. હમણાં જ એક નેતાને એક સન્નારીએ વિનયભરી વાત માટે બોલાવ્યા હતા. તે પછી એમના પતિ જાણે અચાનક જ પેલા ભાઈને મળ્યા હોય એમ મુલાકાત યોજાઈ હતી અને તે ભારે કડવાશભરી હોવાનું સંભળાયું છે. પેલા ભાઈને આને માટે જ નિમંત્રણ અપાયું હશે. પણ પછીથી પેલાં સન્નારી સાથે મિત્રતાભરી વાતચીત ગોઠવાઈ અને મહેમાન વિદાય થયા. બીજા જ ક્ષેત્રની વાત કરીએ. આપણે ત્યાં પણ જીવન હવે સરળ રહ્યું નથી, ભારે સંકુલતાઓ પ્રગટી છે. યુવાન સ્ત્રીઓને કોઈ ને કોઈ કામને બહાને જ બીજાઓને મળવાનું બને. ભારે તટસ્થતા જાળવીને કેવળ 'બિઝનેસ' પતાવવાનું હોય એમ વાતો કરતાં કરતાં પણ આશય તો એ બે ક્ષણની સોબતનો રસ લૂંટવાનો હોય એવા દાખલાઓ હવે વિરલ નથી. અન્યથા વાર્તાલાપ કરતાં તો માણસના મૌનમાં ઘણી વાર ઘણી ઘણી વાતો હોય છે. મને એક પ્રસંગ યાદ છે. થોડાંક જુવાન સ્ત્રીપુરુષો સાહિત્યની, કળાની, જીવનની, જગતની વાતોમાં મચ્યાં હતાં. એક સન્નારી મટકું પણ માર્યા વગર મૌન બેસી રહી હતી. કદાચ એ પ્રસંગે એણે જ સૌથી વધુ સંભાષણ કર્યું હતું.

કોણ જાણે પણ મને પોતાને તો ગમે તેવી વાતનો કંટાળો નથી. જેને ચોંટણિયા કહે છે તેથી હું સહેજ પણ ગભરાતો નથી. ભારેમાં ભારે ગુંદરિયા (bores) સામે મને મૂકો, હું તો એનું વાહ્-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુ ગટગટ પીધે જવાનો. એક વાર આવા એક સજ્જનની સોબત હું માણી રહ્યો હતો. ત્યાં મારા ભાઈ અને એક મિત્ર આવી ચઢ્યા. પાંચ મિનિટના સેવનથી જ એ બંને પોતે બેહોશ થઈને પટકાઈ પડશે કે શું એવા ડરથી નાઠા. કલાકેક પછી આવ્યા. અમારી વાતો તો પ્રિયજનોની વાતોની પેઠે ચાલતી જ હતી! મારી એમ. એ. ની પરીક્ષા વખતે ભાઈએ મારો વખત ન બગડે એ માટે 'વખત ન બગાડવા વિનંતી છે' એવું એક પાટિયું દીવાલ ઉપર ટીંગાડેલું. જે મિત્ર આવે તે સહાનુભૂતિ બતાવે: આપણા દેશના લોકોના મનમાં સમયની પવિત્રતા વસતી જ નથી. આપણે ત્યાં તો સવારના પહોરમાં જ જાણે આપણે તૈયાર થઈને એમની રાહ જોઈ બેસી રહ્યા ન હોઈએ એમ ભાઈઓ મળવા ચાલ્યા આવે છે. ભારે તકલીફ છે. આમ મિત્રો કહેતા જાય અને વાતોમાં વખત બગાડવો ન જોઈએ એ વિષય ઉપર જ મારો પા કલાક તો બગાડે. મેં ભાઈને વિનંતી કરીને એ પાટિયું દૂર કરાવ્યું.

વાતોથી કંટાળવાનું કંઈ કારણ! સામે ચાલીને તમારી સાથે વાત કરવા કોઈ આવે એ નસીબ ક્યાંથી? જ્યારે પેન્શનરોને પૂનામાં ટેકરી ઉપર કે અમદાવાદમાં ઝાડ નીચે એકઠા મળીને માખો–તો નહિ પણ વખત–મારતા જોઈએ છીએ ત્યારે થાય છે કે એક વાર જેઓ વર્ગો, કચેરીઓ કે સભાઓ ગજાવતા તેમની જોડે તેમનાં ઘરનાં માણસો પણ વાત કરવાનું ટાળે છે અને સૌ સમદુઃખીઓ આમ આયુષ્ય વીતાવે છે. તમે એમની જોડે એક વાક્ય બોલ્યા તો એને પકડી લઈ તેઓ તમારી સોબતનો પૂરો કસ કાઢવા કરશે. આથી જ મને થાય છે કે કોઈ પણ માણસ આપણા મુખારવિંદને જોઈ બોલવા લલચાય એ એનો આપણી ઉપર ઓછો અહેસાન છે? એમ માનો કે એ આપણી ઉપર એની જાતને લાદવા માગે છે, તો પણ તમારી પાસેથી એ કાંઈ પામી શકે એમ એ માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એ તમારે માટે નાનુંસૂનું પ્રમાણપત્ર છે? વૃદ્ધો કે અકાલવૃદ્ધોની આપકહાણીઓ આપણા કાનમાં ઠલવાઈ તોયે શું? કોઈ દુભાયા-દુણાયા એ ઘડી તમારી આગળ ફોલ્લા ફોડી ગયા તેથી શું બગડી ગયું? કોઈ લાઘવગ્રંથિથી પીડાતો હોય ને તમારી ઉપર થોડીવાર રૂઆબ છાંટી પોતાનામાં આત્મવિશ્વાસ પ્રગટાવી શકતો હોય તો એને એમ કરવા દેવામાં તમારું ગયું શું? ગંગામાં કોઈ પથરા નાંખે, કપડાં ધુએ, કચરો ઠાલવે—એ જો હળવો થતો હોય, નરવો થતો હોય, તો ગંગાનું શું બગડ્યું? સ્ત્રીઓ એમના પતિદેવોના મુખથી ઑફિસોની, બહારની અનેક ખટલાની વાતો ઘણીવાર તો જરીક પણ ચાંચ ન ડૂબે છતાં કેવી અખૂટ ધીરજથી સાંભળ્યાં કરે છે! ઘણી વાર તો આપણું કશું જતું નથી ને સામાને આરામ થઈ જાય છે. એક સાક્ષર વિષે એમને ત્યાં ઊતરેલા એક વિદ્વાને કહેલી એક વાત મને યાદ આવે છે. સાંજે એક ભાઈ મળવા આવ્યા તેવા જ સાક્ષરવર્ય એની ઉપર તૂટી પડ્યા ને કોઈક ચર્ચાસ્પદ મુદ્દા ઉપર બહુ જોરથી ગર્જ્યા. બીજે દિવસે સવારે ઊઠીને મહેમાને એ સાક્ષર-વર્યને કહ્યું કે કાલ સાંજે મળવા આવનાર ભાઈ ને તમે કાંઈ બહુ કહ્યું! સાંભળીને એ બોલ્યા: 'એ તો ઠીક, પણ ઊંઘ મજાની આવી!' આપણે વાતોનો વિસામો ન થઈ શકીએ, પણ આવો આપણો ઉપયોગ થઈ શકતો હોય ને એ રીતે જગતમાં કાંઈક સ્વાસ્થ્ય, શાતા અને સંવાદિતા સ્થપાતાં હોય તો આપણને શો વાંધો?

મને પૂછો તો હું તો વાતોમાંથી જ શીખું છું—એટલે કે માણસ-માંથી. ચોપડીઓ વાંચીએ છીએ તે તો તાળો મેળવવા. બોલતા શબ્દોમાં જે જાદુ છે તે તો જુદું જ છે. સાહિત્યમાં પણ તેથી જ નાટકનો મહિમા છે. એમાં શબ્દને માણસની જીભ ઉપર રણકતો રજૂ કરવામાં આવે છે. હવે, વાતમાંથી શીખવા નીકળ્યા હોઈએ તો આની જોડે વાત થાય ને આની જોડે નહિ, એ કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલવે? આપણને શી ખબર કે કોની જીભ ઉપરથી આપણે માટેનો શબ્દ સરકી આવશે? પરમેશ્વર કોની દ્વારા બોલશે,–કોણ કહે? આપણી પોતાની જાતને ઓળખવા માટે પણ બીજાની વાતોનો ઓછો ઉપયોગ નથી. શિક્ષકો જાણે છે કે જેવા વિદ્યાર્થીઓ એવી પોતાની વાણી. સામેનું માણસ જો તેજસ્વી હોય તો તમારું પણ ઉત્તમ સ્વરૂપ બહાર ઊપસી આવવા પ્રયત્ન કરવાનું જ. ઘણીય વાર આપણને આપણી વાણી સાંભળીને તાજુબી થતી નથી? આ તિજોરીમાં આ ધન કયે ખૂણે આટલા દિવસ પડી રહ્યું હતું એવું આપણને એ વખતે થતું નથી? આ હકીકત જ આપણી સાથે વાત કરનારાઓનું મહત્ત્વ કરવા બસ છે. તિજોરીની કૂંચી તમારી પાસે ક્યાં છે જો? તમારે તો જે માણસ મળે તેની સાથે વાતો કર્યે જવાની અને ક્યારેક એમ હજારો ઝૂડા અજમાવ્યા પછી બનવાજોગ છે કે એકાદ કૂંચી લાગુ પડી જાય. તો તમારા જેવું સદ્ભાગી કોઈ નહિ.

> કોના સાન્નિધ્યમાં હૈયું એવું તો ખૂલી જાય છે,
> જેવું એકાન્તમાં ખૂલે પોતાની પણ પાસ ના?

આ 'કોઈ' તમને મળ્યું તો તમને વાતો કરતાં આવડી.

કેટલીક વાર આ કૂંચી આપણી પોતાની પાસેથી પણ મળી જવાનો ભય છે. સિંહગઢ ઉપર કાકાસાહેબે એકવાર વાસરીમાં લખાવેલું એક વાક્ય મારા હૃદયમાં કોતરાઈ ગયું છે: 'પ્રભુ બહુ દયાળુ છે. ઘણીય વાર એણે મને મારે મોઢે બોધ આપ્યો છે.' માણસ પોતાની જોડે મનમાં વાત કરતો હોય છે તેનું આ દૃષ્ટિબિંદુએ ઘણું મહત્ત્વ ગણાય.

મને ઘણી વાર એમ થાય છે કે માણસ આખો વખત પોતાની જોડે જ તો વાત કરી રહ્યો હોતો નથી? મોં ખોલીને એ બોલે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પણ જેમ પ્રેમી કોઈના પણ અવાજમાં પ્રિયતમાનો સ્વર સાંભળે છે તેમ એ બધાની વાતોમાં પોતાનો જ 'સૂર' સાંભળી રહ્યો હોય છે. માણસનું બધું જ જાણે એક અખંડ આત્મસંભાષણ ન હોય! ક્યારેક તો એ ભાષાને–શબ્દોને પણ છોડી દે છે. શબ્દોનાં ખોખાંમાં એની વાત સમાતી નથી, ઉભરાય છે અને કેવળ સ્વરરૂપે–સંગીત રૂપે એ બહાર આવે છે. સંગીત એ માણસનું આત્મસંભાષણ નથી તો બીજું છે શું? વાતચીતમાં પણ માણસના શબ્દો કરતાં એના અવાજમાં જ મોટા ભાગનો અર્થ સમાયો નથી? ઘણા માણસો બોલે છે ત્યારે એમનું વ્યાકરણ એમના કથિતાર્થમાંથી નહિ પણ એમના અવાજના આરોહઅવરોહમાંથી પામી શકાય છે. કોઈ કોઈ માણસો વાતચીતની હોડીના સઢ પડી જાય છે ત્યારે વચ્ચે સિસોટીમાં ગીત ગાઈ લે છે. ઘરની લાજાળ ઓછાબોલી ઠાવકી કન્યા કોઈ જૂના કે પ્રચલિત ગીતની પંક્તિમાં પોતાની બધી આરજૂ ઠાલવી દે છે. આપણે પોતે બોલીએ છીએ તેમાં કોની હાજરીમાં ગળામાં ઘૂંટડો ગળાઈ જાય છે, આપણા કાબુ બહાર અમુક અસ્પષ્ટ ઉદ્‌ગારો —અવાજો થઈ જાય છે, એ બધું બરોબર ધ્યાનથી જોવા જેવું છે. આપણી છૂપી જાત ક્યારેક 'હું તો આ છું!' એમ કહેતી આબાદ પોત બતાવી દે છે. આમ શબ્દની મદદથી વાત ચાલતી હોય છે પણ કદાચ વાતનો મર્મ તો શબ્દની બહાર જ શોધવાનો રહે છે. એક 'હું!' ઉદ્‌ગારનો જુદા જુદા પ્રસંગોએ કેવો ઉપયોગ થાય છે એનો એકલાએકલા અભિનય કરી જોવા જેવો છે. ગોર્કી કહે છે કે 'હું!' નો અનેક વિવિધ પ્રસંગે અસરકારક ઉપયોગ કરવાની લેનિનને ભારે ફાવટ હતી.

દરેક માણસ એક દ્વીપ જેવો છે. એની આસપાસ વાર્તાલાપનાં મોજાં અથડાયાં કરે છે અને એ રીતે એની એકલતા કાંઈક સહ્ય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ન બને તો વાર્તાલાપ એ કેવળ ઘોંઘાટ છે. એથી બચવા તો માણસ પોતાની અંદર નાસે છે ને પોકારે છે:

મારા અરે મૌનસરોવરે આ,
કો ફેંકશો ના અહીં શબ્દ-કાંકરી.

અને માણસનું મૌન જ્યારે આટલો કચવાટ પણ ન કરે, માણસ પોતાની સાથે વાત કરતો પણ જંપી જાય, ત્યારે તો એના કાનમાં પરમેશ્વર જ વાત કરી રહ્યો હોય છે.

૩ જુન, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત શબ્દ

શબ્દમાં કાંઈક એવું ચેતન છે, જે વડે કેટલીકવાર એ જમાનાઓ સુધી ટકી શકે છે. આજે મુદ્રણયંત્રોની મદદથી એ પોતાની આયુષ્યયાત્રા લંબાવવામાં સફળ થાય એ સમજી શકાય એવું છે, પણ અત્યંત પ્રાચીન સમયમાં જ્યારે લખવાની કળા પણ શોધાઈ ન હતી ત્યારે પણ એ માણસની સ્મરણશકિતની મદદથી એના ગળામાં સુરક્ષિત રહેવા મથતો, એ એની સજીવતા ખરે જ આશ્ચર્યકારક છે. એ સજીવતાને બળે જ ઋગ્વેદની ઋચાઓ હજારો વરસ વટાવીને આપણા સુધી આવી છે.

આપણે ત્યાં મીમાંસકોએ શબ્દ શાશ્વત છે એવો વાદ ચલાવ્યો છે. શબ્દ તો આપણી આસપાસ અવકાશમાં છે જ. બોલીને આપણે આપણા મોઢાના સ્નાયુઓની મદદથી એને અમુક ચોક્કસ આકારમાં સ્ફુટ કરીએ છીએ એવો સ્ફોટવાદ પણ વ્યાકરણના આપણા તત્ત્વવિચારમાં ખેડાયો છે. બાઈબિલ પણ In the beginning was the Word—આરંભમાં શબ્દ હતો, એમ કહી શબ્દનો મહિમા કરે છે.

પણ આપણે શબ્દબ્રહ્મની શાશ્વતતાનો વિચાર કરવા કરતાં આપણા અનુભવમાં શબ્દનો જે સંસાર આવે છે તેનું સ્વરૂપ સમજવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કરીએ. આ પૃથ્વીતલ ઉપર રોજના કેટલા શબ્દો બોલાતા હશે? અવાજ ન કરે એવું હવાઈ જહાજ શોધાય અને એમાં બેસીને આપણે પૃથ્વીની સપાટી ઉપર થોડેક ઊંચે ઊડતાં ઊડતાં ચારોમેર પૃથ્વીની પ્રદક્ષિણા કરી વળીએ તો આપણને એક વાત જરૂર સમજાઈ જાય કે માનવજાતની દિવસભરની પ્રવૃત્તિઓના તુમુલ કોલાહલો કે રાત્રિ-રંગની રાગિણીઓ—એ માત્ર તુચ્છ બબડાટ કરતાં કાંઈ જ વિશેષ નથી. અને છતાં આપણે આપણા ભોગે સારી પેઠે જાણીએ છીએ કે રોજ ને રોજ એકાદ વાક્ય એવું ઉચ્ચારાયું હોય છે કે ક્યાંક જતો એનો ભયંકર પડઘો પડ્યો હોય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે—પ્રજા પ્રજા વચ્ચે શબ્દના એકાદ તણખાથી ભારે દાવ નળ પ્રગટી ઊઠ્યો હોય છે. આપણા રોજના અનુભવની વાત છે કે આપણને રસ્તામાં કોઈએ ઊભા રાખીને કહેલા બે શબ્દ સ્વપ્નામાં પણ શાતા સીંચી રહે છે, અને કોઈ વાર કોઈએ કહેલા સણસણતા શબ્દોના સોળ મનની પીડ ઉપરથી દિવસો સુધી જતા નથી. આ તો માનવજાતનાં અલ્પ જલ્પનોની વાત થઈ. પણ આપણને ખ્યાલ પણ ન હોય તેમ ક્યાંક કોઈ ધર્મવીર જીવનનાં સત્યો એવી સોંસરી વાણીમાં વેરી રહ્યો હોય છે, કોઈક ખૂણે એકાદ સર્જક કવિ માનવજીવનના મર્મો એવી આનંદ-થી ઊછળતી વાણીમાં રેલાવી રહ્યો હોય છે કે એમના એ શબ્દો એમની પાસેના સમુદાયથી સંતોષ ન પામતાં, વધુ ને વધુ હૃદયો સુધી પહોંચવા મથી રહે છે. પ્રાચીન સમયમાં લોકો આવાં વચનોને કંઠે કરી લેતા. ઘણુંખરું એ વચનો જરી લલકાર સાથે ઉચ્ચારી શકાય એવાં વિશેષ આકર્ષણવાળાં પણ હતાં. પછી લખવાની કળા શોધાઈ એટલે તો શબ્દને જાળવવાનું વધુ સહેલું બન્યું. શબ્દનો પ્રવાસ પણ શક્ય બન્યો. આપણે ત્યાં હસ્તલિખિત પોથીઓની હરફર જરી આશ્ચર્ય ઉપજાવે એવી જોવા મળે છે. હજારેક વરસ પૂર્વે આબુ પાસે બેઠેલા આચાર્ય હરિભદ્ર દૂર મગધમાંના પોતાના સમકાલીન વિદ્વાનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારોની નોંધ લઈ તે ઉપર પોતાનું મનન રજૂ કરે છે, જાણે આજનો રેલગાડી અને વિમાનનો જમાનો ન હોય ! મુદ્રણયંત્રે આવીને શબ્દના પ્રચારની અને તેના દીર્ઘાયુષ્યની શક્યતા અત્યંત વધારી મૂકી. માનવજાતિના હિતમાં થયેલી સૌ યાંત્રિક શોધોમાં સર્વવ્યાપી ચક્ર (પૈડા) પછી જ મુદ્રણકળા–ખાસ કરીને છૂટા ટાઈપ–ની શોધ લેખાય છે. એક રીતે જોઈએ તો મુદ્રણયંત્રો બાબરાભૂતની પેઠે કામ માગતાં હોઈ તેમની પાસેથી પાર વગરના છપાયેલા શબ્દો દુનિયાને મળે છે અને એ શબ્દોનો ગંજ જાણે પોતાના ભારથી જ પોતામાં રહેલી સજીવતાનો ધ્વંસ કરી રહે છે. પણ જે શબ્દોમાં સાચી જીવનશક્તિ રમુરી રહી હોય છે, તેને મુદ્રણકળા જરૂર લાંબા આયુષ્યનું વરદાન આપે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રનો ઉદ્ધાર આ સદીના આરંભમાં એક જૂની હસ્તપ્રત મળી આવતાં થયો. એ પ્રત ન મળી આવી હોત તો ? મુદ્રણકળાથી એટલું જરીક વધારે આશ્વાસન રહે છે કે જે અનેક પ્રતો છપાઈ તેમાંથી કોઈ ને કોઈ ક્યારેક યોગ્ય અધિકારીના હાથે ચઢતાં પુનર્જીવન પામશે. મોર્ગનના ફૉલ્સ્ટાફ ઉપરના નિબંધની અને ઓમર ખય્યામના ફિટ્ઝરાલ્ડકૃત અનુવાદની છાપેલી નકલો સેકન્ડહેન્ડ ચોપડીઓ વેચનારાઓ પાસેથી અંગ્રેજ વિવેચકોના હાથ સુધી પહોંચી અને પછી પુનર્જીવિત થઈ યોગ્ય અર્ચના પામી શકી.

આમ, પ્રતિભાસંપન્ન લેખકનો શબ્દ એની અનંત યાત્રાએ નીકળે છે અને યુગે યુગે–પેઢીએ પેઢીએ નવા નવા વાચકસમુદાયોને પોતાના ચેતનસ્પર્શથી પુલકિત કરતો કાળના પ્રવાહમાં સર્યે જાય છે.

આ અનંતયાત્રી શબ્દના સંસારમાં એક છેડે લેખકનું મહત્ત્વ છે, તેવું જ બીજે છેડે વાચકનું મહત્ત્વ છે. અને આજની આપણી સમાજરચનામાં લેખકવાચક વચ્ચે પ્રકાશક, મુદ્રક, ગ્રંથવિક્રેતા, ગ્રંથપાલ (લાયબ્રેરિયન) એ પણ અત્યંત મહત્ત્વની કડીઓ લેખાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દના આ બૃહત્ સંસાર સાથે મને લેખક તરીકે પરિચય છે તે કરતાં અનેકગણો વધારે-અને વધારે મહત્ત્વનો-વાચક તરીકે છે. એટલે એક વાચક તરીકે જ વાત કરું. અમદાવાદ ભણવા માટે આવ્યો તે પહેલાં ઈડરમાં જેટલાં પુસ્તકોના સંબંધમાં આવેલો તેમાં સૌથી આકર્ષક મારે મન કોઈ પુસ્તક હોય તો તે હેડમાસ્તરના ટેબલ પર પડી રહેતું એન. એમ. ત્રિપાઠીનું વિસ્તૃત સૂચિપત્ર. એ પુસ્તક મારે માટે જાદુઈ ખજાનારૂપ હતું. કેટકેટલાં સુંદર પુસ્તકોનાં અને એના કર્તાઓનાં શુભનામ એમાં હતાં! ત્યાં રહ્યે—એ વખતે—એ પુસ્તકોના દર્શનની આશા ન હતી, તો એના કર્તાઓના દર્શનનો તો સંભવ જ ક્યાંથી ? રોજ અમદાવાદથી ગાડી આવતી અને જતી: હું જ્યારે પણ અમદાવાદ જવાની મને તક મળે ત્યારે ગજવામાં જેટલા પૈસા હોય તેટલાનાં-દસ હોય તો દસનાં—પાંચ હોય તો પાંચનાં—ક્યાં ક્યાં પુસ્તકો લેવાં તેની યાદીઓ સાથે તૈયાર હતો. ખરેખર અમદાવાદ આવ્યો તે પછી પણ પુસ્તકોની તૃષા શમી તે ગુજરાત વિદ્યાપીઠના સમૃદ્ધ પુસ્તકાલયને જોઈને. પ્રથમ વાર જ મેં કબાટમાં પૂર્યા વગરનાં ખુલ્લા ઘોડાઓ ઉપર પુસ્તકો જોયાં. તમારા દિલમાં આવે તે પુસ્તક ઉપાડો. એ દિવસનો અનુભવ હું કદી વીસરી શકીશ નહિ. મને થયું માણસનો આટલો બધો વિશ્વાસ પણ કરવામાં આવે છે ખરો! મને બરોબર યાદ છે, યાન્કો લાવરીનનું ડોસ્ટોયેવ્સ્કી ઉપરનું પુસ્તક ઉપાડીને કેટલાંક પાનાં મેં વાંચી નાંખ્યાં. લાવરીન શું ને ડોસ્ટોયેવ્સ્કી શું ? પણ એમાંનું કાંઈ સમજવાની મારે ઓછી જ જરૂર હતી ?—હું તો મારે પુસ્તકોની આ મહાન ખુલ્લી જાફતમાં હાજર થઈને જે હાથ પર ચઢ્યું તેનો ઉત્સાહપૂર્વક—ઉલ્લાસપૂર્વક સ્વીકાર કરી રહ્યો હતો. કોલેજની શિષ્યવૃત્તિના પ્રથમ પૈસા મળતાં જ જાગુષ્ટેને ત્યાં જઈ 'ગીતારહસ્ય' અને નવજીવનમાંથી 'કાલેલકરના લેખો' ૧, ૨ અને 'ઈશુનું બલિદાન' ખરીદ્યાં-અને ધીમે ધીમે ખરીદવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેવ પણ પડી. જો કે એમાં હું ઉડાઉપણા સુધી પહોંચી શક્યો નથી. બહુ થોડા અનુભવે જ મેં એક શોધ કરી કે દુનિયાના ઉત્તમ ગ્રંથો બહુ નથી. સ્વભાષાના અને સંસ્કૃતના તેમ જ અંગ્રેજી અને અંગ્રેજીમાં અનુવાદેલા યુરોપીય શિષ્ટ ગ્રંથો એક બે કબાટમાં સમાઈ જાય. આને અંગે એક સૂચના પણ હું આપી શકું: આ પુસ્તકો દેખાય એ રીતે રાખો તો પણ એમને અંગે કોઈની કુદૃષ્ટિનો ભય સેવવાની જરૂર નથી. જવલ્લે જ કોઈ એવું મળશે, જે એ પુસ્તકોમાંથી એકાદ ઉછીનું માગવા લલચાય.

પુસ્તકો વાંચવાનો—તેમ જ પુસ્તકો વસાવવાનો પણ—રોગ હોય છે. કલાપીએ ગાયું છે: 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી.' પણ એ બની શકતું નથી. મહાનમાં મહાન પુસ્તકો પણ જીવનનો વિરાટ ગ્રંથ ઉકેલવાની બારાખડી શીખવવાથી વધારે મદદ કરી શકે એમ નથી. પુસ્તકોદ્વારા આપણી પૂર્વેના મહાજનોના અનુભવોનો આપણે લાભ લેવા માગીએ છીએ, પણ એમણે નિરૂપેલાં સત્યોનો આંતરબાહ્ય જીવનમાં તાળો મળે ત્યારે જ આપણે માટે તે અનુભવ બને છે. આ દૃષ્ટિ સિવાય પુસ્તકો વાંચ્યે જવાં એ કદાચ અનુભવથી ભાગવા જેવું છે. આપણા યુગમાં સમયમારક પુસ્તકો (ટાઈમકિલર્સ) પણ યોજાય છે જ. પુસ્તકો ખરીદ્યે જવાની વૃત્તિ પણ ઘણી વાર સ્ત્રીઓમાં જોવા મળતી ઘરેણાં, કપડાં ખરીદવાની વૃત્તિ જેવી હોય છે. કોઈક જ પ્રો. અરવિંદ ઘોષ જેવા હોય છે, જેમની જ્ઞાનભૂખ એવી હોય કે રેલ્વે પાર્સલોથી જ (તેઓ વડોદરામાં હતા ત્યારે) પુસ્તકો મંગાવવાં પડે. શણગાર માટે પુસ્તકો વસાવનારાઓ સારુ અમેરિકાએ ઠીક તરકીબ શોધી છે. સુંદર કબાટોમાં ચામડાની બંધાઈ અને પીઠ પર સોનેરી નામવાળાં પુસ્તકો શોભતાં હોય. માત્ર તમે જો ખોલીને ખેંચો તો એ બંધાઈ અને નામવાળું ખોખું જ બહાર ધસી આવે. અંદર પુસ્તકનું પાનું પણ ન મળે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ ભાડાનાં ઘરમાં રહે છે તેમને, ગમે તેટલો પુસ્તકશોખ હોવા છતાં, ક્યાંક પણ એની ખરીદી ઉપર અંકુશ મૂક્યા વગર ચાલશે નહિ. મુંબઈમાં મારા એક મિત્ર છે જેમને પુસ્તકોએ પેલા આરબને ઊંટે જેમ પોતે ધીમે ધીમે તંબૂમાં સરકીને બહાર ધકેલી મૂક્યો હતો એમ બહાર કાઢી મૂક્યા જેવું કર્યું છે! અને બીજી વાત પણ છે. સંસારશાળામાં બેસીને જેમ જેમ જીવનનો મહાગ્રંથ ઉકેલવાની ટેવ વધતી જાય તેમ તેમ ગમે તેવાં પુસ્તકો પણ કાંઈક ફીકાં લાગવા માંડે છે. જીવનમાં એવી પળો નથી આવતી, જ્યારે કોઈ પણ પુસ્તક તરફ વળવાથી મન માનતું નથી? મારા પૂરતું મેં જોયું છે કે યોગ્ય વખતે યોગ્ય પુસ્તક જ મારા માર્ગમાં આવ્યું છે. કદાચ એમ પણ હોય કે મન જે મળ્યું તેમાંથી જોઈતું પોષણ મેળવી લેતું હોય. વાચનમાં વિસ્તાર કરતાં ઊંડાણ વધારે ઇચ્છવાજેવું છે અને કોઈ એક મનમાં વસી ગયેલું પુસ્તક અંતરે અંતરે થોડાંક વરસે વાંચવાથી એમાંથી વધુ પામી શકાય છે અને આપણું પોતાનું માપ પણ મળતું રહે છે. જેઓ થોડાંક પુસ્તકોથી ચલાવી શકે છે તેઓ ખરે જ નસીબદાર છે. કાંઈ નહિ તો કોઈ સમૃદ્ધ જાહેર પુસ્તકાલયથી સંતોષ મેળવવાનું શીખી લેવું એ જરૂરી છે, અને માણસ પોતા પૂરતું ગીતા—અને તે પણ ગળામાં—રાખે એ જ મને સગવડભર્યું લાગે છે.

પણ આપણી સગવડનો વિચાર બીજાઓ ક્યાં કરે છે? બર્ટ્રાન્ડ રસેલ, શો કે હક્સલી, રાધાકૃષ્ણન્ કે શ્રીઅરવિંદ કાંઈક પુસ્તક આપે એટલે પહેલી તકે જ તમારે એ લઈ આવ્યે છૂટકો. ઓછામાં ઓછું, સમયની સાથે તો તમારે રહેવું જ જોઈએ.

પ્રકાશકો—તમારા આરામ અને તમારા પૈસાના દુશ્મનો—સદા તમારે માટે તકલીફ ઊભી કર્યે જ જતા હોય છે. તમે ન વાંચો તો વંચિત રહી જાઓ એવું કાંઈ ને કાંઈ જાદુગરના સસલાની પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વંચિત રહી જાઓ એવું કાંઈ ને કાંઈ જાદુગરના સસલાની પેઠે તેઓ કાઢયે જ જાય છે. કોઈ નવીન શકવર્તી પુસ્તક હોય, કાં તો કોઈ નવા જ વિષયનું ઉદ્ઘાટન હોય, કાં તો પ્રાચીન જ્ઞાન-વારસાનું નવીન સંકલન કે નિરૂપણ હોય—હિંદની ગીતા અને ઈશરવૂડની પ્રસ્તાવના એવો ઘાટ કર્યો હોય, તમે ક્યાં જાઓ? એ પુસ્તકો તમારે માથે વાગ્યાં જ. અને એ બધા માટે પ્રકાશક પ્રત્યે તમારે ઉપરથી ઋણભાર અનુભવવાનો!

સાચો પ્રકાશક જ એ, જે વાચકના પૈસા પડાવવા નહિ પણ વાચકને ઋણી બનાવવા પ્રવૃત્ત થયો હોય. તે સાચા અર્થમાં પ્રકાશક—પ્રકાશ પાડનાર હોય. મેકમિલનની પેઢીનો ઇતિહાસ આ દૃષ્ટિએ વાંચવા જેવો છે. ફ્રેઝરના શાસ્ત્રીય ગ્રંથ 'ગોલ્ડન બાઉ'ને પ્રગટ કરવાની તરત જ એણે હિંમત કરી. ફ્રેઝરે ઊંચક સો પાઉન્ડ માગેલા તેને બદલે અરધી ભાગીદારીની શરતો એણે આપી અને તે પેટે અગાઉથી સો પાઉન્ડ પણ આપ્યા. આ પુસ્તક છપાતાં જ ગૌરવગ્રંથ રૂપે પંકાયું. પછી આગળ એના સત્તર ભાગ થયા. બધા જ મેકમિલને પ્રકાશિત કર્યા. પણ એમાંથી એને પ્રાપ્તિ ન થઈ. બધા ભાગના સારરૂપ એક પુસ્તક પ્રગટ કર્યું તેમાંથી કાંઈક થઈ. પણ આ પુસ્તકે એ નવા જ વિષયમાં રસ પ્રગટાવ્યો અને એને લગતાં અનેક પુસ્તકો મેકમિલને બહાર પાડયાં. આમ લાંબે ગાળે નફાનુકશાનનો હિસાબ જોતા દીર્ઘદૃષ્ટિ પ્રકાશકો જ આવા પુસ્તકને પ્રકાશમાં લાવી શકે.

જેમ પુસ્તકાલયનો ગ્રંથપાલ એ સર્વજ્ઞ જેવો હોય છે, તે તે વિષયના અધ્યાપકને પણ દોરવણી આપી શકે એટલી માહિતી ધરાવ-નારો હોય છે, તેમ પ્રકાશક પણ લેખકોના જેટલો જ સમાજ-હિતૈષી હોઈ શકે છે. ઊંચી ભાવનાવાળો લેખક જેમ લોકસંગ્રહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ જ કલમ ઉપાડે છે, તેમ ઊંચી કોટિનો પ્રકાશક પણ લોકસંગ્રહની દૃષ્ટિએ જ પોતાનું પ્રકાશનકાર્ય કરે છે. આવો લેખક જો સમાજના ગુરુસ્થાનનો અધિકારી નીવડે છે, તો આજે આવા પ્રકાશકનું સ્થાન પણ કયાંક એની નજીકનું છે. છેલ્લાં થોડાંક વરસોમાં ગોલેંક્ઝે કાંઈક આવું જ સ્થાન શોભાવ્યું. ફેબર એન્ડ ફેબરના સંચાલકે પોતે કવિતા લખવા કરતાં બીજાઓની કવિતાનું પ્રકાશન કરવાનું પોતાનું કાર્ય જોયું. (અંગ્રેજી અદ્યતન કવિતાના એ પુરસ્કર્તાએ પોતાનાં કાવ્યોનો પણ 'ધ બેરીડ સ્ટ્રીમ'–લુપ્ત સરસ્વતી– નામે સંગ્રહ પ્રગટ કર્યો છે.)

પરદેશી પ્રકાશક સંસ્થાઓ પોતાના ગુરુ–કર્મની જવાબદારી બરોબર ઉઠાવી શકાય તે માટે એકાદ વિદ્વાન સલાહકાર(રીડર)ની મદદ લે છે અને છાપવા આવેલા પુસ્તક વિષે એનો અભિપ્રાય મેળવ્યા પછી પોતે નિર્ણય ઉપર આવે છે. મૅકમિલનના સલાહકાર તરીકે જ્હોન મોર્લિ જેવા તત્ત્વજ્ઞ રાજપુરુષ હતા, શેટો એન્ડ વિન્ડસના સલાહકારપદે મેરિડીથ જેવા વિદ્વાન નવલકથાકાર હતા અને આજે ફેબર એન્ડ ફેબરના એક ડિરેક્ટર તરીકે ટી. એસ. એલિયેટ છે. આ પદ્ધતિથી નવા ઊગતા લેખકોને મહાન નિષ્ણાતોના અભિપ્રાયનો લાભ મળવા સંભવ છે. હાર્ડીએ પોતાની આરંભની ત્રણ નવલકથાઓ મૅકમિલનને મોકલી હતી અને મોર્લિએ સર્જનકાર્યમાં આગળ ધપવાની સલાહ સાથે તે પાછી વાળવા મૅકમિલનને સૂચવ્યું હતું. બર્નાર્ડ શોની નવલકથાઓને પણ મોર્લિએ પાછી જ મોકલવા સૂચવ્યું હતું. નવાઈની વાત તો એ છે કે ઘુમાખીખોર લેખાતા શોએ છવ્વીસ વર્ષની ઉંમરે પણ એ અસ્વીકારને સ્મિતપૂર્વક વધાવી લીધો હતો. કોનરેડના પત્રો પ્રગટ કરતાં પ્રસ્તાવનામાં એડવર્ડ ગાર્નેટ નોંધે છે કે પોતે રીડર તરીકે પ્રકાશકને કોનરેડની નવલકથાઓ પ્રગટ કરવાની સલાહ આપ્યે જતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સલાહને અનુસરી કોનરેડની કથાઓ પણ પ્રગટ કર્યે જતો. દસ ઉપરાંત પુસ્તકો આ રીતે પ્રગટ થયાં, તે પછી કોનરેડ વિશ્વ-વિખ્યાત બન્યો. આવા દાખલામાં મુખ્યત્વે પ્રકાશકને જ બધું શ્રેય ઘટે છે.

પ્રકાશક એક બાજુ લેખકના અને બીજી બાજુ વાચકોના હિતને દૃષ્ટિમાં રાખીને પોતાની પ્રવૃત્તિ ચલાવે એ સાથે સાથે એણે એ તો જોવાનું જ હોય છે કે પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર ક્યાં છે તે બજારમાં એ પગભર થઈ શકે. પ્રકાશનપ્રવૃત્તિ જો બજારની દૃષ્ટિએ સધ્ધર ન હોય, બજારમાં જો એ પોતાનાં મૂળિયાં નાંખી ન શકે તો એનાં ફળ વાચકસમુદાયને આપવાની સંભાવના જ જોખમાય. પણ આને માટે પણ બજારની ગળાકાપુ રીતો જ અખ-ત્યાર કરવી એ અનિવાર્ય જરૂરિયાત નથી. લાંબી દૃષ્ટિ અને ઊંચી દૃષ્ટિ અહીં પણ કાર્યક્ષમ નીવડે છે. મેકમિલને બૂકસેલરો ચોખ્ખી (નેટ) કિંમતે પુસ્તકો વેચે એ પ્રવૃત્તિ માટે પ્રયાસ કરી જોયો અને તેઓ ન માન્યા ત્યારે પોતાનાં નવાં પુસ્તકો તો ચોખ્ખી કિંમતે જ મળે તે માટે આગ્રહ રાખ્યો. આવાં પુસ્તક માટે કોઈ પ્રકાશક લોકપ્રિય ગરમાગરમ નવલકથાની પસંદગી કરે, પણ મેકમિલને અર્થ-શાસ્ત્રી માર્શલની અર્થશાસ્ત્રપ્રવેશિકા પ્રસિદ્ધ કરી. એની ગણતરી લાંબી હતીઃ આપણું પુસ્તક એવું હોવું જોઈએ કે દરેક બૂકસેલરને વસાવ્યા વગર છૂટકો જ નહિ અને ભાષાના ઉત્તમ ગૌરવગ્રંથોમાંનું એક એ હોવું જોઈએ. માર્શલના પુસ્તકની આવૃત્તિઓની ખરેખર એક ધારા જ ચાલી.

આમ પ્રકાશક અને વાચકનો સંબંધ ખરે જ મહત્ત્વનો અને ઊંડો છે. પ્રકાશકોએ એ પૂરો સમજવો જોઈએ અને પોતાની તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરી જવાબદારીપૂર્વક એ સંબંધ પાળીને સમાજના એક અગ્રણીપદનો પોતાનો અધિકાર સ્થાપવો જોઈએ.

બંગાળમાં બંકિમચંદ્ર, રવીન્દ્રનાથ, દ્વિજેન્દ્રલાલ, શરચ્ચંદ્ર આદિનાં સમગ્ર લખાણો જૂજ કિંમતે મોટા દળદાર બે હારમાં છાપેલા ગ્રંથોમાં સુલભ થયાં છે. આપણે ત્યાં પણ એ રીતે થાય તો પ્રકાશકોએ લોકવિદ્યાપીઠનું કાર્ય બજાવ્યું ગણાય.

૧ માર્ચ, ૧૯૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિત્રતાની કલા

કેટલાક માણસો એવા નથી હોતા, જેમની સંગતમાં કોઈ અપાર્થિવ સંગીતનો અનુભવ થાય છે? ઘડી અધઘડી એમની પાસે બેસીને ઊઠીએ છીએ ત્યારે જાણે કોઈ સંગીતના ઉત્સવમાંથી બહાર આવતા હોઈએ એવું, કોઈ સ્વચ્છ પાણીના ઘરામાંથી બહાર નીકળતા હોઈએ એવું જાણે આપણા મનને લાગે છે.

આવા માણસો પાસે આપણે જઈએ છીએ ત્યારે એ બોલ્યાં જ કરે છે એવું નથી, ઘણી વાર તો આપણને આખો વખત બોલવા દે છે. તેમ એ સૂની આંખે આપણા શબ્દો પર ઉપલક ધ્યાન આપતા રહી, મોંએ મૌનનો તોબરો ચઢાવી પોતાના વિચારોના ચણા જ ચાવ્યાં કરતા હોય છે એમ પણ નહિ. કેટલીક વાર એમની વાગ્ધારા અસ્ખલિત આપણા હૃદયપટ ઉપર ધસમસતી વહી રહે છે અને વિસ્મયવિસ્ફારિત નયને આપણે જ મૌન રહી એમની સામે તાકી રહીએ છીએ. 'તમને જ કહું છું' એમ દરેકને કહેતી સસ્તી આત્મીયતા એ દાખવતા નથી, તેમ નથી એ આપણને એમની ને આપણી વચ્ચે વાર્તાલાપની વાડ રચી દઈ દૂર ને દૂર રાખતા. એમની વિદાય લઈએ છીએ ત્યારે આપણને પૂરો ખ્યાલ પણ આવે છે કે ઘરાનાં પાણી કેવાં ચોમેરથી આપણને વીંટળાઈ વળ્યાં હતાં અને આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતર-દેહનું એકએક છિદ્ર કેવી નિર્-મળતા અનુભવી રહ્યું છે. શબ્દસુરાવટ દ્વારા વહી રહેલા એમના હૃદયસંગીતના ઉત્સવમાંથી નીકળીએ છીએ ત્યારે જ, આપણી શી વલે થઇ છે તેનો આપણને કાંઇક ખ્યાલ આવે છે: આપણું પોતાનું હૃદય ગાઇ રહ્યું હોય છે. પેલા માણસે જાણે શબ્દની અંગુલિ વડે આપણા હૃદયના તારે-તારને ઝણઝણાવ્યા ન હોય! આપણું હૃદય પણ ગાઈ શકે છે—એ ચમત્કાર અનુભવી આપણે એમની વિદાય લઈએ છીએ.

એ તાજગી, એ ગુંજન, આપણે એમની પાસેથી ચાલ્યા જઈએ તે પછી પણ ઠીકઠીક સમય સુધી આપણા અંતરને વળગી રહે છે. અને દિવસો પછી—વરસો પછી પણ એનું સ્મરણ અંતરને ભરી દે છે.

આવા માણસ માટે આપણને થાય છે કે મિત્રતાની કલા એને સિદ્ધ છે.

હા, મિત્રતા એ કલા છે, જેમ લગ્ન એ કલા છે. લગ્ન એ કાંઇ કુદરતે નિર્મેલી વસ્તુ નથી, માણસની સરજત છે. કુદરતને તો માનવ-જાતિનો તંતુ ચાલ્યાં કરે, તૂટે નહિ, એટલો જ સ્ત્રીપુરુષમાં રસ છે; પણ માણસે પોતાની તરફથી લગ્નસંસ્થાનું નિર્માણ કર્યું. એ જ રીતે, કુદરતને તો એટલું જ જોઈએ છે કે માણસ ટોળામાં રહે અને ટકી રહે; અંદરઅંદર સૂક્ષ્મ સંબંધોનું જાળ રચે, મિત્રતા વિકસાવે, એ એને માટે અનિવાર્ય જરૂરિયાત નથી. માણસની ટોળાવૃત્તિ હરીફ ટોળા સાથે યુદ્ધે ચઢવામાં પણ પરિણમી છે, તેમ છતાં સાથેસાથે પોતાના ટોળામાં જેમની સાથે પોતે ચાલે છે તેમનામાંથી કેટલાક જોડે એ અસાધારણ સુકુમારતાથી વર્તતાં પણ શીખ્યો છે. એક બાજુ એની યુયુત્સા—યુદ્ધખોરી વધી છે, તો બીજી બાજુ એનો મૈત્રી-ભાવ પણ ખૂબ ખીલ્યો છે. આ મૈત્રીભાવ તે જીવનસંગ્રામમાં ટકી રહેવા માટેની લાભદાયી ગોઠવણ, હિતોપદેશ-પંચતંત્રમાં રાજનીતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભાગ રૂપે નિરૂપેલો 'મિત્રલાભ'જ નહિ, એક રાજ્યને પોતાના અસ્તિત્વ અર્થે અન્ય રાજ્યો સાથે બાંધવો પડે છે એવો મૈત્રીસંબંધ જ નહિ, પણ એક માણસના હૃદયનું અકારણે અને અનાયાસે બીજા માનવહૃદય પ્રત્યેનું અભિસરણ. આવો મૈત્રીભાવ એ માણસે કેળવેલી એક અનોખી કલા છે.

सतां हि सख्यं साप्तपदीनमाहुः ।—સજ્જનો તો સાત ડગલાં સાથે ચાલે એટલે એકના પગમાં બીજાના હૃદયની આંટી પડી જ સમજવી, બંને મિત્રો થઈ ગયા સમજવા. લગ્ન વખતે સપ્તપદીનો—સાત ડગલાં વરવધૂ સાથે ચાલે એનો વિધિ હોય છે તે આ મૈત્રીના ઉદયના પ્રતીકરૂપે હોય છે. લગ્ન અને મિત્રતા-માણસે વિકસાવેલી એ બંને કલાઓ કેવી પાસેપાસેની છે, સરખી છે! શેક્સ્પિયરે પણ અમસ્તું નથી કહ્યું કે 'મૈત્રી એ બે ઉદાત્ત માનસોનું લગ્ન છે!' આપણા મણિલાલ ન. દ્વિવેદી જેવા મૈત્રી માટે તલસતા આત્માએ તો મૈત્રી અને લગ્ન વચ્ચે અભેદ ઝંખ્યો છે. પોતાના આત્મવૃત્તાંતમાં એ કબૂલ કરે છે કે પોતાની શોધ મિત્ર મેળવવા માટે રહી છે, પોતાના હૃદયનું રસબિંદુ બની રહે એવો મિત્ર મળે—અને તે પણ સ્ત્રી હોય અને તે વળી પોતાની પરણેલી સ્ત્રી હોય તો કેવું—એ ઝંખના એમણે અત્યંત તીવ્રપણે અનુભવી છે. 'કમ્પેનિયનેટ મૅરેજ'-માં પતિપત્ની એકમેકનાં સાથી હોય એવો ખ્યાલ છે, બંને વચ્ચે ગાઢ મિત્રતાનો સંબંધ હોવો જ જોઈએ એવું નથી. પણ કાલિદાસનો અજ ઇન્દુમતીને સખી મિથઃ એકમેક સાથેના સંબંધમાં પત્ની મિત્ર સમી હતી એવું કહે છે ત્યારે પતિપત્ની વચ્ચે કેવા ગાઢ મૈત્રીભાવની અપેક્ષા રહે છે તેનો અણસારો મળે છે. આપણે ત્યાં સ્નેહલગ્ન અને લગ્નસ્નેહનું મનભર ગાન ગાનાર કવિવર નાનાલાલે કવિતામાં પત્નીને માટે 'સખી!' એવું સંબોધન પ્રચારમાં મૂક્યું એમાં કેટલું બધું ઔચિત્ય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તમારા મિત્ર માટે તમારા પતિ કે પત્ની હોવું એ ફરજિયાત તો ન જ હોવું જોઈએ. તમારી જાતિના હોવું એ સામી વ્યકિતનો શું એવડો મોટો ગુનો છે કે તમારા હૃદય સુધી એ પહોંચી શકે જ નહિ? ઊલટું તમે પુરુષ હો તો સ્ત્રીઓ તમારા હૃદય સુધી પહોંચે એમાં તમે કાંઈ પરાક્રમ કર્યું એમ ભાગ્યે જ કહેવાય; પુરુષો પહોંચી શકે ત્યારે કાંઈક મોટી વાત બની એમ ગણાય. મને ઘણી વાર થાય છે કે કુદરતે બે જાતિની રચના કરી છે એ કેટલું બધું સારું થયું છે: માણસ દુનિયાની અર્ધી વસ્તી તરફ તો અનાયાસે ખેંચાણ અનુભવી શકે છે!

તો, પોતાની જાતિની વ્યકિતઓ પ્રત્યે આકર્ષણ અનુભવવું એમાં જ કાંઈક કીમિયો કર્યા જેવું તો ગણાય કદાચ, મિત્રતાની કલા, એની પરાકાષ્ઠાએ પહોંચેલી, સજાતીય વ્યકિતઓ વચ્ચે જ જોવા મળતી હશે. સ્ત્રીપુરુષસસંબંધ અને મૈત્રીસંબંધ એ બંને પોતપોતાની રીતે માણસના વ્યકિતત્વના વિકાસમાં કેવો વિશિષ્ટ ફાળો આપી રહે છે તે પણ કદાચ આવા દાખલામાં જ જોવા મળે. રોમેં રોલાંના 'જ્યૉં ક્રિસ્તોફ'ની કથાના સ્થાપત્યમાંથી જે એક વાત તરત આગળ તરી આવતી મને ભાસી છે તે કહું? ક્રિસ્તોફ એક પ્રાણના ઉદ્રેકથી તરવરતો પટુકરણ પ્રતિભાશાળી સંગીતી છે. કૌમારના ઉંબરમાં પગ મૂકતાંની સાથે અને પછી સારાય યૌવનકાળમાં અનેક અને વિવિધ સ્ત્રીઓના ઘનિષ્ઠ પરિચયમાં એ આવે છે. કેટલી સ્ત્રીઓ, અને કેવા મોહક વ્યકિતત્વવાળી સ્ત્રીઓ! બધી જ એને ઘડે છે, કહો કે પશુમાંથી માણસ બનાવે છે. પણ તદ્દન કિશોરાવસ્થાનો એક ગોઠિયો બાદ કરીએ તો, ક્રિસ્તોફને મિત્ર તો એક જ છે, પૅરિસમાં છેક ઉપરને મજલે કાતરિયામાં જે મેધાશાળી ફ્રેંચ યુવકની સાથે પોતે એકાદ દસકો રહ્યો તે, એન્તોઇનેતનો ભાઈ. ક્રિસ્તોફની ને એની વચ્ચે બુદ્ધિના અખાડામાં કેટલી કુસ્તી ખેલાઈ છે! બંનેની વચ્ચે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી આવીને ખડી રહે છે. ક્રિસ્તોફ ખસી જાય છે. ક્રિસ્તોફ માની આખર અવસ્થાનું જાણતાં વતન જાય છે ને શોકમૂઢ બને છે ત્યારે પેલો મિત્ર પાછળ પાછળ આવી પહોંચી એકાએક કેવો આશ્વાસનરૂપ બને છે! પોતાને કારણે ઠંડીથી દેહ છોડનાર પડોશી સ્ત્રી માટે અથવા તો જેને માટે અખૂટ અને અદમ્ય આકર્ષણ અનુભવેલું એ એનાના ગિરજાઘર પાસે સંચરતા જીવતા શબ માટે જેનું રૂંવાડું પણ ફરકતું નથી—અથવા કહો કે એ પ્રસંગોને જે પી જઇ શકે છે, તે ક્રિસ્તોફ પેરિસના શેરીયુદ્ધમાં મિત્રનું મૃત્યુ થતાં રસ્તે ખેતરોની માટીમાં રગદોળાતો કેવું હૈયાફાટ આક્રંદ કરે છે! અનેક સ્ત્રીઓએ એમના હૃદયની ઉષ્માથી ક્રિસ્તોફને પશુમાંથી માણસ બનાવ્યો હતો, પણ આ મિત્રે પોતાના હૃદયના પ્રકાશથી એની ચેતનાને આલોકિત કરી એની અંદર ગોંધાઈ રહેલા કલાકારને બહાર કાઢ્યો હતો, એને બીજો જન્મ આપી (દ્વિજત્વ અર્પી) માણસમાંથી એને દેવ બનાવ્યો હતો. મારી નજર સામે એક ઇમારત ઉપસ્થિત થાય છે. અનેક સ્તંભોની હાર જેવી પેલી સ્ત્રીઓ ભાસે છે, જ્યારે પેલો મિત્ર એક કમાન જેવો છે. સજાતીય વ્યક્તિઓ વચ્ચેનો હૃદયભાવ વિજાતીય આકર્ષણનાં વમળોથી અસ્પૃષ્ટ હોઇ એવાઓની મિત્રતા વધુ ઉપકારક નીવડે એવી શક્યતા વધારે છે.

જેણે મિત્રતાની કલા કેળવવા થોડોક પણ પ્રયત્ન કર્યો હશે તેને સમજાયું હશે કે समानशीलव्यसनेषु सख्यम्—જેનું સરખું શીલ હોય કે જેને માથે સરખી આફત હોય તે બે વચ્ચે મૈત્રી ઉદ્ભવે—એ પૂરતું સત્ય નથી, બલકે એથી ઊલટું હોવાનો પૂરો સંભવ છે. માણસ પોતામાં ન હોય એવી વસ્તુઓ જેનામાં જુએ છે તેની તરફ—અસમાન તરફ—વધુ આકર્ષાય છે. મિત્રો ઘણી વાર એકમેકને પૂરક હોય છે. ઉપરનો જ દાખલો એ અભિપ્રાયને ટેકો આપે એવો છે. ક્રિસ્તોફ છે જન્મે જર્મન, પ્રાણોદ્રેકથી ઊછળતો, પણ જંગલી જેવો, અણઘડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેરિસનો એનો ફ્રેન્ચ મિત્ર છે સુઘડ, પહેલ પાડેલા વ્યક્તિત્વવાળો, સંસ્કારિતાની સાક્ષાત્ મૂર્તિ. એની બુદ્ધિની નજાકત (finesse) મુગ્ધ કરે એવી છે, તો ક્રિસ્તોફની નરી સ્વયંભૂ પ્રેરણા આપણને આશ્ચર્યમાં ડુબાડી દે છે. આ બે તદ્દન જુદી જુદી શક્તિઓવાળા, તદ્દન જુદાંજુદાં વ્યક્તિત્વવાળા, યુવકો ભટકાય છે, બંને વચ્ચે મિત્રતાની ભૂમિકા રચાય છે અને બંને નવો ઘાટ પામે છે, વધુ સમૃદ્ધ બને છે.

એટલે મિત્રતાની કલાનો જો કોઈ વિરોધાભાસ (paradox) હોય તો તે એ છે કે બે અસમાન વૃત્તિવાળાઓએ સમાનતાની ભૂમિકા પર સાથે ઊભા રહેવાનું છે, સાથે ચાલવાનું છે. મેળ બરોબર જળવાતો નથી, તો મિત્રતામાં ઊણપ આવે છે; વિરોધ શમી ગયો હોય છે તો એવી મિત્રતાની ઝાઝી સાર્થકતા રહેતી નથી.

માણસો મિત્ર તરફ પોતાની ને એની વચ્ચેની મૂળભૂત અસમાનતાથી ખેંચાતા હોય છે એ વસ્તુ બરોબર જાણતા હોતા નથી એટલે પછી નાના નાના વિસંવાદો જોવા મળતાં અકળાઈ ઊઠે છે. પોતાને જે પુસ્તક ગમતું હોય, જે રંગ ગમતો હોય, અરે જે છાપની સિગરેટ ગમતી હોય, તેથી મિત્રની પસંદગી જરીક જુદી પડે તો એમનો જીવ ચચણી ઊઠે છે. મને એ જ સમજાતું નથી કે જેઓ પોતાથી તદ્દન ભિન્ન, જાણે કે એક જુદા જ પ્રાણી જેવા, જીવનસાથી (પતિ કે પત્ની) સાથે પ્રેમ કરી શકે છે તેઓ પોતાના મિત્રોમાં જરીક ભિન્નતા કેમ સહન કરી શકતા નહિ હોય?

મિત્રો વચ્ચેના ભેદ હું જોઉં છું ત્યારે મને નવાઈ થાય છે કે માણસો એકમેકને આટલા પણ વળગેલા છે એ કેવી મોટી વાત છે! કદાચ એ ભેદોને સ્નેહથી ભૂંસવા એમાં જ મિત્રતાની કલા રહેલી હશે.

આપણા મિત્રને આપણને અણગમતા કોઈકની સાથે મિત્રતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. આપણો જેની સાથે મિત્રતાનો નહિ પણ જુદો સંબંધ હોય છે તેવાની સાથે આપણા મિત્રને મિત્રતાનો સંબંધ હોઈ શકે છે: દા. ત. ત્રણ ભાઈઓ પરસ્પર મિત્ર કરતાં વિશેષ તો ભાઈ જ હોય, પણ કોઈ ચોથો માણસ એવો જોવા મળે છે કે જેને ત્રણે સાથે સ્વતંત્ર રીતે મિત્રતાનો સંબંધ હોય. સોળ વરસ થતાં પિતાએ પુત્ર પ્રત્યે મિત્રની જેમ વર્તવું એમ કહ્યું છે, પણ પિતા અને પુત્ર મિત્ર થઈ શકતા નથી. પરંતુ કોઈ ત્રીજો માણસ એકી સાથે પિતા તેમ જ પુત્રનો મિત્ર હોય એવું કોઈ વાર જોવા મળે છે. આવા લોકોને મિત્રતાની કલા સહજ હોય છે. પાણી જે પાત્રમાં નાખો તેનો આકાર ધારણ કરે છે, તેમ તેઓ જેની સાથે હળે છે તેના વ્યક્તિત્વને અનુરૂપ આકાર ધારણ કરી શકે છે.

મિત્રતાની કલાની એક મુખ્ય ચાવી સામાની શરતે પ્રેમ કરવાની તૈયારીમાં રહેલી છે. જો સ્પૃહા ન હોય તો એવું થઈ શકે છે. મિત્રતાનાં પક્ષપાતી હૃદયો શ્રદ્ધા ઉપર ઝૂઝતાં હોય છે. સામા માણસ પર અવિશ્વાસ મૂકી મૈત્રીને આંચ આવે એવું કરવા કરતાં ગમે તેવું જોખમ પણ એ વહોરી બેસે છે. શેલી પોતે જેની સાથે દૂર ભાગી ગયો હતો અને પરણ્યો હતો તે પ્રિયતમાને મિત્ર હૉગ સાથે મૂકીને પાછો ઘેર જતાં ખંચકાતો નથી. આપણા બાળાશંકરે પણ, જરીક જુદી રીતે, મણિલાલ ન. દ્વિવેદી પર આ જાતનો પૂરો વિશ્વાસ મૂક્યો હતો. જે સાચવવા પડે એ સંબંધ જ નથી. આવા પ્રસંગો સંબંધોના સાચાપણાની કસોટીરૂપ હોય છે. હૉગના દિલમાં ચોર વસ્યો હોય તો તે આવે પ્રસંગે પ્રગટ થઈ જાય છે, અને પ્રિયતમા પણ જો હૉગમાં લપટાય તો એ પોતાની નથી, હૉગને માટે નિર્માઈ છે, એ પણ શેલીને સ્પષ્ટ થાય છે. કોઈને થશે કે માનવસ્વભાવ ઉપર આટલો બધો બોજો મૂકવો એ ઠીક છે? પણ સામો પ્રશ્ન એ છે કે આટલો બધો બોજો ઉઠાવી શકે એવી શ્રદ્ધા એ જ તો મિત્રતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નો પાયો નથી ? મિત્રતાનો કાચો રંગ હોય ને ઊપડી જાય એનો રંજ પણ રાખવાનો ન હોય. કેટલીક વાર તો મિત્રના ખોળામાં માથું મૂકીને સૂતેલા માણસને પણ મિત્રને જો જરીક ઓકું આવે તો એનું બળું દબાવી દેવાની લાલચ દબાવવી મુશ્કેલ થઈ પડે છે. મિત્રતા વસ્તુ જ એવી છે કે એમાં વૈમનસ્ય પણ ભર્યું પડ્યું હોય છે. એ વૈમનસ્યના પટ ઉપર મિત્રતાની ભાત ઉપસાવવી એસ્તો કીમિયો છે. એ કીમિયો કરવા જતાં ઉપરના જેવાં જોખમો પણ ખેડવાં રહે.

કેટલાક મિત્રો મિત્રતાને આઘાત પહોંચાડીને નહિ પણ અપાર પ્રેમ દર્શાવીને પોતાની અંદરના વૈમનસ્યને વ્યક્ત કરી રહ્યા હોય છે. પહેલાં તો એકેએકે કરીને તમારા સૌ મિત્રોનો પગ કાઢે અને એ સૌ વીફરે ત્યારે એ પોતે અનેકગણા મમત્વથી તમારી પડખે રહે. આમ કરવામાં એમને એ સંતોષ હોય છે કે એ પોતે એકલા જ કેવા તમારી પડખે ઊભા રહ્યા છે. પછી ધીરે ધીરે તમારા નિંદ્ય સ્વરૂપને પ્રસિદ્ધિ આપવી શરૂ કરે–એમાં પણ એમને ઊંડે ઊંડે સંતોષ એ હોય છે કે આવા માણસની પડખે તો પોતે જ ઊભા રહી શકે. આવું બધું ગણતરીથી થતું નથી હોતું, સ્વભાવવશાત્ થાય છે. પણ આવા દાખલામાં 'પ્રભુ, મને મારા મિત્રોથી બચાવ !' એ પ્રાર્થનાનો કાંઈક મર્મ સમજવા મળે છે.

મિત્રતાની કલાના રસિયાએ મિત્રો ગુમાવવાની કળા હસ્તગત કરવી જ રહી. સંસારની રચના જ એવી છે કે કળેકળે ઘણાખરા સંબંધો ખરી પડે છે, કરમાઈ તો જાય જ છે. સાચા મિત્રો કેટલા હોય ? એ ગણવા માટે વેઢા તો ઠીક, આંગળીઓ પણ ઘણી બધી વધારે છે. ક્યાંક ને ક્યાંક કોઈક રીતે આંટી પડતાં મિત્રો ખસી જાય છે.

કોઈક વાર મિત્ર આડે માર્ગે જતો હોય એમ ચોખ્ખું દેખાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે મિત્રતાનો અંત આવશે એવા ડરથી મૂગા રહેવા કરતાં છૂટા પડવાનું જોખમ વહોરવામાં ઔચિત્ય પણ હોય છે. તમે સામા માણસના દોષોના મિત્ર છો, કે એનામાં રહેલા સત્ તત્ત્વના? મિત્ર માટે મિત્રતાનો ભોગ આપવા તમે તૈયાર ન હો, તો તમે એના મિત્ર જ નથી.

પણ વિચારસરણીના ભેદ આગળ કરી મિત્રતાનો અંત લાવનારાઓની હૃદયશકિત માટે શંકા લાવવા જેવું છે. સત્તાલોલુપ લોકો જ એમ કરે છે. તેઓ 'જમણો હાથ' કાપી નાંખવામાં ભારે શૂરા હોય છે. સ્તાલિન, હિટલર જેવા સરમુખત્યારોને મિત્રતા જેવી કોઈ વસ્તુ જ રહેવા પામતી નથી.

પણ એક બીજા જ અર્થમાં વિકસિત આત્માઓને કોઈ મિત્ર ન હોય એવું જોવા મળે છે. ગાંધીજીએ એવા ભાવાર્થનું કહ્યું છે કે આધ્યાત્મિક જીવન જીવવામાં આગળ વધેલાને કોઈ અંગત મિત્રો ન હોય. मैत्रः करुण एव च। એનું કારુણ્ય એવું વિશ્વમાં ચોમેર પ્રસરતું હોય કે એના વહેણમાં પરિપ્લાવિત બનીને સૌ હૃદયો એની મૈત્રી અનુભવે. આખું વિશ્વ એની મિત્રતા માણી રહે છે. પોતાના સુકુમાર આચાર વડે મધુર વ્યકિતત્વ ધરાવતા એવા સજ્જનને સૌ કોઈ વાંછે છે, જેમ મધુર ધ્વનિએ ગુંજતી વેણુને વનનાં વનમૃગો.

पेशलाचारमधुरं सर्वे वाञ्छन्ति तं जनाः ।
वेणुं मधुरनिघ्वानं वने वनमृगा इव ॥

અંગત મિત્રો ખંખેરીને આવા વિશ્વ-મિત્ર બની રહેવું એમાં મિત્રતાની કલાની ચરમ સીમા છે.

૪ ઓકટોબર, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષા

વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢ્યું છે. પરીક્ષા આવી એટલે વિદ્યા પાછળ ગઈ, પરીક્ષા આગળ થઈ. વિદ્યા એ સંસાર ઉપર કાબૂ મેળવવા માટે હતી, પરીક્ષા આવી એટલે સંસારે વિદ્યા ઉપર કાબૂ મેળવ્યો. પરીક્ષા પેઠી એની સાથે વિદ્યામાં સંસાર પેઠો, એટલે કે સંસારનાં મૂલ્યો વિદ્યામાં પ્રવેશ્યાં.

હું સ્પર્ધાત્મક પરીક્ષાપદ્ધતિની વાત કરું છું. બાકી પરીક્ષા તો રહેવાની જ. મર્દોની પરીક્ષા ક્ષણેક્ષણે થતી હોય છે. દોર ઉપર, રસ્તે ચાલતો હોય એવી આસાનીભરી છટાથી, ચાલનાર નટની ડગલે ડગલે પરીક્ષા હોય છે, એમ સંસારના ક્ષુરધારાપંથ ઉપર ચાલનારની પરીક્ષા તો શ્વાસેશ્વાસે ચાલતી હોય.

પણ વિદ્યાપ્રાપ્તિમાં પરીક્ષાનો જે હઠારો ઊભો કર્યો છે તે શા માટે ? વિદ્યાર્થી અમુક વિદ્યા મેળવવા આવ્યો છે. એ વિદ્યા હસ્તગત કરી છે કે કેમ તે જાણવું અલબત્ત જરૂરી છે. વિદ્યા મેળવનારે વિદ્યાનો દુનિયામાં ક્યાંક વિનિયોગ તો કરવાનો રહેશે જ, એ વખતે અમુક વિદ્યાનો પોતે સ્નાતક છે એવું કહે તો એટલી એને સરળતા રહે. દુનિયાને પણ નિરાંત રહે કે અમુક વિદ્યામાં આ સ્નાતક છે એટલે ઓછામાં ઓછું આટલું તો જાણતો હશે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીને સ્નાતક થયેલો જાહેર કરવા માટે એને પરીક્ષાના યંત્રમાં ઘાલીને પીલવાની જરૂર ખરી? ભણાવનારે જો એને ધ્યાનપૂર્વક ભણાવ્યો હોય તો વખત પાકયે એ પોતે જ એને 'જા, ભાઈ, તું સ્નાતક છે!' એવા આશીર્વાદ સાથે સંસારમાં ન મોકલે? પણ એ તો ક્યારે બને કે જ્યારે ભણાવનાર ભણનાર સાથે એટલા ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યો હોય અને સમાજમાં એ ભણાવનારની એટલી શાખ હોય કે એના પ્રમાણપત્રનું વજન પડે.

પરીક્ષાપદ્ધતિને પરિણામે ભણાવનાર અને ભણનારનો સંપર્ક શિથિલ થઈ ગયો છે. શિક્ષણ એટલે ખરું જોતાં ગુરુ અને શિષ્યનો જીવંત સંપર્ક. જે ગુરુમાં ચૈતન્યની જ્વાળા છે તે શિષ્યમાં પણ એવી ચૈતન્યની જ્વાળા જગાવે એમાં શિક્ષણની ચરિતાર્થતા છે. પરીક્ષા શિક્ષણના આ લક્ષને મોળું પાડે છે, ધૂળ મેળવે છે એમ કહીએ તો પણ ભાગ્યે જ અત્યુક્તિ કહેવાય. શિષ્યને થાય કે પરીક્ષામાં આપણે યેનકેન પ્રકારેણ નામ કાઢીશું—કાંઈ નહિ તો ઉત્તીર્ણ તો થઈશું જ, તો પછી ગુરુના ચૈતન્યનો પડઘો પાડવાની અભીપ્સા સેવવાની એને ઝાઝી જરૂર ન જ જણાય.

વિદ્યાર્થી વિદ્યાનો અર્થી મટીને ધીમે ધીમે પછી પરીક્ષાર્થી થઈ જાય તો એમાં આશ્ચર્ય પણ શું? ગુરુ પણ એને વિદ્યાર્થી કરતાં પરીક્ષાર્થી તરીકે જ જોવા ટેવાઈ જાય એટલે એને વિદ્યા આપવાને બદલે પરીક્ષા માટે તૈયાર કરવા જ પ્રેરાય. આજે કેટલા બધા શિક્ષકો—અધ્યાપકો પરીક્ષા માટે શિષ્યોને તૈયાર કરવા પૂરતું જ પોતાનું કર્તવ્ય માને છે! વર્ગમાં 'નોટ્સ' (નોંધો) ઉતરાવવાની પદ્ધતિનો પ્રચાર જોવાથી એનો ખ્યાલ આવશે. ઘણા વિષયો તો સમય સાથે ખાસ વિકાસ પામતા પણ હોતા નથી, દા. ત. ગણિત, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન. એની નોંધો વરસોવરસ એ જ રૂપે ઉતરાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાપનની ઇતિશ્રી માની લેવામાં આવે છે. એક વિદ્યાર્થી વર્ગમાં નોંધ લેતો ન હતો. અધ્યાપકોને પરીક્ષા વખતે પોતાના જ ઉતરાવેલા શબ્દો પાછા વાંચવા મળે એ બહુ ગમે છે. (એમાં શો આનંદ હશે એ માનસવૈજ્ઞાનિકોએ તપાસવા જેવું છે.) અધ્યાપકને થયું કે બિચારાને પરીક્ષા વખતે સોસવું પડશે. સહાનુભૂતિના સ્વરે એમણે પૂછ્યું, 'તમે કેમ નોંધ લેતા નથી?' જવાબ મળ્યો: 'મારા પિતાજીએ લીધેલી નોંધો ઘેર પડી છે. એ આપના જ વિદ્યાર્થી હતા.'

વિદ્યાની સાધના એ પરીક્ષાની સાધના બની ગઈ છે. પરીક્ષામાં ફળ મળી જાય તો પરીક્ષાની બીજી સવારે એ વિદ્યાનો છાંટો પણ મગજમાં રહ્યો ન હોય તો વાંધો નહિ. એ ફળ (અને નહિ કે વિદ્યા) પ્રાપ્ત કરવામાં જ બધો પુરુષાર્થ. છેલ્લા દિવસોમાં–મલકે રાતોમાં–એની સાધના ચાલે. એક કૉલેજના છાત્રાલયના વિદ્યાર્થીઓ રસ્તા સામેની હોટેલમાં રાતે સ્ફૂર્તિ રહે એ માટે ચા પીવા જતા, ત્યારે હોટેલવાળો એમને સામેથી પૂછતોઃ 'સાહેબ, એક વાગ્યાની ચા જોઈએ કે બે વાગ્યાની?'

પરીક્ષામાં આવડતનો આંક કાઢવાની પદ્ધતિએ પણ આડો આંક વાળ્યો છે. ઉત્તરપત્રો તપાસવામાં પરીક્ષકની એ વખતની વૃત્તિ સારો એવો ભાગ ભજવે છે. ગૃહિણી સાથે જરીક ચડભડ થઈ હોય અથવા જેની બહુ રાહ જોવાતી હોય તે પ્રેયસીનો પત્ર આવ્યો ન હોય ને તમારું ઉત્તરપત્ર તપાસવાનો વારો આવ્યો તો .....તો શું? ખુદા બચાવે તમને! પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ પરીક્ષકો માટે પણ પ્રયોગપૂર્વકના સંશોધન પછી એ અંગેના એક પુસ્તકમાં નોંધવામાં આવ્યું છે કે એના એ પરીક્ષકને થોડા દિવસ પછી ખબર ન પડે એ રીતે તે જ ઉત્તરપત્ર આપવામાં આવે તો એની આંકણી એની એ રહેતી નથી, પહેલાંના કરતાં ઓછાવત્તા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઘણી વાર ખાસ્સો દેખાઈ આવે એવો ફરક દર્શાવતા–ગુણ એ આપે છે. અને તેમ છતાં કેટલાક ચીવટવાળા પરીક્ષકો ½ ગુણ શી રીતે આપતા હશે એ આશ્ચર્ય તો છે. એક ¾, ¼, ¾, એમ અપૂર્ણાંકથી ઝીણો વિવેક કરતા શિક્ષકની તો અહીં વાત જ ઉખેડતો નથી. એવા કોઈ શિક્ષક હશે કે કેમ એવો પ્રશ્ન તમારા મનમાં ઊઠે છે ખરું ? જવા દો એ શિક્ષકને. મેટ્રિક(કે એસ. એસ. સી.)ની પરીક્ષામાં કૃપયા (ગ્રેસથી) મળેલા ગુણ ઉમેરાયા પછી વિદ્યાર્થી ¼, ½, ¼, જેટલા ગુણથી નાપાસ થાય એવા દાખલા દર વરસ મોટી સંખ્યામાં બને છે એ જ જુઓને! વિદ્યાર્થીની આવડતનો આંક કાઢવા માટે જે પદ્ધતિ, જે માપ આપણે ગ્રહણ કરીએ છીએ તેના બેહૂદાપણાનો આથી બીજો શો પુરાવો જોઈએ ?

આવી આંકણી ઉપર પરીક્ષાનો આધાર, પરીક્ષા ઉપર જીવનનો આધાર (વિદ્યા તો રહી દૂર, સુદૂર), એટલે આ આંકણીને પોતાના લાભમાં ફેરવવાના પ્રયત્નો થાય એ પણ સ્વાભાવિક પરિણામ ગણાય. આપણા દેશમાં કાળાબજારની જે લીલા ચાલી છે તેમાં સૌથી જુગુપ્સાકારક કોઈ હોય તો તે કોઈ કોઈ યુનિવર્સિટીમાં એના કુલનાયકોનાં સગાંઓને ગુણ વધારી આપવામાં આવ્યાના કિસ્સા પ્રગટ થયા છે એ છે. વિદ્યાર્થી પરીક્ષાર્થી હોય છે અને પરીક્ષાર્થી લાભાર્થી હોય છે. લાભ ઉપર ડોળો હોઈ પરીક્ષાર્થી આંકણી પોતાને અનુકૂળ કરાવવા માટે પૈસા અને શીલ વેડફી દેતાં ખમચાય નહિ એટલે સુધી વિદ્યાપ્રવૃત્તિનો અંજામ આવ્યો છે. પરીક્ષકપદ એ કમાણીનું સાધન થયું છે અને એના ટુકડા પર યુનિવર્સિટીના રાજ્યકારણની ખટપટો નિર્ભર હોય છે. આથી ગુણ આપવામાં પરીક્ષક ઉપર બીજી વસ્તુઓ પણ અસર કરી રહે છે. લેખનકળામાં અમને એક બે મિત્રોને નવ ગુણ મળે ત્યારે બીજાઓને એમ થાય કે અમે ખાટી ગયા. પણ પછી બીજા એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાધ્યાયીને ૯½ ગુણ મળતાં અમારી આંખો ઊંચી ચઢી જતી. અદેખાઈથી અમે આરોપ પણ મૂકતા કે ૧૦ની સમીપતમ પહોંચવામાં સહાધ્યાયીનાં આંગળાંની સારા અક્ષરો લખવાની શક્તિ ઉપરાંત ગુરુજીનાં કોટખમીસ સીવવાની શકિતનો પણ ફાળો નજીવો ન હતો! સહાધ્યાયીને પણ ૯½ ખૂંચતા, ૯ મળે તો એને જરી ટાઢક રહેતી. પણ ગુરુજી પાસે સિલાઈ પેટે ખરચી નાખવા માટે એ અતિમોંઘો ½ ગુણ હતો તે ઉદારભાવે એ શા માટે ન વાપરે?

વિદ્યા મેળવવા નીકળેલો જીવ વિદ્યાથી ખસતો ખસતો આમ બીજે જ પાટે ચઢી જાય છે અને એની ઉપર જુદા જ સંસ્કાર ગુજરે છે. એનો રસ આખો બદલાઈ જાય છે, વૃત્તિ વિકૃત થઈ જાય છે. પરીક્ષક જે ક્રૂર આનંદ લેતા હોય છે તેનો તો મને કાંઈક પરિચય હતો. એક મૌખિક પરીક્ષામાં પરીક્ષક પર્યાય (અધર વર્ડ્ઝ) પૂછી રહ્યા હતા. છેવટે શોધી શોધીને એમણે તદ્દન સરળ શબ્દો પૂછવા માંડ્યા: To-day (આજ) તો કે This-day (આ દિવસ), To-morrow (આવતી કાલ) તો કે next day (પછીનો દિવસ) વગેરે. પણ પરીક્ષાર્થી તરીકે પણ એવા ક્રૂર આનંદની ધુરીનો અનુભવ મને થયો છે. એમ. એ. ની છેલ્લી પરીક્ષાનું છેલ્લું પ્રશ્નપત્ર હતું. મુંબઈ વિદ્યાપીઠના પદવીદાન સમારંભના ગૃહની દરિયા તરફની બારી પાસે બેઠક મળી હતી. સમુદ્રની શીતળ તાજગીભરી લહરી પ્રેરણાની જેમ વહી રહી હતી. જીવને થયું હવે આ જિંદગીમાં બીજું ઉત્તરપત્ર લખવાનું નથી. આ આખરી છે. મોંઘો મનખાદેહ મળ્યો ને એમાં પરીક્ષાદેવીનાં ચરણ સેવવામાં, હિંદીની સરેરાશ ઉંમર ગણાય છે એ વટાવીને આગળ વધી ગયા તે છતાં હજી સુધી પાછી પાની કરી નથી. તો આજ તો થવા દો! શબ્દેષુ કા દરિદ્રતા! મરણિયા જોદ્ધાની પેઠે ઊંધું ઘાલીને ખારસાં બેતાળીશ-તેંતાળીશ પાનાં ચીતરી નાખ્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષામાં મારે સોસવું પડ્યું છે માટે અત્યારે પરીક્ષા વિષે લખવા બેઠો છું એવું નથી. પરીક્ષા જે આપી શકે તે તો મળ્યું છે, પણ પરીક્ષાએ જે ઝૂંટવી લીધું છે એની આગળ એણે જે આપ્યું તે કોઈ વિસાતમાં નથી. પરીક્ષા ગુણ (અને એ ગુણમાં જે બીજું અપાવવાનો ગુણ છે તે) આપે, પણ પામવા તો નીકળ્યા હતા વિદ્યા. એ કામ તો પરીક્ષાઓ પછી પણ ઊભું ને ઊભું જ રહ્યું. પરીક્ષાઓ બધી આપી રહ્યા પછી જાણે એકડે એકથી વિદ્યાનું શરૂ કરવું રહ્યું છે. હવે નાનાં નાનાં છોકરાં પરીક્ષા આપવા જાય છે ને આપીને મુક્ત બને છે ત્યારે હું તો નિઃશ્વાસથી માત્ર બબડ્યાં કરતો હોઉં છું : મારી પરીક્ષા ક્યારે આવશે ને ક્યારે હું છૂટીશ ? મારું પેપર (પ્રશ્નપત્ર) નીકળ્યું હશે ખરું ?

પરીક્ષામાં નહિ પણ પરીક્ષાથી મારે જરૂર સોસવું પડ્યું છે. પરીક્ષાના કેવા ભોગ બનવું પડ્યું છે એનો ખ્યાલ તો, રહી રહીને, વરસો ગુજર્યા પછી પણ, પરીક્ષાનાં જે બિહામણાં, પરીક્ષાને સ્થળે પહોંચતાં વિલંબ થવાનાં, પ્રશ્નપત્રોના ઉત્તરો લખતી વખતે મૂઠી જકડાઈ જવાનાં, સુંદર શરૂઆત કરી હોય ત્યાં પાંચ મિનિટ બાકી રહ્યાનો ઘંટ પડવાનાં સ્વપ્નાં ક્યારેક ક્યારેક આવ્યાં કરે છે, એ ઉપરથી આવે છે. એકએ જૈફ વિદ્વાનોને પૂછી જોતાં એમણે પણ એવા અનુભવની વાત કરી. એક મોટા નગરની રોટરી ક્લબમાં સભ્યોને આ અંગેનો અનુભવ જણાવવા વિનંતિ કરતાં ઠીક સંખ્યામાં હાથ ઊંચા થયેલા જોવા મળ્યા.

પરીક્ષાને લીધે મનને જે વિકૃતિ વેઠવી પડે છે તે જેને બૌદ્ધિક વિષયો કહે છે તે અંગે વિશેષ કરીને તો હોય છે. કળાકારીગરી-કસબહુનર આદિમાં જ્યાં વિદ્યા હસ્તગત કરવાની હોય છે ત્યાં તો હાથનું કામ બરોબર ચાલે છે કે નહિ એ જોવાથી તરત રોજેરોજ પરીક્ષા થતી હોય છે. શેતરંજી વણતાં શીખવાની હોય તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વણી લાવે એટલે પરીક્ષા થઈ ગઈ. પણ બૌદ્ધિક ગણાતા વિષયોમાં વિદ્યા 'હસ્તગત' નહિ, પણ મનોગત બલકે કંઠગત કરવાની હોય છે અને શિષ્યને એ વિદ્યા ઉપર કેટલો કાબૂ આવ્યો એ માપવા માટે અને તે કાર્ય વ્યક્તિશઃ નહિ પણ સમૂહમાં પતાવવા માટે પરીક્ષાની વિકૃત પદ્ધતિ ઉત્પન્ન થઈ અને વિકસી છે. પરીક્ષાની વિકૃતિએ વિદ્યાને માત્ર કંઠગત કે મનોગત કરવામાં રહેલી મર્યાદા પ્રત્યે પણ આપણી આંખ ખોલવી જોઈએ, અર્થાત્ પ્રત્યેક વિદ્યા હસ્ત-ગત કરવાની પરિપાટી વિકસાવવા પ્રત્યે જાગરૂક કરવા જોઈએ. વિજ્ઞાન અને વૈદકના વિદ્યાર્થીઓએ પ્રયોગશાળામાં વિદ્યા હસ્ત-ગત કરવાની રહે છે. તેઓની પરીક્ષા પણ ચાલુ ચાલ્યાં કરતી હોય છે એમ કહી શકાય. પણ જેને વિનયન (આર્ટ્સ) કહે છે તેના વિદ્યાર્થીઓને છેલ્લા પરીક્ષાના દિવસોમાં થોડુંક કંઠગત કરીને વેઠ ઉતારવા ઉપરાંત ભાગ્યે જ વધુ કરવાનું રહે છે. ખાસ મહેનત કરે તો આર્ટ્સનો વિદ્યાર્થી બી. એ. માં નાપાસ થઈ શકે એવી સ્થિતિ છે એમ કહી શકાય. તેમાં પણ સ્નાતકના પહેલા વરસના-જ્યુનિયરના વિદ્યાર્થી જેવું કોઈ આઝાદ પ્રાણી જગતમાં હશે કે કેમ એ જોવાનું છે. એક કાવ્યાસ્વાદસંમેલનમાં 'પાણી ન હલે પેટનાં'ની પાદપૂર્તિમાં એક જ્યુનિયરના વિદ્યાર્થીએ (હાલ તો તેઓ વિદ્વાન અધ્યાપક છે) લાક્ષણિક વર્ણન કર્યું હતું તેમ :

કપરાં હોયે પેપરો, કઠણ પરીક્ષક હોય,
પણ જ્યુનિયરને તોય, પાણી ન હલે પેટનાં.

જ્યુનિયરની પરીક્ષામાં નિષ્ફળ જવાય તો વાંધો નહિ—એ પરિસ્થિતિ તો પરીક્ષાની આખી પદ્ધતિ ઉપર કળશરૂપ છે. ભણવાનું સ્થાન પરીક્ષાએ લીધું, અને પછી એ પણ ખસી ગઈ!

વિદ્યા હસ્ત-ગત કરવાની હોય તો તો રોજેરોજ પરીક્ષા થતી આવે અને શિષ્ય કાચો માલૂમ પડે તો કાં તો તેને ટપાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વામાં આવે. કાં તો બીજા કોઈ વધુ સારા કામે લાગી જવા માટે છૂટો કરવામાં આવે. પણ આજે અભ્યાસ પાછળ ચાર વરસ ગુમાવ્યા પછી શિષ્યને જે કહેવામાં આવે છે કે તું નાપાસ છે તેમાં ખરેખર નાપાસ કોણ થયું ગણાય, શિષ્ય કે પરીક્ષક? આજે જો કોઈની પણ પરીક્ષા લેવા જેવી હોય તો તે પરીક્ષકોની—એટલે કે ભણાવનારાઓની લેવા જેવી છે. ચાર વરસ રહીને એ બોલે છે કે આ છોકરો ઉત્તીર્ણ થવા લાયક નથી, ત્યારે એટલાં વરસ એ કરતા હતા શું? શરૂઆતમાં જ એમણે એને વાલી પાસે 'દીકરાનાં લક્ષણ ભણવાનાં નથી' કરીને પાછો મોકલ્યો હોત તો?

પરીક્ષામાં સ્પર્ધાનું જે તત્ત્વ છે તેણે વિદ્યાને માઈલો દૂર હડસેલી દીધી છે,—એમ હોત તો વાંધો નહિ, વિદ્યાને અવિદ્યા કરી મૂકી છે. પહેલા વર્ગમાં આવનારને પણ તેમાં પોતે ક્યા નંબરે છે એ અંગે સભાન કરવામાં આવે છે. પહેલા વર્ગનું ભેજું પણ શું એટલું ઊતરતા પ્રકારનું હોઈ શકે કે એને ઉપરથી આવા સંતોષની પણ જરૂર રહે? સ્પર્ધા વિદ્યા માટે વિષ લેખાવી જોઈએ. સ્પર્ધાનો પડઘો પ્રતિસ્પર્ધામાં પડે છે. કુમારપરીક્ષાને અંતે અર્જુનની તમે પીઠ થાબડો એટલે જગતના કોઈ અજાણ ખૂણેથી પણ શસ્ત્રાસ્ત્રથી સજ્જ, કવચકુંડળથી શોભતો, દીપ્તિમંત કુમાર એની સામે આવીને પડકાર કરવાનો જ; ઠોઠ ઠરેલા દુર્યોધન આદિ એની મિત્રતા માટે મરી પડવાના અને વિદ્યાનાં સમિધમાંથી પ્રચંડ પ્રતિસ્પર્ધાનો ભડકો ભભૂકી ઊઠવાનો જ.

ગુરુશિષ્ય વચ્ચે જીવંત સંપર્ક સધાય એવી નવીન પરિપાટીઓ વિકસતાં આજની પરીક્ષા દૂર થવાની એ નિઃશંક છે. ભાવિ માનવોને એ ભારે કૌતુકનો વિષય હશે કે આપણે કેવું મનની શક્તિઓને ટૂંપવાનું ઓજાર ઉપજાવ્યું હતું. હિંદના વડા પ્રધાને હમણાં કબૂલ કરેલું કે હિંદી શાસનસેવા માટેના પરીક્ષાર્થીઓ—જેમાંથી કેટલાક તો અધ્યાપકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા અને યુનિવર્સિટીઓમાં પહેલો વર્ગ પામ્યા હતા તેમનામાંથી કેટલાકે અહલ્યાબાઈ, નરસિંહ મહેતા, કબીર, ફિરોઝશાહ મહેતા, આદિનાં નામ સાંભળેલાં ન હતાં. એ જાતના એકરારોને અજાયબઘરમાં ભાવિ સાચવશે.

ખરી પરીક્ષા પદેપદે હોય એમ તો આરંભમાં જ કહ્યું છે. અંતમાં ઉમેરવાનું એટલું છે કે સૌથી ઉત્તમ પરીક્ષાપદ્ધતિ એ છે કે જે શિષ્યને પોતાને જ પોતાની પરીક્ષા લેવાની તાલીમ આપે. ધૌમ્ય આયોદ (કદાચ તક્ષશિલાવાસી) ગુરુએ પોતાના ત્રણ શિષ્ય આરુણિ, ઉપમન્યુ અને વેદની પરીક્ષાઓ લીધેલી તે રસિક કથાઓ આદિપર્વના આરંભમાં જોવા જેવી છે. આરુણિને ડાંગરના ખેતરની સંભાળ લેવા મોકલેલો તે પાછો ન આવ્યો ત્યારે 'આરુણિ ! ઓ આરુણિ !' કરતા ગુરુ શિષ્યો સાથે શોધવા નીકળ્યા. જુએ છે તો પાણી વહી જતું રોકવા માટે આરુણિ પોતે ત્યાં આડો પડીને સૂઈ રહ્યો હતો. વેદને આશ્રમનું સૂત્ર સોંપી ગુરુ બહારગામ જાય છે. અહીં આશ્રમમાં વેદ પાસે અયોગ્ય માગણી કરવામાં આવે છે પણ ગુરુઆજ્ઞાનો જડતાથી નહિ પણ પોતાની સન્મતિ પ્રમાણે અર્થ કરીને વેદ એને વશ થતો નથી. ઉપમન્યુને ગાયો ચારવા મોકલવામાં આવે છે. એને અલમસ્ત જોઈ ગુરુએ પૂછ્યું, "શું ખાય છે ?"

"માધુકરી માગી ખાઉં છું."

"મને ધર્યા વગર તારાથી ન ખવાય."

એક વાર ધરાવીને ફરી એ માધુકરી માગી ખાવા લાગ્યો. વાત જાણી એટલે ગુરુએ કહ્યું: "એમ લોકોને લોભથી ન લૂંટાય."

પછી એ ગાયોનું દૂધ પીવા લાગ્યો. એને હજુય અલમસ્ત જોઈ ગુરુએ પૂછ્યું અને કારણ જાણ્યું એટલે એની પણ મના કરી, તોય એ દૂબળો ન પડ્યો.

"શું કરે છે ઉપમન્યુ ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાછડાં ધાવતાં ધાવતાં ફીણ કાઢે, તે ચાટું છું."

"વાછડાં તારી પર દયા કરી વધુ ફીણ કાઢે. તું એમનું દૂધ પી જાય છે એમ તો."

પછી આકડાનાં પાંદડાં ખાવા માંડ્યાં. એને લીધે આંખો ગઈ. ગાયો વાળીને આવતાં રસ્તે ઉપમન્યુ કૂવામાં ગબડી પડ્યો. ગુરુ શોધવા નીકળ્યા: "ઉપમન્યુ!"

"ઓ!"

"ક્યાં છે, ઉપમન્યુ?"

"કૂવામાં છું."

કારણ જાણી ગુરુએ અશ્વિનીકુમારોની સ્તુતિ કરી મદદ માગવા કહ્યું. સ્તુતિથી પ્રસન્ન થઈ અશ્વિનીકુમારોએ એને અંધાપો ટળે એ માટે ઔષધવાળી ભાખરી આપી.

ઉપમન્યુએ કહ્યું: "ગુરુને ધરાવ્યા વગર મારાથી ન ખવાય."

"અરે, ખા, તારા ગુરુએ પણ અમે આપેલી ત્યારે પોતાના ગુરુને ધરાવ્યા વગર ખાધેલી."

"કૃપા કરો, મારાથી ન ખવાય."

અશ્વિનીકુમારો પ્રસન્ન થયા અને ગુરુને એ ધરાવી આવી પછી એને આપી. ઉપમન્યુનો અંધાપો ટળ્યો અને એ પરમ વિદ્યા પામ્યો. ગુરુએ પરીક્ષા લઈલિધી ને છેવટે ગમે તેવી કસોટીમાં પણ શિષ્ય પોતે પોતાનો પરીક્ષક થઈ શકે એવી શક્તિ એનામાં જગાવી હતી.

૧૬ ઑક્ટોબર, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘાણીભાઈ

'જાગો જગના ક્ષુધાર્ત ! જાગો—' મેઘાણીના મુખથી સાંભળેલા આ પહેલા શબ્દો. લાહોરમાં પં. જવાહરલાલના પ્રમુખપદે સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ થવાના દિવસો ગણાતા હતા. ડિસેમ્બર ૧૯૨૯ની આખરે અમદાવાદમાં મુંબઈ ઇલાકા યુવક પરિષદ ભરાઈ હતી. સભામંડપની વચ્ચે મંચ ઉપર એક યુવક આવીને ઊભો. ગરદન સુધીનાં વાંકડિયાં કાળાં ઝૂલફાં અને મોટી સહેજ રતાશવાળી આંખો. ડાબી બાજુ ડોક સહેજ ઝુકાવી ને જમણો હાથ કર્યો ઊંચો. અને ગાવા માંડયું. અવાજમાં આરજૂ હતી અને હતી ખુમારી.

જાગો જગના ક્ષુધાર્ત ! જાગો દુર્બલ અશક્ત !
ઇન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે.

આ હુંકારના શબ્દોની સભાને ભારે ચોટ વાગી. કળ વળી ત્યાં દર્દભર્યા ઠપકાના મીઠા વિલંબિત સરોદ આવતા હતા : 'કવિ ! તને કેમ ગમે ?' સભા એકકાન બનીને એ સૂર પી રહી હતી. મારે માટે તો આ અનુભવ હતો.

પછીના માર્ચ ૧૧મીની આગલી સાંજે ગાંધીજી જોડે સાબરમતી આશ્રમમાં છેલ્લી પ્રાર્થના કરવા ટોળાં જામ્યાં હતાં. નદીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેતમાં પ્રાર્થના થઈ રહ્યા પછી પગથિયાં ચઢતાં જોઉં તો મેઘાણી-ની સાથે ચઢી રહ્યો હતો. એ તો તરત જ મારી જોડે–અજાણ્યાની જોડે વાતે વળ્યા. આસપાસ જામેલો મેદનીના ઉત્સાહ વિષે, એ ઐતિહાસિક ઘડીઓ વિષે એમના ઉદ્દગારો હતા, એવું આછું સ્મરણ છે.

અમારી ઓળખાણ તો ચારેક વરસ પછી અને અનોખી રીતે થઈ. ૧૯૩૪ના ઉનાળામાં હું મુંબઈ ગયો ત્યારે મારા એક સહાધ્યાયી આવીને કહેઃ ચાલો મેઘાણીભાઈ પાસે, એમને તમારે મળવાનું છે. પૂછતાં વાત એમ નીકળી કે મહિનાઓ પહેલાં આ ભાઈ સવારે છજામાં ઊભા ઊભા એકાગ્રતાથી એક વાર વાંચતા હશે ને પાસેના મકાનના ઝરૂખામાંથી કોઈએ એમને હાંક મારી. જુએ તો મેઘાણી ! તમે એ 'વિશ્વશાંતિ'ના લેખકને ઓળખો છો ? મને મેળવી આપશો ? —એવી વાત થયેલી એને આધારે મને એ મુલાકાત માટે લઈ જવા આવ્યા હતા. અમે મળ્યા. મને એ ચાર વરસ પહેલાંના યુવક ન લાગ્યા. આત્મસ્વાસ્થ્ય માટે મથતા ભાંગેલ માણસ લાગ્યા.

થોડા દિવસ પછી મને એમનો કાગળ મળ્યો. 'કુમાર'માં મારી એક ગ્રામજીવનની વાર્તા એ દરમ્યાન પ્રગટ થયેલી તેની એમાં વાત હતી અને એ દિવસે મળ્યા ત્યારે સાહિત્ય અને જીવનના મારા વલણમાં પોતાને રસ પડ્યો છે એમ કહી આપણે વધુ મળીએ એવી આશા દર્શાવી હતી. પોતે 'જન્મભૂમિ'માં 'કલમકિતાબ'નું સાહિત્યપૃષ્ઠ શરૂ કરવાના છે એ સમાચાર પણ હતા. પછી તો હું એલ્ફિન્સ્ટન કૉલેજની હૉસ્ટેલમાં–કોટમાં–રહેવા ગયો એટલે અમે 'જન્મભૂમિ'ની ઑફિસમાં કલાકોના કલાકો મળતા. મારે જ્યુનિયર બી. એ. નું વર્ષ ને મેઘાણી જેવાની સંગત ! એમને કામ કરતા, વિચાર કરતા, કંટાળતા, ઉત્સાહમાં આવતા, જે મિત્રો આવે તેને હસતે મુખે વધાવતા,—અનેક છટાઓમાં એ સમયમાં જોવાની તક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી છે. ('જન્મભૂમિ'ના ટેબલ પર, વિચારમગ્ન દશાની છબી મુંબઈ તા. ૧૧-૧૧-૧૯૩૫ની એમના હસ્તાક્ષરની મારી પાસે છે. માર્ચ ૧૯૪૭ અને '૫૧ ના 'સંસ્કૃતિ'ના અંકોમાં એ, પછીથી, પ્રસિદ્ધ થઈ છે.)

આ દિવસોમાં હું જોતો કે કમલકિતાબના પાનાને કારણે એમણે પોતાના રાગદ્વેષ ઘણા પાતળા કરી દીધા હતા. ન્યાય કરવા તે તલપાપડ રહેતા. પોતાના હાથમાં શસ્ત્ર છે તો વિઘાતક ન થવું, સામાવાળાનું દૃષ્ટિબિંદુ સમજવું એવી વૃત્તિ રાખતા. પોતાની કાવ્યરુચિ કરતાં જુદી જ જાતની રુચિઓની ઉદારતાથી એ માવજત કરતા. અન્ય પ્રાન્તીય ભાષાઓના અને પરદેશના સાહિત્યની વાનગીઓ છૂટે હાથે પીરસતા. દર અઠવાડિયે નવા નવા નુસખાઓ પણ લઈ આવતા. એક વાર આપણા લેખકોની ખાસિયતો 'ચાંદલો તો આનંદશંકરનો, દાઢી તો—' એમ લાડભર્યો હારડો ગોઠવી દીધેલો. મને એક ડૉક્ટરે કહ્યું હતું કે મેઘાણીના 'કલમકિતાબ'નાં અવલોકન ઉપરથી ચોપડી ખરીદવાનું હું નક્કી કરું છું.

મેઘાણી જન્મે વણિક, પણ એમનામાં વણિકવૃત્તિ ક્યાંઈ મેં જોઈ નથી. હા, કોઈ નો ઓશિયાળો રોટલો ખાવો ન પડે, ફંડો ઉપર જીવવાવારો ન આવે. છાશમાં માખણ જાય ને બાઈ ફૂવડ ગણાય એવું ન થાય એટલે પોતાની કૃતિઓના સર્વ અધિકારોની બાલાશ રાખતા. પણ લોલુપતા ક્યાંય જોઈ નથી. આટલા પૈસા મળે છે તો લાવ ઘસડી કાઢું એવું પણ જોયું નથી. એવી દાનત હોત તો આંગળાં ચાટીને પેટ ભરવાના આ બ્રાહ્મણિયા વ્યવસાયમાં એ પડત શા માટે? પોતાનાં ગીતો માટે કોઈ ગ્રામોફોન કંપની જોડે એમને મુશ્કેલી ઊભી થયેલી—અને એમાં એમની વાત માન્ય થઈ હતી. મુંબઈ યુનિવર્સિટી મેટ્રિકના ગદ્યપદ્યસંગ્રહમાં લેવાતી કૃતિઓ માટે લેખકોને કાંઈ જ આપવાની કૃપા કરતી નહિ, લેખકગણ પણ ત્યારે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસંદગીને જ મોટો પુરસ્કાર માનતો હોય તો નવાઈ નહિ! મેઘાણીએ ના પાડી: તમને કમાણી થાય ને લેખકોના હક અવગણો એ કેમ ચાલે? મને યાદ છે ત્યાં સુધી યુનિવર્સિટી આ કૃતિઓના પુરસ્કાર આપતાં શીખી તેમાં મેઘાણીનો ઠીક ઠીક ફાળો છે. આવી વસ્તુઓ તરત તો પોતીકા લાભ માટે ઉપાડાઈ હોય એમ ભાસે છે, પણ એક સામુદાયિક ફરજરૂપે પણ આરંભાઈ હોવાનો સંભવ વિચારવો ઘટે છે.

ઑલ ઇન્ડિયા રેડિયો ઉપર, હું ધારું છું, એ ભાગ્યે જ ગયા હોય. મને યાદ છે કે એમની વાત સાદી સીધી એટલી જ હતી કે સંગીત માટે ફલાણીજાન કે ઢીંકણીબાઈ, અમુકખાન કે તમુકરાવને તમે આવવાજવાનાં બીજા વર્ગનાં ખર્ચ આપો અને પુરસ્કાર જુદો, તો શું કવિઓ જ વાટમાં પડ્યા છે?

મેઘાણી સ્વમાની પૂરા હતા. કદાચ લેખકની-બ્રાહ્મણની તો એ જ એક મોટી મૂડી હોય છે. અને વિનય અને ખુશામત વચ્ચે ફેર છે એવો સ્વમાન અને અભિમાન વચ્ચે છે તે પણ એ જાણતા. સસ્તા થતા નહિ. એમને તો કંઠની બક્ષિસ હતી. જ્યાં ને ત્યાં નિમંત્રણો મળ્યાં કરે. ઘણે ઠેકાણે જતા. પણ દિલ દેખે તો જ જતા, તમાશા થવા દેતા નહિ. માણસોનો, મેદનીનો એમને કેફ ચઢતો, લોકલાગણીનો કટોરો અમૃતમય ગણી ગટગટાવી જતા, પણ એની પાછળ પાછળ ભમતા કદી દેખાયા નથી. એમનો એક તરફ અદ્ભુત જનતાપ્રેમ અને બીજી બાજુ જનતાની તેમના કંઠ માટેની માંગ— એ બંનેનો વિચાર કરીએ છીએ ત્યારે એમણે જાળવેલી સમતુલા માટે માન જ થાય છે.

મિત્રો પાસે ઊલટમાં આવી જઈને ગાવા મંડી પડતા. કોઈ પક્ષે કોઈ ઉપચારની જરૂર ન રહેતી. એક વાર કડી–બીજાપુર તરફ કસબાઓની કોડભરી જનમેદનીઓ સમક્ષ નવા નવા તૈયાર થયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એકતારા'નાં ગીતો ગાઈ અમદાવાદ આવેલા ને ખરા મધ્યાહ્ને બુલંદ અવાજે મારે ત્યાં એ ગીતો એમણે (possessed હોય એમ) ગાયેલાં. એમનો ઘાટો પાછલાં વરસોમાં સહેજ કથળ્યો હતો. પણ ભાવ બધા ઉતારી શકતા. શરદના એક મધ્યાહ્ને બુલંદ સ્વરે એમણે એકતારાનાં ગાયેલાં એ ગીતોનો મારે માટે જીવનનો એક પ્રસંગ જ બની રહ્યો છે. સ્નેહાળ એટલા કે એ 'પહેલી ને મેલી નકલ' મારી પાસે મૂકતા ગયા. આ મેઘાણી. અને મુંબઈમાં મારા એલ્ફિન્સ્ટન કોલેજના દિવસોમાં મેં શું સાંભળ્યું હતું? નરસિંહરાવભાઈ–જે થોડાક ટીખળી પણ હતા જ–એક કાનો ને અનુનાસિક ઉમેરીને કહે કે મેઘાણી તો મોંઘાણી છે! સાચે જ એ સસ્તાણી તો નહોતા જ.

સામાન્ય રીતે સૌના સંબંધમાં એ બહુ જ વિવેકથી વર્તતા. નાના અમથા માણસને માટે પણ આપ, પધારો, માફ કરજો, આપનો સમય બગડ્યો,–એવા ઉદ્ગારો કાઢતા. મેં જોયું છે કે એમના સ્વભાવનું ઉપરનું મીઠપનું પડ એ એમની એક મોટી સિદ્ધિ હતી. એમણે પચાસ વરસની ટૂંકી ઉંમરમાં પણ ઠીક ઠીક સહન કરેલું હોવું જોઈએ. બીજાના હૃદયને મુલાયમ રીતે સ્પર્શવાનું એ સહન કરવાની શાળામાંથી તેઓ શીખેલા. એમનો વિવેક હોલો ન હતો, લાગણીથી એ સાચો અને સભર બનતો. જેઓ એ લાગણીને સામી એવી લાગણીથી મળવા માગતા ન હોય, સત્તાથી દબાવવા કે શ્રીથી આંજવા માગતા હોય તેની સામે એ જ વિવેક આવા એક-રંગી માણસોનું કવચ પણ નીવડે છે. કોઈને એ અકળાવે સુધ્ધાં. મને મુંબઇમાં કોઈ વિચક્ષણ માણસે કહેલું સાંભરે છે કે મેઘાણી તો riddle–સમસ્યા–કોયડા–રૂપ છે. મેં કહ્યું ભાઈ, મારે માટે તો એ open book–ખુલ્લી કિતાબ–છે. પોતાની પાસે ચાવી ન હોય તો શું એ તિજોરીનો વાંક?

મેઘાણીની નજર ઝીણી હતી. વાતચીતમાં એકધારી મધુરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લેખનમાં ભાતીગળ શૈલી એટલે કદાચ વરતાય નહિ, પણ એમની ચકોર આંખ પોતાની આસપાસની રજેરજ વસ્તુ સહેજમાં જોઈ લેતી. માણસનું અને પરિસ્થિતિનું માપ લઈ લેવાનો એમની પાસે સૂક્ષ્મ કાંટો ન હોય! સ્નેહ આપવામાં જ એનો એ ઉપયોગ કરતા અને સ્નેહનો અભાવ જુએ ત્યાં અકળાતા નહિ, ખમી ખાતા. એક બાજુ લાવા જેવી લાગણી અને બીજી બાજુ આવી ખામોશી! હું એમના સંબંધમાં આવ્યો ત્યારથી જોતો આવતો હતો, પણ હમણાં હમણાં મને એમના વ્યક્તિત્વમાં સૌથી વધુ આસ્વાદ્ય વસ્તુ એમની સમજણ લાગી હતી. સંસારને સમજી ગયા હોય અને એની સાથે પોતાની સ્વેચ્છાએ-લાપરવાઈથી નહિ પણ સામે ચાલીને—મેળ કરી દીધો હોય એવી આ છેલ્લા વરસની એમની સમજણભરી પ્રસન્ન વર્તણૂક હતી! દુણાયેલા, દુનિયાથી રિસાયેલા માણસો માટે એમને આકર્ષણ ન હતું. દુનિયાની વચ્ચે ઊંકારો કર્યા વગર ઉન્નતમસ્તક ઊભા રહી શકનાર મરદને એમનું હૃદય લળતું. કલાપીના મિત્ર દરબાર વાજસૂરવાળાની કરુણમય્ય મૂર્તિ એક વાર એમણે વાતચીતમાં આલેખેલી તે મારા હૃદયમાં કોતરાઈ ગઈ છે. મને થયું મેઘાણીભાઈ ઉઘાડી આંખે ફર્યા છે અને દુનિયામાંથી—માણસોમાંથી એ શીખ્યા છે; બધી આળપંપાળ જતી કરી, શીખ્યા છે એક સહાનુભૂતિ—હમદર્દી. અમદાવાદ લેખકમિલનના બીજા અધિવેશનમાં, રાજકોટમાં સાહિત્ય-વિભાગના પ્રમુખપદે અને વડોદરા મહીડા પારિતોષિક માટે જવામાં એમની પાવડીમાં કોઈ નવાં પીંછાં ઉમેરાય એવું હરગિજ ન હતું, છતાં ચાહીને—જાણે ઉપકૃત થતા હોય એમ—જઈને ઊભા રહ્યા. અને અમદાવાદ આવે ત્યારે પોટલી છોડે: 'અરે, ભાઈ, આ રમણલાલ દેસાઈને તો પહેલી જ વાર નિકટથી જોયા. કહે કે મહેમાનગીરીમાં ઊણપ રહે તો મનમાં આણશો નહિ, કોઈ કરનાર નથી! મારાથી કહેવાઈ ગયું, How sadly true it is! એમનું ઘર બંધાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એ બતાવવા લઈ ગયા...અને આ ચાવડા, એણે કામ કર્યું છે!... અને રમણ વકીલને તો પહેલી જ વાર ઓળખ્યા. ભારી પ્રેમાળ છે...' રાજકોટના એમના ભાષણ વિષે આપણા દુરારાધ્ય પ્રો. બલવન્તરાય ઠાકોરે પોતે પ્રસન્ન થયાનો લાંબો પત્ર લખેલો, તેની વાત કરતાં એમનો જરીક નિર્વેદમિશ્રિત આનંદ જોઈ શકાતો. આપણા આવા ક્ષેત્રમાં શા માટે રાગદ્વેષ એવો નિર્વેદ, પણ જો જરીક કાંક સારું કરી બેસીએ અને હૈયાને ધીરજ હોય—તો સૌ પ્રેમ વરસાવવાનું જ એ વિચારે આનંદ. સમજુના જરીક અમથા પ્રેમને પણ ગાડાંનાં ગાડાં એ ગણતા. પોતે બીજી વારનાં લગ્ન કશી જ ધમાલ વગર કરેલાં. (જે સાંજે લગ્ન થયાં તે બપોરે તો હું એમની પાસે ટેવ પ્રમાણે બેઠો હતો. બીજે દિવસે ગયો. કહે કે એવું મોટું શું હતું તે જાહેરાત કરું? મિત્રોને પણ ખાસ કહ્યું ન હતું. પણ...The news flashed on the radio. મારે મન તો જીવનનો normal-સ્વાભાવિક-ઘટના છે.) તે પછી પાલાંમાં રહેવા ગયા ત્યારની વાત છે. પાલાંમાં એક અત્યંત શાણા પુરુષ રહેતા હતા—સ્વ. ભગવાનલાલ ભટ્ટ, કાન્તના ભાણેજ. ભગવાન-લાલભાઈએ મેઘાણીદંપતીને એમને outcast-સમાજ બહાર-જેવું ન લાગે એ ખ્યાલે જમવા તેડ્યાં. મેઘાણીભાઈ ન સમજે એ બને જ નહિ. એ નિમંત્રણ પાછળની ફૂંકથી એમણે પ્રસન્નતા અનુભવી.

બીજાઓને માટે એ બહુ ચીવટ રાખતા. ભાઈ મહેન્દ્રે એમને ત્યાં કામ કરનાર વાળંદ ભાઈના જમાઈના ખરખરાનો પત્ર આવેલો બતાવ્યો, જોઈને મને આશ્ચર્ય થાય એમ ન હતું. અહીં અમદાવાદ એક વાર આવેલા ને મને સાથે લઈ ગાડી કરી સારંગપુરમાં મહા-મુશ્કેલીએ જમાઈનું ઘર શોધી કાઢી માએ દીકરીના સમાચાર મંગાવેલા તે લેવા પાછળ બે ત્રણ કલાક કાઢેલા એ મને યાદ હતું. મારી વાત કહું તો ૧૯૩૪માં મોટે મોભારે એલ્ફિન્સ્ટન કૉલેજની હૉસ્ટેલમાં દાખલ થઈ ગયો હતો. પણ આસપાસનો કાંઈ વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલો નહિ. મેઘાણીભાઈનો વણિક ઘેર જન્મ એમને જો કોઈ એક બાબતમાં હમેશાં ખપ લાગ્યો હોય તો એમની વ્યવહારની–વાસ્તવની સમજમાં. ધીરે રહીને એમણે મને એક વાર પૂછ્યું કે ખર્ચનું કેમ ચાલે છે. પોલ પકડાતાં, મને છોભીલો પડવા દીધા સિવાય કયાંઈથી મદદ સ્વીકારવા વિષે પૂછ્યું, લોન મળે તો લઉં એમ જાણી તેવી તજવીજ કરી. કમભાગ્યે જેની પાસેથી લોન લીધેલી તેમને એ છ આઠ મહિના પછી પાછી વાળી દેવા ગયો ત્યારે એ સમયે એમની સ્થિતિ તદ્દન ખરાબ થઈ ગયેલી. જો કે એ પચાસ રૂપિયાથી એમને ન તો શ્રીમંતાઈમાં કે ન અકિંચનદશામાં ફેર પડવાનો હતો. પણ મેઘાણીભાઈ તો, અનુકૂળતા કરી આપી, તટસ્થ જ રહ્યા. મને મારા ખ્યાલ પ્રમાણે ચાલવા દીધો. હૉસ્ટેલની રવિવારની મિજબાની જતી કરી હું શનિએ સાંજે પાર્લા જતો. જુહુની હાજરી પુરાવી રાતે પહોચું ત્યારે ઝીણાભાઈ અને મેઘાણીભાઈ એ બે ઘરનો પરોણો ભૂખે મરવાને બદલે એક ઠેકાણે કોક વાર તો રાંધેલું બગાડે એમ થતું. શ્રી. ચિત્રાદેવીના આતિથ્યનો મને સારો લાભ મળેલો. હું અમદાવાદ આવ્યો ત્યારે તે બંને અને બાળકો અવાર નવાર અમારે ત્યાં આવતાં, કૌટુમ્બિક જેવો સંબંધ થઈ ગયેલો. આ શિયાળામાં સંધિવા(ગાઉટ)-થી બહુ પીડાતા હતા ત્યારે ત્રીજે દિવસે મને ચિઠ્ઠી મોકલી. અમારે ત્યાં આવવા વિનંતિ કરી. પણ પગથિયાં ચઢવાની મુશ્કેલી આગળ કરી ન આવ્યા. એમને બીજાની સેવા લેવી પડે એ માથાવાઢ લાગતું એમ ચોખ્ખું જોઈ શકાતું. હું છૂટો હતો. અવારનવાર એમની કને જાઉં અને લાંબા સમય સુધી—કલાકો સુધી—ગપાટા ચાલે. જાઉં એવો એમના પગના 'ગાઉટ'ના સમાચાર 'ચરણ કમલ બલિહારી ?' કરીને પૂછું ત્યારે હસતા હસતા એની બલિહારી વર્ણવે. 'જમજે અશ્રુનો થાળ તું એકલો !'—એ વચન ઓછું એમણે બીજાઓને માટે જ લખ્યું હતું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા મનમાં એમને માટે એક વાતને લીધે બહુ જ આદર થયેલો. મુંબઈમાં એ સ્થિર આસને બેઠા હતા. દુનિયાની દૃષ્ટિએ વધુ વિકાસ પણ સાધી શકાય એવું હતું. શ્રી. ચિત્રાદેવીને પણ કદાચ મુંબઈ વધુ ફાવે, પોતે પણ મુંબઈમાં આસાએશથી રહી શકત. પણ 'ફૂલછાબ' માટે શ્રી. નાથાલાલ શાહે એમને આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું કે આ ભાઈ નેવું માણસનો રોટલો સ્થિર કરવા આટલી જહેમત ઉઠાવે છે તો એમને અનુકૂળ થવા બનતું કરી છૂટવાની મારી ફરજ છે. અને વતનમાં બોટાદ જઈને એ રહ્યા.

રખડવાની—લોકસાહિત્યના સંશોધનાર્થે રખડવાની એમને ખૂબ જ હોંશ હતી. અમારા ઈડરપ્રદેશમાં જવાનો એકબે વાર વિચાર કર્યો ને ભાંગી પડ્યો. એમણે સાહિત્યના ઘણા પ્રકારો ખેડ્યા હતા અને બધામાં જ એમની કલમને જશ મળ્યો હતો. મને એમની કટલીક વાર્તાઓ ને નવલકથાઓ તેમ જ ગીતો ગમતાં, તેમ છતાં લોકસાહિત્યનું તો જેટલું એમની પાસે હોય તે એમણે તરત જ ગ્રંથસ્થ કરી દેવું જોઈએ એમ હું કહ્યાં કરતો. 'કયામતને દિવસે તમારી ખૂમ પડશે ત્યારે ક્યાં ગયો પેલો લોકસાહિત્યવાળો! —એમ પડશે' એમ હું કહેતો અને હસતા હસતા એ કહેતા કે એવી જ ખૂમ પડે એમ મારી અંતરની આકાંક્ષા છે. ટાંચણપોથીના એક સંગ્રહો એમણે આપ્યા. અને બધી નોંધપોથીઓનું દોહન બે ત્રણ વરસમાં તો આપણા હાથમાં આવી જાત! હજી તો પશ્ચિમથી યંત્ર મંગાવી મૂળ રાગોમાં તે તે સ્થળે જઈ ગીતોને સ્વરમાં ઉતારી (રેકર્ડ કરી) લેવાની વાતો ચાલતી હતી!

રખડવાનો એમનો લહાવો છેલ્લાં વરસોમાં શ્રી. રવિશંકર મહારાજે પૂરો કર્યો. મને બરોબર યાદ છે કે રવિભાઈને ત્યાં પ્રજ્ઞાચક્ષુ મણિભાઈનાં ભજનો ચાલતાં હતાં ત્યાં પછીથી હોરિપટલમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજ પાસેથી બારૈયા બહારવટિયાઓની વાતો એ સાંભળી લાવેલા તે કેવા એકરસ થઈને ઊલટથી કહેતા હતા. સાચું કહું તો મને મનમાં છૂપો ડર લાગ્યો હતો: સાધુ સભાન થશે, કવિ જય-ગાથામાં પડશે. પણ મેઘાણીભાઈએ સારી સમતુલા જાળવી. પોતે મહારાજમાં ભળી જાય અને મહારાજ એમની ધરતીનાં બાળકો પાછળ અલોપ થાય,–એ રીતે કેવળ ધરતીને આગળ ધરીને એમણે 'માણસાઈના દીવા' આપ્યું. મહારાજને માટે હમણાં વાતચીતમાં એમણે કાઢેલો ઉદ્‌ગાર બ્રાહ્મણની સાચી વ્યાખ્યા આપે છે, મેઘાણી-ની દર્શનની શક્તિ દાખવે છે. કહે કે 'મહારાજના હૃદયમાં મેં કોઈને માટે તિરસ્કાર જોયો નથી!'

મહિના પહેલાં દિલ્હી સુધીની હવાઈ મુસાફરી કરી આવ્યા હતા અને પાંખો આવી હોય એમ જમીનથી અદ્ધર ઊડતા હોય એ રીતે એની વાતો કરતા. જોઈને આપણને થાય કે—તેમના તંતુએ તંતુમાં ચેતન ઉભરાતું હતું. (He was living in every fibre.) સ્ત્રીબાળકોને વાયુપ્રવાસે લઈ જવાં જોઈએ એવો એમનો ખાસ આગ્રહ હતો. જેની જોડે દિલ્હી ગયા હતા તે ભાઈને સહ-કુટુમ્બ મુંબઈથી અમદાવાદ ઉડાડી બોલાવ્યા ત્યારે એમને જંપ વળ્યો. ભાઈ ઝાટકિયા અને હું યરોડા જેલમાં સાથી હતા, એટલે એમને સૌને એ મારે ત્યાં લઈ આવ્યા અને સૌ મંડળી વચ્ચે આનંદથી બાળક જેમ બેઠેલા એ મૂર્તિ ભૂલી શકાય એમ નથી. વલ્લભવિદ્યાનગર અને શુકલતીર્થ જઈ આવેલા તેની વાતો પણ ભારે ઊલટભેર કરતા. એમનો પ્રેમ ગુજરાત તરફ વળ્યો હતો. છેલ્લા મળ્યા ત્યારે સૂરતનાં લોકગીતો ભાઈ મધુભાઈ પટેલ પાસે મુંબઈમાં સાંભળ્યાનો આનંદ વર્ણવતા હતા.

છેલ્લા મહિનાઓમાં એમના જીવનમાં પરમ પ્રસન્નતા દેખાતી. ગુજરાતે–જનતાએ પોતાને ઘણું આપ્યું છે એમ એ, કવિશ્રી નાના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલની જેમ જ, કહેતા. પોતાનાં પુસ્તકોની સારી આવૃત્તિઓ જતી તેનો પણ ઉલ્લેખ કરેલો. કહે કે આથી વિશેષ શું જોઈએ ? હવે તો કાંઈક સારું આપણે હાથે થઈ આવે એ જ ! જીવનમાં આથી વિશેષ એમને સ્પૃહા ન હતી. અને આટઆટલું વિવિધ રસમયું સાહિત્ય આપ્યા પછી પણ 'કાંઈક સારું' આપવાની વિનમ્ર તમન્ના ! ઉત્સાહ તો યુવકનો હતો. ગઈ શ્રાવણ વદ પાંચમે અમારે ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષ અઢી કલાક ભજનસાહિત્ય પીરસ્યું. સાંજે મારે ત્યાં જમવાનું હતું. આવ્યા પછી કહે કે આજે મને પચાસ થયાં. મેં કહ્યું, તો તો વિદ્યાર્થીઓની વચ્ચે ઠીક ઉજાણી થઈ. જમતાં જમતાં મેં કહ્યું હજી તો તમે જુવાન જ લાગો છો, You can very well begin life afresh.—હજી તો નવેસરથી જીવન શરૂ કરી શકાય. પાછલું તો બધું નફામાં ! એમ કહી અમે યુરોપમાં તો પચાસે માણસને દાંત ફૂટ્યા ગણે છે, ત્યાં સુધી તો માણસ કાચામાં ખપે, વગેરે વાતે ચઢ્યા. અમારી નાની દીકરી એમને દાદા કહે એ ઉપરથી એમણે લખ્યું કે નંદિની મને દાદો બનાવે છે પણ મન તો હજી યુવાન બનવા ચાહે છે. અને તેમ છતાં શરીરે જ નહિ, મનથી પણ એ પકવતા પામતા આવતા ન હતા ? એક વાર અમથું મેં પૂછ્યું : કવિતા કાંઈ લખાતી નથી હમણાં ? એમનો ઉત્તર અર્થપૂર્ણ હતો: હમણાં ભજનસાહિત્યનું સંશોધન કેટલાક વખતથી ચાલે છે એટલે એ ભજનોની લડેમાં મારી કવિતા લખવાની વૃત્તિને તૃપ્તિ મળી રહે છે.

જીવન જોગવવામાં–જીવનમાંથી સાચો આનંદ લૂંટવામાં એ માનતા. એમના મૃત્યુ ઉપર વિચાર કરતાં સમજાય છે કે જે પ્રેમ પામ્યા–બલકે વરસ્યા અને જે કાંઈ કામ કર્યું એ જ જીવનની કમાણી. મેઘાણીભાઈ એ કામ તો છેલ્લા દિવસ સુધી કર્યું. આગલે દિવસે બોટાદમાં પ્રાથમિક શિક્ષકો સમક્ષ પ્રવચન કર્યું અને દુહાઓની પુસ્તિકા એ દિવસે ચાલતી હતી. આગલે દિવસે જ એમનો છેલ્લો લેખ 'સંસ્કૃતિ' માટે મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર રવાના કર્યો હતો. ક્ષણભર એ નવરા બેસે એ અશક્ય હતું. અને પ્રેમ આપવામાં તો એ કદી પાછા પડ્યા ન હતા. અનેક ગુજરાતીઓ એની સાક્ષી પૂરશે. એક માણસ કેટલી બધી માયા જગાડી શકે છે એ જોઈ તાજુબ થવાય છે! પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે એ પ્રેમ પામ્યા પણ છે. દુનિયા કોઈને પૈસા આપે છે, કોઈને માન આપે છે, ઘણા બધાને આવી કોઈ ને કોઈ સ્થૂલ વસ્તુઓ વિનાસંકોચે આપી દે છે. પણ દુનિયા પ્રેમ કોઈકને જ આપે છે. એ તેલ જુએ છે, તેલની ધાર જુએ છે, પછી જ પ્રેમ તો આપે છે. મેઘાણીને આટલો પ્રેમ મળ્યો કેમકે લોકો પાસે ક્યારેય એમણે હૃદયચોરી કરી ન હતી.

આવા સ્નેહીઓને—પુરુષાર્થીઓને મૃત્યુ નથી. મેઘણીભાઈ નથી એ માનવાની જ મન ના પાડે છે. એટલા એ આપણી સમક્ષ જીવતાજાગતા છે. આ લખતાં લખતાં પણ જાણે લાગે છે કે હમણાં એ આવી પહોંચશે અને એમનો મધુરઘેરો અવાજ સંભળાશે: 'કાં ભાઈ, આ શું માંડ્યું છે?'

૨૭ માર્ચ, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમદાવાદ–છેલ્લા દસકામાં

માણસોની પેઠે નગરોને પણ વ્યકિતત્વ હોય છે. જુદા જુદા મહાપુરુષોનાં નામ ઉચ્ચારતાંની સાથે જેમ એમના નોખાનોખા પ્રભાવનો ખ્યાલ મનમાં જાગે છે, તેમ મુંબઈ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ એવાં મહાનગરોના નામોચ્ચારથી પણ થાય છે. અમદાવાદ બોલતાં પણ એવી એક ભાવનામૂર્તિ આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. અમદાવાદ એટલે આપણે મન ગાંધીજીએ જેને પોતાની તપોભૂમિ બનાવી એ ભૂમિ, જ્યાંથી એમણે ઐતિહાસિક દાંડીયાત્રા શરૂ કરી તે ભૂમિ, અને સાથેસાથે જ અમદાવાદ એટલે કાબેલ, મીંઢા, કંજૂસ, ઉદ્યમી વેપારીઓની ભૂમિ, એ છાપ પણ મનમાં ઊપસી આવે છે. અમદાવાદમાં એવું શું હશે કે લોકો એની નફરત કરતાં થાકતા નથી અને એનાથી આકર્ષાયા વગર પણ રહી શકતા નથી ? એવા અમદાવાદની છેલ્લા એક દસકામાં શી સ્થિતિ રહી તે જોઈએ.

એવું બન્યું છે કે ૧૯૩૯માં અહીં આવીને આ આખો દસકો અમદાવાદમાં રહેવાનો લાભ મને મળ્યો છે. તેથીય એક દસકા પહેલાં હું અહીં ભણતો હતો તે વખતના અમદાવાદમાં અને આજના દસકાના અમદાવાદમાં કેટલો બધો ફેર ! ત્યારે અમને અમારા એક શિક્ષક સ્વાનુભવ કહેતા કે શહેરમાંથી ગુજરાત કોલેજમાં વિદ્યાર્થીઓ સાંજે ક્રિકેટ રમવા ગયા હોય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા વળતાં મોડું થાય તો બે ફર્લાંગ દૂર નદી સુધી પહોંચતાં એમને ભોંય ભારે થઈ જતી, વચ્ચેની ઝાડીથી એમની છાતી ડગી જતી. ૧૯૩૯ સુધીમાં અને પછી તો નદીની પશ્ચિમમાં માઈલ બે માઈલ સુધી–અને પાધડીપને છ માઈલ સુધી–અમદાવાદનો વિસ્તાર વધ્યો છે. છેલ્લા દસકામાં દક્ષિણે મણિનગરથી આગળ વધીને ઠેઠ વટવા સુધી અને ઉત્તરમાં પણ લાંબે સુધી મકાનો માટે જમીનો ખરીદાઈ ગઈ છે. યુદ્ધસમયમાં ધનિકો પાસે હાથવગો પૈસો બહુ હતો. ચૂપચાપ ક્યાંક નાખવા મળે એ જરૂરી હતું. એટલે જમીનોની ખરીદી ખૂબ વધી. બિનસલામતીના સમયમાં જમીનમાં પૈસા રોકવા એ ડહાપણ પણ લેખાયું. માત્ર, બાંધકામની સામગ્રી ન મળી અને હજી પણ સુલભ થઈ નથી, નહિ તો હજારો મકાનો ચણાતાં અમદાવાદનો વિસ્તાર કેટલો બધો થયો છે એ પ્રત્યક્ષ નજરે દેખી શકાત. શહેરની પોળોની અંદરની ગીચ વસ્તીને પણ જરી મોકળાશ મળત.

ઘણાં શહેરોની પેઠે અમદાવાદની વસ્તી પણ આ દસકામાં બહુ વધી છે. બે દસકા પહેલાં બે લાખ જેટલી વસ્તી હતી. આ દસકાના આરંભમાં માંડ ચાર લાખ હશે. અત્યારે આઠનવ લાખ હોવાની ગણતરી છે. બીજા વિશ્વયુદ્ધનો આરંભ ૧૯૩૯માં થયો ત્યારે અમદાવાદના ઉદ્યોગો ભારે ઓટ અનુભવી રહ્યા હતા, કેટલીક મિલો બંધ થવાની સ્થિતિમાં મુકાતી જતી હતી. ત્યાં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને અહીંના કાપડઉદ્યોગને જબરો વેગ મળ્યો, કહો કે મિલો મિલો મટી ગઈ, ટંકશાળો જ બની ગઈ. આ આખો દસકો કાપડઉદ્યોગે કમાયાં જ કર્યું છે. જેઓ લાખમાં નફો ગણતા તે કરોડમાં ગણતા થઈ ગયા છે. યુદ્ધસમયમાં બીજા ગૌણ ધંધાઓ પણ ખૂબ ફાલ્યા. બજારમાં એક ઓફિસ સાથે બીજી અનેક નવીન ઍફિસોનાં પાટિયાં દેખાવા લાગ્યાં. આરકવેરામાંથી છૂટવાની તરકીબે પણ એમાં ઠીકઠીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ ભજવ્યો હશે. આમ, યુદ્ધસમયમાં અમદાવાદમાં ધનની છોળો ઊડવા લાગી. જે પૈસો ન બનાવે એ ચૂકયો એવી સ્થિતિ હતી. કામદારોને સારું એવું મોંઘવારી ભથ્થું મળતું હતું. વસ્તી સારી પેઠે વધી. તેમાં છેલ્લાં બે વરસથી નિર્વાસિતોએ ઉમેરો કર્યો છે. કોઈ રવિવારની સાંજે રતનપોળ અને ગાંધીરોડના ક્રોસિંગ આગળ જઈ પહોંચો તો તમને થાય કે આટઆટલાં માણસ ક્યાંથી આવી રહ્યાં હશે? બસ, માણસોનો એક પ્રવાહ જ ચાલ્યો જતો હોય! તમે એમાં અનાયાસે ખેંચાતા જાઓ.

વસ્તીનો વધારો જોતાં અમદાવાદનો વિકાસ થયો એમ કહી શકાય. અમદાવાદ મહાનગરની કોટિમાં મુકાતું જાય છે. ટ્રામ કે સરકયુલર રેલવે જેવાં અવરજવરનાં ઝડપી સાધનો તાકીદે યોજવામાં આવે તો એના વિકાસને હજી વધુ વેગ મળે. સંતનતના સમયમાં એક પરદેશી મુસાફરે અમદાવાદની લાખોની વસ્તીની વાત કરી છે અને એ કાળમાં દુનિયાના સૌથી મોટા શહેર તરીકે અમદાવાદની ગણના કરી છે. ફરી એક અગત્યના મહાનગર તરીકે અમદાવાદ વિકસી શકે એવી સંભાવના આ છેલ્લા દસકામાં એને માટે ઊભી થઈ છે.

પણ અમદાવાદની મહત્તાને ઝંખપ લાગી હોય તો તે પણ આ દસકામાં જ–એ પણ કબૂલ કરવું જોઈએ. યુદ્ધસમયમાં બધે જ કાળાબજારની લીલા ચાલી, પણ એમાં અમદાવાદે કદાચ આડો આંક વાળ્યો!

પળ આવે ત્યારે ગમે તેવા રસ્તે પણ એકવાર તો પૈસા કરી લેવા, સરકારને હંફાવવી–નમાવવી, પોતાનું ધાર્યું કરવું, એરણની ચોરી ને સોયનું દાન એ કહેવત પ્રમાણે ક્યાંકક્યાંક દાન કરતા રહી ઊજળા થઈ ફરવું–એ દુનિયાદારીનો રાજમાર્ગ અમદાવાદ ખેડી રહ્યું લાગે છે. સ્થાનિક ક્ષેત્રમાં સત્તાનાં સૂત્રો હસ્તગત કરવામાં પણ ધનિકોને રસ સારો એવો છે. સરદાર જ્યાંસુધી અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાળતા ત્યાં સુધી પૈસાદારોને એ એમને યોગ્ય સ્થાને રાખતા. એ સમય સરકારની ખફગી વહોરવાનો–જેલમાં જવાનો હતો, તેથી પણ ધનિકો દૂર રહેતા. ધનિકોમાં કેટલાક જુવાનો જાહેર સેવકો તરીકે બીજાઓ કરતાં પાછળ ન રહે એવા શક્તિશાળી જરૂર છે, પણ તેઓ વિશાળ જનતાના દૃષ્ટિબિંદુથી કામ કરી બતાવે ત્યારે ખરું.

અમદાવાદમાં રૂપિયા–આના–પાઈ સિવાય બીજાં કોઈ ઊંચાં મૂલ્યો શોધવાં એ મુશ્કેલ થઈ પડશે. યુદ્ધસમયે એમાં એ શ્રદ્ધા ઉમેરી છે, કે ગમે તે રીતે પણ પૈસા મેળવેલા હશે તો બીજાં બધાં મૂલ્યો એની આગળ પાણી ભરશે. આની સામે અકળાઈ ઊઠનાર અમદાવાદીઓ નથી એમ પણ નથી. એક મોટા વેપારીએ એકવાર ઊંડી વેદના સાથે કહેલા શબ્દો હું કદી ભૂલી શકયો નથી. એ કહેઃ 'બીજું તો ઠીક, પણ અમારાં નાનાંનાનાં છોકરાં આજે એમ સમજી ગયાં છે કે પૈસો આ રીતે મેળવાય ને આ રીતે ન મેળવાય, એવા વિચારો કરવાના હોય જ નહિ. અમારા બાપદાદાએ એ ભેદ અમારા મનમાં ઠસાવ્યો હતો. અમે એ ભેદ અમારાં બાળકોનાં મનમાંથી જૂંસી નાંખ્યો. એમનું શું થશે? એ પ્રશ્ન જ અમારે માટે મોટો છે'

અમદાવાદમાં આ દસકામાં ધર્મની પ્રવૃત્તિ ખૂબ ફૂલીફાલી છે, એ કંઈ અકસ્માત નથી. અકરાંતિયાની પેઠે ખાધા પછી ઉપર ધર્મની ફાકી જોઈએ જ. ધર્મની સંસ્થાઓ નીકળ્યે જાય છે ને ધર્મઘોકાર ચાલે છે. નવીનવી તરેહનાં મંદિરો નીકળે છે અને સંભાવિત આગેવાનો એમાં આગળ પડતો ભાગ ભજવે છે. પ્રથમ સર્વધર્મપરિષદ પણ અહીં ભરાઈ. દેશમાંથી ગમે તે સાધુસંન્યાસી માટે અમદાવાદ મોકળું ક્ષેત્ર છે. સામાન્ય જનતાની આંખે ધર્મના પાટા બંધાતા ન રહે તો બિચારી કાંક ન જોવાનું દેખી જાય વળી!

પૈસાની રેલમછેલનો લાભ આ દસકાનાં થોડાંક જાહેર ફંડોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળ્યો. કસ્તૂરબા ફંડ, મહાદેવભાઈ ફંડ, મહાત્મા ગાંધી ફંડ, ગુજરાત વિશ્વવિદ્યાલય ફંડ.-એ જાહેર પ્રવૃત્તિઓ માટેનાં ફંડોને સહેલાઈથી નાણાં મળ્યાં એમ તો નહિ કહી શકાય, પણ મળ્યાં ખરાં.

૧૯૪૨ના સ્વાતંત્ર્યયુદ્ધમાં અમદાવાદે મોટો ફાળો નોંધાવ્યો છે. મિલમજૂરોએ હડતાળ પાડી. ત્રણ મહિના હડતાળ ચાલી. મજૂરોએ દેશ માટે ખૂબ સહન કર્યું; મધ્યમ વર્ગે સરકારનો અનેકવિધ સામનો કર્યો. કૉલેજના આંગણામાં ગોરા પોલીસ અધિકારીની ગોળી સામી છાતીએ ઝીલનાર વીર યુવક વિનોદ કિનારીવાળા અને ૧૯૪૬ના હુલ્લડમાં શાંતિદૂતો તરીકે કામ કરવા જતાં શહીદ બનેલા વસંતરાવ અને રજબઅલી અમદાવાદના ઇતિહાસમાં અમર રહેશે.

આ દસકામાં અમદાવાદે બે મહાજનોને ખોયા. ગાંધીજી અને સરદારશ્રી ઉપરાંત જો કોઈ બે મહાજનોને ગુજરાત સંભારશે તો તે આચાર્ય આનંદશંકર ધ્રુવ અને કવિવર નાનાલાલને. એ બંનેનું અવસાન થતાં એક વખતનું સરસ્વતીધામ અમદાવાદ અત્યારે સૂનું-સૂનું લાગે છે. એક વખત એવો હતો, જ્યારે કેશવ હર્ષદ ધ્રુવ, નરસિંહરાવ, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, કવિશ્રી નાનાલાલ અને ગુજરાત વિદ્યાપીઠનાં વિદ્વદ્રત્નો-એ સૌ એકી સાથે અમદાવાદમાં હોય અને તમે મૂંઝાઓ કે આમની પાસે જાઉં કે એમની પાસે. આજે માત્ર એ નામો જ રહ્યાં છે. અમદાવાદમાં વિશ્વવિદ્યાલય નીકળે છે ત્યારે આ શૂન્યતા ખૂબ ખટકે છે.

ગાંધીજીનો આશ્રમ પણ સૂનો પડ્યો છે. સ્વરાજ ન મળે ત્યાં સુધી પાછા આશ્રમમાં ન આવવાનો ગાંધીજીનો નિરધાર હતો. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી પછી ડૉ. હરિપ્રસાદે ગાંધીજીને વિનંતિ કરી કે હવે તો આપ પધારો. એમણે લાક્ષણિક પ્રત્યુત્તર મોકલ્યો: 'મારે માટે સાબરમતી દૂર છે, નોઆખાલી નજીક.' ફરી આશ્રમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને વસવાનું ન બન્યું તે ન જ બન્યું. હવે તો ઇતિહાસ જ રહ્યો. આશ્રમને નદી ધોતી આવતી હતી, તેની સામે બાંધકામ કરી ગાંધીજીનું ખુલ્લું પ્રાર્થનામંદિર અને નિવાસસ્થાન 'હૃદયકુંજ' વગેરેને બચાવવામાં આવ્યાં છે. ગાંધીસ્મારકની દેશભરની યોજનાઓના ભાગ રૂપે એક ભવ્ય ગાંધી સંગ્રહાલય આશ્રમની જગાએ બંધાવાની સંભાવના છે.

અમદાવાદમાં આજે સૌથી પહેલી મોટી જરૂરિયાત હોય તો તે સારું દૂધ પૂરું પાડવાની છે. ચોખ્ખું સારું દૂધ પૂરું પાડવાની યોજના સ્થાનિક મ્યુનિસિપાલિટીની વિચારણા હેઠળ છે જ. અમદાવાદની શરીરસંપત્તિ વખાણવા લાયક નથી. છેલ્લા દસકામાં પ્રસાધનની –ટોઇલેટની સામગ્રીની દુકાનો અમદાવાદમાં પુષ્કળ વધી છે. શરીરમાં પ્રજાએ એથી વધારે રસ લીધો હોય એમ જણાતું નથી.

આવડા મોટા અમદાવાદમાં જે એક બગીચો છે તે કાઢીને ત્યાં કચેરીઓનાં મકાનો કરવાની યોજના સંભળાય છે. કાંકરિયા ઉપર સુંદર બાગની રચના થઈ છે. પણ તે સ્થળની સ્વચ્છતા સારી નથી. નદીને કિનારે બાગ થવાની યોજના છે તે ઉપરાંત પણ મોટા જાહેર બગીચાઓ હોવા જોઈએ.

અમદાવાદ આજે એક શહેર નથી રહ્યું. માણેકચોકની આસપાસનું પોળોવાળું અમદાવાદ તે મૂળ અમદાવાદ. પૂર્વમાં મજૂરોની ચાલીઓનું અમદાવાદ, પશ્ચિમે નદીપાર ભદ્ર લોકોનું અમદાવાદ, શાહીબાગ તરફ ધનિકોનું અમદાવાદ, અને તેની પાર કેમ્પનું ટપકું–આમ આજે પચરંગી અમદાવાદ છે. પણ તે બધા જ ઉપર પોળો અને પોળોની અંદર પોળો–વાળું જે અસલ અમદાવાદ છે તેનો પ્રભાવ છે. અમદાવાદના માનસ ઉપર મધ્યમ વર્ગનું વર્ચસ્ છે. ગામડું ફૂલીફાલીને મોટું થયું હોય એવું આ શહેર છે. અમદાવાદમાં ગાંધીવાદ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્યવાદ કે સમાજવાદ, કોઈ વાદ જામી શકતો નથી. અહીં લોકો તમને કહેશે કે અમે તો અમદા–વાદમાં માનીએ છીએ

સંસાર જેવી કોઈ શાળા નથી. એ વાત સાચી હોય તો સંસારનું પોત બરોબર ઉત્કટરૂપે બતાવનાર અમદાવાદ દરેક વિકાસ-વાંછુને માટે મોટી શાળા જેવું છે. હું પોતે અમદાવાદમાંથી બહુ પામ્યો છું. આવતા દસકામાં અમદાવાદ પૂર્વવિભાગના મજૂરોનો ઉદય સાધીને દેશવિદેશમાં પ્રશંસા મેળવે અને સાચું મહાનગર બને એવી આશા રાખીએ!

જુલાઈ ૧૯૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશીઓ

પુરુષોને શું છે? એ તો આખો દિવસ કામે જાય. પડોશીઓ એટલે શું એ તો સ્ત્રીઓ જ જાણે. સવારનું બધું કામ પતાવી બપોરે જરીક વાંસો વાળીને બેસો ત્યાં બારણા પર ટહુકો સંભળાયઃ 'અરે ઓ કાવેરીબહેન, આ તમારો સાડલો પડી ગયો કે?' ઊઠીને જોયા વગર પણ કેમ રહેવાય? સૂકવેલાં કપડાં જોઈ પતાવીને પાછા ફરતાં વળી શબ્દોનો ફફડાટ સંભળાયઃ 'સાંભળ્યું કે?' એમના મોં પરનો ભાવ જ એવો બોલુંબોલું થતો હોય કે તમારે સામેથી પૂછવું પડેઃ 'ના, કોકિલાબેન, શી વાત છે?' 'શી વાત હોય? એ તો પેલા સામેને ઘેર સવારથી સોનાનું ઘડિયાળ ખોવાયું છે તે જડતું નથી. આવ્યામાં તો કહે છે કે જમાઈ જમવા આવ્યો હતો એ જ. નોકરને માથે પડ્યું છે.' તમારું ગજું છે કે હવે આખી વાતનો તાગ મેળવ્યા વગર ખસી શકો? એ તો ચાલી મજાની વાતો. ખાસા બે ત્રણ કલાકની ચટણી.

માણસ સામાજિક પ્રાણી છે. સમાજમાં જ એ જીવી શકે છે. એકલા એને ગોઠતું નથી. જ્યારે આજુબાજુ કાંઈક અવનવું બને છે, ખાસ કરીને બીજાને નુકસાન થાય છે, ત્યારે એ વાતનો ઊભરો એના પેટમાં કેમ કરીને માતો નથી, કોઈકની આગળ એ ઠાલવ્યા વગર એનો છૂટકો થતો નથી. પડોશી એવે ટાણે કેવા મદદમાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? માણસ સમાજ બાંધીને રહે છે તેનું કદાચ આ પણ એક મુખ્ય કારણ હશે. અને પડોશીઓ તરફથી આ એક એવડું મોટું સુખ મળે છે કે માણસ પડોશીઓ તરફથી થતી અનેક હેરાનગતીઓને એની આગળ કોઈ વિસાતમાં ગણતો નથી.

એ કોકિલાબેન અને કાવેરીબેનને જ જઈને પૂછોને! એમણે એત્રણ કલાક પરમ આનંદમાં વીતાવ્યા, પણ એકમેકને દુભવવામાં, રીબાવવામાં, એકમેકનો પીંડો પકડવામાં એમણે કાંઈ મણા રાખી છે? સહેજસહેજ વાતમાં ઝઘડી પડવું એ પડોશીઓનો હક્ક છે. ગામડાગામમાં તો કેટલીય વાર, સવારે ઊઠો ત્યારે, બે પડોશણોએ આખું ગામ ગજાવી મૂક્યું હોય. શહેરની પોળોમાં પણ જરીકમાં બે પડોશણો વચ્ચે સળગી ઊઠે એની ક્યાં નવાઈ છે?

આપણે આપણા પડોશીઓને જે હેરાનગતીઓ પહોંચાડીએ છીએ તે બે પ્રકારની છે. એક તો આપણા ઘરમાંથી ઉસરડીને બધી ગંદકી પડોશીના ઘર આંગણે ઠાલવવાની આપણને ટેવ છે. રેવાબેન પોતાનું આંગણું વાળીને કચરો ગંગાબેનના આંગણામાં નાખી દઈ, પોતાનું ઘર સ્વચ્છ કર્યાનો આનંદ લેતાં ઘરમાં ગયાં ન ગયાં, ત્યાં ગંગાબેન પોતાનું ઘર વાળતાં વાળતાં આંગણા સુધી આવી સાફસૂફી કરી બધો કચરો રેવાબેનના આંગણામાં ફેંકી ઘર ચોખ્ખું ચંદન જેવું કર્યાનો આનંદ વાગોળતાં અંદર જઈ કામે વળગે છે. આ આપણી એક ખાસ લાક્ષણિકતા છે. માળ ઉપર રહેતા હોઈએ તો નારંગી, કેળાં, કેરીની છાલ વગેરે બારીમાંથી ડોકું પણ બહાર કાઢ્યા વગર આડે મોંએ ડાબે હાથે નીચે ફેંકી દઈએ છીએ. ભોંય-તળિયે રહેનારાઓના ઘર આગળ ખાસી રંગોળી પુરાઈ જાય.

પડોશીને હેરાનગતી પહોંચાડવાનો આપણો બીજો પ્રકાર તે માનસિક ગંદકી એમની ઉપર ઠાલવ્યાં કરવી એ છે. માણસ પાસેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશીથી અલગ પોતાના ઘરમાં વસે છે પણ એને પોતાના ઘરમાં શું બને છે તે કરતા પાસેના ઘરમાં શું બને છે એ જાણવાની ભારે હોંસ હોય છે. દરેક જણ જાણે પોતાના પડોશીના ઘરની દીવાલની આરપાર સેંકડો તરડમાંથી જોઈ રહ્યો નહોય! તમારે ઘેર કોણ આવ્યું, કોણ ગયું, વર ક્યારે ઊંચે સાદે બોલ્યો, વહુ ક્યારે રિસાઈ, અરે શાક ક્યારે દાઝ્યું-એવી નાનીમોટી અનેક વીગતો રજેરજ પડોશીઓની ડાયરીમાં નોંધાઈ ગઈ સમજો. તમને કોઈ વાર કોઈ અગત્યની વાત યાદ આવતી ન હોય અને મૂંઝવણ થતી હોય ત્યારે એક રસ્તો અજમાવવા જેવો છે. પડોશનાં કીકીમાશીને જરા પૂછી જોજો. તરત એમના તરફથી પ્રકાશ પડશે કે "અરે મારી ભૂલકણી! કેમ? એ દિવસ દૂધવાળાએ તારા વર પર ઉધરાણી અંગે છણકો કરેલો એ સાંજે જ ગામડેથી તારે ઘેર મહેમાન આવેલા. ડોસાને માથે લીલી પાઘડી હતી એ જ કે બીજા?" ભલભલો ચિત્રગુપ્ત પણ નોંધ લેતાં ઝોકું ખાઈ જતો હશે, તો આવાં કીકીમાશી જેવાં પડોશીઓને પૂછી લઈ નોંધ પૂરી કરી લેતો હશે.

સૌ જાણે છે કે એકમેક ઉપર આવી ચોકી હોય છે, એકમેકની આવી ખણખોદ થતી હોય છે, છતાં બે જણ મળે કે એવી ખણખોદ જ શરૂ કરી દે છે. એ વખતે એવો ખ્યાલ સરખો એમને આવતો નથી કે હું અત્યારે વસુંધરાબેન સાથે શોભાબહેનની નિંદા કરવાનો લહાવો લઉં છું, પણ હું ઘડીક પછી જઈશ ને શોભાબહેન આવશે ત્યારે એ બંને મળીને મારી જ ખબર લેવાનાં છે. અમારાં કાશીબહેન આ બાબતમાં બહુ જાગ્રત છે. પડોશમાં ક્યાંય પણ બે જણને વાત કરતાં જુએ એટલે એમને ઝટ દેતોક ઘ્રાસકો પડે છે કે રોયાં મારી તો વાત કરી રહ્યાં નહિ હોય. તરત હસતાં હસતાં એ ત્યાં જઈ ચઢે છે અને વાતોમાં ભળે છે. હાશ! મારી ખણખોદ કરતાં તો મેં એમને રોક્યાં—એનો છૂપો આનંદ એ એટલો બધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂંટી રહ્યાં હોય છે કે આ રીતે એમનો ઘણોબધો વખત બગડે એનું એમને દુઃખ થતું નથી.

પડોશ વગર માણસથી રહી શકાતું નથી. અને પડોશીને હેરાનગતી પહોંચાડ્યા વગર પણ રહી શકાતું નથી. રેડિયોની જ વાત કરીએ. પાસેના ઘેર નાનું બાળક રડીરડીને માંડ જંપ્યું હોય, ત્યાં આપણો રેડિયો ભેંકારવા માંડે: 'તૂટ ગયે બાલમ!' પડોશીની લાગણીનો આપણે કયારે વિચાર કર્યો છે? એને ત્યાં શોકનો પ્રસંગ હોય તો પણ આપણા રેડિયોમાં તો 'લાલ દુપટ્ટા મલમલકા'નો ફરફરાટ ચાલુ હોય. ગામડાંમાં કોઈને ત્યાં શુભપ્રસંગ હોય ને રાતે સૌ મહેમાન વગેરે આનંદથી જમવા બેઠાં હોય, ત્યાં પડોશણને પ્રેરણા આવે છે અને ખાસ કેટલાય દિવસો સુધી કોઢના ખામણામાં સડવા દીધેલું ઢોરનું મૂતર ઘડો ભરીને શેરીમાં ઠાલવે છે! પડોશીને ત્યાં જમવા બેઠેલાઓનો કોળિયો બેસ્વાદ બની જાય એ લહાવો એ શા માટે જતો કરે? આપણે ત્યાં કહેવત જેવું છે કે જો અવસર સુધારવો હોય તો કંસારમાં ઘી પીરસવાનું કામ દુશ્મનને સોંપવું. એ છૂટે હાથે પીરસીને દાઝ કાઢે ને અવસર સુધરે આપણો. આને માટે લાંબી શોધ કરવાની જરૂર રહેતી નથી. પડોશીના હાથમાં વાઢી સોંપી દીધી એટલે પત્યું.

આપણા પડોશીનો ઉદય જોઈ આપણી આંખ કેમ ઊઠી આવતી હશે? આખા ગામમાં ઘૂમીએ છીએ ત્યારે રસ્તા પર સેંકડો મોટરો મળે છે ને આપણું રૂંવાડુંય ફરકતું નથી, પણ જો આપણા પડોશીને ત્યાં નવીનવી મોટર આવી તો આપણા જીવમાં ચિરાડો પડે છે. આપણને એ ઓળખે છે, આપણો એ પડોશી છે માટે જ એનો ઉદય ન થવો જોઈએ એમ ને? ગામમાંથી ગમે તેનો છોકરો પરીક્ષામાં પહેલો આવે પણ આપણા જેવા પુણ્યશાળીનો પડોશ જેને હોય તેના છોકરાએ તે પહેલા આવવાનું હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશની હેરાનગતીઓ અપરંપાર છે, પણ પડોશ કોઈને મુકતો નથી. અમારા ખીમાકાકા કહે છે: ઘર શા માટે બંધાવું? પડોશીઓ હંમેશ માટે નિશ્ચિત થઈ જાય. ભાડાના ઘરમાં રહું, ઘર બદલતો ફરું, ઇચ્છા પ્રમાણેનાં પડોશીઓ ન મળે તો પણ એક જ પડોશીની જેહુકમીમાંથી તો બચું. પૈસાવાળા મોટી જગા આંતરીને વાડીની વચ્ચે લપાઈને બેસે છે ને પડોશથી છૂટકારો મેળવવા કરે છે. પણ પડોશ એમ માણસને મૂકે છે? બગીચા બહાર ઊભેલી કોઈ ઝૂંપડી મહેલના આખો વખત ચાળા પાડયાં જ કરતી હોય છે. પડોશ છૂટતો નથી એટલે જ તો સમજુ માણસોએ વિશ્વ આખાને પોતાનું કુટુંબ, પોતાનું ઘર, ગણીને રહેવાનો માર્ગ સ્વીકારી પડોશના પ્રશ્નને જ નિર્મૂળ કર્યો નહિ હોય?

૨૩ જુલાઈ, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બટુકરાજ

શ્રીમિલાબેનના 'શિશુકુલ' નો વાર્ષિકોત્સવ ચાલતો હતો. પ્રેક્ષકવૃંદમાં બેઠોબેઠો હું રંગભૂમિ ઉપરની બાળકોની લીલા જોતો હતો. બાળકો મુક્તપણે આનંદમાં આવીને નાચતાં, કૂદતાં, નાનાં નાનાં નાટક કરતાં, કિલ્લોલતાં હતાં. સારું હતું કે સહેજસહેજમાં, નામનું અમથું બહાનું મળતાં, શિશુકુલનાં 'બહેન' તખ્તા ઉપર ધસી આવતાં ન હતાં. નિવેદન પણ એમણે એક બાળક પાસે કરાવ્યું હતું. ત્યાં ક્યાંયથી પ્રમુખશ્રી ડોલતા ડોલતા રંગભૂમિ ઉપર દાખલ થયા. કેવું વિચિત્ર દૃશ્ય! પેલા વહેંતિયા મુલકમાં–લીલીપુટના ટાપુ ઉપર–ગુલીવર નહોતો જઈ ચઢયો?–એ જ દેખાવ જોઈ લો જાણે! ગુલીવરને લીલીપુટના વતનીઓએ બાંધ્યો હતો તેવું જ આ બટુકો તો નહિ કરે, એવી મને ભીતિ થવા માંડી. પણ ત્યાં સદ્ભાગ્યે ગુલીવર(પ્રમુખશ્રી)ના કાંઈક બોલવા પર આફરીન થઈ સૌ બટુકો તાળી પાડવા લાગ્યાં અને એ સુંદર તકનો લાભ લઈ, જોઉં. છું તો, ગુલીવર ત્યાંથી ગાયબ!.....

પ્રમુખશ્રીને જતા કર્યા પણ દુનિયાને એ બટુકોએ જતી કરી ન હતી. એ નવનવ વરસના નેતાઓ ને આઠ વરસના અમલદારો, પાંચ વરસના પૂંજીપતિઓ ને છ વરસના છત્રપતિઓ, સાત વરસના શાહજહાંઓ અને દસ વરસના દાદાભાઈઓ રૂઆબભેર રંગભૂમિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આમતેમ ઘૂમતા હતા અને દુનિયાની ભારે રેવડી ઉડાવતા હતા. અઢીનો કનૈયો ને અગિયાર વરસની ગોપાંગનાઓ–એમનો રાસ ખેલાયો હતો. સાડા સાત વરસની સુંદરીઓ ને સાડા આઠ વરસની શેઠાણીઓ દોરથી ફરતી હતી. માનવજાતના નમૂનાઓનો જાણે કે મેળો જામ્યો હતો. મજૂરણો, મહિયારીઓ ને મહેતરાણીઓ; સુફલિસો, મિલમાલિકો ને મહાત્માઓ; મહેતાજીઓ, મવાલીઓ, માંગણો ને મસ્તાનાઓ; મુનીમો ને મોટરડ્રાઈવરો; મંદબુદ્ધિઓ, મહાજનો, મહામહિલાઓ;—કોઈ બાકી રહ્યું ન હતું. બધાના વેશ કાઢી બધાને જ સારી પેઠે બનાવ્યાં હતાં. ટીકાને અનેક તાંતણે સંસાર રૂપી ગુલીવરને બટુકોએ જાણે કે બાંધ્યો હતો.

હું તો સલામત છું ને એની ખાતરી કરવા ખુરશીના હાથા મેં જોરથી પકડયા ને વાંસો મોકળાશથી આમતેમ ફેરવ્યો. ખરે જ કશું કાંઈ બંધન ન હતું. તેમ છતાં મનમાંથી બેચેની કેમે કરી જાય નહિ. આ બાળકોની દુનિયા-બટુકરાજ-રંગભૂમિ ઉપર ચાલી રહેલ છે તે ખરેખર હયાતીમાં આવે તો ? અત્યારે તો કદાચ મોટાંઓનું શીખવેલું તેઓ બોલે–ચાલે છે. પણ એમનું ચાલે તો કદાચ મોટાંઓની મશ્કરી કરવાનું પણ મોટાંઓ પાસેથી શીખવાની તે ના ન પાડે ! બાળકોનું આત્મભાન આટલું બધું જાગ્રત કરવામાં આવે છે તેને પરિણામે તેઓ પણ, આપણા સદ્ભાગી દેશમાં સૌ કોઈ કરવા બેઠું છે તેમ, 'બેબિસ્તાન' ની માગણી તો નહિ કરવા માંડે ? ...

* * *

ભારે ધાંધલ મચી રહી હતી. કોલાહલનો પાર નહિ. વાવટાઓ ઊડી રહ્યા હતા. મેદની બેશુમાર હતી. સહેજ ધારોને જોઉં છું તો કોઈ ત્રણ ફૂટથી ઊંચું ન મળે. આટલા બધા ઠીંગુજીઓ ક્યાંથી ઊભરાઈ ચાલ્યા એમ નવાઈ પામી પાસે જઈને જોઉં છું તો અરે એ તો સૌ બાળકો ! મોટો મંડપ નજરે પડયો. તોરણ પર બાળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરે લખ્યું હતું: 'અખિલ હિંદ બેબિસ્તાન પરિષદ.' કાલાકાલા સૂરે એમનું કવાયતી ગીત ચાલતું હતું :

આઝાદીનો મંત્ર મહાન : બટુકરાજ ! બટુકરાજ !
માગે આખું હિંદુસ્તાન : બેબિત્તાન ! બેબિત્તાન !
મોટેરા ! ભાગો નાદાન ! બટુકરાજ ! બટુકરાજ !
હવે આવશે તમને સાન : બેબિસ્તાન ! બેબિસ્તાન !

પછી એમની પરિષદ શરૂ થઈ. પ્રમુખસ્થાનેથી (બાલપ્રમુખ જ હતા) ઠરાવ મુકાયો: આપણે બેબિસ્તાન વગર જંપવાના નથી, અને આજથી આપણે ઠરાવ કરીએ છીએ કે આપણે મોટા થવું નહિ. મોટાઓ ક્યાં આપણા જેવડા થાય છે કે આપણે એમના જેવડા થવું ?.....ત્યાં સભામંડપમાં માલવીયાજી, શ્રીનિવાસ શાસ્ત્રી અને બીજા કેટલાક વૃદ્ધો દાખલ થયા. આવતાં વેંત જ તેમણે સવાલ કર્યો: 'ખાશો એટલે મોટા તો થશો જ. ખાવાનું બંધ કરશો !' અને એમણે ચોમેર પરિષદ તરફ પોતાનું પ્રશ્નાર્થસૂચક મોં ફેરવ્યું. બધાં બાળકો આ પ્રશ્નથી અકળાઈ ઊઠ્યાં. 'ના !' 'ના !' ના પોકારો ઊઠ્યા. ખાવાનું કેમ જતું કરાય ? 'બેબિસ્તાન મુર્દાબાદ !' ના અવાજો પણ ઊઠ્યા. પરિષદ ભાંગવાની અણી ઉપર આવી પહોંચી, ત્યાં બાલપ્રમુખને પડખેથી એક કારોબારી બાલસભ્યે જવાબ આપ્યો: 'અમે પોલાદનાં બખ્તરો પહેરીશું ને આવડા ને આવડા રહીશું. મોટાઓએ અમને ચીની સ્ત્રીઓના પગ વિષે શીખવ્યું છે તેના જેવું કરીશું.' પરિષદમાં ફરી ઉત્સાહનો જુવાળ આવ્યો : 'બેબિસ્તાન ઝિન્દાબાદ ! ઝિન્દાબાદ !' ઉપરથી ત્યાં તો એ બહાદરે પડકાર કર્યો : 'વૃદ્ધો, તમે શા અધિકારે અહીં આવ્યા છો ?'

પરિષદમાં વીજળી ચમકી. વૃદ્ધો સહેજ ઝંખવાણા પડ્યા.

બીજો એક કારોબારી બાલસભ્ય સુંદર અંગદડકો મારીને રંગમંચ ઉપર આવી ઊભો : 'તમે અપંગ, નિર્બળ વૃદ્ધો ! તમારાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડ ઉપર ચઢી ન શકાય, ખોનો એક દાવ ન આપી શકાય, અરે પાણીનો લોટો ન ઉપાડી શકાય! તમે-આ તમે!-કયા અધિકારે દુનિયામાં સત્તાનાં સર્વ કેન્દ્રો પર અડ્ડો જમાવીને બેઠા છો? ખબરદાર છે, અમારા બેબિસ્તાનમાં પગ મૂક્યો છે તો! અહીં તમારી ચાલબાજી ચાલવાની નથી!"

તાળીઓનો ગગનભેદી ગડગડાટ. વૃદ્ધો સહેજ વિસામણમાં પડ્યા. છેવટે માલવીજીએ કહ્યું: 'જુઓ, શા અધિકારે તે બાળક હોવાના અધિકારે. ખૂદાપો એ બીજું બાળપણ છે એ તો તમે જાણતા જ હશો?'

'અરે ભલા માણસ, તમે તે કેવી બાળક જેવી વાત કરો છો!' પ્રમુખશ્રી ગંભીરપણે બોલ્યા.

'બસ, તેથી જ અમે બાળપરિષદમાં આવ્યા છીએને?' વૃદ્ધોએ કહ્યું.

સૌ હસી પડ્યા. માલવીજીએ ગાંધીજીનો અને શાસ્ત્રીઆરે રૂઝવેલ્ટચર્ચીલના સંદેશા વાંચી સંભળાવ્યા. કોલાહલમાં આવું આવું કાંઈ કાને પડતું હતું: 'તમારામાંનો જ એક-ગાંધી.' '...લડાઈ દરમ્યાન બાળકો અમેરિકામાં સુરક્ષિત છે.—રૂઝવેલ્ટ.' '...બધાં સ્તાન માગજો એક હિંદુસ્તાન સિવાય.-ચર્ચિલ.'

બાલપ્રમુખે પૂછ્યું, 'તમે જો બાળક હો તો, આખી દુનિયાની સત્તા પચાવીને બેઠા છો એમાંથી અડધી અમને કેમ આપતા નથી?'

'અમે તો આપવા નહિ પણ ઊલટું કાંક લેવા આવ્યા છીએ.'

'એટલે?'

'જુઓને! તમે જે પહેલા બાળપણમાં છો તેમને તો જુવાનો ને આધેડો હોંસેહોંસે પ્રેમથી પોતાની સેવાઓ સમર્પે છે. અને અમે જે બીજું બાળપણ ભોગવીએ છીએ એમને તો તેઓ કસાણે મોઢે, ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલીથી, સેવાઓ આપે છે. અમે તમારી શી યુક્તિ છે તે શીખવા આવ્યા છીએ. તમે લોકો ભારે ચાલાક છો!'

'લુચ્ચાઓ!' 'ચોર!' 'હિન્દુસ્તાન મુર્દાબાદ!'–પોકારો ઊઠ્યા.

વૃદ્ધોને પરિષદમાંથી કાઢી મૂકવામાં આવ્યા. મને થયું કે હિન્દુસ્તાન કે એબિસ્તાન, વચલાઓનો આપણો જ, મધ્યમવર્ગની જેમ, મરો છે. પ્રેમ અને ભીતિનાં બે પડ વચ્ચે આપણે જ દળાવાનું છે.

પાછળથી શબ્દો આવતા હતા: 'ભલે આપણે મોટા થવું પડે. આપણે નહિ તો આપણાં બાળકો માટે, પણ એબિસ્તાન સારુ તો આપણે લડવાના જ! પણ કોઈ કોઈનું સાંભળતું ન હતું. પરિષદમાં વિક્ષેપ થયો હતો. અસ્પષ્ટ પોકારો ગાજતા હતા: 'એબિસ્તાન ઝિન્દાબાદ! ઝિન્દાબાદ!'

મારા કાન એકાએક ચમક્યા. આ બધી હોહામાં સૌથી ઊંચો અવાજ તો અમારી એબીનો જ હતો!

* * *

'કેમ ક્યાં સુધી ઊંઘવું છે? આઠ તો વાગ્યા! કચૂકા રમતાં શિખવાડવા પછી હું નવરી નથી. નવે મારી એનપણી આવવાની છે! એબીની વાગ્ધારા ચાલતી હતી. આંખો મસળીને પથારીમાંથી હું ઊભો થયો. હાશ. હું હિંદુસ્તાનમાં જ છું હજી! એબિસ્તાનથી દૂર, સુદૂર!

પણ મારો એ ભ્રમ હતો. ચા પીને 'શિશુશિક્ષણ' માટે લેખ લખવાનો હતો તેને માટે કમર (? ક્લમ) કસવા તૈયાર થયો. ટેબલ ઉપર તો વિદ્યાની અધિષ્ઠાત્રી બનીને એબી વિરાજમાન થઈ હતી. ખડિયો ઢોળશે ત્યારે એને ચેન પડશે. પણ લાવ, એટલામાં આ લેખનું નસીબ અજમાવું. પણ પેન્સિલ ન જડે! બધી ચીજો એણે વેરણછેરણ કરી નાખી હતી. ઘરમાં કશું જ એને હવે દુર્ગમ્ય ન હતું. ખુરશી કે ટિપાઈની મદદથી ટેબલ, બારી, કબાટ બધે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચી જવામાં એને કશી મુશ્કેલી ન હતી, પાટલા નીચેથી પેન્સિલ કાઢતાં કાઢતાં મારાથી ઉદ્ગાર નીકળી ગયો : 'આ તે ઘર છે કે બેબિસ્તાન?'

પણ લેખમાં મેં જુદો જ મોરચો રચ્યો. રાજાજીની નીતિ મને માન્ય છે: સામાવાળા આગળ નમતું જોખવું. કલમ ચાલી: 'શિશુશિક્ષણ એ જ આજનો સળગતો પ્રશ્ન છે. નેપોલિયન આપણા દેશમાં અને તે આજના સમયમાં જન્મ્યો હોત તો જરૂર કહેત—

કહે નેપોલિયન દેશને કરવા આબાદાન,
સરસ રીત તો એ જ છે દો બાળકને જ્ઞાન.

અને પછી પોતાના તરફથી 'હિંદુસ્તાન વિષે થજો ઘરઘર બેબિસ્તાન,' 'હિંદુસ્તાન બની રહો સુંદર બેબિસ્તાન!'—એવી પંક્તિઓ પણ 'સંકોચપૂર્વક' અડાવી દીધી. વળી ઉમેર્યું : 'આપણાં બાળકો સારી રીતે કેળવાશે—એટલે કે હિંદ બેબિસ્તાન બનશે, તો જ સાચી કેળવણીને અભાવે ઊભા થયેલા પાકિસ્તાન, શિખીસ્તાન, દ્રાવિડીસ્તાન, વગેરે પોકારો શમી જશે. બેબિસ્તાન એ જ એક આવાં સ્તાનોની દવા છે. ...'

કલમ રવાલ ચાલે ચાલતી હતી. લેખ હમણાં-ઓ-પૂરો-થયો એવી આશા બંધાતી હતી. ત્યાં ... ...

એકદમ બેબી મારી તરફ ધસી. શાંતિથી એણે 'પેન્સિલ તો મારી છે' કહી ઝૂંટવી લીધી. કાગળો ખેંચ્યા. 'શિશુશિક્ષણ'ના વાંચકોનાં પુણ્ય ઝાઝાં હશે. કાગળની કરચો થઈ, ને લેખ વાંચવામાંથી એ છૂટ્યા! પછી ધીરેથી નાનકડો પગ ઊંચો કરી હસતાં હસતાં એ ખોળામાં આવીને જામી ગઈ. અને ... ...

હું પોતે જ બેબિસ્તાન બની બેઠો હતો!

૧૬ જૂન, ૧૯૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેખોવ

કળાકારોમાં જે ઉત્તમોત્તમ હોય છે તેમના હૃદયનું કારુણ્ય અગાધ જોવા મળે છે. તેમની કળામાં જ્યાં ને ત્યાં એ પોતાની ધજા ફરકાવતું નથી હોતું, પણ આખી કૃતિની વ્યંજનામાં એનો સૂર પકડાયા વગર રહેતો નથી. એમની કળાકૃતિઓ જોતાં પ્રતીતિ થાય છે કે તેમનું ચિત્ત સંસારના તારેતાર સાથે એકરૂપ થયું છે. કશું એમને મન અળખામણું નથી. જાણે દુનિયાના કિસ્મત સાથે પોતાનું કિસ્મત એમણે ભેળવી દીધું ન હોય એમ લાગે છે. અને તેથી ઈશુ અને શેક્સ્પિયર એ બે નામો એક શ્વાસે બોલતાં કેટલાકને અંચકો લાગતો નથી.

રશિયન વાર્તાકાર ચેખોવની કલાસૃષ્ટિ જોતાં એટલું તો તરત જ સમજાઈ જાય છે કે માનવીના સુખદુઃખની રેખાએ રેખા એને પ્રત્યક્ષ છે. એની વાર્તાઓ અને નાટકોમાંથી બધાં પાત્રો જો બહાર ધસી આવે તો એ પચરંગી ટોળું મોટા શહેરના એકાદ વિશાળ ચોકમાં માંડ માંડ માય. સમાજને ખૂણેખૂણેથી બધા જ થરમાંથી એ પાત્રો ઉપાડેલાં જોઈ આપણને તાજુબી તો એ થાય કે શું એ જ આંખોએ આટલી બધી વિવિધતા દુનિયામાંથી પકડી પાડી હશે? શું એક જ હૃદયમાં આટલી બધી વિવિધ વ્યક્તિઓનાં સુખદુઃખ વસ્યાં હશે? જેવી માણસ ઉપર તેવી જ કુદરત ઉપર એની આંખ ઠળી છે. એનાં પ્રકૃતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ણનો જાણે પ્રેમપત્રો જ જોઈ લો. ટાગોરની જેમ આવા માણસો કહેતા હોય છે: 'મે અહીં જે જોયું છે તેનો જોટો નથી.' દુનિયા છે એટલી વાત ઉપર જ એમનું હૃદય અહેશાનમંદી અનુભવે છે.

એનો અર્થ એ નથી કે એમને મન દુનિયા ઉત્તમ છે. પણ 'ત્રણ બહેનો'–એ નાટકમાં ચેખોવનું એક પાત્ર કહે છે તેમ દુનિયાને ઢંગસરની થયા વગર કયારેક તો છૂટકો નથી. એમ થતાં બસો, બે હજાર કે બે લાખ વરસ લાગેયે ખરાં, પણ તેથી હારી ખાધે ચાલે? એ ઘડીને નજીક લાવવામાં ધ્યાનપૂર્વક સૌસૌએ પોતપોતાનો સ્વધર્મ બજાવીને ફાળો આપવાનો છે.

ચેખોવ ધંધે ડૉકટર હતો. છ હજાર માઈલ દૂર સાઈબિરિયાને છેડે સાખાલિન ટાપુમાં રાજકીય કેદીઓને મોકલવામાં આવતા. એમની દુર્દશાની વાતો આવતી, ઝારશાહી સામે થોડી ચૂંચાં થતી અને શમી જતી. કળાની આલમમાં ચોમેર જયારે ચેખોવનો ડંકો વાગતો, ત્યારે એકાએક એણે વાર્તા લખવી પડતી મૂકી. અને જ્યાં પરાણે સૌ જતા, એવા સાખાલિન ટાપુએ જવા એ રાજીખુશીથી ચાલી નીકળ્યો. આગગાડી હતી નહિ. ગાડાથી કે ઘોડા પર એણે એ મજલ ખેડી. ઓગળેલા બરફમાં ઘોડાને દોરતો ઘૂંટણભર પાણીમાં ચાલતો, કયારેક ગાડામાંથી ઊથલી પડતો, સામે આવતા ઘોડાની હડફેટમાંથી માંડ બચી જતો, ભીને કપડે એ પ્રદેશની ઠંડીમાં ભોંય પડી રહી રાત ગુજારતો, એ સાખાલિન ટાપુએ પહોંચે છે. ત્યાં પણ એની જહેમત કલ્પનાપારની છે. બ્રીસથી એ બમણો ટાપુ. પણ ઘેરઘેર ઘૂમીને એણે વસ્તીપત્રક તૈયાર કર્યું. ત્યાંનું કામ પૂરું કરી પાછો આવ્યો ત્યારે એનું શરીર તૂટી પડયું હતું, જે ક્ષયે અંતે એનો પ્રાણ લીધો તે જડ ઘાલી ચૂકયો હતો. મિત્રો એના આ સાહસને ગાંડપણ ગણતા. હાસ્યખોર છાપાંઓએ કવિતાઓ પ્રગટ કરી: ભાઈ, પ્રેરણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આટલે બધે દૂર જતા હોઇશું ? ઘણે વરસે જતાં એક તબીબી નિષ્ણાતે ઉચ્ચાર્યું કે ચેખૉવનો સાખાલિન ટાપુનો અહેવાલ તે એ પ્રકારના કાર્યમાં અનુકરણ કરવા યોગ્ય આદર્શ રજૂ કરનારો છે.

ચેખૉવના જીવનનો આ એક મહાન બનાવ છે, અને એ મહાન કળાકારની હૃદયવૃત્તિનો એક સાથે પરિચય કરાવી રહે છે. ચેખૉવ એવો મૂંગો અને નમ્ર માણસ હતો કે પોતે વહોરેલી અને વેઠેલી યાતનાઓનો ક્યારેય પણ ઉંકારો સરખો એ કરવાનો નહિ. તેથી એનાં જીવનચરિત્રોમાંથી કોઈકમાં તો આ સાખાલિન પ્રકરણ આખું ને આખું જ ગાયબ હોય છે. હમણાં એક યુવક સોવિયેત કવિ કોર્નેઈ ચુકોવ્સ્કીએ Chekhov The Man નામે નાનકડું પુસ્તક બહાર પાડ્યું છે તેમાં એણે આ વિષે ઘટતો ભાર મૂકી ચેખૉવના કારુણ્યને ઉઠાવ આપ્યો છે.

એ પુસ્તક જોતાં આપણા ઉપર બીજી પણ એક વસ્તુની છાપ પડે છે. તે એ છે કે મનુષ્યજાતિને શીખવવા જેઓ નીકળ્યા છે, તેઓ પહેલાં તો પોતાની જાતને બરોબર શીખવે છે. ચેખૉવનું જીવન આ વાતની સાક્ષી પૂરે છે. 'જાણીજોઈને મેં આ ગજબહારનું કામ ઉપાડ્યું છે.' 'પ્રત્યેક તક મળતાં હું મારી અંદરના પશુનો નિયામક થવા માગું છું.'–આવાં વાક્યો એના પત્રોમાં વેરાયેલાં છે. એક ગુલામનો એ દીકરો. કોળિયા અન્ન માટે કાકલુદીઓ કરેલી. વાંસા પર ચાબખા સબોળાયેલા. સુધરેલા સમાજમાં પેસીને પણ બીજી રીતની ગુલામીઓમાં ફસાયેલો. પણ ધીરે ધીરે અથાગ જાગૃતિ અને પરિશ્રમથી પોતાની અંદરના એ ગુલામને એ હમેશ માટે ગૂંગળાવી શક્યો અને એક મંગળ પ્રભાતે એણે જોયું કે પોતાની નસોમાં ગુલામનું લોહી નહિ, પણ એક સાચા માણસનું લોહી વહી રહ્યું છે.

આવી મુક્તિ ચેખૉવને સખ્ત જીવનસાધનાના પરિણામે મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એ ગુણ એ વખતના રશિયામાં તો ઠીક, પણ બીજે બધે અને ગમે ત્યારે પણ મનુષ્યજાતિમાં વારંવાર જોવા મળતો નથી. ટીખોનોવ ચેખોવની આ તન, મન અને હૃદયની મુક્તતા ઉપર વારી જાય છે. બીજો એક લેખક, શક્તિશાળી મનુષ્યમાં જરૂરી એવી સત્ય માટેની તેની હિંમતને વધાવે છે. ગોર્કી પણ એ વિરલ ગુણનાં અહોગાન ગાય છે: 'મને લાગે છે કે જેમને મળ્યો છું તેમાં તમે જ પહેલા એવા માણસ મળ્યા, જે કશાની પણ કદમબોસી કરવાનો ઇન્કાર કરે.'

ચેખોવ દબાતો નહિ પણ છેતરાવા હમેશ તૈયાર રહેતો: 'પોતાની જાતને છેતરવી તે કરતાં છેતરાવું બહેતર છે.' તે છૂટે હાથે પૈસા આપતો–પાછા મેળવવાની લાલચ વગર, અને તે છૂપી રીતે. સાથીઓને તો તે કંજૂસ જેવો લાગતો. લેખકોનાં નાનાંમોટાં એણે કરેલાં કામોની યાદી કરી હોય તો ગંજાવર થાય. બીજાઓને મદદરૂપ થવાની એની લગની પારાવાર હતી. છેક મૃત્યુ અગાઉના દિવસોમાં, મોસ્કો ગયેલો ત્યારે સાથે એક પડોશણનું ઘડિયાળ સમારાવવા માટે લઈ આવેલો. યાલ્ટામાં હતો (કદાચ તેના અંતિમ દિવસો હતા) ત્યારે ક્ષયના દરદીઓનાં ટોળે ટોળાં ત્યાં ધસી આવતાં. સૌના મુખમાં એક જ વાત હતી: 'ચેખોવ અમારું ગોઠવી દેશે.' 'ચેખોવ અમને સાજા કરાવી દેશે.' એનો મિલનસાર અને હસમુખો સ્વભાવ, હસવાના તુક્કાઓ શોધવાની એની શક્તિ, મહેમાનગત, પૈસાની ખેરાત, એ બધી વસ્તુઓ વિગતે વર્ણવતાં પાર ન આવે. ટૂંકામાં એના જીવનનું સરવૈયું જોઈએ તો જણાય છે કે મરતી વખતે તે વિશ્વવિખ્યાત એવા વીસ ગ્રંથો જ માત્ર નહિ, પણ ચાર ગ્રામશાળાઓ, એક ઘોરી રસ્તો, એક શહેર માટેનું પુસ્તકાલય, પિટર પહેલાની પ્રતિમા, દેવોનું ઘંટાલય, ઉજ્જડ જમીન પર પોતે ઉગાડેલું એક જંગલ, અને બે અદ્‌ભુત બગીચા પોતાની પાછળ મૂકતો ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેખૉવના કારુણ્યનો તાદૃશ ચિતાર યાલ્ટાની એક આગબોટ ઉપર બનેલા એક પ્રસંગની કચુપ્રિને કરેલી નોંધ પરથી મળે છે. ચેખૉવની હાજરીમાં કોઈ ઉતારુએ એક પોર્ટરને લપડાક મારી ત્યાં એ મજૂર બૂમ પાડી ઊઠ્યો: 'શું? મને તું લગાવે છે? તું એમ માને છે કે મને તું મારે છે? બેવકૂફ! પેલા આદમીને તું મારી રહ્યો છે!' અને એણે ચેખૉવ તરફ આંગળી કરી.

૧૯૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણનાં તીર્થો

આપણો દેશ હજારો માઈલ પથરાઈને પડ્યો છે. અને એની રમણીયતાની વાત થાય એમ નથી. જ્યાં જાઓ ત્યાં, જ્યાં જુઓ ત્યાં, સૌન્દર્ય છલકાઈ રહ્યું છે. આપણાં બાળકો વિદ્યાભ્યાસ પૂરો કરતાં પહેલાં ચોમેર દેશમાં રખડાય એટલું રખડે એ બહુ જ જરૂરી છે. આપણે ગુજરાતીઓ તો લગભગ મધ્યમાં છીએ. ઉત્તર તરફનો ભાગ એકીસાથે પૂરો જોઈ આવવાનું જરી ભારે ગણાય. બે ત્રણ હપ્તે જ એમ કરવું ઠીક પડે. પણ દક્ષિણનો પ્રદેશ એવો છે કે દોઢબે મહિનાનો સમય લઈને નીકળીએ તો લગભગ આખા એ પ્રદેશમાં લટાર મારી આવવાનું શક્ય છે.

દક્ષિણાપથ એકમૂઠી છે. ઉત્તરની જેમ સરહદ પ્રાંત અને બંગાળ જેવા ભિન્ન વિસ્તાર નથી. બીજી તરફ ઉત્તરમાં આપણને ભાષાની મુશ્કેલી ભાગ્યે જ નડે, જ્યારે દક્ષિણની ભાષાઓ એક તરેહની અને આપણાથી તદ્દન નિરાળી હોઈ આપણી ને એમની આડું એક અંતરપટ જાણે કે રચાયું છે. પણ મોટી ખૂબીની વાત તો એ છે કે એ અંતરપટ ક્યાંય સાચા નડતરરૂપ નીવડતું નથી. હિંદનું હૃદય સર્વત્ર એક જ ધબકારે ધબકે છે, અને અહીં ભાષાના અંતરાયની પાર પણ એ ધબકાર સ્પષ્ટ અનુભવાય છે.

દક્ષિણ હિંદ, એ હિંદી હિંદ (Indian India) છે. ઉત્તરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મધ્ય એશિયામાંથી દર સૈકે પ્રજાઓની પ્રજાઓ આવીને ઠલવાઈ છે. જ્યારે દક્ષિણાપથ મહાસાગરની પાળોને વળગીને એકરૂપ રહ્યો છે. ઉત્તરની સાંસ્કૃતિક સિદ્ધિઓ, સ્વરક્ષણ માટે મથતી, દક્ષિણ દિશાની પાંખમાં હૂંફ પામી છે. ઉત્તરમાં મથુરા છે, તો દક્ષિણમાં મદુરા; ઉત્તરમાં કાશી, તો દક્ષિણમાં તેન-કાશી. સપ્તસિંધુમાં અભિવ્યક્ત થયેલી વેદની ઋચાઓ કૃષ્ણાને કંઠે બ્રાહ્મણોના ગળામાં યથાતથ આજ પર્યંત સચવાઈ છે. દક્ષિણ હિંદે હિંદની સંસ્કૃતિની તિજોરીનું કામ કર્યું છે. અને સમય આવ્યે એ સંસ્કૃતિભંડારને નાણી જોવા માટે—એની શાખ માટે દક્ષિણમાંથી ધર્માચાર્યો બહાર આવ્યા છે, અને પોતાની પવિત્ર ધર્મચર્યાથી એ સંસ્કૃતિધનને એમણે અણમૂલ બનાવ્યું છે આજે પણ આપણા ત્રણ મહાન ધર્મપુરુષો દક્ષિણમાં બેઠા છે.

દક્ષિણ એ હિંદી હિંદ છે તે બીજા એક અર્થમાં પણ કમભાગ્યે સાચું છે. મારા મનમાં એક ભ્રમ હતો કે, ગરીબાઈનો ચહેરો મેં ક્યારેક ક્યારેક જોયેલો છે. પણ દક્ષિણનાં ભાંડુઓ જોતાં તો મને થયું કે એક નબીરાનું જીવન મેં ગુજાર્યું છે. દક્ષિણમાં પ્રવાસ કરવો દોહ્યલો છે. અમુક ક્ષણે તમને એમ લાગવાનું જ કે આ શોખ કરવાનો આપણને અધિકાર શો? દક્ષિણમાં ફરતાં એક વસ્તુ આપોઆપ સમજાય છે કે આપણા દેશને કોઈએ ઉઘાડી આંખે જોયો હોય તો તે ગાંધીજીએ. આપણી દીનહીનદશા માટેની ગાંધીજીની બેચેનીનું કારણ અહીંની સ્થિતિ જોઈ બરોબર પ્રત્યક્ષ થાય છે. એમના સહાનુકંપાશીલ હૃદયનો અનુભવ પણ દક્ષિણના પ્રવાસમાં જ દૃઢ બન્યો છે: 'આ રેંટિયાના સંદેશનો આશય પૂરેપૂરો કોઈને હું ઝિલાવી શકયો નથી, કેમકે એનું આકલન મને પોતાને પણ સ્પષ્ટ થયું ન હતું. પણ આ નવ મહિનાની યાત્રા દરમ્યાન મેં જે નિરીક્ષણ કર્યું અને ચિંતન કર્યું તેમાંથી—ખાસ કરીને દક્ષિણના પ્રવાસમાં—મને તે દીવા જેવું સ્પષ્ટ થયું.' (૧૯૩૪.) લોકસંગ્રહની ભાવનાને દૃઢ કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને જ, આજે, આપણે આવા પ્રવાસોનો ખ્યાલ કરી શકીએ. સૌ ગુજરાતીઓને, ત્યાં વસતા ગુજરાતી ભાઈઓના ભાવભર્યા આતિથ્યનો અનુભવ થશે; પણ ત્યાંની વસ્તી આપણી તરફ—ગુજરાતીઓ તરફ, જે આંખથી જુએ છે—એ મગરૂર થવા જેવી વાત ભાગ્યે જ હશે.

અત્યારે દક્ષિણ હિંદની નવીન પેઢી ત્યાંના ધર્મવેડાથી પારાવાર કંટાળેલી જોઈ શકાય છે. સંસ્કૃતિભંડાર ઉપર સ્વાર્થનો ભોરિંગ ઝળુંબી રહ્યો છે, અને દંભનો મોટો રાફડો જામ્યો છે. ત્યાંનાં મંદિરોની કળા જોઈ એક આંખ રીઝે છે, તો બીજી ધર્મને નામે જામેલી બલા જોઈ ખીજી ઊઠે છે. ભોળી અબૂઝ પ્રજાની અતળ શ્રદ્ધા એ જ એકમાત્ર આશ્વાસનરૂપ નીવડે છે. આ શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહી વખોડી કાઢવાની નથી, એની ઉપર સ્વાર્થ અને દંભે લાદેલા પોપડાઓ ખંખેરી નંખાતાં એ જ શ્રદ્ધા પ્રજાનું પરમ દૈવત બની રહેશે. એ શ્રદ્ધાના તાર ઉપર જ ભારતવર્ષના આત્માનું અમર સંગીત સહસ્ર વર્ષોથી બજ્યાં કર્યું છે. આજની આપણી અસહાય—અસહ્ય—સ્થિતિમાં પણ, દક્ષિણનાં તીર્થધામોમાં અને આશ્રમોમાં, ત્યાંનાં તાલીવનો, સાગરતટો અને ગિરિપ્રદેશોમાં અટન કરતાં ભારતના મહાન આત્માની ભવ્યતા અચૂકપણે દગ્ગોચર થાય છે. દક્ષિણના પ્રવાસીના મુખમાં તો કુમાર રામચંદ્રે વિદ્યાગૃહ (નિશાળ) છોડ્યા પછી તીર્થાટનની ઉત્સુકતા દાખવતાં કાઢેલા ઉદ્‌ગાર શોભી ઊઠે :

तीर्थानि देवसद्मानि वनान्यायतनानि च ।
द्रष्टुमुत्कण्ठितं नाथ ममेदं तात मानसम् ॥

આપણી તીર્થભાવના મનન કરવા જેવી છે. તારે તે તીર્થ. જ્યાં પહોંચતાં જ ત્યાંના શાતાભર્યા વાતાવરણના બળે ઐહિક લીલાથી ખસીને આત્મા તરફ ગતિ કરવાનો સેતુ લાધે તે તીર્થ. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોએ પ્રકૃતિના અંકમાં-ગિરિગિરિનાં શિખરોએ અને સરિતાસાગરના જળકિનારાઓ પર તીર્થો સ્થાપ્યાં હતાં. પ્રકૃતિદૃશ્યોની શ્રામકતા યાત્રાળુઓને ધર્મલાભમાં અનુકૂળ થતી. આજે એવાં એકાન્ત પ્રકૃતિનાં રહસ્યમંદિરોમાં બીજી જ ભાવનાની પ્રતિષ્ઠા થતી જોવા મળે છે. પહેલાં કોઈ નવીન સુંદર ટેકરી ઉપર કોઈ તપસ્વી યાત્રિક પગ મૂકતો, તો ત્યાંનો આનંદ પીને બેહોશ બની તે ધર્મધ્વજ ફરકાવતો, અને બીજા સમાનધર્માઓને મોકળા હૃદયે નિમંત્રણ આપતો. પ્રજાનું પૂર એ ઊર્ધ્વ આરોહણમાં ઊછળતું. પણ પહેલાં જ્યાં આવું ધર્મ-સ્થાન નિર્માયું હોત, ત્યાં આજે હોટેલ અથવા બાનગી બંગલો બંધાતો જોવા મળે છે. ધર્મભાવનાને ધક્કો મારી ભોગભાવના પ્રકૃતિને ખોળે ચઢી બેસતી દેખવા મળે છે. ધર્મતીર્થો પાછળ લોકશાસનની ભાવના હતી. તે સાર્વજનિક મતા હતાં. આ નવાં ભોગતીર્થો દૂરથી જ છટાદાર જાકારો દેતાં હોય છે. સુંદર પ્રકૃતિસ્થળોએ પહેલાંની જ જેમ ધર્મસ્થાનો સ્થાપવાં એમ સૂચવવાનો આશય નથી, જનહિતની દૃષ્ટિએ, સર્વભોગ્ય એવાં વિદ્યાલયો, પુસ્તકાલયો, આરોગ્યભુવનો, વગેરેની સ્થાપના થાય તો એવો જ અર્થ સરે.

સાચી તીર્થભાવના ન હોય તો તીર્થધામોમાં ભમવું નિરર્થક છે. અને જેની પાસે સાચી તીર્થભાવના હશે, તેને અટન કરવાની અનિવાર્ય જરૂર પણ નથી. ('એમ કહી અખો આળસ્યો.') ઉદરંભર બ્રાહ્મણોએ તીર્થભાવનાની ભયંકર વિડંબના કરી મૂકી છે, પણ એમનામાંના જ એક ગાયકે (પૌરાણિકે) તીર્થભાવનાનો સર્વોચ્ચ આદર્શ હંમેશ માટે રજૂ કરેલો છે:

सत्यं तीर्थं दया तीर्थं तीर्थमिन्द्रियनिग्रहः ।
चित्ते ब्रह्ममयं तीर्थं तीर्थानामुत्तमं स्मृतम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીનિકેતન

શાન્તિનિકેતનના એક અતિથિને ગુરુદેવ ટાગોરે પૂછેલું કે તમે શ્રીનિકેતન જોયું? શ્રીનિકેતન ન જુઓ ત્યાં સુધી મારી એક મુખ્ય પ્રવૃત્તિ તમે જોઈ નથી.

પશ્ચિમ તરફ વંકવોળામણા રસ્તે માઇલ દોઢ માઇલ ચાલ્યા જાઓ એટલે શ્રીનિકેતન આવે. વચ્ચે બે બાજુ પુકુરો (તળાવડીઓ) અને પુકુરોને કાંઠે મોટાં આંબલીનાં અને છાતીમ(સપ્તપર્ણ)નાં વૃક્ષો. પેલાં બે હારમાં નજીક નજીક વૃક્ષો ઊભાં છે તેમની સાથે ગોઠડી માંડ્યા વગર તમે ભાગ્યે જ આગળ વધી શકો.

શ્રીનિકેતનમાં ઘણા હાથઉદ્યોગો ચાલે છે. શાળખાતામાં સાડી, પહોળી ચાદરો, સુંદર ભાતવાળાં ટેબલ-ક્લોથ અને આસનો વણાતાં હોય છે. સુથારીકામ, દરજીકામ, હાથકાગળનો ઉદ્યોગ અને ખાસ તો વિવિધ ચિત્રોથી શણગારેલ ચામડાનાં તરેહતરેહનાં પાકીટોનો ઉદ્યોગ તરત ધ્યાન ખેંચે છે. પાસે જ ત્યાં તૈયાર થયેલી વસ્તુઓ વેચવાની દુકાન છે. શાળખાતું માત્ર પગભર છે, બીજા ઉદ્યોગોને નિમિત્તે હજી આખું ઉત્પાદનકાર્ય ખોટમાં ચાલે છે. આસપાસનાં ત્રીસેક કેન્દ્રોમાં શ્રીનિકેતને પોતાની પ્રવૃત્તિ ફેલાવી છે.

સત્તાવીસ વરસ ઉપર અંગ્રેજ ઇજનેર શ્રી. એલ્મહર્સ્ટે ગુરુદેવને શ્રીનિકેતનનું નિર્માણ કરવામાં મદદ કરી હતી અને પોતે જ એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ અધ્યક્ષ બન્યા હતા. હમણાં 'દામોદર વેલી' યોજના અંગે હિંદી સરકારે તેમને બોલાવ્યા હોઈ શ્રીનિકેતનમાં પણ તેઓ આવ્યા હતા અને સત્તાવીસ વરસ પહેલાં પોતે ત્રણ M નો મંત્ર આપ્યો હતો, Malaria Monkeys, અને Mutual trust(ટાઢિયો તાવ, વાંદરાં અને પરસ્પર ઠંતબાર)નો તેમાં કેટલી પ્રગતિ થઈ તેની તેમણે જાતતપાસ કરી સંતોષ બતાવ્યો હતો.

આ બધું જોઈ રહ્યા ? હવે જરીક દક્ષિણ તરફ આવો. આ પેલું સામે કોઈ ઢંગધડા વગરના ઘાટનું મકાન છે તે ઇસ્ટ ઇન્ડિયા કંપનીની કોઠી હતી. ગુરુદેવના પિતા મહર્ષિ દેવેન્દ્ર ાથે તે મકાન ખરીદી લીધેલું. એની પડખે જ પેલું ચોગાન છે ત્યાં જઈએ. અંદર જવાના દરવાજાની ફાટકો જ પહેલું ધ્યાન રોકી લે છે. ફાટકો પર બંને બાજુ મોટું એક એક પૈડું છે. આ તરફ ગાડાનાં પૈડાં છ સાત ફૂટ માથોડા જેટલાં ઊંચાં હોય છે. ગાડાં સાંકડાં અને લંબાં હોય છે. વાંસનાં બનાવે છે તે કારણે આ ઘાટ પસંદ થયો હશે. હિંદની ખેતી અને ગ્રામસંસ્કૃતિનું પ્રતીક આ પૈડું છે. એ પૈડાની આ રીતની સ્થાપના કેવી હૃદયંગમ છે ! કોણાર્કમાં બાર પૈડાના રથને સાત અશ્વો ખેંચતા હોય એ રીતે ત્યાંનું જગપ્રસિદ્ધ સૂર્યમંદિર યોજ્યું છે. કોણાર્કનાં એ પૈડાંને તો અહીં સ્થાપ્યાં નથી !—એમ કોઈને થાય તો નવાઈ નહિ. આ બધી ઝીણી વિગતો પાછળ પણ નંદબાબુ આદિનો કલાવિવેક હોય એટલે શું કહેવાય ? પણ નંદબાબુની કલા તો અંદર ચોગાનમાં જઈએ ત્યાં અનુભવવા મળે છે. વર્ષાઋતુના આરંભે કૃષિઉત્સવ ઊજવવા સૌ ભેગાં થઈ શકે એ માટેનું આ ચોગાન છે. સામે ભીંત ઉપર શ્રી. નંદબાબુની પીંછીની એક અમૂલ્ય પ્રસાદી છે. ખુલ્લી ભીંત ઉપર છે એટલે સૂર્ય, હવા અને વરસાદની દયા ઉપર છે, પણ હજી રેખાઓ ને રંગો ટકી રહ્યાં છે. નંદબાબુની ઊભરાતી સર્જકતા ઉડાઉગીરીમાં રાચે છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુલ્લી ભીંત ઉપર એણે એક મનભર ચિત્ર અનંતને ખોળે રમતું મૂકી દીધું છે.

વર્ષાને વધામણે કૃષિકારો ને ગ્રામકન્યાઓ ટોળે મળ્યાં છે. વાદ્યો વાગી રહ્યાં છે. પેલા ઢોલ વગાડનારની મસ્તી માતી નથી. આ શણગારેલા બળદોની હાર ચાલી આવે. જગતના તાત ખેડૂતનો જે આધાર છે તેને શોભે એ રીતે શણગાર્યા છે. બળદો લયબદ્ધ ગતિએ ચાલે છે. એમની ચાલમાં ગૌરવનું ભાન છે, કેમકે તેઓ હળ ખેંચી રહ્યા છે, જનસમાજના યોગક્ષેમનો મુખ્ય ભાર વહી રહ્યા છે. એમના ગૌરવભાનનું બીજું પણ કારણ છે. એ હળને ચલાવી રહ્યું છે કોણ ? ગુરુદેવ રવીન્દ્રનાથ પોતે ! હળ ઉપર હાથ-વાળી કવિવરની ભવ્ય સુંદર મૂર્તિ આખા વર્ષોત્સવને પ્રસન્નતાથી ભરી દે છે અને વર્ષે વર્ષે ખેતરે ખેતરે વર્ષા જે સાચાં મોતીડાં વરસાવી જાય છે તેમને શ્રમ વડે ધાન્યભર્યાં કણસલાંમાં પ્રગટાવવાના વિશ્વયજ્ઞમાં ભોળાં ગ્રામજનો તેમ જ સુજ્ઞ કવિ-સૌ પોતાનો ફાળો આપી રહ્યાં હોય એવા આનંદમય માંગલ્યને ઉઠાવ આપે છે.

બાજુ ઉપર કવિવરનું ગીત લિપિબદ્ધ કરેલું છે. પ્રથમ પંક્તિ તેઃ 'ફિરે ચલ્ માટીર ટાને—' ધરતીનાં આકર્ષણથી પાછા વળીએ.

શ્રીનિકેતન દ્વારા કવિવરે ધરતીના અમોઘ આકર્ષણને સ્ફુટ કર્યું છે.

ધરતીના આકર્ષણનો વેગ જેની લેખિનીમાં વરતાતો હોય છે, એવા કવિઓ જ આ પૃથ્વીને સ્વર્ગથી કાંઈક નિકટતર લાવવામાં પોતાનો ફાળો આપી શકે છે.

પુરી : ૯-૧૨-૧૯૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ-તંત્રતા

સ્વતંત્રતા એટલે દરેક જણ પોતામાં પડેલા સત્યને સાકાર કરી શકે એ માટેની યોગ્ય પરિસ્થિતિ. દરેક માણસમાં કોઈ ને કોઈ પ્રકારનું સહજ કૌશલ હોય છે. દરેકને કોઈ ને કોઈ બક્ષિશ મળેલી હોય છે. તેને તે યોજી શકે એ આડે કોઈ અંતરાય ન આવે, અને એમ કરતાં કરતાં એ પોતાના આત્મ-રૂપને પામવાના પુરુષાર્થને માર્ગે વિકાસ કરી શકે, એ માટેની સૌથી પ્રથમ અને પરમ આવશ્યકતા કોઈ વસ્તુની હોય તો તે સ્વતંત્રતાની છે એમ કહી શકાય.

આપણે એ શબ્દના બંને અંશોનો અર્થ વિચારીશું તો પણ એના સ્વરૂપનો કંઈક ખ્યાલ આવશે. 'સ્વ' એટલે પોતાનું અને 'તંત્રતા' એટલે આધાર-હોવા-પણું, તંત્ર-હોવા-પણું. સ્વતંત્રતાનો વિચાર કરતાં 'સ્વ' ઉપર જેટલો ભાર મુકાય છે એટલો હંમેશાં 'તંત્રતા' ઉપર મુકાતો નથી. સ્વતંત્રતા એટલે તંત્રમાત્રનો અભાવ એવો આકર્ષક ખ્યાલ લોકપ્રિય પણ તરત નીવડે. પણ અ-તંત્રતા એ કોઈ સ્વતંત્રતા નથી. અર્વાચીન યુગમાં સ્વતંત્રતાનો ધ્વજ ફરકાવનાર ફ્રેન્ચ વિપ્લવના પિતા રૂસોએ કહ્યું: Man is born free in Nature and is found everywhere in chains. —માણસ કુદરતને ખોળે સ્વતંત્ર જન્મે છે પણ જગતમાં જોઈએ છીએ તો જ્યાં ને ત્યાં શૃંખલાઓમાં જકડાયેલો એ નજરે પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મનુષ્ય 'પ્રકૃતિને ખોળે' જન્મતો જ નથી, સમાજને ખોળે જન્મે છે અને 'સ્વતંત્ર' નહિ પણ સમાજનાં અનેક બંધનોથી બંધાયેલો જ જન્મે છે. અને એ બંધનોમાંથી છૂટવા માટે પણ કુદરતને ખોળે જવું એ ભાગ્યે જ બરોબર હોય, કેમકે પ્રકૃતિને ખોળે જન્મેલી અને જીવતી ઇતર પ્રાણીસૃષ્ટિ જે જાતનું જીવન જીવે છે તે ઘણુંખરું અ-તંત્રતાનું છે, સ્વ-તંત્રતાનું નહિ. સ્વતંત્રતામાં તંત્રની જરૂર તો અપેક્ષિત છે જ. માત્ર તે પોતાને અનુકૂળ અને પોતાની અનુમતિ પામેલું તંત્ર હોય.

તંત્ર એટલે જ કોઈ જાતનું બંધન. જો વ્યવસ્થા વગરનું માનવજીવન શક્ય ન હોય તો પછી બંધન વગરનું જીવન વાંછવાનો કોઈ અર્થ નથી. એકલી વ્યકિત માટે બંધન વિનાનું જીવન શક્ય ન હોય તો સમાજ વચ્ચે જન્મીને સમાજમાં રહી વિકાસ વાંછતી વ્યકિત માટે તો હજી બીજાં બંધનો પણ ઉમેરાય એ સ્વાભાવિક છે. પણ એનો અર્થ એ નથી કે આ બધાં બંધનો વ્યકિતના વિકાસને બાધક જ હોય સમાજનાં અસંખ્ય બંધનો વ્યકિતની સ્વ-તંત્રતાને પોષનારાં પણ નીવડી શકે. બધાંનાં વ્યક્તિત્વનો પરિપોષ અને વિકાસ થાય એવાં બંધનો પર રચાયેલા તંત્રવાળો સમાજ સૌને સ્વ-તંત્રતાનો અનુભવ કરાવે. એવા તંત્રે યોજેલાં અનિવાર્ય અથવા સ્વાતંત્ર્યપોષક બંધનોને પ્રત્યેક વ્યક્તિ હોંસે હોંસે માન આપે. એક લેખક કારેલ ચાપેક ઇંગ્લેન્ડ વિષે કહે છે કે આપણા દેશમાં મકાનની આજુબાજુ વાડ કરવી પડે છે અને ત્યાં ઇંગ્લેન્ડમાં તો દરવાજા પાસે પાટિયા ઉપર 'ખાનગી' એવો એક જાદુઈ શબ્દ લખેલો હોય છે અને એ વાડની ગરજ સારે છે. કોઈ અંદર પેસવાની દરકાર કરતું નથી.

આમ 'તંત્રતા' પદ ઉપર યોગ્ય ભાર મૂકવામાં આવે તો 'સ્વ'નો અર્થ આપોઆપ મર્યાદિત—એટલે કે પરિષ્કૃત થઈ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને મહાન સત્યવીરોનું જીવન જોઈશું તો દેખાશે કે જેમજેમ તેઓ સ્વતંત્ર થવા મથ્યા છે તેમતેમ એમણે સમાજમાં પડેલી તંત્રતાને વધારે ને વધારે માન આપ્યું છે. ગાંધીજી નાનામાં નાની બાબતમાં કાયદાનું પાલન કરનારા હોઈને જ પોતાને સૈદ્ધાન્તિક પ્રશ્ન અંગે સવિનય કાનૂનભંગ કરવા માટે પાત્ર લેખે છે. સોક્રેટીસનો પણ એવો જ દાખલો છે. કારાવાસમાંથી એને ભગાડી જવાની યોજના લઈને શિષ્યો આવ્યા ત્યારે એણે પોતાની સાથે એથેન્સના કાયદાઓનો સંવાદ થયો હોય એ રીતે કાયદાઓ(गणधर्माः)ની વાત એમને સમજાવી: જે ગણધર્મોએ પોતાને આ કક્ષાએ પહોંચાડ્યો, અરે સત્ય ખાતર હસતે મોએ ઝેરને અમૃતતુલ્ય ગણી પીવાની શક્તિ અર્પી—એમને એ પાંચ વરસ આ ખોળિયું ટકાવી રાખવા સારુ થઈને પોતે છેહ દે?

આમ, સ્વતંત્રતા માટે ઝંખતા આત્માઓ 'પર'માં 'સ્વ'ને જોવા વધુ ને વધુ ટેવાય છે. એમને પછી ભય રહેતો નથી. अन्यस्माद् बिभेति। બીક તો હંમેશાં બીજાની લાગે. પણ બીજું કાંઈ હોય તો લાગે ને?

તેમ છતાં 'સંસારસું સરસા' રહેનારા સત્યવીરોની કર્મધારા નૈતિકતાના ફલક ઉપર વહેતી હોઈ, એમને માટે કોઈ વ્યક્તિ 'પર' ન હોવા છતાં એમને કયારેક જરૂર કોઈ વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહમાં કોઈ 'અન્ય' તત્ત્વોનો ભેટો થાય છે. પાપી એમને માટે અન્યજન નથી, સ્વજન છે, પણ એની અંદરનું પાપ, દુરિત, એ 'અન્ય' છે. એ 'અન્ય'થી એ ભય પામે એવું તો છે જ નહિ. પણ ઘણું-ખરું એની સાથે ટક્કર લેતાં એમને ઘણુંઘણું સોસવાનું રહે છે. પણ પોતાની સ્વ-તંત્રતાની એવી કિંમત ચૂકવવા હંમેશાં જ તેઓ તત્પર હોય છે. ગેટે કહે છે તેમ, જેઓ સ્વતંત્રતા અને પ્રેમ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોજરોજ લડી લેવા, એને નવેસરથી જીતવા, સમર્થ હોય છે તે જ એને પાત્ર છે:

He only love and freedom doth deserve,
Who day by day must conquer them anew.

જેને આખા વિશ્વમાં એકમાત્ર આત્મતત્ત્વનો જ અનુભવ થાય છે, કશું જ 'અન્ય'-રૂપ ભાસતું નથી એનો સર્વ લોકોમાં કામચાર-યથેચ્છવિહાર હોય છે એમ ઉપનિષદ કહે છે. કામચાર એ પરમ સ્વતંત્રતાનું લક્ષણ છે. અંગ્રેજ પ્રજા ખુલ્લાં ઘાસમેદાનો (lawns) ઉપર મુક્તપણે હરેફરે છે એમાં એની સ્વતંત્રતાનો ઉન્મેષ કારણ ચાપેક જુએ છે એ ઉચિત છે. સ્વતંત્ર મુક્તચર્યાના અધિકારનું વર્ણન કરતાં છાન્દોગ્ય ઉપનિષદ કહે છે કે નીચે ઉપર, પાછળ આગળ, દક્ષિણઉત્તરે, આત્મા જ આ સર્વ છે એમ એ જોનારો હોય છે. અને એ આત્માદેશ હોય છે, અહંકારાદેશ હોતો નથી; પોતામાં પડેલા અહંકારનો આદેશ ઉઠાવનારો નહિ પણ આત્માના આદેશ પ્રમાણે વર્તનારો હોય છે. આવો આત્મરતિ, આત્માનંદ પુરુષ તે સ્વરાટ્—પોતાના આત્મતેજે પ્રકાશનારો હોય છે અને સર્વ-લોકમાં એનો કામચાર-યથેચ્છવિહાર હોય છે. એનાથી જે અન્યથા હોય છે તેઓ અન્ય-રાટ્ બીજાથી શોભતા, બીજાની આણ માનનારા, હોય છે અને તેમનો સર્વ લોકમાં અકામચાર હોય છે.

આમ પરમ સ્વ-તંત્રતા, એ જેઓ આત્માદેશ હોય છે, અર્થાત્ આત્માનો (એટલે કે પોતાનો નહિ પણ આત્મતત્ત્વનો) આદેશ આત્માની આણ માનનારા હોય છે, તેમને જ વરેલી છે.

૨ ઑક્ટોબર, ૧૯૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓને

વિદ્યાર્થીઓને 'દોરવણી' આપવાનો મારો ધંધો નથી. હું પોતે મને વિદ્યાર્થી ગણું છું. કાર્યકરોની ઇચ્છાને વશ થઈ વિદ્યાર્થી-ઓનો પ્રશ્ન મને સમજાયો છે એ રીતે મૂકવા પ્રયત્ન કરું છું.

પહેલું તો એ કે વિદ્યાર્થીએ સાચા વિદ્યાર્થી થવું જોઈએ. સામાન્ય રીતે જોઈશું તો દરેક વિદ્યાર્થી ભાગ્યે જ પાંચ ટકા પણ વિદ્યાર્થી હોય છે. તેમાં આપણી હાલની કેળવણીપ્રથા એવી છે કે સાચા વિદ્યોપાસકને પણ એમાં ઘણું ખરું નિરાશા મળે. એમ. એ. થયો ત્યારે પહેલું જ્ઞાન મને એ થયું કે ભણવાનું તો હજી બાકી જ છે. કેળવણીની પ્રથાને માથે જ દોષનો ટોપલો નાખ્યે નહિ ચાલે. પરદેશમાં આ પ્રથાથી પણ માણસો સારું વિદ્યોપાર્જન કરી શકે છે. ઉત્તમ વસ્તુઓમાં આપણો અભિનિવેશ જ એવો મોળો છે. આપણી વર્તમાન અવદશાનો આ પણ એક પરચો છે. તેમ છતાં જ્યાં છીએ ત્યાં પણ, આપણે ભણવાને બહાને જે અમૂલાં વરસો ખરચ કરીએ છીએ તેનો વિદ્યાલાભ માટે ઉપયોગ કરીએ. ...તેમાં હિંદ, ચીન, રોમ, બ્રિટન વગેરે દેશોના ઇતિહાસના અભ્યાસને હું પ્રથમ સ્થાન આપું. મહાપ્રજાઓની પ્રાણધારાનો પરિચય કરતાં કરતાં મનુષ્યજાતિનો આપણને અનુ-ભવ થાય, અને મહાભારત, રામાયણ, ભાગવત, શાહનામા, ઇલિયડ, વૉર એન્ડ પીસ, જેવાં મહાન કાવ્યોનો અભ્યાસ તેમાં ભળે એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યજાતિના લક્ષ્યની પણ કાંઈક ઝાંખી થાય. રોજબરોજના જીવનનું રગશિયું ગાડું કેમ ચાલ્યા કરે છે તેના સ્પષ્ટ ખ્યાલ માટે દરેક વિદ્યાર્થીને જાહેર નાણાં ખરચ (પબ્લીક ફાઇનન્સ)નો હિસાબ આંગળીને ટેરવે જ હોય....આવા અભ્યાસ ઉપરાંત વિદ્યાપ્રાપ્તિ માટે મારે મન વૃદ્ધસંસર્ગની કિંમત બહુ જ છે. પોતાના જમાનાના વિશિષ્ટ વૃદ્ધો (અનુભવવૃદ્ધો) પાસેથી વિદ્યા લૂંટવી જોઈએ. સાંભળેલો શબ્દ જેટલું શીખવે છે તેટલું વાંચેલો શબ્દ શીખવી શકતો નથી.

શારીરિક તાલિમને નામે આપણે ત્યાં મીડું છે. આપણો જુવાન ખુલ્લું શરીર બતાવતાં શરમથી લચી જાય છે. આપણી વિદ્યાશાળાઓનાં ક્રીડાંગણો મર્દાનગીભરી રમતોથી ગાજવાં જોઈએ. આપણા જુવાનો આપણી નદીઓ અને તળાવોને ડહોળતા હોય, ડુંગરો પર નવી કેડીઓ પાડતા હોય, ઉજાણીઓથી વનશ્રીને હસાવતા હોય. તેમનો પ્રકૃતિસંપર્ક વધે. પ્રકૃતિ કેળવણીનું પારણું છે. ટૂંકામાં, પ્રાણના ઉદ્રેકથી તરવરતા વિદ્યાર્થીઓ ક્યારે જોવા મળશે? એક જ દાખલો આપું: એકસઠ વરસનો એક ડોસો સાબરમતીથી દાંડી સુધી પગપાળો ચાલ્યો હતો. કાંઈ નહિ તો એક ચાલવાના આનંદ ખાતર પણ આખા ગુજરાતમાંથી ચાર છોકરા એવા નીકળ્યા નથી જે આટલો રસ્તો માપી આવ્યા હોય.

બીજું, આર્થિક પ્રશ્નને વિદ્યાર્થીજીવનના મધ્યબિંદુ તરીકે હું મૂકું છું. દરેક સહૃદય મનુષ્યની એવી ઇચ્છા રહે જ કે પોતે બીજાં મનુષ્યો પાસેથી સેવાઓ લે છે તો પોતે પણ તેટલી જ સેવાઓ આપવામાં પાછો ન પડે. જુવાનોની તો એ સહજ ઇચ્છા હોય. અને જોઈશું તો દેખાશે કે નહિ બાળકો કે વૃદ્ધો પણ મોટે ભાગે સશક્ત જુવાન સ્ત્રીપુરુષો ઇચ્છાએ કે અનિચ્છાએ પણ સંસારના ભારનું વહન કરે છે. વર્તમાન વિશ્વયુદ્ધનો બોજ કોની પીઠે છે? આમાં વિદ્યાર્થી એક એવો યુવાન છે જે હજી સેવાઓ લીધે રાખે છે. આપણી પાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ગરીબીનો વિચાર કરીએ તો, આવી સેવાઓ સશક્ત જુવાનોને આપવાનું આપણા દેશને પોસાય જ નહિ. પોતાની અંગમહેનત–જાતમહેનત ઉપર ભણવું એ આદર્શ રીત તો છે. જે એમ ન કરી શકે તે પોતાને દેશનો-સમાજનો દેવાદાર ગણીને ભણે. પોતે હાલ સેવાઓ લે છે તે થોડાઘાજ સાથે સમાજને પાછી આપવાની શક્તિ મેળવવા માટે-કેળવવા માટે પોતે લે છે એવી મનમાં પાકી ગાંઠ વાળે. તો પછી ગરીબ વિદ્યાર્થીઓનો તેજોવધ થવાનું કારણ નહિ રહે. તો જ સુખી ઘરનાં છોકરાં સામાજિક અસમાનતાના વિષ ઉપર ઊછરી વિકૃત થતાં અટકશે. ... તો, પગભર નથી એવો દરેક વિદ્યાર્થી પોતાને દેશની થાપણ ગણીને કેળવણી પૂરી કરે. સમાજનું ઋણ સહેજે વિસરાઈ જવાનો સંભવ છે. એટલે એ સતત યાદ રહે એ ખાતર દરેક જણ કાંઈક ઉત્પાદક મજૂરી આપે. ઘરકામમાં થતા ખર્ચનો થોડો ભાગ પોતાની મજૂરીથી ટાળી, એ જૂજ બચત ઉપરથી સતત ખ્યાલ કરે કે પોતાની પાછળ થતા ખરચમાંથી કેટલું ઓછું જ પોતે તો વાળી શકે છે. કાંતણ જેવા હાથઉદ્યોગોનો પણ આ મજૂરીમાં સમાવેશ થાય. પણ જડ કાંતણથી તો ખાદીનો તાકો જ થશે. ગાંધીજીએ કાંતણને પ્રતીકરૂપે રજૂ કર્યું છે. રેંટિયાના સંગીતનો 'સમ' આવીઆવીને દેશની શરમજનક ગરીબી ઉપર પડે છે, ને આપણી આંખ ઉઘાડે છે, એમાં જ એનું મહત્ત્વ છે. ઓછામાં ઓછું આવી પ્રતીકરૂપ મજૂરી તો દરેક વિદ્યાર્થીએ આપવી જ જોઈએ.

નવાઈની વાત નથી કે સામાન્ય રીતે સ્ત્રીવિદ્યાર્થીઓ ઘરકામની સેવાઓ દ્વારા આવી મજૂરી આપતી હોય છે, જ્યારે પુરુષવિદ્યાર્થીઓ જ નવરાધૂપ જેવા રહેવાનું પસંદ કરે છે?

ત્રીજું: સામાજિક ક્ષેત્રમાંથી તો વિદ્યાર્થીનાં મૂળ લગભગ ઊખડી જ ગયાં છે. સમાજ રૂડોરૂપાળો નથી એ સાચું, પણ તેથી એનાથી અતડા રહી ચાલવાનું છે? વિદ્યાર્થીએ આ અતડાઈ છોડવી જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા વિદ્યાર્થીને ન્યુ થિયેટર્સનાં નટનટીની ખબર હશે, પણ એનનો જેઠ કોણ છે એ એને ન પૂછશો. પછી ભણીગીતરીને સંસારમાં પડવું જ પડે છે ત્યારે એને ફાંફાં મારવાં પડે છે. તક મળતાં, સમાજના દરેક થર સાથે, ખાસ કરીને જેનો પોતાને સહેવાસ છે એ સમાજ સાથે, દરેક વિદ્યાર્થી સંપર્કમાં આવે. આવો જનસંપર્ક એ જ અનુભવોની પ્રયોગશાળા છે. સંસારનો મહાગ્રંથ ઉકેલવાની ચાવી પણ જનસંપર્કમાંથી જ મળશે. એનો અર્થ એ નથી કે સમાજની સડેલ રૂઢિઓને વશ થવું. એ સડો કાઢવા માટે પણ એના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા વગર છૂટકો નથી. સમાજમાં મૂળિયાં નાખીને જ તેને બદલવાની આશા પણ રાખી શકાય.

પ્રૌઢશિક્ષણ, રાત્રિશાળાઓ, નવી ઢબની ભજનમંડળીઓ, ભૂમિસેનાઓ, ક્લૂબો, વગેરે દ્વારા જનસંપર્ક સાધી શકાય. ફ્રાન્સ, અમેરિકા અને રશિયાની ક્રાન્તિઓની વાતો અને બીજું જે કંઈ પ્રેરણાદાયી પોતાને મળ્યું હોય તે લોકો આગળ જઈને ઠાલવવાની લગની લાગવી જોઈએ, એમ કરતાં ઉપરથી ઊતરી આવેલા હોઈએ એ રીતે નહિ, પણ તેમનામાંના એક જેવા બની જવાશે.

વિદ્યાર્થીજીવનનો બીજો એક સામાજિક પ્રશ્ન જરી સૂક્ષ્મ છે તેનો પણ અહીં નિર્દેશ કરી લઈએ. આ ઉંમરે માણસને પ્રણયની, પ્રતિશબ્દની ઝંખના વળગાડની પેઠે વળગે છે. એમાં માણસ ઘણીવાર વેડફાઈ પણ જાય છે. ઘણીવાર એનું જીવન હમેશ માટે દુણાઈ જાય છે. એકંદરે વિદ્યાક્ષેત્રોનો સંવનનક્ષેત્રો તરીકે ઉપયોગ ન થાય એ ઇષ્ટ છે. એને માટે સમાજે બીજા મેળા રચી લેવા જોઈએ. વિદ્યાલયો પાસેથી સમાજને જોડા (માર, ફટકા) તો બહુ મળ્યા છે, જોડૂ (યુગલો) કેટલાં મળ્યાં? સારાં દૃષ્ટાંતોમાં પણ કચ અને દેવયાની પરસ્પર શાપિત બનીને છૂટાં પડવા જેવું બને છે. તેમ છતાં યુગલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચાઈ આવે તો બંને પક્ષોએ સચ્ચાઈ અને નિર્ભયતા દાખવવી જોઈએ. લગ્ન તો સ્વાશ્રયના પાયા ઉપર જ હોય.

એથી વાતઃ રાજકીય કાર્યકર તરીકે વિદ્યાર્થીઓને હું કલ્પી શકતો નથી, સિવાય કે હિંદ જેવા પરાધીન દેશમાં, જ્યાં 'આખરી હાકલ' પડે ત્યારે તેમાં તો વિદ્યાર્થી જ મોખરે હોય. આપણા મહાન નેતાએ છેલ્લાં પચીસ વરસમાં માત્ર બે જ વાર આવી હાકલ નાખી છે એ સૂચક છે.

વિદ્યાર્થીવર્ગ જ એક એવો વર્ગ છે જેમાં સાતત્ય અને સ્થિરતાનાં તત્ત્વો ઓછામાં ઓછાં છે. વિદ્યાર્થી ચાર છ વરસે ભણી રહે છે એટલે અદૃશ્ય થાય છે. ખાલી જગા નવાઓથી પુરાય છે. અને 'વર્ગ' ટકી રહે છે આ વસ્તુસ્થિતિનો રાજકીય બલાબલ માટે સરસાઈમાં પડેલા પક્ષો સારો એવો ગેરલાભ લઈ શકે—લે છે. વિદ્યાર્થીવર્ગમાં સ્થિર તત્ત્વ કાંઈ હોય તો તે એનો બીજાઓ ઉપયોગ કરી જાય એવી શક્યતાનું છે. આ શક્યતાનો ખ્યાલ એ વર્ગને પણ છે જ અને ઘણીવાર એનો એ લાભ પણ લેવા લલચાય છે. જાતીય આકર્ષણ(સેક્સ અપીલ)ને જોરે કોઈ સ્ત્રી પોતાનું કામ કઢાવી લે એના જેવું જ :આ 'પોલિટિકલ અપીલ'ને જોરે વર્ચસ્ જમાવવાનું વલણ ખૂબ ગણાય. પણ એવા વર્ચસ્ માટે વિદ્યાર્થી ન ઝૂઝે. પહેલાં અધ્યાપકોની શેહમાં વિદ્યાર્થીઓ હતા, આજે વિદ્યાર્થીઓની શેહમાં અધ્યાપક હોય, તો એથી ખુશ થવાનું નથી. એકને બદલે બીજી મુશ્કેલી એ તો થઈ. એ જ પ્રમાણે વર્ચસ્ જમાવવા નકારાત્મક પગલાંઓ(દા. ત. હડતાલો)નો જ વારંવાર ઉપયોગ કરતાં વિદ્યાર્થીવર્ગ તો અચકાય જ. એ વર્ગ પાસેથી-પ્રાણના ઘોષ સમાન યુવકવર્ગ પાસેથી--વિધાનાત્મક પગલાંઓની જ વધુ આશા રખાય. તો, ખાસ કારણ સિવાયનાં રાજકીય પગલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દેશની અણીના વખતનાં કેસરિયાં સિવાય, વિદ્યાર્થીવર્ગ પ્રત્યક્ષ રાજકીય કાર્યમાં ન હોય.

એક ચેતવણી તો ખાસ જરૂરી છે. વિદ્યાર્થીઓ, રાજકીય પક્ષો પોતાને 'કાચા માલ' (રૉ મટીરિયલ) તરીકે જુએ એની સામે, નફરત જ કેળવે, પોતાની ખુશામત કરનારા કે ચાબખા મારનારા બંને વર્ગોની દાનત શી છે એની ઉપર નજર રાખતા રહે.

મનુષ્ય એ સૌથી મોટું ધન છે. 'કાચા માલ' તરીકે પોતાનો ઉપયોગ થવા દેવાને બદલે નીવડેલા ધન રૂપે વિદ્યાર્થીઓ બહાર આવશે ત્યારે આપણા દેશની શક્તિને બધું સિદ્ધવત્ જ હશે.

એપ્રિલ, ૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવાસ્વપ્ન

એ ગુફામાં પ્રવેશ કરતાં જ પ્રથમ તો હું મૂંઝાયો. ચોમેર અંધકાર અંધકાર છવાયો હતો. મનમાં થતું : આ હું ક્યાં આવ્યો ? અને એ પ્રશ્ન સાથે જ છાતીમાંથી એક ઊંડો નિઃશ્વાસ નીકળી પડ્યો અને-અને મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એક તેજરેખા આમતેમ ગુફાને અજવાળતી, ઘૂમી રહી. અન્તે એક અપૂર્વ દૃશ્ય ઉપર એ સ્થિર થઈ.

કમળની પાંદડીઓના સુકુમાર સિંહાસન ઉપર એક સુંદર ગૌર મૂર્તિ વિરાજતી હતી. એના કંઠમાં મન્દારની માળા ઝૂલતી હતી. એના મુગટ પર જાણે સ્વયં શુક્રતારા ચમકતી હતી. એના ખભા માંસલ અને પહોળા હતા. કટિનો વળાંક વનકેસરીને શોભે એવો હતો. પૌરુષભરી પ્રલંબ કાયા ઉપર અપાર લાવણ્યભર્યું એનું શિશુ-મુખ સોહતું હતું. ત્રિલોકને ટંકારમાત્રથી ધ્રુજાવી દે એવું મહાધનુષ્ય એના એક કરમાં હતું. પણ બીજા કરમાં હતું માત્ર પુષ્પ. એના લાવણ્યનીતરતા મૃદુ મુખ તરફ નજર કરતાં મને થયું કે એ પુષ્પ મને મારશે કે શું ? પણ એણે માત્ર સ્મિત કર્યું. એની સ્થિર અ-નિમેષ આંખોમાં એ સૌમ્ય સ્મિતની ઘૂમરીઓ ઘડીભર ઊઠી ને શમી ગઈ. પછી પુષ્પથીયે કોમલ સ્વરે એણે કહ્યું : 'મને બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમ્યું !' અને ત્યાં આખી હવા મધમઘી ઊઠી. કિન્નરકંઠી ગાયિકાઓના સૂર ચોમેર ઊભરાવા લાગ્યા. નૃત્યના ઝંકાર જાગ્યા. ચારે દિશાઓ આવ આવ એમ જાણે પુકારી રહી. પ્રાણના તંતુએ તંતુએ કોઈ અનાહત ગીત ગુંજી રહ્યું.

એ મધુર માદકતાથી ક્યારે હું બેહોશ બન્યો એની કાંઈ ગમ રહી નહિ. જાગ્યો ત્યારે પેલી તેજરેખા એક નવીજ આકૃતિ ઉપર મંડાઈ હતી. અગ્નિશિખાઓની પાંદડીઓના નીલલોહિત સિંહાસન ઉપર એક તપ્ત તામ્રવર્ણ મૂર્તિ વિરાજતી હતી. એનાં ભીષણ નસકોરાંની ધમણો ફૂલેલી હતી. વક્ર દંષ્ટ્રાઓ વચ્ચે લાલ જીભ વારે વારે લપકતી હતી. જોરથી ઊઘડતીબિડાતી હિંગળોક જેવી આંખોમાંથી જ્વાલાઓ ઊડી રહી હતી. ગળામાં લાલ કરેણની માળા હતી. મુગટ ઉપર સાક્ષાત્ જાણે મંગળ ઝળકી રહ્યો હતો. એના એક હાથમાં શ્યામ ચળકતી લોઢાની ગદા હતી. બીજા હાથની પોલાદી ખીલામઢેલી મૂઠી વાળેલી હતી. એની સામે જરીક જોયું ત્યાં મને થયું કે–હમણાં ઓ મૂઠી ઉગામી ! પણ એણે માત્ર એની બિહામણી મોંફાડ પહોળી કરી. એની આંખોમાં ક્ષણભર જ્વાળાઓનો વંટોળ જાગ્યો. ઘોર વજ્રકર્કશ અવાજે એણે કહ્યું : 'દીસ્તો રહે !' અને આખું વાતાવરણ સળગતા ગંધકની અસહ્ય ગંધથી ગુંગળાવી રહ્યું. કાળભૈરવોની ચિચિયારીઓ અવકાશને ચીરી રહી. હજારો ડાકલાં એકી સાથે ગાજી ઊઠ્યાં. ચારે દિશાઓ એકમેક તરફ સકોડાઈને ભીંસમાં લેવા કરતી જાકારો દઈ રહી. અગ્નિકંટક સમાં રોમેરોમ સળગી ઊઠ્યાં.

એ પ્રચંડ હુતાશનમાં ભસ્મ થઈને ક્યારે હું વિલય પામ્યો એની કાંઈ સુધ રહી નહિ. જાગ્યો ત્યારે પેલી તેજરેખા એક અકલ્પ્ય મૂર્તિ ઉપર સ્થિર થઈ હતી. વહેંતની એની કાયા, અમાસથીયે કાળો એનો વર્ણ, અવારનવાર ફૂજી જતાં જડબાંમાંથી વીજળીની પેઠે ઝબકતી દાંતની હાર, માંડ દેખાતી ઊંડી ઊંડી આંખો, કૂવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેક તળિયે ચમકતાં પાણી જેવી ઝીકીઓ; એના બંને પગ કોઈ એ જણની એ ગરદનો ઉપર એણે ગોઠવેલા હતા. પગ ધ્રૂજે તો બંને હાથમાં પકડેલા પેલા બંનેના એ કેશપાશના આધારે એ ધારણ સાચવી લેતો હતો. એના હાથથી વારેવારે એ કેશપાશ ખેંચતો અને ગરદનો ઉપર પગ ઉછાળી ઉછાળી નાચતો. એક બાજુ નમીને મેં નજર કરી તો એક પેલી ગૌરવર્ણ આકૃતિ હતી અને બીજી બાજુ નમીને મેં જોયું તો બીજી પેલી તામ્રવર્ણ આકૃતિ હતી. બંને એકમેક તરફ પીઠ ફેરવીને બેઠેલી હતી અને બંનેની ગરદનો ઉપર બંનેના કેશ પોતાના એકએક હાથમાં ઝાલીને નૃત્ય કરતો આ વહેંતિયો ઊભો હતો. એના ગળામાં પડછાયા ગૂંથીને રચેલી એક કૃષ્ણવર્ણ માળા ઝૂલતી હતી. મુગટમણિમાં હોલવાઈ ગયેલાં નક્ષત્રભરેલું બ્રહ્માંડ જાણે મોં વિકાસી રહ્યું હતું. એના મુખ સામે નજર કરવા જતાં જ એની ઝબકતી દંતપંક્તિ જોઈ હું આંખ મીચી ગયો.

એ વિદ્યુત્સમા ઝબકારમાં ઉંચકાઈને હું ક્યાં ગયો એનું કાંઈ ભાન રહ્યું નહિ. જાગ્યો ત્યારે ગુફાની બહાર હું પડ્યો હતો. આંખો પરનો ઓથાર દૂર કરી મેં ઊંચે જોયું. ગુફાના દ્વાર પર મોતીના દાણા જેવા અક્ષરથી લખેલું હતું :

આ છે માનવ હૃદય,

કામ–ક્રોધ બે રાજા જેને અધીન એવો છે સમ્રાટ જહીં ભય.

ઑક્ટોબર, ૧૯૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારથિધર્મી પત્રકાર

આપણા જમાનામાં વર્તમાનપત્રનું મહત્ત્વ ઘણુંબધું છે. જ્ઞાત-અજ્ઞાત રીતે એ આપણા જીવન ઉપર ઘણી મોટી અસર કરે છે. 'ન્યૂઝ-પેપર' અને 'વ્યૂઝ-પેપર' વર્તમાન-પત્ર અને વિચાર-પત્ર એવા બે ભેદ પાડવામાં આવે છે; અને દરેક પત્ર તે વિચાર-પત્ર હોવું જોઈએ એમ કહેવામાં આવે છે. પણ ખરેખર એમ જ હોય છે. કોઈ પણ પત્ર માત્ર વર્તમાન આપતું જ નથી. માત્ર વર્તમાન આપતું દેખાય, ત્યારે પણ વર્તમાનની એની પસંદગીમાં એના વિચારો સ્પષ્ટ થઈ જાય છે. વર્તમાન રજૂ કરવાની એની રીતમાં એનો ઝોક વરતાઈ આવ્યા વગર રહેતો નથી. એથી તો આજે રોજ સવારે એક વર્તમાન-પત્ર વાંચીને આપણને સંતોષ થતો નથી, ત્રણચાર વાંચવાં પડે છે, એટલે કે એક જ વર્તમાનને જુદી જુદી ત્રણચાર વિચારસરણીઓ શી રીતે જુએ છે એ જોવાની લાલચ રહે છે. કેટલાંક પત્રો તો-ખાસ કરીને સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો, વિચારપત્રો તરીકે જ યોજાયાં હોય છે.

એટલે કે વર્તમાન સમયમાં જે ઘટનાઓ બને તેને રજૂ કરવાથી જ આજે વર્તમાનપત્રોને સંતોષ નથી. એ ઘટનાઓનું મૂલ્યાંકન કરવું અને એ દ્વારા ભવિષ્યની ઘટનાઓ ઉપર યથેચ્છ અસર પાડવી એવી મહત્ત્વાકાંક્ષા એમને રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સંજોગોમાં પત્રકારનો ધર્મ શો?

મહાભારતનાં બે પાત્રોના દૃષ્ટાન્તથી કહેવું હોય તો કહી શકાય કે પત્રકારે શિખંડીનો ભાગ ભજવવાનો નથી, શ્રીકૃષ્ણનો ભાગ યથાશક્તિ ભજવવાનો છે. બંનેની પાછળ રહીને અર્જુન તીખાં બાણ વરસાવી રહ્યો હતો, પણ શિખંડી અર્જુનનું ઓઠું માત્ર હતો, જ્યારે શ્રીકૃષ્ણ વસ્તુતઃ અર્જુનના 'નેતા' હતા. પ્રતિપક્ષીઓ રથના સારથિ કૃષ્ણથી વધુ ગભરાતા હતા કે રથમાંના મહારથી અર્જુનથી વધુ ત્રાસતા હતા એ જ નક્કી કરવું મુશ્કેલ છે.

આ સંસારરૂપી કુરુક્ષેત્ર, જે સજ્જનો માટે હમેશાં જ એક ધર્મક્ષેત્ર છે, તેમાં અહોરાત ચાલી રહેલા સંગ્રામમાં–સંઘર્ષમાં સત્યનાં બળોનું સારથિપદ શોભાવવું એ અધિકાર નાનોસૂનો નથી. શ્રીકૃષ્ણના દૃષ્ટાન્તમાંથી એક વસ્તુ તરત આગળ તરી આવે છે કે એમણે સારથિપદ સ્વીકાર્યું તે એ શરતે કે પોતે સંગ્રામમાં સીધો ભાગ લેશે નહિ, શસ્ત્ર અજમાવશે નહિ; પણ સાથે સાથે એ ધ્યાનમાં રાખવાનું છે કે ભીષ્મ સામે અર્જુન ફાવતો નથી એ વખતે જ્યારે ક્રુદ્ધ થઈને રથ છોડી માત્ર ચાબૂક સાથે કૃષ્ણ ભીષ્મ સામે દોડે છે, ત્યારે એમના 'એકએક ડગલે પૃથ્વી જાણે કે ફાટી પડે છે, અને ભીષ્મ મરાયા! ભીષ્મ મરાયા! એવી બુમરાણ મચી ઊઠે છે'—એટલી એક યોદ્ધા તરીકે એમની શકિત છે. અને હાથમાં સુદર્શન હોય ત્યારની તો વાત જ શી? પણ શસ્ત્ર ઉતારીને, યોદ્ધાપણું વિસારીને એમણે સ્વેચ્છાએ સારથિપદ સ્વીકાર્યું. સામાન્ય રીતે બ્રાહ્મણ પિતા અને ક્ષત્રિય માતાના પુત્રો સારથિનો (અને ભાટનો) ધંધો કરતા. રણસંગ્રામ ઉપર જવા જેટલી એમનામાં હિંમત હતી, પણ લડવા જેટલી ન હતી. (વીરોની ગાથાં ગાવા જેટલી વાક્–શકિત હતી, સંગ્રામનું સમગ્રતયા આકલન કરનારી, ક્રાન્તદર્શિતામાંથી સ્ફુરેલી, વાક્ શકિત ન હતી.) આ સારથિઓમાં અને સારથિશિરોમણિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીકૃષ્ણમાં એ જ ફેર છે કે શ્રીકૃષ્ણ યોદ્ધા તરીકે ભાગ લઈ શકે એવા હતા, અર્જુન કહે છે તેમ 'સૌને હણવાને માટે સમર્થ હતા.' છતાં જાણીબૂઝીને એ શસ્ત્ર બાજુએ મૂકે છે અને સારથિપદનો સ્વીકાર કરે છે. દુર્યોધન અને અર્જુન એમની મદદ યાચવા જઈ પહોંચ્યા ત્યારે એમણે કહ્યું: 'એક પક્ષમાં મારા લાખો સૈનિકો અને બીજા પક્ષમાં અયુધ્યમાન અને ન્યસ્તશસ્ત્ર (જે લડતો નથી અને જેણે શસ્ત્રો છાંડ્યાં છે) એવો હું. અર્જુન, પહેલી પસંદગી તારી છે. કર પસંદગી.' દુર્યોધન પહેલો જઈ પહોંચેલો, પણ જઈને કૃષ્ણને ઊંઘતા જોતાં ઓશીકા આગળ સારી બેઠક જોઈને બેસી ગયેલો. અર્જુન પાછળથી આવ્યો, પણ કૃષ્ણ જાગે તેની રાહ જોતો પગ આગળ ઊભો રહ્યો હતો. જાગતાં જ કૃષ્ણની નજર અર્જુન ઉપર પડી. દુર્યોધને કહ્યું કે મદદ માગવા પોતે વહેલો આવ્યો છે, પણ કૃષ્ણે બંનેને મદદ આપવાની તૈયારી બતાવી અને પહેલી પોતાની નજર અર્જુન ઉપર પડી તેથી પસંદગીનો પહેલો હક અર્જુનનો ગણ્યો. પસંદગી વખતે અર્જુનની કેવડી મોટી કસોટી હતી! એણે હિંમત કરીને ન-લડતા શસ્ત્રવિહોણા શ્રીકૃષ્ણ જ માગી લીધા અને એમને સારથિપદ લેવા વિનવ્યા. સારથિ થવા પૂર્વે શ્રીકૃષ્ણે અર્જુન-ની શ્રદ્ધા કેટલી બધી કસી જોઈ! પોતે તો એને પક્ષે રહીને ન લડ્યા, પણ પોતાનું સૈન્ય પણ સામે પક્ષે જાય એ રીતે પસંદગી મૂકી!

શ્રી કૃષ્ણ સંઘર્ષ ટાળવા પોતાથી બનતું બધું જ-અપમાનના પ્રસંગ વેઠીને પણ કરી ચૂક્યા હતા. સંઘર્ષ થવાનો જ હોય તો પણ તેમાં પ્રત્યક્ષ ભાગ લેવા એમનું મન ના પાડતું હતું, પાસે સુદર્શન જેવું શસ્ત્ર હોવા છતાં પોતે શસ્ત્રત્યાગ સ્વીકાર્યો. સતના પક્ષમાં જવા અંગે પણ પોતે એ વિષે નિર્ણય ન કરતાં પસંદગીની જવાબદારી એની ઉપર એમણે મૂકી. પોતાને સતનો પક્ષ પસંદ કરે, તો તે પોતાની અંગત શસ્ત્રશક્તિ કે સૈન્યશક્તિને કારણે નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી એની શસ્ત્રશ્રદ્ધા મોળી હોય તો જ કરી શકે એવી રીતે પસંદગી પણ એમણે મૂકી. અને આપણે જોઈએ છીએ શ્રીકૃષ્ણ મહામાનવ હોવા છતાં એ છેવટે માનવ હોઈ અર્જુનની લાચારી સહન ન થતાં ભીષ્મ સામે મેદાને પડે છે, ત્યારે અર્જુન જઈને એમના પગે વળગે છે, થોડાંક ડગલાં એમ ઘસડાય છે, અને અંતે પોતાના યશમાં એ ભાગ ન પડાવે એ ખાતર એમને પાછા વાળી લાવે છે.

આજે સારથિપદ શી રીતે શોભાવી શકાય?–આદર્શ પત્રકાર શી રીતે થઈ શકાય? ઉત્તર સ્પષ્ટ છે. સંઘર્ષો ટાળવા માટે જેણે સતત મથ્યા કર્યું હોય, સંઘર્ષોમાં બળ અજમાવીને સીધો ભાગ લેવાનો પણ જેને રસ ન હોય, તે સતનાં બળોની પડખે રહીને એને મદદરૂપ થઈ શકે.

છેવટે યુદ્ધ થવાનું જ એમ નક્કી થયું અને દૂત દ્વારા દુર્યોધને ન કહેવા જેવાં વેણ સંભળાવ્યાં, ત્યારે પાંડવવીરો તો ઠીક પણ શ્રીકૃષ્ણ જેવા સ્વસ્થ યોગી પણ જરીક સંક્ષુબ્ધ બન્યા. શ્રીકૃષ્ણે દૂત દ્વારા દુર્યોધનને કહેવડાવ્યું: 'મેં માત્ર સારથિ રહેવાનું નક્કી કર્યું છે એથી તારો તોર માતો નથી એમ ને? પણ યાદ રાખજે. તું ત્રણે લોકમાં જ્યાં જશે, કદાચ ભૂતલમાં પ્રવેશશે, તો ત્યાં પણ, દરેક ઠેકાણે, કાલ સવારથી તને તારી સામે અમારો રથ દેખાશે.'

દુરિતનાં બળોની સામે સતના યોદ્ધાને ખડો કરવો, દુરિતનાં બળોને હરપળે પ્રતીતિ કરાવવી કે સતનો યોદ્ધો એમનો પીછો પકડી રહ્યો છે એ સારથિધર્મી પત્રકારનું હંમેશાં લક્ષ્ય રહેશે.

૨૩ જૂન, ૧૯૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છીછરો કૂવો'

'અહીં એક વૉલ્ટર પેટર કરીને પ્રોફેસર હતા—એ મળશે?' ૧૯૧૪–૧૯ના પહેલા વિશ્વયુદ્ધમાં વિજય મેળવીને પાછા ફરેલા અને પોતાની કૉલેજની મુલાકાત લઈ રહેલા એક ઇંગ્લિશ ફીલ્ડ-માર્શલે આચાર્યને પ્રશ્ન કર્યો.

'જી, હતા. પણ ૧૮૯૪માં એ તો અવસાન પામ્યા!'

'એમ કે? મારી ગદ્યશૈલી મેં એમની મદદથી ઘડી છે,' ફીલ્ડ—માર્શલે કૃતજ્ઞભાવે ઉદ્ગાર કાઢ્યો.

કલાતત્ત્વના મહાન અંગ્રેજ મીમાંસક વૉલ્ટર પેટર ઉપરના એક વિસ્તૃત સ્વાધ્યાયનિબંધમાં આધુનિક વિવેચક બાવરા ઉપરનો રોમાંચક કિસ્સો રજૂ કરે છે અને એક સન્નિષ્ઠ વિદ્યાવ્યાસંગીની પ્રવૃત્તિના પડઘા કેવા પડ્યા કરે છે તેનું સૂચન કરે છે.

આવા સ્વાધ્યાયો અને તલસ્પર્શી સાહિત્યપર્યેષણો ઇંગ્લન્ડ-અમેરિકાનાં અનેક સામયિકોમાં અવારનવાર જોવા મળે છે. અમેરિકાનાં જો કોઈ પત્રો આપણે ત્યાં લોકપ્રિય હોય તો તે 'લાઈફ,' 'રીડર્સ ડાઈજેસ્ટ,' 'ટાઈમ' જેવાં અત્યંત પ્રચાર પામેલાં પત્રો. સાહિત્યને અંગે 'સેટરડે રીવ્યૂ ઑફ લિટરેચર' પણ આપણે કદાચ વાંચતા હોઈએ છીએ. પણ આ બધાં પત્રોની સરખામણીમાં જેનો પ્રચાર ન-જેવો છે, એવાં સામયિકોમાં જ અમેરિકાની આંતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્જકતાનો અનુભવ તો થાય છે. આપણી જેમ એ સામયિકો ધંધાની દૃષ્ટિએ નિષ્ફળ હોવાનો સંભવ છે, પણ પ્રજાના અંતઃપ્રકાશની મશાલ એ સામયિકોના હાથમાં છે. બે ચાર સામયિકો બંધ પણ થઈ જાય છે, તો બીજાં ત્રણચાર ડોકિયું કરે છે અને પ્રજાનું કામ ચાલ્યાં કરે છે.

આજે અમેરિકામાંથી સુંદર અને વિચારસમૃદ્ધ સામયિકો પ્રગટ થાય છે. ઉપરની ઘટનાનો નિર્દેશ જેમાં છે તે 'સેવાની રીવ્યૂ' એક ઊંચી પંક્તિનું સામયિક છે. ટી. એસ. એલિયટ સાથેનો વાર્તાલાપ, પ્રસિદ્ધ સાહિત્યાચાર્ય આઈ. એ. રિચર્ડ્સની કવિતાવિચારણા, નવકવિ હેન્ત્રી ટ્રીસનાં કવિતાશિક્ષણ અંગે સૂચનો—આવા અનેક વિષયો એ સામયિકો છેડે છે. એક અમેરિકામાંથી જ કેન્યન રીવ્યૂ, પાર્ટિઝન રીવ્યૂ, ફ્યુરીઓસો, ધ એક્શન્ટ—આદિ અનેક ઉચ્ચ કક્ષાનાં સામયિકો પ્રગટ થાય છે. આપણા જોવામાં એ આવે છે?

અનુકરણ કરવા માટે કે અધકચરા ઉતારા આપવા માટે એ જોવાં એમ સૂચવવાનો આશય નથી, પણ જગતમાં બીજે છેડે સાહિત્યસેવીઓના શા શા પ્રશ્નો છે–સંભવ છે કે આપણા જેવા જ હોય–એ જોવા માટે, આપણી પોતાની ક્ષિતિજ વિસ્તારવા માટે, આવા માનસસંબંધો આપણે જરૂર સ્થાપવા જોઈએ. આપણાં અનેક પત્રો સાહિત્યનું પાનું ચલાવે છે, તે દરેક નહિ, છેવટે બધાં મળીને પણ, આ બધું સાહિત્ય એક ઠેકાણે સુલભ કરી શકે. જાહેર વાંચનાલયોમાં પણ વિનંતી કરીને એ સુલભ કરી શકાય. પણ કેટલાક ઉત્સાહી ગ્રંથપાલોનો અનુભવ છે તેમ આવાં સમૃદ્ધ સામયિકો મંગાવવામાં આવે ને એનો કશો ઉપયોગ જ થાય નહિ એવું બનવું ન જોઈએ.

અમેરિકાના સહધર્મીઓની આ બાબતમાં કેવા પ્રકારની જાગરૂકતા છે તેનું એક કાંઈક અંગત દૃષ્ટાન્ત અહીં નોંધું તો કાંઈ અવિવેક ન જુએ એવી વિનંતી છે. મહિના ઉપર 'સંસ્કૃત'ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલામાં એક અમેરિકન તંત્રીએ પોતાનું પત્ર મોકલ્યું. સરનામાની પાસે 'એક્ષ્ચેન્જ'ની છાપ મારેલી હતી. સરનામું કોઈ હિંદી સજ્જન પાસેથી જ એને મળ્યું હશે એ ઉઘાડું છે. પણ પોતાના પત્રના બદલામાં એક ગુજરાતી પત્ર મેળવીને એ તંત્રી શું કરવા ઇચ્છતો હશે? એ પત્ર ૪૮ પૃષ્ઠનું છે અને ખરે જ વિચારપ્રેરક છે. છપાઈ સાદી અને સુઘડ છે. જાહેરખબરનો સદંતર અભાવ છે. એ પત્રની સ્થાપના થઈ તેને અંગે સરકારમાં નિવેદન રજૂ કરેલું તેની જાહેરાત માત્ર છે. એમાંની નીચેની વિગતો રસપ્રદ છે:

"૧. પ્રકાશક, તંત્રી, વ્યવસ્થા–તંત્રી અને વહીવટી વ્યવસ્થાપકનું નામ અને સરનામું: એ. વિલ્બર સ્ટીવન્સ, સીટલ, વૉશિંગ્ટન.

"૨. માલિક: ઉપર પ્રમાણે."

અને પછી એ પત્રના અર્થતંત્ર અંગેના સંબંધીઓ વિશેની કલમમાં "કોઈ નહિ" એવો જવાબ નોંધેલો છે.

સંસ્કાર અંગેનાં સામયિકો અમેરિકા જેવા ધનાઢ્ય દેશમાં પણ કેવી રીતે ચાલી શકે છે તેની આ દૃષ્ટાન્તથી પ્રતીતિ થાય છે.

પણ આપણે એ પત્રના આંતર સ્વરૂપની વાત કરીએ. પત્રનું નામ છે Interim ('વચગાળો'). એના તંત્રીનાં આંતર મંથનો એના નાનકડા પ્રવેશકલેખમાં આલેખાયાં છે. મથાળું છે 'છીછરો કૂવો.' આપણે જોઈએ, એણે આપણી જ વાત તો કરી નથી!

"જ્યારે જ્યારે પ્રજામાં કોઈ સર્જક તત્ત્વની દોરવણી જેવું રહેવા પામતું નથી ત્યારે ત્યારે સભ્યતાના માર્ગો છોડીને હિંસાના માર્ગો તરફ વળવાનો મરણિયો પ્રયાસ થાય છે. જે પ્રજામાં પ્રામાણિક સમજાવટની દિશા અનુસરવાની હિંમત અને અસીમની–અનિર્વચનીયની ભાવનાથી પ્રાણિત થવાની શકિત રહેવા પામતી નથી તે કોઈને કોઈ બહાને હિંસાને વળગે છે. આપણા સમયમાં પ્રામાણિક આત્માભિવ્યકિત અને ચીવટભર્યા આત્મપરીક્ષણની સવિશેષ જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે યુગ મહાત્મા ગાંધીની હત્યા કરી શકે એ પુનર્જીવનની સ્થિતિમાં તો ખરેખર નથી જ.

"રાષ્ટ્રીય અવિશ્વાસ જ નહીં, વૈયક્તિક અવિશ્વાસ પણ ભયંકર રીતે વધુ ને વધુ આપણા સમકાલીન સમાજના ચાલુ અંશરૂપ બનતો જાય છે. લેખકોમાં આ સ્થિતિ વિશેષ રૂપે પ્રતિબિંબિત થઈ રહી છે. વાડા બાંધીને બેઠેલા, પોતાની જ ઉપર ખુશ એવા બુદ્ધિજીવી લેખકો—જેઓ પોતે લખતા નથી પણ બીજા જે કોઈ લખે છે તેમની સતત ટીકા કર્યા કરે છે તે લેખકો—માં અને સૌથી વધુ તો વગવસીલો અને સત્તા ધરાવતા પ્રજાને એક બીબામાં ઢાળવા મથતા અને એ રીતે આમ હિંસાખોરીની વૃત્તિને ઓર બહેકાવતા જાહેરનામાનું અને નહિ કે જાહેરનામા જેની ઘોષણા કરે છે તેના અમલનું મહત્ત્વ કરતા વર્ગમાં આ અવિશ્વાસની સ્થિતિ ઘેરી બનતી આવે છે.

"આપણા સૌમાં રહેલી સર્જકતાને પુનઃ સંચારિત કરવાનો સમય આવી પહોંચ્યો છે. તલવાર જેવી છે તેવી-વિનાશના પ્રતીકરૂપ, ભીતરની કાયરતાના સાધનરૂપ—તેને જોવાની છે. સર્વસત્તાધીશતા જ આપણને ગ્રસી ન જાય એની આપણે સંભાળ રાખવી જોઈએ. તેને જ કરેલી શરણાગતિરૂપે તલવારને જુએ એવી આત્માની સાહસયાત્રાનો પુનઃ આરંભ કરવાનો સમય આવી ગયો છે.

"આપણી પાસે તો વચગાળાની એક વસ્તુ છે, અભિવ્યક્તિ. તેને આપણે વળગી રહીએ. નહિ તો અંતઃસલિલ બંધિયાર થઈ જશે, કૂવાનાં નીર સુકાઈ જશે."

આપણા અખાએ "ઊંડો કૂવો ને ફાટી ખોખ" એની વાત કરી છે અને જડ સાંપ્રદાયિકતા સામે આપણી આંખ ઉઘાડી છે. અમેરિકાનો આ સંપાદક 'છીછરા કૂવા'ની વાત કરે છે અને આપણી ચેતના એને છલકાવી દે એ માટે એને પડકાર ફેંકે છે.

૨૫ નવે૦, ૧૯૪૯ (બનારસ જતાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસલીલા

ભાઈશ્રી,

તમે મને તમારી ચોપડીની પ્રસ્તાવના લખવાનું શિયાળાની એક રાતની સમસમતી ઠંડીમાં કહ્યું ત્યારે હું ઠંડો જ થઈ ગયો. મારા મનમાં કે આ તમારી એકાદ 'પ્રેક્ટિકલ જોક' (મશ્કરી–કિસ્સો) હશે. તમે કેવા ગંભીરપણે વર્તી રહ્યા હતા! હું ગલ્લાંતલ્લાં કરતો જ રહ્યો. પણ તમે મને છોડો શેના? અરધો ઉનાળો થયો તોયે તમારું મગજ ગરમ થયું હોય એવાં ચિહ્નો જણાતાં નથી. તમારામાં હાસ્યવૃત્તિ (sense of humour) હોવા છતાં તમે બિચારા પ્રસ્તાવનાકારની રિબામણીમાં શી રીતે રસ લઈ શકો છો એનું જ ચિંતન આ બધા દિવસોમાં થયાં કર્યું છે.

કદાચ તમારો કાંઈ જ વાંક નથી. હાસ્ય વસ્તુને જ રિબામણી સાથે સંબંધ હોવા સંભવ છે. આદિમાનવ પ્રતિસ્પર્ધીને મહાત કર્યા પછી વિજયના ઉન્માદમાં હસતો હશે. આદિમાનવનાં લક્ષણો સારા પ્રમાણમાં ધરાવતો ભીમ દુર્યોધનને પરાસ્ત કરી તેના મસ્તકને ઠેબે ચડાવે છે, અને એ દિવસે સભામાં 'જે ગાય, ગાય કરીને હસ્યો હતો' તે દુર્યોધનને હવે પોતે હસે છે. હાસ્યને માટે રંગભૂમિ ઉપર ઘણું ખરું ભીમ-કાય પુરુષોને જ ભૂમિકા મળે છે એ આપણે જોઈએ છીએ. શેક્સ્પિયરનો ફૉલ્સ્ટાફ તો મેદનો ગંજાવર કોથળો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોરેલ-હાર્ડી જેવી જોડીમાં પાતળો માણસ હોય છે, પણ તે પેલા જાડાથી જ શોભતો હોય છે. જાડાને બદલે બીજો પણ પાતળો માણસ મૂકી જુઓ, હસાવવાને બદલે રડાવે નહિ તો સારું; જ્યારે બે જાડાઓની જોડી બરોબર જામશે. ...પણ માણસ ધીમે ધીમે પોતાની પશુતા છુપાવતાં શીખ્યો, સીધું લોહી પીને ટંક કાઢવાને બદલે પરોક્ષ રીતે લોહી ચૂસીને બેન્કમાં પૈસો જમાવતાં શીખ્યો, એટલે કોઈની ઉપર પ્રાણઘાતક ક્રૂરતા થાય એ દૃશ્ય આપણને-સુંઘ-રેલાઓ(!)ને-હવે હસાવી શકતું નથી. પણ માણસનો જીવ સલામત રહે, એને ઝાઝું નુકસાન ન થાય એ રીતે જો એને વાગે કરે, દા. ત. માણસ લપસી પડે, તો હસી પડવા જેટલી ક્રૂરતા બતાવવામાં આપણને વાંધો લાગતો નથી. ટાગોરે એમની એક અમર કૃતિ 'પંચભૂત'માં કૌતુકવૃત્તિ(Humour)ના ઉદ્દય માટે આ જાતનું જ નિદાન સ્વીકાર્યું છે. બીજાની કફોડી સ્થિતિ આપણા હાસ્યનું કારણ બને છે. ...બીજાની કફોડી સ્થિતિ એટલે શું? એ પોતાની ઇષ્ટ-મનગમતી-સ્થિતિમાં હોવાને બદલે બીજી જ સ્થિતિમાં મુકાઈ જાય તે. એ ચાલવાની સ્થિતિમાં હતો ત્યાં એકાએક ઓચિંતો જ પૃથ્વીમાતાને સાષ્ટાંગ કરવાની સ્થિતિમાં પોતાની જાતને જુએ, તો એના મનની સ્થિતિ તો એ જાણે પણ આપણા મોંના સ્નાયુઓમાં ભારે હલચલ થાય છે, પેટમાં ગૂંચળાં વળે છે, ગળામાંથી સ્ફોટક અવાજો નીકળે છે અને દાંત તો બત્રીસે જાણે વેરાઈ પડે છે. ઊંચામાં ઊંચી પ્રકારના હાસ્યનું મૂળ તપાસીશું તો પણ તેમાં સામાની કઢંગી દશા જ કારણભૂત જોવા મળશે. પણ એની પાછળ પરપીડનવૃત્તિ જેવું કાંઈ નથી. માત્ર પારકાની પીડાના સાક્ષી થયાનું આ એક સુભગ પરિણામ છે.

શરીરની જ કઢંગી દશા હાસ્ય પ્રેરે છે એવું નથી. માણસના મનની પણ એવી દશાઓ હાસ્ય પ્રેરે છે. માણસ જ નહિ, જન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમૂહો અને સંસ્થાઓ પણ એવી દશામાં જોવા મળે ત્યારે હાસ્યપ્રેરક નીવડે છે. જેમ કોઈ માણસ લપસે–એટલે કે જે ક્ષણે એણે ચાલવું જોઈએ તે ક્ષણે એ ચતોપાટ લંબાયમાન થયેલો નજરે પડે–ત્યારે હાસ્ય ઉપજાવે છે, તેમ જનસમૂહો અને સંસ્થાઓ પણ પોતે અમુક સ્થિતિમાં હોવું જોઈએ તેને બદલે બીજી જ સ્થિતિમાં નજરે પડે, ત્યારે તે, એ વસ્તુ જોઈ શકે એવા, વિચક્ષણ માણસોને હસાવવા સમર્થ નીવડે છે. આમ, જગતની કઢંગી, વિસંવાદી, મેળવિનાની વિગતો જોઈ શકવાનું પ્રતિભાનેત્ર જેને હોય છે તેવા, જગતના સમભાવી સાક્ષીઓનાં મુખ આખો વખત મરકમરક થતાં હોય છે, ક્યારેક ખડખડાટ હસી રહ્યાં હોય છે. જગત એમાંથી ધડો લે છે, ચાનક લાગવાથી એ સાવધાની સેવે છે. જેમ લપસતી વખતે શારીરિક પીડા કેટલી આવી પડશે તેનો ખ્યાલ કરવા કરતાં, કોઈ જોતું તો નથી એવી વૃત્તિ પ્રથમ મનમાં ડોકિયું કરી જાય છે, કોઈ હોય તેવે સ્થળે ન લપસવાની સાવચેતી પણ વિશેષ રહે છે, તેમ જગતના સમભાવી સાક્ષીઓ કદાચ એમના હાસ્યદ્વારા જગતને સાવચેત રહેવા પ્રેરી એકંદરે કલ્યાણકારી નીવડતા હશે. જગતની હાસ્યજનક દશામાં એમનો પોતાનો જો ફાળો હોત તો તો તેઓ જગતને જ શું–પોતાને પણ–નુકસાન કરી બેસત. મયદાનવે કરેલી ભ્રામક જળસ્થળરચનાથી દુર્યોધન ગબડી પડતાં દ્રૌપદી 'અંધતણા અંધ જાણો' કરી હસી, ત્યારે તે તટસ્થ ન હતી. એ હાસ્યથી પોતે ખરડાઈ અને ભરી સભામાં વસ્ત્રહરણની કસોટીમાંથી પસાર થવાના પ્રસંગનાં એણે બી રોપ્યાં. સાચા હાસ્યમાં, હસનાર તટસ્થ સમભાવી સાક્ષી હોય છે. તેમ છતાં એવા હાસ્ય પાછળ પણ અન્યની પીડામાં રસ લેવાની વૃત્તિ છે એમ કોઈ કહે તો તે કદાચ બરોબર નથી. જો લપસી પડનાર માણસને બહુ વાગ્યું છે એવો ખ્યાલ આવે તો તો જોનાર તરત 'અરે!' એવો ચિત્કાર કરી ઊઠે છે ને તેની તરફ મદદ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે દોડે છે. પણ માણસ અમથો ગબડી પડે, થોડોક પગ લપસે અને સમાલી લે તો જોનારને અનાયાસે હસવું આવી જાય છે. એટલે ઊલટું એમ કહી શકાય કે હસવા પાછળ જો કશામાં રસ લેવાપણું હોય તો તે બીજાની પીડામાં નહિ, પણ પીડામાંથી એ બચી ગયો એ વાતમાં.

હસનારને પોતાને માટે તો હાસ્ય એક, કદાચ, જીવગત (biological) જરૂરિયાતસમું હશે. જે વિસંવાદ જોયો તેનો આ જીવગત પ્રતીકાર (biological reaction) છે,–અગ્નિ ઉપર પડતાં જ પગ પાછો ઊપડે છે એ જાતનું એ એક અનાયાસ કાર્ય (reflex action) હોય છે. તેનું આત્મસંરક્ષણ એ રીતે થાય છે. જગતના જે તટસ્થ, સમભાવી, પ્રતિભાનેત્રસંપન્ન સાક્ષીઓને ભાગે જગતની સઘળી વિસંવાદિતાઓ જોવાનું નિર્માયું છે તેઓને પોતાની સમતુલા જાળવવામાં હાસ્ય ઉપકારક બની રહે છે. જે વિભૂતિના ગળામાં વિશ્વનું કાલકૂટ–હળાહળ ઘર કરી રહ્યું છે તેના મુખમાંથી કૈલાસથી પણ ઊજળા અટ્ટહાસના ફુવારા ઊડી રહે, તો જ એના વ્યકિતત્વની સમતુલા સચવાઈ રહે. આવી સમતુલા સિદ્ધ કરનાર વિભૂતિને શિવનું નામ મળ્યું છે. જગતનાં ઝેર પચાવી જઈને જે મોકળા મનથી હસી શકે છે તે ખરે જ શિવ છે–જગતને કલ્યાણરૂપ છે. વિશ્વમાં સ્ફુરતા મેળનું નિરીક્ષણ કરવું એટલે રાસલીલાનું દર્શન, અણમેળના સાક્ષી થવું એટલે હાસલીલાનો અનુભવ. આપણે એ પણ જોયું કે આ હાસ્ય ભીમના પાશવી હાસ્યથી માંડીને શિવના દિવ્ય અટ્ટહાસ સુધીનું હોઈ શકે છે.

અત્યારના યુગમાં વિસંવાદિતાઓ ભરી પથરાયેલી પડી છે. વિસંવાદિતાઓ પહેલાંના જેવી સરળ નહિ, પણ સંકુલ–ગૂંચવાડા ભરેલી છે. એટલે વધુ ધીરજભરી સહાનુભૂતિમાંથી ઉદ્ભવતા સૂક્ષ્મ હાસ્યની અપેક્ષા વધારે રહે. પણ જોવા મળે છે અધીરાઈભર્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહાનુભૂતિની ગેણુપ પ્રગટ કરતું, અકળામણ, વિરોધ, ચીઢ, નફરત, ઉપેક્ષા આદિ વ્યકત કરતું, વક્ર અને વિકૃત હાસ્ય. તેમ છતાં કેટલુંક, સમભાવથી ગળી ગયેલાં હૃદયોનું, મંગલ હાસ્ય પણ કવિચત્ જરૂર જોવા મળે છે.

એક ગૃહસ્થે ચીન વિષે કહ્યું છે તે આપણને પણ લાગુ પડે છે. પશ્ચિમના દેશો ગંભીરપણે હસવા બેસે છે (seriously humorous છે), જ્યારે આપણે હસવાદ્વારા ગંભીરતા પામીએ છીએ (humorously serious છીએ). ચાલો હસીએ–એ હસવાનો હાસ્યાસ્પદ પ્રકાર છે. સમાજમાં પડેલી વિસંવાદિતાઓ પ્રત્યે હસવાનો ગંભીરપણે પ્રયત્ન કરવામાં આવે એ પણ એવો જ હાસ્યાસ્પદ લાગે. પણ વિસંવાદિતાઓમાંથી અનાયાસે સમભાવી હાસ્ય ઉદ્ભવતાં તેને પરિણામે સમાજ પોતાની અવળાઈ સમજે અને ડાહ્યો બને એની વાત જુદી જ છે. આપણો ગામડાંનો સમાજ જોઈશું તો જણાશે કે આ દેશની ફિલસૂફી એની હસવાની કળા ઉપર ઠીક ઠીક આધાર રાખે છે.

જુલાઈ, ૧૯૪૭ –ઉ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધિ મંગલાષ્ટક લિમિટેડ

ગઈ અખાત્રીજે ગુજરાતના કવિઓને જે ગંજાવર નુકસાન થયેલું તેની ઉપર વિચાર કરી કરીને પૂરું એક વરસ મેં રિબાયાં કર્યું છે. હવે વિક્રમના શુભ વર્ષ ૨૦૦૦ની અખાત્રીજે એક યોજના રજૂ કરું છું, જેથી ભવિષ્યમાં તો કવિઓના લાભ કદી જોખમાય નહીં.

હમણાં એક સામયિકે ક્યાંક ટકોર કરેલી કે આજકાલ લેખકો–અરે, કવિઓ પણ–વેપારી વૃત્તિના થઈ ગયા છે. શા ઉપરથી એમ કહ્યું હશે તે મને આ ઘડી સુધી સમજાયું નથી. દિનરાત રાતદિન જેમની નજર આગળ ધનના ગંજ ખડકાતા જાય છે, પણ જેમનું તો ઉમર, અને કદાચ દેવા, સિવાય કાંઈ જ બીજું વધ્યું નથી એવા લેખકો, એવા કવિઓ, આ પ્રમાણપત્રને લાયક નીવડ્યા ક્યાંથી? ક્યાંથી આવ્યું એમનામાં આટલું બધું ડહાપણ? ક્યાંથી થયો એકાએક આ વ્યવહારદક્ષતાનો ઉદય? વર્ડ્ઝવર્થ ખૂમ પાડતો કે ખૂટની દોરી ખરીદી શકાય એટલું પણ પોતે કવિતામાંથી પામ્યો નથી. આપણા કવિઓને જો વર્ડ્ઝવર્થ રસ્તે ક્યાંક મળી જાય તો કદાચ તેઓ તેને સંભળાવેઃ અલ્યા ડોસા, તું તો દોરીની ચિંતામાં દૂબળો થયો ને અહીં તો ખૂટમાં પણ 'અમદાવાદી ઓલ ખૂટ' (ઉઘાડા પગ) છે એ જ.

લોકોનો પણ વાંક છે? એમને એમ છે કે કવિઓને શા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ પણ મળવું જોઈએ? એ કવિતા કરે છે એમાં ખર્ચ શું? કટકો કાગળ ને પેન્સીલનો ટુકડો. અને એવી ઉડાઉગીરી ન કરે તો પણ ન ચાલે? આંખો મીંચીને મનમાં મનમાં ક્યાં કવિતા નથી થઈ શકતી? તૈયાર થઈ જાય એટલે પછી આપણી આગળ લલકારવા માંડે. ને એમાં પણ કોડીનુંય ખર્ચ નહિ. સહેલાઈથી ભૂલી જાય છે ને લોકો કે આ મનમાં ને મનમાં કવિતા ગોઠવનારાને કાંક પેટમાં તો પધરાવવું પડતું જ હશે? અને ઊછરીને આવડે! પણ એ એમ ને એમ તો નહિ જ થઈ ગયો હોય? એમ તો સંગીતકારને પણ ગળામાંથી ફોગટનું જ ગાવાનું છે ને? ના, પણ એ ક્યાં કવિઓ જેવા ભોળા છે? તંબુર, સતાર, હારમોનિયમ, તબલાં,–પોતાની આજુબાજુ પૂરો ઠાઠ જમાવે છે. લોકોને પછી થાય જ ને કે આ બધું મફત ઓછું આવે છે!

આવી ધડભાંજ મગજમાં ચાલતી હતી ને દૈનિક 'પરોઢ'નાં પાનાં હું ફેરવતો હતો. કાંઈ વાંચવા ઉપર મન બેસતું ન હતું. ત્યાં એકાએક એક નાનકડા સમાચાર ઉપર આંખ સ્થિર થઈ ગઈ:

આ અખાત્રીજે એકલા અમદાવાદમાં જ પાંચ હજાર લગ્ન.

છેવટે, કવિઓનું કિસ્મત જાગ્યું ખરું! આ સમાચારમાં મને કવિઓ માટે એક ઉમદા તક દેખાઈ. આંખનાં પડળ ખૂલી ગયાં. વિષાદ દૂર થયો. હાથમાંથી સરી ગયેલું ગાંડીવ ધનંજયે અંતે પાછું ઉપાડ્યું હતું તેમ મેં નષ્ટો મોહો મતિર્લબ્ધા કહીને પડખે પડેલી પાર્કર ઉપાડી ને હિસાબ માંડ્યો. આ અમે કવિઓ કેવા તો લાપરવાહ છીએ? આ દિવસોમાં મંગલાષ્ટક લખવા મંડી પડતા હોઈએ ને શ્લોક દીઠ એક રૂપિયો લઈએ તો પણ કમાણીનો સુમાર રહે? ગણી જોયું તો આ એકલી અખાત્રીજની જ કવિઓને ૫,૦૦૦×૮=૪૦,૦૦૦ રૂપિયાની ખોટ ગઈ હતી! તે ઓછું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ બે દિવસ રહીને વાંચ્યું કે સુરતમાં પણ અખાત્રીજે ત્રણ હજાર લગ્ન હતાં. તો તો ગુજરાતના કવિગણને એક દિવસની જ રૂપિયા ૫૫,૦૦૦ની ખોટ ગઈ !

કવિઓને આવી ખોટ ફરીથી ન આવે એનું શું કરવું એની તો બહુ ચિંતા જ ન હતી. આ કમબખ્ત ભેજામાં યોજનાઓની તો કદી કમી વરતાઈ જ નથી. મારે કબૂલ કરવું જોઈએ કે એ વસ્તુ કાંઈ એનો એકનો જ ઇજારો નથી. આપણા જમાનાનું અને આપણા દેશનું શું એ અહોભાગ્ય ન કહેવાય કે આપણે ત્યાં મહાન યોજનાઓથી ફાટુંફાટું થતી આટઆટલી ખોપરીઓ છે ? જો એથી અડધા પણ માણસો એ યોજનાઓને પાર પાડવા બહાર પડે તો આ દેશમાં અને સ્વર્ગમાં કાંઈ ફરક રહે ખરો કે ? પણ ક્યાં છે એ માણસો ? ઇંગ્લેંડ અને જાપાન ટાપુ હોઈ મહત્ત્વ ભોગવે છે એ જાણ્યા પછી હિંદને એક ખેટ બનાવવાની યોજના મેં ક્યારનીય ઘડી રાખી છે. બીજું કાંઈ કરવાનું નથી. હિમાલયની ઉત્તર તરફ સિંધુ અને બ્રહ્મપુત્રાનાં મૂળને વચ્ચેના થોડા માઈલોની નહેરથી જોડી દીધાં એટલે હિંદ આખોયે એક સુંદર ટાપુ બની ગયો ! હિંદની વાત જવા દઈએ. આ અમદાવાદ શહેરની વાત કરીએ. નદી ઉપર ઝૂલતા બગીચાની યોજના, અમદાવાદ ઉપર (ખુલ્લી ખુલ્લી જગા ઉપર) બીજા એક માળની યોજના મારી પાસે આખી તૈયાર પડી છે. અને રસ્તાઓ ઉપર માણસો ચાલે છે એ તો આજના વિજ્ઞાનયુગમાં મારાથી જોયું જતું નથી. રસ્તો ચાલે તો જ કાંઈ આપણે કર્યું કહેવાય. માણસ શાનો ચાલે ? કોટની રાંગે રાંગે એક વર્તુલાકાર રસ્તો રચવો જોઈએ, જે આખો વખત ચાલ્યાં કરે અને અમુક આંતરે આંતરે વચ્ચે લોકોને લેવાઉતારવા ઊભો રહે. મુંબઈમાં તો આ અખતરો કેટલો બધો સફળ થઈ શકે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે જોઈ શકશો કે એકવાર કોઈ મંગલ ક્ષણે કમાણીના સાધન તરીકે મંગલાષ્ટક ઉપર નજર ગઈ કે પછી આખી યોજના ઘડવી એ તો મારે માટે દુર્ઘટ હતું જ નહિ. તેમ છતાં જાહેર જનતા આગળ એવી યોજના લાવતાં પહેલાં આખું વરસ બહુ પુખ્ત વિચાર કરી જોયો છે અને આજે 'ધિ મંગલાષ્ટક લિમિટેડ'ની રૂપરેખા જાહેર સમક્ષ રજૂ કરું છું.

સૂચનપત્ર (પોસ્પેક્ટસ)

'ધિ મંગલાષ્ટક લિમિટેડ'માં હરકોઈ કવિ જોડાઈ શકશે. કવિ હોવું એ હકીકતને જ 'શેર' રૂપ ગણવામાં આવશે. કવિ એટલે ગુજરાતના કોઈ પણ માસિકમાં પહેલે પાને જેની એકાદ કાવ્યકૃતિ પણ ચમકી ગઈ હોય તેવી વ્યક્તિ. (આ ઉદ્દેશથી પ્રેરાઈને પોતે કાઢેલ માસિકમાં એ રીતે કૃતિ છપાઈ હશે તો તેનો વાંધો લેવામાં આવશે નહિ.)

'ધિ મંગલાષ્ટક લિમિટેડ' દર લગ્ન દીઠ આઠ શ્લોકનું મંગલાષ્ટક ઘડી આપશે અને ગરીબતવંગરનો ભેદભાવ રાખ્યા વગર સૌની પાસેથી એક સરખો ભાવ–રૂ. આઠ રોકડા–લેશે. હા, વધારાના કામની વધારાની ફી નિયમ મુજબ જરૂર લેવામાં આવશે. સામાન્ય ધોરણ પ્રમાણેના મંગલાષ્ટકમાં વરવધૂનાં નામ અને તે બન્નેનાં માતપિતાનાં નામ ગૂંથી આપવામાં આવશે. પણ એ ઉપરાંતનાં નામો અંદર દાખલ કરાવવાં હશે તો નામ દીઠ રૂપિયો એક વધુ લેવામાં આવશે.

અહીં એક સંવાદ મારે કાને અથડાવા માંડે છે :

'તે ભાઈ, તારી વહુનું નામ તું મંગલાષ્ટકમાં કોડે કોડે ઘલાવી આવ્યો, પણ હું ખોટની એકની એક બેન છું તેનો રૂપિયો તને બહુ ભારે પડ્યો ?'—બેન ગરડમાં બોલતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માજી કહેવા લાગ્યાં—'અમે તો ઘેડિયાંમાં ગયાં !'

'અમારો હવે કોણ ભાવ પૂછે ?'–વિધવા જેઠાણીએ છીંકણીનો ઊંડો સડાકો લ આંખમાં ઝળઝળિયાં લાવીને કહ્યું.

'અમે તો આટાલૂણમાં !' નખ જેવડી દેરાણી ટહુકી.

કંટાળીને વરનો બાપ બૂમ પાડી ઊઠ્યોઃ 'આ મંગલાષ્ટકની પણ મોકાણ ઓછી છે ! અમારાં નામ જ કઢાવી આવું છું.'

'એથી કાંઈ બે રૂપિયા કંપનીવાળો સગલો કાપી નહિ આપે.' વરની માએ વ્યાવહારિક વાત કહી. 'કાંઈ નહિ હવે, ખરચ ભેગું ખરચ.'

'હાસ્તો, ભાઈ જેવો ભાઈ જોરાવર કમાનાર બેઠો છે પછી શું ?' બેને અનુમોદન આપ્યું ને વરનો બાપ હાથમાં પાંચની નોટ રમાડતો આપણી કંપનીનાં પગથિયાં ચઢવા લાગ્યો.....

સ્પેશ્યલ મંગલાષ્ટકનો પ્રકાર પણ રહેશે. વરનું આખું નામ દરેક લીટીના પહેલા અક્ષર વાંચતાં મળી રહે એ રીતનાં મંગલાષ્ટકો પણ ઓર્ડરથી તૈયાર કરી આપવામાં આવશે. ફી રૂ. પચીસ. બમણા ભાવથી વરનું પહેલા અક્ષરે ને વહુનું છેલ્લા અક્ષરે નામ વંચાઈ રહે એવાં મંગલાષ્ટક રચી દેવામાં આવશે.

મંગલાષ્ટકની નકલ સોંપવામાં આવશે એ જ. ગાવા માટે જો કવિઓ જ જોઈતા હોય તો એક કવિ આવીને મંગલાષ્ટક ગાઈ જવાના રૂ. દસ બીજા બેસશે. (વાહનખર્ચ વરને માથે.) એક એક શ્લોક એક એક કવિ પાસે ગવડાવવો હશે તો રૂ. પચાસ અને એક એક લીટી એક એક કવિ પાસે ગવરાવવાના રૂ. દોઢસો. (આવી માગણી એકીસાથે અનેક લગ્નમંડપો માટે આવી હશે તો પણ કંપની એવી માંગને પૂરા પડી રહેવાની ભરપૂર શ્રદ્ધા સેવે છે, કેમકે કવિઓના સંખ્યા બાબત કંપનીનો ભારે આશાવાદ છે.)

આમ જનતા માટે ખાસ અનુકૂળતા કરી આપવામાં આવશે. છેવટે તો કંપનીનું ભાવિ લગ્નસંસ્થાનાં સુભગ પરિણામો પર અવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંબતું હોઈ, એ સંસ્થાને મદદરૂપ થવું એ એના પોતાના પણ લાભની વાત છે. લગનસરામાં એક મુહૂર્ત એવું રાખવામાં આવશે જ્યારે મફત મંગલાષ્ટક પૂરું પાડવામાં આવશે. એ દિવસે જનતા લગ્નો ગોઠવી દેશે તો એ અમૂલ્ય લાભ ઉઠાવશે. આ મફત મંગલાષ્ટક ઉપરના મુહૂર્ત્તને દિવસે ગોરજટાણે રેડિયો પરથી ગાવામાં આવે એ માટે પ્રયત્ન થશે, જેથી આખું ગુજરાત–મહાગુજરાત અને બૃહદ્ ગુજરાત તેનો લાભ લઈ શકે.

હવે પેટ્રન એને ડિરેક્ટરોની (ટ્રસ્ટી) યાદી આપવામાં આવે છે.

પેટ્રન : કાવ્યકેસરી ન્હાનાલાલ દલપતરામ, કવિદિગ્ગજ બલવંતરાય ક. ઠાકોર, કવિશાર્દૂલ અરદેશર ફ. ખબરદાર, કવિતાકરકંકણકૂજન લલિતજી. **ડિરેક્ટરો :** કવિજનમનગર્વગંજન શેષ (રા. વિ. પાઠક), અર્થધનકવિકુલવિદ્રાવણ મેઘાણી, કવીનામ્ પ્રિયઃ ઋતુનામ્ કુસુમાકરઃ, કવિતાલલાટચંદ્રક ચંદ્રવદન, કવિતાકર્ણકુંડલમ્ સુંદરમ્, કવિતામનોમંડન મનસુખલાલ, કવિતાહૃદયરંજન કરસનદાસમાણેક, કવિતાચલશૃંગ-શિરોમણિ સ્નેહરશ્મિ, કાવ્યમેરુ બાદરાયણ, કાવ્યામ્ભોધિબુદ્બુદરવ સુંદરજી બેટાઈ, શાયરીસમશેરબહાદુરજંગ શયદા, કવિતાનેત્રાંજન સ્વપ્નસ્થ, કાવ્યકોલાહલ કોલક, કવિજન-પદરજ ઉમાશંકર જોષી.

૧. લગ્નમંડપમાં નાસભાગ ન થાય એ ખાતર કદી પણ શ્રી બ. ક. ઠા.નું મંગલાષ્ટક આપવામાં આવશે નહિ. એટલે જાહેર પ્રજા એ બાબત નિશ્ચિંત રહે.

૨. આજીવન બ્રહ્મચર્યવ્રત લેવાનો જેમનો નિરધાર હોય તેવાં દંપતીને માટે શ્રી. ન્હાનાલાલને ખાસ વિનંતી કરી મંગલાષ્ટક તૈયાર કરી આપવાનો પ્રયત્ન થશે.

૩. શ્રી ખબરદારે રચેલ મંગલાષ્ટકમાં એક શરત રહેશે કે 'વરકન્યા સાવધાન !' ને ઠેકાણે 'વરકન્યા ખબરદાર !' ઉચ્ચારવું પડશે. શ્રી લલિતજીરચિત મંગલાષ્ટક અલબત્ત મંજીરા જોડે ગાવાનું રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. જેમને તાત્કાલિક શીઘ્રકવિતાની પેઠે શીઘ્રમંગલાષ્ટક જોઈતું હોય–સુધારક લગ્નોમાં ઘણી વાર ભાવિ દંપતી પાસે સપ્તપદી ફરવા પૂરતો સમય પણ હોતો નથી—તેમને માટે શીઘ્રમંગલાષ્ટકની પણ સગવડ પૂરી પાડવામાં આવશે.

૫. રજિસ્ટ્રેશનથી થતાં લગ્નોમાં જૂનવાણી રૂઢિને તિલાંજલિ આપવામાં આવતી હોય છે, પણ છેવટે તે પણ લગ્ન તો છે જ અને લગ્નમંગલનો ઉલ્લાસ તેમાં પણ પૂરવામાં તો આવે જ છે, તો તેવાં દંપતી પોતાની ઇચ્છાનુસારનું સુધારક મંગલાષ્ટક પણ ઓર્ડરથી મેળવી શકશે. સામ્યવાદી દંપતી માટે 'સ્તાલિન કરો મંગલ!' 'લેનિન કરો મંગલ!', 'એંગલ્સ કરો મંગલ!' 'કાર્લ માર્ક્સ કરો મંગલ!'- એ રીતનું મંગલાષ્ટક પણ ઘણી ખુશીથી રચી આપવામાં આવશે.

૬. ઓડિટરો તરીકે શ્રી જ્યોતીન્દ્ર દવે, શ્રી ગગનવિહારી મહેતા, શ્રી મસ્તફકીર અને શ્રી બેકાર કામ કરશે.

પ્રજા આ યોજનાને સહર્ષ વધાવી લેશે એવી આશા છે.

પરિશિષ્ટ ૧ : ન કરે નારાયણ ને લગ્ન માટે અમારી કંપનીનું મંગલાષ્ટક ગવાયું હોય તો પણ સંસાર ઠીક ન ચાલે અને દરમ્યાન લગ્નવિચ્છેદનો કાયદો પસાર થઈ જતાં તેનો લાભ લેવાનો અવસર આવે તો તેને માટેનું લગ્નભંગાષ્ટક પણ રચી આપવામાં આવશે.

પરિશિષ્ટ ૨ : એ જ પ્રમાણે પુત્રજન્માષ્ટક પણ રચી દેવામાં આવશે. જે બાળકનું પુત્રજન્માષ્ટક કંપનીએ બનાવ્યું હશે તેને આગળ ઉપર તેના મંગલાષ્ટકમાં કંપની ૨૫ ટકા કમિશન આપશે. આ પ્રવૃત્તિ કંપનીની ખાસ માનીતી રહેશે.

પરિશિષ્ટ ૩ : વિરહાષ્ટકની પણ સવડ રહેશે...લગ્ન પછી વિચ્છેદ કે વિરહ કશાનો લાભ ન પામી શકે તેવાઓ માટે ખડાષ્ટક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બખેડાષ્ટક, અખાડાષ્ટક, આંખ–આડા–કાનાષ્ટક ઇત્યાદિ વિવિધ પ્રકારનાં અષ્ટકો પણ તૈયાર કરી આપવામાં આવશે. આ બાબતમાં પત્રવ્યવહારને ઉત્તેજન આપવામાં નહિ આવે. કંપનીની ઓફિસે આવી રૂબરૂ વાતચીતથી પોતાનો કેસ રજૂ કરવાનો રહેશે.

જેઓની મંગલાષ્ટકની સોનેરી તક આગળ મુશ્કેલીઓ મુકાતી જતી હોય તેમને પણ પ્રણય, અનુનય, પ્રશ્રયના પત્રવ્યવહારનાં અષ્ટકો રચી દેવામાં આવશે. મળો રૂબરૂ.

પરિશિષ્ટ ૪ : ઉપરના પરિશિષ્ટ ત્રીજા પ્રમાણેની ઓફિસમાં ધરભંગ અને હૃદયભંગ આત્માઓ સાથે થતો વાર્તાલાપ પૂરેપૂરો સાંભળી શકાય એ રીતે પાર્ટિશનની બીજી બાજુ ગુજરાતના ભાવિ નવલકથાકારો, નવલિકાકારો અને નાટ્યકારો માટે તાલીમવર્ગ ચલાવવામાં આવશે. અલબત્ત એની પણ ફી લેવામાં આવશે જ.

પણ હાલ પૂરતું તો પ્રજા અને આખી કવિતાઆલમ મંગલાષ્ટકના કાર્યક્ષેત્ર પૂરતો પણ રસ લે અને 'ધિ મંગલાષ્ટક લિમિટેડ'ને સંપૂર્ણ સફળતા અપાવે એવી આશા રાખીએ.

એપ્રિલ ૨૯, ૧૯૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મંડળી મળવાથી થતા લાભ'

વૃદ્ધવાણ પાસે બહુ જાણીતા પણ નાનકડા ડૂધરેજ ગામમાં એક નિવૃત્ત કારભારી છે. એમને અદ્યતન અંગ્રેજ કવિઓ અને કાવ્ય-વિવેચનામાં પણ રસ હશે એવો વહેમ તમને શી રીતે આવે? મુંબઈ-ના પુસ્તકવિક્રેતાઓ સાથે પત્રવ્યવહાર ચલાવી પુસ્તકો મેળવવાની ખટપટમાં ઊતરવાથી તો એ કંટાળે નહિ જ, (કારભારી ખરા ને?) પણ સાચાં મેળવવા જેવાં પુસ્તકો કયાં અને કેમ જલ્દી મળે એ બધું ત્યાં રહ્યાં રહ્યાં એમને શી રીતે જાણવા મળે? ભાવનગરના એક સજ્જનની બીજી જ જાતની મૂંઝવણ છે. કયાંક કોઈક અનુવાદ વાંચ-વામાં આવે ત્યારે એકાએક તે કૃતિના મૂળ યુરોપીય લેખકનો એમને માટે જન્મ થાય છે. (પેલો લેખક તો ત્યાં સુધીમાં મૃત્યુ પણ પામ્યો હોય!) પછી તે લેખકની તમામ કૃતિઓ મેળવવા માટે એ દોડાદોડ કરી મૂકે, પુસ્તકવિક્રેતાઓનો પીછો પકડે. પણ કોઈ કોઈ દાખલામાં પુસ્તકો અપ્રાપ્ય હોય છે અને કોઈ લેખકો એવા હોય છે કે એમની એકાદ કૃતિ જ અતિપ્રસિદ્ધ હોઈ અનુવાદમાં આપણે ત્યાં મેં બતાવી ગઈ હોય. એ લેખકનાં પુસ્તકો વિષે પુસ્તકવિક્રેતાઓ ગલ્લાંતલ્લાં કરતા જ રહે છે. આણંદના એક મિત્રની ઉત્સુકતા વધુ સક્રિય છે. સારું પુસ્તક જોયું કે એ માગવામાં, એ કયાં મળે વગેરે પૂછવામાં એ અવિવેક ગણતા નથી. દુર્લભ પુસ્તક હોય તો એ ઉછીનું મેળવ્યે જ (નવાઈની વાત તો એ છે કે તમારે જોઈતું હોય તો તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યે જ રહેવાના.) મિશનરીઓના એક ચાલની એ પુસ્તકપ્રેમીએ વાત કરી. સુલભ ન હોય તેવાં પુસ્તકો તેઓ અંદરઅંદર ફેરવે છે. અમુક નિશ્ચિત તારીખે અમુક પુસ્તક તમારી પાસે આવીને ઊભું જ હોય.

પશ્ચિમની પ્રજાઓ સાથે દોઢસો બસો વરસથી આપણે સંપર્કમાં આવ્યા, અંગ્રેજ પ્રજા જેવી દૃઢશીલ પ્રજાનાં-ભલે પરાણે, પણ પડખાં સેવ્યાં, પણ સમવાયજીવનનો મહાન ગુણ એ પ્રજાના જીવનમાંથી ન શીખવામાં આપણે ભારે તકેદારી રાખી છે. અમેરિકામાં તો વૃદ્ધજનોનાં પણ મંડળ છે. પશ્ચિમમાં સંયુક્ત કુટુમ્બની સંસ્થાનું જોર ન હોઈ, વૃદ્ધાવસ્થામાં પ્રવેશેલા માણસો માટે અનેક પ્રશ્નો ઊભા થાય છે. તેનો ઉકેલ તેમના મંડળ મારફત તેઓ કરે છે. ઉપર વાત કરી તેવા અઠંગ પુસ્તકપ્રેમીઓનું પશ્ચિમમાં તો ખાસું એક મજાનું મંડળ હોય,-હશે પણ. શહેરોમાં મહાવિદ્યાલયો, સાક્ષરમંડળો, મોટાં પુસ્તકાલયો અને વર્તમાનપત્રોની ઓફિસોમાં બધી અદ્યતન માહિતી આવી આવીને ઠલવાતી હોય, પણ ખૂણેખાંચરે પડેલા વિદ્યાપ્રેમીઓને એ બધી માહિતી મેળવવી મોંઘી પડે. એકાદ મંડળ દ્વારા એ બધી ચાળીને યોગ્ય પુસ્તકો તે તેની જેને જરૂરિયાત હોય તેઓમાં ફેરવી શકાય. મોટાં શહેરોમાં એકાદ બે પુસ્તકઘેલા અધ્યાપકો તો હોય જ છે, તેઓ જરૂર હોંસેહોંસે પોતાની સેવાઓ આવા મંડળને આપે.

આ તો બહુ મોટી યોજનાની વાત થઈ ગઈ! બુદ્ધિશીલ વર્ગ (Intellectuals) તરીકે સમાજમાં જેની મોટી નામના હોય છે તે અંદરઅંદર વિચારવિનિમય માટે, બૌદ્ધિક વિકાસ અર્થે જરૂરી એવા વિચારસંઘર્ષ માટે, મંડળરૂપે પાંચસાત વારથી વધારે વખત ભાગ્યે જ મળી શકે છે. દરેક વસ્તુનો, અલબત્ત, કાંઈક ને કાંઈક ઇલાજ તો હોય છે. જુનાને ઠેકાણે નવું મંડળ સ્થાપવાથી બૌદ્ધિકોમાં જરૂર જરીક ચેતનનો સંચાર થાય છે, ને એમાં થાકનાં ચિહ્નો વરતાતાં વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું મંડળ કાઢવાથી પાછું નવ-ચેતન આવતું અનુભવાય છે. જેઓએ પરિચયમંડળ કાઢયું હતું, તેઓ પરસ્પર પરિચયથી કંટાળી મંડળમાં જતાં આળસી જતા હતા તે હવે નવા શરૂ થયેલા પ્રગતિમંડળમાં હોંશભેર જતા જોવા મળે છે. પ્રગતિમંડળની પણ અગાઉના મંડળના જેવી જ ગતિ થાય છે. ત્યાં, જેમાં ન જાઓ તો તમારો બુદ્ધિશીલ તરીકે કાંકરો નીકળી જાય એવું પ્રજ્ઞામંડળ નીકળે છે. તેના તે જ ચહેરા પ્રજ્ઞામંડળમાં ચાર-છ વાર ચમકી જાય છે. વળી પાછું પ્રજ્ઞાથી ઊર્ધ્વનું સૂચન કરતું કાર્યક-પ્રેમપથક-કે એવું તમારે શરૂ કરવું રહ્યું, જો પાછા એ ચહેરા જોવાની ધગશ શેષ રહી હોય તો !

અઢાર વરસનો કાચો છોકરડો, નર્મદ ! એક પ્રજ્ઞ તરીકેની આપણી મુખ્ય ઊણપ તરફ એની નજર શી રીતે ગઈ હશે ! બરોબર સો વરસ ઉપર-૪થી જુલાઈ, ૧૮૪૧-ને દિવસે એણે એનો પહેલો નિબંધ 'મંડળી મળવાથી થતા લાભ' સૂરતમાં સ્વદેશહિતેચ્છુ મંડળીના ઉપક્રમે ૨૦૦ શ્રોતાઓ સમક્ષ વાંચ્યો હતો. તે પહેલાં દલપતરામના 'નિબંધ' પ્રગટ થયેલા, પણ લેખકના વ્યક્તિત્વની મુદ્રાવાળો ગુજરાતીનો પ્રથમ નિબંધ તે આ જ. જેમાં 'નિબંધ લખવા, જેવી તેવી વાત નથી,' એવો નર્મદનો નોંધપાત્ર ઉદ્ગાર પણ મળે છે. સામાન્ય રીતે હું—હુંથી અહમ્‌ની છાપ પાડનાર નર્મદ આ નિબંધને ફરી નર્મગદ્યમાં છપાવે છે તે વખતની એની નમ્રતા નોંધપાત્ર છે. 'આ પ્રસંગે છપાવું છું તે મોટી નાખુશીથી, કેમ કે એ જોઈને મારી આજની કલમ શરમાય છે; પરંતુ ૧૮ વરસની ઉંમરે હું કેવું લખતો ને પછી ધીમે ધીમે કેવો સુધરતો ગયો, તેનું સ્મરણ રાખવાને એ નિબંધ અહીં ફરીથી છપાવું છીં.' નિબંધની લખાવટ જરૂર કાચી છે. પણ પ્રથમ નિબંધમાં જ નર્મદે હિંદી પ્રજાના મૂળ રોગ ઉપર આંગળી મૂકી છે, એ એની દર્શનની શકિતનું નિદર્શક છે. 'મંડળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાથી થતા લાભ '-તરુણ નર્મદના એ ચાર શબ્દો એટલે નવા યુગનો મંત્રોચ્ચાર.

આપણી અવદશાનું કારણ એણે આપણે ત્યાં મંડળી ન મળવામાં જોયું. 'ઇંગ્લાંડ, ફ્રાન્સ અને અમેરિકા 'ની ચઢતી ત્યાં મંડળી મળવાનો ચાલ છે એમાં એને દેખાઈ. સામાન્ય રીતે બોલાય છે કે એક અંગ્રેજ એટલે મૂંજી જેવો અજાણ્યો સરખો માણસ, બે અંગ્રેજ એટલે ફ્લબ અને ત્રણ અંગ્રેજ એટલે સામ્રાજ્ય; જ્યારે એક હિંદી એટલે યોગી-આત્મજ્ઞાની, બે હિંદી એટલે મતભેદ અને ત્રણ હિંદી એટલે ટોળું. પશ્ચિમના લોકો એકલા હોય તે કરતાં મંડળીમાં વધુ ન વધુ બળ મેળવતા જાય છે. હિંદી એકલો પોતા પૂરતો જેટલો બળશાળી હોય છે, તેટલો મંડળીમાં રહેતો નથી, ઓસરતો જાય છે. કમિટિ(સમિતિ)કામની બંનેની ફાવટ સરખાવવા જેવી છે. ત્યાં કમિટિમાં પાંચ જણા મળશે તો દરેક જણ પાંચ માણસ જેટલું કામ કરશે, જ્યારે પાંચ હિંદી મળશે તો દરેકની શકિત જાણે એક-પંચમાંશ થઈ જતી ન હોય! અને છતાં પંચ ત્યાં પરમેશ્વર એ કહેવત આપણે ત્યાં કેટલીબધી પ્રચલિત છે!-જેમ અનેક સદ્વિચારો ઘસાઈ ગયેલા સિક્કા જેવા આપણે ત્યાં હાલતાં ચાલતાં પગે અફળાયાં કરે છે. મંડળી થાય-પંચ મળે-એટલે તેમાં સમષ્ટિબલનો આવિર્ભાવ થાય. આપણે મળીએ છીએ તો એમાંથી બને છે કેવળ ટોળું. આત્મરક્ષણ માટે પણ આપણી હિંદી પ્રજા કદી આખી પ્રજાની દૃષ્ટિએ જોતી હોય એવું ઇતિહાસમાં બહુ જોવા મળતું નથી. આ દેશમાં અનેક પ્રજાઓના મિલનથી હિંદુઓ નામે જે એક આખો સમૂહ થયો તે વ્યવહારમાં આખા સમૂહની દૃષ્ટિએ જોવાની ખાસિયત કેળવી જ ન શકયો. એનાથી બચવા ઇચ્છતા બીજા અલ્પસંખ્ય સમૂહોમાં આત્મરક્ષણાર્થે એ વૃત્તિ જરૂર કેળવાઈ. તેમ છતાં એ સમૂહ ટકી રહ્યો હોય તો તે કદાચ એની સંખ્યા અને વિસ્તારને કારણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ મોટું જંગલ હોય–એવડું મોટું કે આ છેડેથી કાપતા કાપતા પેલે છેડે પહોંચો ત્યાં સુધીમાં આ છેડે પાછું ઘાડું જંગલ ઊગી નીકળ્યું હોય, એવા જંગલને કેમ કરી કાપી શકાય ?

નર્મદે 'સભ્યતાનું કર્મ' આચરતી સભાને, 'માંહોમાંહે સંપ રાખી એકદિલ' થયેલા સમાજને મંડળી કહી છે અને 'ટોળી'ને મંડળી ગણવાની એ ના પાડે છે. बहुतन्तवः बलवन्तः (બહુ તાંતણા ભારે બળિયા), संघे शक्तिः कलौ युगे (કળિયુગમાં સંઘમાં શક્તિ રહી છે), એ સૂત્રો પાછળનો આશય નર્મદને મુખ્યત્વે અભિપ્રેત હોય એવો ભાસ થાય છે, પણ માણસના ઐહિક સામાજિક અભ્યુદય ઉપરાંત માનસિક, સાંસ્કારિક, આધ્યાત્મિક વિકાસમાં મંડળી દ્વારા લાભ મળે એ એની દૃષ્ટિ બહાર નથી. 'ટોળી'માં નહિ પણ સભ્યતાના કર્મ માટે રચાયેલી એકદિલ 'મંડળી'માં જ માણસનો સાચો વિકાસ થઈ શકે એ ભાવના એના ઉદ્‌ગારોમાં સૂચવાઈ છે.

આ ભાવના આપણે માટે સો વરસ પછી આજે પણ ફરી-ફરી અને સર્વપ્રથમ રટણ કરવા જેવી છે. સો વરસમાં એ વધારે સ્ફુટ પણ બની છે. હિંદે છેલ્લા શતકમાં એવી વ્યક્તિઓ ઉત્પન્ન કરી, જેમાંની કેટલીકની દુનિયાના સર્વકાળના મહાપુરુષોમાં ગણના થાય, પણ આખી પ્રજા તરીકે હિંદનું આજે દુનિયાની નિકૃષ્ટ પ્રજાઓમાં સ્થાન છે. હિંદની જે આંતરિક શક્તિ મહાન વિભૂતિઓને જન્માવે છે તે આખી પ્રજાનું પોત એક પ્રજા તરીકે ઊંચું લાવવામાં પણ પરિણમે ત્યારે જ સાચા અર્થમાં એને આધ્યાત્મિક લેખી શકાય. ગાંધીજીએ ક્યાંક એ મતલબનું કહ્યું છે કે એમનું મૂલ્યાંકન એમની પોતાની ઉપરથી નહિ પણ પોતાના સાથીઓ અને અનુયાયીઓના જીવન ઉપર એની જે વાસ્તવિક અસર પડી હોય તે ઉપરથી કરવું. (ગાંધીજી તો કહે, પણ ૧૯૫૧માં એ ધોરણે ગાંધીજીનું મૂલ્યાંકન કરી આપણે એમને અન્યાય કરીએ કે ?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું જગત પણ આજે એટલું પાસે આવ્યું છે અને એના સંઘર્ષો એવા એકાગ્ર બનતા આવે છે કે જગતનાં સત્ તત્ત્વોએ સમવાયવૃત્તિ કેળવવી એ અનિવાર્ય જરૂરિયાત જેવું બનતું આવે છે. પણ કોઈએ નિરાશાથી કહ્યું છે તેમ The good never unite.—સારા માણસો સંગઠિત થતા નથી, અને તેથી નઠારાં તત્ત્વો જગતમાં ફાવ્યે જાય છે. સારા માણસો જગતમાં, આપણા પેલા પુસ્તકપ્રેમીઓની જેમ, વિરવિખેર પડ્યા હોય છે. બધા એક જ લક્ષ્ય પાછળ મચ્યા હોય છે, પણ એમનું મંડળ શી રીતે થાય? ઘણીવાર મને દુનિયાના સજ્જનોનું એક એવું દૃશ્ય દેખાય છે કે જાણે કોઈ અંધારી રાતે કોઈ ગિરિશિખર પર ચઢવા મથતા, તીણા કાંકરા અને કાંટાળાં ઝાંખરાંમાં ફાંફાં મારતા, ક્યારેક એકમેકના અણસારામાંથી પ્રેરણા મેળવતા તો ક્યારેક એકમેકનો પગ ખેંચતા, યાત્રિકોની જેમ વિવિધ કરાડો પર તેઓ આગળ વધી રહ્યા છે. એમને બળ આપનાર કોઈ વસ્તુ છે? એમનું મંડળ તો કોઈ દેખાતું નથી! પણ જરીક જોવા જઈશું તો દેખાશે કે એમનું પણ મંડળ છે, કોઈ એક સ્થળે નહિ પણ સર્વ કાળમાં–ભૂત અને ભાવિમાં–એ વિસ્તરેલું છે. ગાંધીની એક આંખ ઈશુ ઉપર તો બીજી બુદ્ધ ઉપર જાણે આખો વખત મંડાયેલી દેખાય છે. સોક્રેટિસ વિષનો પ્યાલો ગળામાં રેડી દઈ પાછળ આવતી–પોતાના મંડળની જ એક સભ્ય–મીરાંના હાથમાં જાણે પ્યાલો પસાર કરતા હોય છે.

૪ જુલાઈ, ૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કેમ કાંતું છું

મારા એક મિત્ર નિયમિત રોજ કાંતે છે.

માત્ર ગાંધીજીએ અપવાદ રાખ્યો હશે એ ઉપરથી એમણે માંદગી અને પ્રવાસનો અપવાદ રાખ્યો છે.

મહિનામાં ઘણા દિવસ એ પ્રવાસ ઉપર હોય છે. પ્રવાસ ઉપર ન હોય તે દિવસોમાં એમની તબિયત સારી હોતી નથી.

સાચે જ, મારા મિત્ર નિયમિત રોજ કાંતે છે.

*

ખાવું, ઊંઘવું,—એ પરાણે થતી નિયમિત ક્રિયાઓ ઉપરાંત કાંઈક નિયમિતપણે થઈ શકે કે કેમ એ તપાસવા જેવું તો ખરું જ. મેં રેંટિયા માટે કોઇ વ્રત સ્વીકાર્યું નથી. પણ ઘણાનો અનુભવ હશે કે ફરવા જવું, કસરત કરવી, ડાયરી કે હિસાબ લખવા, વગેરેમાં એક દિવસ પડે એટલે પછી મોટો ખાંચો પડે છે અથવા તો વાત એટલેથી જ અટકી જાય છે. અપવાદ રાખવાથી પણ ઉપર મારા મિત્રનું કહ્યું એવું જ થાય. તેમ છતાં ઉત્તર અને પૂર્વ હિંદના ૩૨ દિવસના પ્રવાસનો અપવાદ મારે સ્વીકારવો પડ્યો હતો. તે સિવાય બે દિવસ અત્યાર સુધીમાં પડ્યા છે. એક બિમાર મિત્રની ખબર કાઢવા રેંટિયો લીધા વગર જ ગયેલો અને પાછા આવવાની બસની ટિકિટ ન મળી. ત્યાંની નગર કોંગ્રેસ સમિતિમાં તપાસ કરી પણ રેંટિયો મળી શક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સંજોગોમાં તકલી સાથે રાખવી એ હું શીખ્યો. બીજો દિવસઃ એક મિત્ર પરદેશ જતા હતા એમને વિદાય આપીને બહારગામથી રાતે ઘેર આવ્યો ને વાત વિસરાઈ જ ગઈ! બીજા પણ ઘણા દિવસો પડત, પણ રાતે સૂવા જતાં દીવો બંધ કરવા માટે વીજળીબટન પર આંગળી હોય ને ઓરડામાંનો ફાળકો એનું વીલું મોં બતાવી બેસે અને અનિયમિતતાની ફજેતીમાંથી બચાવી લે. તાર પણ કેટલા કાંતવા તે નક્કી કર્યું નથી, પણ ૧૬૦થી ઓછા કર્યા નથી. એક વખત બરોબર હશે એમ માનીને બહારગામ ચાલ્યો ગયો. બીજે દિવસે જોઉં તો ૧૮ ઓછા નીકળ્યા. બીજા એવા એક પ્રસંગે ૩ ઓછા થયેલા....મારા જેવો અનિયમિતતાની મોજ સારી રીતે જાણનાર અને માણનાર, એને રેંટિયાએ નિયમિતતાનો ઠીક ઠીક આસ્વાદ કરાવ્યો ગણાય.

આ હું લખું છું તે હું કાંતું છું એનું પ્રદર્શન કરવા નહિ, ભાગ્યે જ એ વસ્તુ હવે અત્યારે ૧૯૫૧માં ખાસ ભૂષણરૂપ લેખાતી પણ હોય. એ પણ કહી રાખું કે રેંટિયાને વળગી રહીશ એમ પણ હું બંધાતો નથી, કેમ કે મૂળથી જ કોઈ 'વ્રત' જેવું બંધન સ્વીકારેલું નથી. અલબત્ત કાંઈ ને કાંઈ–યત્કિંચિત્ પણ–ઉત્પાદક શરીરશ્રમમાં રસ હોઈ રેંટિયો છોડું તો ત્યારે બીજું એવું કાંઈક પકડયું હોય એને સદ્ભાગ્ય લેખું. આ લખી રહ્યો છું તે રેંટિયાને છ સાત વરસ એકધારો સેવવાથી એને વિષે બે શબ્દ બોલવાનો અધિકાર મેળવ્યો છે એ ખ્યાલથી પણ નહિ. પણ રેંટિયાનો આટલા સમયમાં જે રસ (રેંટિયારસ જેવો પણ કોઈ રસ હશે?) ચાખ્યો છે તેના ઘેનમાં જ. હા, રેંટિયાનો પણ કેફ હોઈ શકે છે.

અમદાવાદ જેવા શહેરમાં કાપડની મિલો સામે બેસીને રેંટિયા પર કાંતવું એમાં જ કાવ્ય નથી? અહીં કહી દઉં કે રેંટિયાને અથવા એના જેવા હાથઉદ્યોગોને યંત્રો સામે જેહાદરૂપે જ જોવાનો કેટલાકનો પ્રયત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે, પણ રેંટિયાની મિલ સાથે તકરાર નથી. બીજે બધે ગમે તેમ હોય, હિંદ જેવા ખેતીપ્રધાન અને તેથી ગામડાંમાં ફેલાયેલા દેશમાં નાના નાના ગૃહઉદ્યોગોની જરૂર હંમેશાં રહેવાની જ. ખેતી કરતી પ્રજાની પાસે ઘણો ફાજલ સમય રહે છે અને ખાસ કરી આજે મોટા ઉદ્યોગો માટે દેશ પાસે પૂરતી મૂડી નથી એ જોતાં એને હાથઉદ્યોગો આપવાની અગત્ય દેશમાં મોટા પાયા પર ઉદ્યોગીકરણની હિમાયત કરનારાઓમાંથી પણ ઘણા સ્વીકારે છે. મોટા ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરવાની હિમાયત કરનાર પક્ષોનો તો એને ટેકો હોય જ. રેંટિયાના અર્થકારણમાં બંને પક્ષો મોટીમોટી દલીલે ચઢે છે. સવાલ એટલો જ છે કે રેંટિયામાં જે વખત જાય તે બધો આમ તો અત્યારે આ દેશમાં એળે જ જવાનો છે. અને ઉત્પાદન ખર્ચાળ લાગે પણ વહેંચણી અંગેનો ખર્ચ પ્રમાણમાં ઘણો ઓછો હોય છે એ પણ ધ્યાનમાં લેવાનું છે. રેંટિયામા ઠીક ઠીક સુધારો થયો છે. વખત જતાં એમાં એથી પણ વધુ સુધારો થાય એ સંભવિત છે. યંત્રની નજીક એને લાવી મૂકવામાં આવે તો પણ નવાઈ નહિ

માણસની ત્રણ મુખ્ય પ્રાથમિક જરૂરિયાતો–અન્ન, વસ્ત્ર, અને ઓટલો. અન્ન માટે દરેક માણસ પાસે ખેતર હોઈ શકે નહિ, રહેઠાણ પણ એકવાર બતાવ્યું કે એની ચાલુ મૂંઝવણ રહેતી નથી. વસ્ત્રનો પ્રશ્ન એવો છે કે જેનો ચાલુ ઉકેલ લાવવાનો હોય છે અને ધારે તો દરેક માણસ પોતા પૂરતા કાપડનું રેટિયાદ્વારા ઉત્પાદન કરી શકે. એમાં ખાસ અગવડ પણ નથી. યરવડાચક્રની નાનકડી પેટી એ ગાંધીબાપુએ ભેટ આપેલું એક એવું ખેતર છે કે સૌ કોઈ સહેલાઈથી ખેડી શકે. સમય માંડ રોજનો પોણો કે એક કલાક જાય. આટલું કરવા માત્રથી જીવનની એક પ્રાથમિક જરૂરિયાતને આપણે પોતે જ પૂરી પાડીએ એનો આનંદ જેવો તેવો નથી.

અને આની અસર આખા જીવન ઉપર પડ્યા વગર રહેતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે ભાઈઓની વાત છે. બાપીકી પૂંજીના ભાગ પડ્યા પછી એક તો પોતાના કામધંધાને જ પહેલાંની જેમ વળગી રહ્યો, જ્યારે બીજાને થયું: લાવને પૈસા છે તો એક મોજડી પહેરું. મોજડી પહેરીને ચાર ડગલાં ચાલ્યો ત્યાં ભાન આવ્યું કે સુરવાળ વગર મોજડીની મજા મારી જતી હતી. સુરવાળ કરાવી ત્યાં વિચાર આવ્યો કે શેરવાની વિના મોજડી અને સુરવાળ બંને બેકાર હતાં. મોજડી, સુરવાળ અને શેરવાની –એ વળી રંગીન સાફા વગર ન શોભ્યાં. પણ જ્યાં સાફાનું છોગું ઝુકાવીને રસ્તા પર નીકળ્યો, ત્યાં એનું મોં શરમથી લાલલાલ થઈ ગયું. આવી વ્યકિત તે પગે ચાલી શકે ખરી? મોજડીને પોતે અન્યાય કરી રહ્યો હતો. મોજડી ઓછી રસ્તા પર ઝડપી ચાલે મજલ કાપવા માટે છે? એ તો ગાડીમાંથી નાજુક અદાપૂર્વક નીચે ઊતરવા માટે છે. ગાડી વસાવી. આમ આ રસ્તે પૂરપાટ તે આગળ ને આગળ વધતો ગયો ને બાપના પૈસા ધૂળધાણી કરી દીધા. રેંટિયો ચલાવનારની વાત આવી જ પણ એનાથી ઊલટા રસ્તે છે. જે માણસ કલાકેક કાંતીને માંડ બેચાર પૈસાની કમાણી કરતો હોય એની આર્થિક નજર જ ધીમે ધીમે બદલાઈ ગયા વગર રહે? કાંતતી વખતે પૂણીમાંથી એ સહેજ પણ રૂ બગડવા દેશે? જે બગાડ અનિવાર્ય હોય તે બધો મહિનાઓ સુધી ભેગો કરીને એ, ભલો હશે તો ગાંધીજીની જેમ, ઓશીકું બનાવશે. કરકસરનો પાઠ રેંટિયાના તારે તારે એને મળવાનો જ. એક એક તાર કરીને જે વસ્ત્રઉત્પાદન કરતો હોય તેના હાથથી જીવનમાં કોઈ જાતની ઉડાઉગીરી થતી શી રીતે કલ્પી શકાય?

નિયમિતતાનો ગુણ કેળવાય એનો તો શરૂઆતમાં દેખાવ થયો છે. આપણે એક વસ્તુ નિયમિત કરી શકીએ છીએ એ જોઈ આત્મશ્રદ્ધા વધે એ પણ સ્વાભાવિક છે. પણ સૌથી મોટો લાભ સત્યપ્રિયતાનો ગુણ ખેડાવાનો છે. તમે ૧૬૦ તાર કરતા હો અને એક કે અર્ધો તાર ખૂટ્યો. તમે એ અર્ધા તાર માટે ફરી રેંટિયો માંડો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે જ શિક્ષણ મળે છે. કોઈ જોનાર નથી, ટોકનાર નથી. ઉતારતી વખતે જરીક ગણતરીમાં ગોટાળો કરીને ૧૬૦ સુધી દોડી ગયા હોત તોય શું ? પણ ચૂપચાપ તમે પેલો ખૂટતો અરધો તાર ફરીથી રેંટિયો શરૂ કરીને પૂરો કરો છો. આપણી પોતાની સાથેની આવી રસાકસીઓ આપણને આપણો સાચો પરિચય કરાવવામાં મદદરૂપ થાય છે અને સત્યપ્રિયતાની તાલીમ આપે છે.

કાંતતાં કાંતતાં એક તાર વચ્ચેથી જરીક પાતળો થઈ ગયો છે અથવા સહેજ કાચો છે. એક આંટો વધુ આપીએ કે એ તૂટયો જ સમજો. એ તૂટે એ પહેલાં આપણે ઝટઝટ કોકડામાં એને લપેટી દેવા કરીએ છીએ. ઉતારતી વખતે પણ સિફતથી હળવા હાથે ઉતારી દઈશું, અને જો તૂટયો જ તો પછી એ વખતે સાંધો કરી લઈશું પણ અત્યારે તો ગાડું આગળ ગબડાવીએ છીએ. પણ જો જરીક વિચાર કરવા રોકાઈએ તો સમજાશે કે ઉતારતી વખતે એ નહિ તૂટે તો વણકરને ત્યાં તો તૂટયા વગર રહેવાનો નથી. પોલ લાંબું ચાલવાનું નથી જ. આપણે એ કાચા તારને તોડીને બરોબર કરવાની જે મહેનત ટાળી તે વણકરે કરવાની રહેશે. આપણી મહેનત આપણે વણકર ઉપર નાંખી એટલું જ. (જે લેખક બીબાં ગોઠવનારને અને જે કાંતનાર વણકરને ખોટી મહેનતમાં ઉતારે છે તે પોતાનું કર્તવ્ય બરોબર રીતે સમજે છે એમ માનવું મુશ્કેલ છે.) ખરી વાત એ છે કે આ કાંતવાની જ આપણને કોણે ફરજ પાડી છે ? આપણે ૧૬૦ તાર કરતા હોઈએ તો સાચા અને નહિ કે જેવાતેવા ૧૬૦ તાર કરવાનો આપણો ઉપક્રમ હોવો જોઈએ. આવા બધા વિચાર કાંતનારના માર્ગમાં આવવાના જ. એ હવે કોકડામાં કાચો તાર ગબડાવી દઈ શકવાનો નહિ. અને ત્યાં જ એનું આવી બન્યું. એની જિંદગી જ બગડી સમજો. જે માણસ એક કાચો તાર ચલાવી લઈ શકતો નથી, એક ખોટો તાર ગબડાવી દઈ શકતો નથી, તે જીવનમાં જૂઠું શી રીતે બોલી શકવાનો હતો ? —અસત્ય આચરવાની હિંમત ક્યાંથી લાવવાનો હતો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ પોતાના રચનાત્મક કાર્યક્રમની સૂર્યમાળામાં વચ્ચોવચ સૂર્યને સ્થાને રેંટિયાને મૂક્યો છે એ, રેંટિયો વસ્ત્ર જેવી એક પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડે છે, સહેલાઈથી સૌ કોઈ મેળવી શકે એવો એ ઉદ્યોગ છે અને કરકસરથી માંડીને સત્યપ્રિયતા સુધીના ગુણો ખીલવવામાં સહાયરૂપ બની શકે એમ છે એ જોતાં, સમજી શકાય એવું છે.

બહુજનસમાજ શરીરશ્રમથી જ જીવે છે. બાકીના, જેમાં કહેવાતા બુદ્ધિશાળી, સંસ્કારસેવી ભદ્રવર્ગનો સમાવેશ થાય છે તે, વર્ગે પણ જીવવા માટેના શરીરશ્રમની જવાબદારી ઉઠાવવી જોઈએ. એવા શરીરશ્રમના પ્રતીક રૂપે રેંટિયાનો ઉપયોગ સરળતાથી થઈ શકે. જેટલો સમય તમે કાંતો તેટલો સમય, જીવવા માટેના જે શરીરશ્રમની જવાબદારી બીજાઓ ઉપર તમે નાખી છે તેની તમે તમારી જાતને યાદ આપી શકો. કાંતણનો પ્રતીકશ્રમ એ સહૃદય અને સજીવ હોવો જોઈએ. સન્ધ્યાપૂજાની પેઠે જો માત્ર જડ વિધિ-કર્મકાંડ જેવો એ થઈ જાય તો તો એમાંથી માત્ર ખાદી મળે એટલું જ. જેલોમાં અને બહાર રોજના આટલા તાર કે આટલી આંટી મેં કરી એ વાતથી કૃતકૃત્યતા અનુભવતા જીવો ઘણાને જોવા મળ્યા હશે. રેંટિયાની એક ભાવના છે અને એ ભાવનામાં એની સાચી કિંમત છે. ગાંધીજીની પૂર્વે આ દેશમાં રેંટિયા કાંઈ નહોતા ચાલતા ? પણ ગાંધીજીએ આખી એક નવીન જીવનરીતિના વિધાયક તરીકે રેંટિયાને આગળ ધર્યો તે એમાં ભાવનાનો પ્રાણ ફૂંકીને. જરૂર એમ કહી શકાય કે રેંટિયો એ ગાંધીજીનું મહાકાવ્ય છે. એમાં એમની સમગ્ર સર્જકશક્તિ વ્યક્ત થઈ છે. જીવનને યજ્ઞમાં ફેરવી નાંખવો એ એનો મર્મ છે. ઉત્તમ યજ્ઞ હંમેશાં પરાર્થે જ હોય. અન્યને માટે શરીરશ્રમ કરવો એમાં જ જીવનસાધનાની ચરિતાર્થતા છે. આપણે રેંટિયો કાંતવા નીકળ્યા હતા વસ્ત્રસ્વાવલંબી થવા માટે અને ધીમે ધીમે પ્રતીતિ એ થાય છે કે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી પ્રવૃત્તિનું ફળ જેટલે અંશે બીજાને અર્પણ કરીએ છીએ તેટલે અંશે એ વધુ સંતોષકર બની રહે છે.

રેંટિયો એક પરમ આશ્વાસક મિત્ર છે. જવાહરલાલ નહેરુએ જગત ઇતિહાસના રેખાદર્શનમાં ક્યાંક નોંધ્યું છે કે વિમાસણમાં પડો તો બસ કાંતવા મંડી પડો. યુરોપઅમેરિકામાં યંત્રોની એક-વિધ પ્રવૃત્તિથી જેમના જ્ઞાનતંતુઓ તૂટી જાય છે તેમને સાજા કરવા માટે હાથઉદ્યોગોનો ઈલાજ કરવાની વ્યવસાય-દ્વારા-માવજત-(Occupational therapy)નો આશ્રય લેવાય છે. એ કેવું કે યંત્રોથી પહેલાં જ્ઞાનતંતુઓનો ફૂટો કરવો અને પછીથી રેંટિયા કે શાળની મદદથી આરોગ્ય પાછું મેળવવા મથવું! મેં એ ત્રણ રુગ્ણ માનસના મિત્રોને વાતમાં રેંટિયો સૂચવેલો. એક મિત્ર મહિનાઓ પછી આવ્યા અને એ સૂચન માટે આભાર માનવા લાગ્યા પોતાની સ્વસ્થતા પોતે સાઠ ટકા પાછી મેળવ્યાનું એમણે કહ્યું.

પણ વધારે ઊંડા અર્થમાં રેંટિયો આરોગ્યપ્રદ છે, આશીર્વાદરૂપ છે. મારા એક મિત્ર મને રેંટિયા પર જોતાં જ ચિઢાઈને પૂછવા લાગ્યા: આ શું કરે છે? એના કરતાં કવિતા કર. મેં કહ્યું: હું બંને ચીજો સાથે કાંતી રહ્યો છું. (I am spinning a double yarn.) રેંટિયો એ વિચારચક્ર છે. તમારી પોતાની સાથે તમે એના સંગીતમાં વાતે વળી શકો છો. એક ભાઈએ રેડિયોના સમાચાર સાંભળ-વાનો સમય ઉપયોગી રીતે ગાળવા રેંટિયો સ્વીકાર્યો (એ વિચાર જરૂર પ્રશંસાપાત્ર છે), પણ એમને પોતાની અંદરના સમાચાર સાંભળવા માટે એમાં તક નથી. રેડિયો ગાજતો હોય ત્યાં રેંટિયો પોતાના ગુંજનનું મધુ કાનમાં શી રીતે સીંચી શકે? બીજાઓની સાથે વાતચીત કરતાં બલકે વાતચીતનો સમય આ રીતે પણ વાપરી લેવામાં રેંટિયાનો ઉપયોગ થાય છે, ઘણીવાર સામા માણસને કાઢી મૂકવાના ઓજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે પણ એ વપરાય છે. (એ માટે રેંટિયો ચાલુ ખુલ્લો રાખવો અને કોઈ મળવા આવે એટલે શરૂ કરવો એવો અહિંસક ઇલાજ પણ પ્રચારમાં છે.) પણ આ બધામાં આત્મગુંજનને પ્રગટ થવાનો અવકાશ જ ન મળે, એ તો ગૂંગળાઈ જ જાય.

પોતાની સાથેની લડાઈઓ લડી લેવા માટે રેંટિયાનો સાથ સ્વીકારવા જેવો છે. અને ધારો કે તમારા મગજનું કોકડું એવું ને એવું જ રહ્યું તો પણ એટલા સમયમાં ત્રાક ઉપર સૂતરનું તો એક મજાનું નવું કોકડું તૈયાર થઈ જવાનું જ. ગાંધીજીના જીવનવિચારમાં રોકડી વાતનો મહિમા કેટલો બધો છે એ આ એક દાખલાથી પણ પ્રતીત થશે.

ગાંધીજીએ કહ્યું છે : હું જો કવિ હોઉં તો પાંચ આંગળીઓનું કાવ્ય લખું. પાંચ આંગળીઓનું કાવ્ય પાંચ આંગળીઓ વડે જ લખવા જેવું છે, રેંટિયાની મદદથી લખતાં એનાં ચક્રોનો છંદોલય વ્યોમનાં નક્ષત્રોના ગીતધ્વનિનો–સમસ્ત વિશ્વગતિનો જાણે અણસારો આપી રહે છે અને એને તાલે તાલે શાતાવાહી આત્મગુંજન શ્વસી રહે છે.

૩૦ જુલાઈ, ૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્ય અને જીવનવિચારનું અદ્યતન ગુજરાતી માસિક

સંસ્કૃતિ

તંત્રી : ઉમાશંકર જોષી

આપ એના ગ્રાહક છો ?

એમાં દર માસે આલેખાય છે—

વિકસતી સંસ્કારિતાના પ્રવાહો

*

જીવનવિચારની બહુમૂલ્ય સામગ્રી

*

તાજગીભરી સાહિત્યવિચારણા

*

કવિતા, વાર્તા. નાટક આદિ સર્જક કલાકૃતિઓ

*

'સમયરંગ'માં ચાલુ બનાવો પરની મિતાક્ષરી માર્મિક નોંધો

*

વાર્ષિક લવાજમ રૂ. સાત, પરદેશમાં ચૌદ શિલિંગ

સંસ્કૃતિ કાર્યાલય, એલિસબ્રિજ, અમદાવાદ–૬



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેળવણી સાહિત્ય અને વિવેચનનાં

થોડા વધુ સંગ્રહો

કેળવણીની પગદંડી	નાનાભાઈ ભટ	૩—૮
કીર્તિદાને કમળનાં પત્રો	બટુકભાઈ ઉમરવાડિયા	૨—૮
પાંગરતા પ્રયોગો સંપાદક :	હરભાઈ ત્રિવેદી	૩—૮
કલાચિંતન	રવિશંકર મ૦ રાવળ	૩—૮
પરકમપા	ઝવેરચંદ મેઘાણી	૨—૮
પરિભ્રમણ ભાગ ૧-૨-૩	,,	૧૦-૮
છેલ્લું પ્રયાણ	,,	૨-[illegible]
પ્રયોગમાલા	બળવંતરાય ક૦ ઠાકોર	[illegible]-૮
અલંકાર પ્રવેશિકા	ડોલરરાય માંકડ	૦—૮
ગુલાબ અને કંટક	રમણલાલ વ. દેસાઈ	૫—૦
સમસંવેદન	ઉમાશંકર જોષી	૩—૮
ઝબુકિયાં	જયંતિ દલાલ	૧—૪
વેરાનમાં	ઝવેરચંદ મેઘાણી	૨—૦
ઊર્મિ અને વિચાર	રમણલાલ વ. દેસાઈ	૪—૦
શિક્ષણ સાધના	ક્ષિતીમોહન સેન	૧-૧૨
સંશોધનને માર્ગે	કેશવરામ કા૦ શાસ્ત્રી	૩—૦
આપની સેવામાં	જીતુભાઈ પ્ર. મહેતા	૨—૦
નર્મદ	રામનારાયણ વિ. પાઠક	૨—૮
અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો	,,	૩—૮
નિકષ રેખા	વિશ્વનાથ મ૦ ભટ્ટ	૫—૦

આ અને ગુજરાતી સાહિત્યનાં દરેક પુસ્તકો માટે

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડીઝ પુલ નીચે: ગાંધી માર્ગ : અમદાવાદ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં પુસ્તકો

ભવસાગર	ઈશ્વર પેટલીકર	૪-૦
લોહીની સગાઈ	,,	૪-૦
ચિનગારી	,,	૩-૧૨
વાત્રકને કાંઠે	પન્નાલાલ પટેલ	૩-૮
જમાઈરાજ	,,	૨-૦
માનવીની ભવાઈ	,,	૫-૮
વળામણાં	,,	૨-૮
પ્રતિબિંબ	ધૂમકેતુ	૩-૦
ચારિત્રકથાઓ	,,	૧-૮
ગોષ્ઠિ	ઉમાશંકર જોષી	૩-૦
શહીદ	,,	૩-૦
ગગોત્રી (નવી આ.)	,,	૩-૦
મિયાં ફુસકી	જીવરાર જોષી	
પુસ્તક ૧૯		૧૧-૪
સુબોધમાળા (પુ. ૧૦)	,,	૩-૧૨
બાલબંધુ ગ્રંથમાળા		
પુસ્તક ૬	,,	૪-૦
વિનોદમાળા પુ. ૬	,,	૬-૦
આસ્તિક	સાને ગુરુજી	૩-૦
પુનર્જન્મ	,,	૩-૦
મનુષ્યાપા	,,	૩-૦
રામનાં રખોપાં	,	છપાય છે
ધૂમ્રસેર	ગુલાબદાસ બ્રોકર	૧-૦
લતા અને બીજી વાતો	,,	૩-૮
સુખનાં સ્વપ્ન	કાંતિ ઉપાધ્યાય	૦-૬
પંચાજરી	ર. છો. મહેતા	૨-૪
રામસાગર	સુધાંશુ	૪-૦
પ્રવેશ બીજો	જયંતિ દલાલ	૨-૦
જૂજવાં	,,	૩-૮
કથરોટમાં ગંગા	,,	૧-૦
મેઘ પંથ	અનુ. ,,	૪-૦
મોતી	,,	૦-૧૨
અવતરણ	,,	૧-૦
સ્ટાલિનગ્રાડ	અનુ. ,,	૧-૦
આકાશપોથી	નિરંજન વર્મા	
	જયમલ્લ પરમાર	૨-૦
પરીકથા ૧ ૨	,,	૭-૦
દેશદેશની લોકકથા ૧-૨	,,	૭-૦
શેખચલ્લી	,,	૧-૦
પરકમ્મા	ઝવેરચંદ મેઘાણી	૨-૮
પરિભ્રમણ ૧ ૨-૩	,,	૧૦-૮
છેલ્લું પ્રયાણ	,,	૨-૪
વેરાનમાં	,,	૨-૦
શેષનાં કાવ્યો	રા. વિ. પાઠક	૩-૦
જય યૌધેય	રાહુલજી	૫-૮
મૃગજળ	શેવડેજી	૫-૮
સોહિણી	રતિલાલ છાયા	૩-૦
શાલિની	ડાહ્યાભાઈ પટેલ	૩-૮
કિંગકોંગ	હેમન્દ્ર કુમાર રાય	૧-૮
દીપમાળ ૧-૨		
	શંકરભાઈ સી. પટેલ	૧-૧૨
આપણી કહેવતો	,,	૦-૬
સામાન્યજ્ઞાન નામાવલિ	,,	૦-૬

ઉપરલખ્યાં અમારાં નવાં પ્રકાશનો ઉપરાંત ગુજરાતની બધી પ્રકાશન સંસ્થાઓનાં તમામ ગુજરાતી પુસ્તકો અમારે ત્યાંથી મળી શકે એવી ગોઠવણ કરેલી છે. આપ પણ સંપર્ક સાધો.

ભારતી સાહિત્ય સંઘ લિ૦

ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી માર્ગ, અમદાવાદ ૧

જૈકેટ : દીપક પ્રિન્ટરી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar